૬	૫૪	૦	૦	૩૭૬	૧ થી ૧૧૩	આદિત્ય રોડ દક્ષિણ, નાથાકૂવા શેરી ઉત્તર, ત્રણબત્તી ચોક,
૬	૬૭	૩૦	૯	૬૫૯	૧ થી ૯૬	દ્વારકાધીશ બોર્ડીંગ, ખારા તળાવ રોડ પશ્ચિમ, હુસેની ચોક,
૬	૬૮	૧૮૦	૦	૩૪૬	૧ થી ૬૮	નરસંગ ટેકરી, ખરાતળાવ રોડ પશ્ચિમ, વાલ્મીકિ વાસ
૬	૬૯	૩૧૭	૭	૫૬૧	૧ થી ૧૩૮	નરસંગ ટેકરી, નરસંગજી મંદિર, સ્ટેટ હાઈવે,જૂનું ટેલીફોન એક્ષચેન્જ, વાલ્મીકિ વાસ
કુલ		૧૦૩૬	૭૭	૫૪૧૧		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :

વોર્ડ નં.૬ના વાયવ્ય ખૂણે આવેલ ડીએનપી સોસાયટીથી શરૂ કરી જેપીએમ રોડ ઉપર ઇશાન ખૂણા તરફ આગળ જતાં સંસ્કૃત એકેડમીથી ઉત્તરે શંકરાચાર્ય માર્ગ ઉપર રેવન્યુ સર્વે નં. ૭૭૨ થી સ્ટેટ હાઇવે દક્ષિણે જતાં નરસિંહભાઇ કાનાણીના બંગલાવાળા વિસ્તાર થઇ જેપીએમ રોડ ઉપર પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૭૦૪ થી દક્ષિણ તરફ ખારા તળાવ રોડની પશ્ચિમ હદે હદે આગળ જતાં જૂના ટેલિફોન એક્ષચેન્જ સુધી ત્યાંથી સ્ટેટ હાઇવે અગ્નિ તરફ આગળ જતાં ઇસ્કોન ગેટથી શિવરાજસિંહ રોડ ઉપર દક્ષિણે જતાં કકલાસ કુંડ સુધી ત્યાંથી પૂર્વે

લખમીર સાંગણ શેરીની પશ્ચિમ હદે હદે જતાં પ્રાથમિક શાળા થઇ મોહન ટોકીઝથી ભથાણ ચોકથી શ્રીરામ બજાર સુધી ત્યાંથી જોધા માણેક રોડ ઉપર ઉત્તર તરફ જતાં જોધા માણેકના બાવલા સુધી ત્યાંથી જવાહર રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ જતાં હોમગાર્ડ ઓફિસ સુધી ત્યાંથી ઉત્તરે સયાજીરાવ રોડથી રિલાયન્સ ગેસ્ટ હાઉસ થઇ સીટી સર્વે કચેરી સુધી ત્યાંથી દક્ષિણે શંકરાચાર્ય માર્ગ ઉપર આગળ જતાં પ્રિતમ વ્યાયામ મંદિર સુધી ત્યાંથી પશ્ચિમે લાઇટ હાઉસ વિસ્તાર આવરી લઇ દરિયાકિનારે વાયવ્ય તરફ આગળ જતાં સનસેટ પોઇન્ટ સુધી ત્યાંથી પૂર્વ તરફ ભડકેશ્વર માર્ગ થઇ એનડીએચ ક્રિકેટ ગ્રાઉન્ડ થઇ જેપીએમ રોડ ઉપર આવેલ ડીએનપી સોસાયટી સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

દ્વારકા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૩	૧૩	૦	૫૬૮	૧ થી ૧૪૭	જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ, ગાયત્રી મંદિર, બાવા પાડો, સિધ્ધનાથ રોડ દક્ષિણ, શાક માર્કેટ, સ્વામિનારાયણ માર્ગ પશ્ચિમ, સંગમ નારાયણ મંદિર
૭	૧૪	૦	૦	૫૧૧	૧ થી ૧૦૧	રિલાયન્સ ગેસ્ટ હાઉસ, મનચલ્લા કૂવા શેરી, મહિલા બાગ શેરી, સયાજી રોડ પશ્ચિમ, સિધ્ધનાથ રોડ ઉત્તર, શંકરાચાર્ય ઉપનગર
૭	૧૫	૦	૪	૬૩૩	૧ થી ૧૦૩	વિરમેશ્વર નગર, લક્ષ્મીનારાયણ ચાલ, રામવાડી, વાઘેરીયા ચાલ, લોહાણા બોર્ડીંગ, શંકરાચાર્ય ઉપનગર
૭	૧૬	૦	૦	૩૪૮	૧ થી ૧૯૫	ગોમતી રોડ, વિઠલનાથજી મંદિર, ગોમતી મંદિર,મહાપ્રભુજીની બેઠક, બ્રહ્મકુંડ વિસ્તાર
૭	૧૭	૦	૦	૪૩૦	૧ થી ૧૧૩	સ્વામિનારાયણ માર્ગ પૂર્વ, મહાજન બજાર દક્ષિણ, જારી વારા ઉકરડા શેરી, દેવભુવન રોડ પશ્ચિમ, લોહાણા મહાજન વાડી શેરી
૭	૧૮	૦	૦	૩૧૩	૧ થી ૭૭	સુંદર પેલેસ, મહાજન વાડી શેરી, શારદામઠ, છપ્પન સીડી, દેવભુવન રોડ પૂર્વ
૭	૧૯	૦	૦	૪૫૯	૧ થી ૧૮૧	બલભદ્ર બજાર દક્ષિણ, વાસુદેવ શેરી, મંદિર ચોક, નિલકંઠ ચોક
૭	૨૦	૦	૦	૩૭૦	૧ થી ૧૨૧	જૂના પોલીસ સ્ટેશન સામેની શેરી, ધનેશ્વરી શેરી, ડો. ગોહેલ વાળી શેરી, ચંદ્રભાગા શેરી, જોધામાણેક રોડ પશ્ચિમ
૭	૨૧	૦	૦	૨૯૮	૧ થી ૧૨૩	મંદિર ચોક, નીલકંઠ ચોક, હોળી ચોક, ભીડભંજન શેરી દક્ષિણ, ચંદ્રભાગા શેરી પશ્ચિમ
૭	૨૨	૦	૦	૩૫૯	૧ થી ૮૭	બહુચરાજી શેરી, ચંદ્રભાગા શેરી પશ્ચિમ, ભીડભંજન શેરી ઉત્તર, હોળીચોક, હર્ષદા શેરી પૂર્વ, ખારવા શેરી દક્ષિણ
૭	૨૩	૦	૦	૫૯૨	૧ થી ૧૩૪	ખારવા શેરી દક્ષિણ, જવાહર રોડ દક્ષિણ, ચંદ્રભાગા શેરી પશ્ચિમ, બહુચરાજી શેરી, ખારવા શેરી ઉત્તર
૭	૨૪	૩	૦	૩૧૪	૧ થી ૧૬૬	ખારવા દરવાજા, હર્ષદા શેરી પશ્ચિમ, હોળી ચોક, ગોપાલજી શેરી, બલભદ્ર બજાર ઉત્તર, એમ.જી. રોડપૂર્વ, ત્રણબત્તી ચોક, જવાહર રોડ દક્ષિણ
૭	૨૫	૦	૦	૬૦૦	૧ થી ૧૬૨	ત્રણબત્તી ચોક, એમ.જી. રોડ પશ્ચિમ, લાલભુવન વાળી શેરી, મહાજન બજાર ઉત્તર, જૂની નાટક શાળા શેરી, સરસ્વતી શેરી, સયાજી રાવ રોડ પૂર્વ, જવાહર રોડ દક્ષિણ
કુલ		૧૬	૪	૫૭૯૫		

વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :
વોર્ડ નં. ૭નાં વાયવ્ય ખૂણે આવેલ હોટેલ દેવાંગ થી પૂર્વે જતા રિલાયન્સ ગેસ્ટ હાઉસ થઈ હોમગાર્ડ ચોક સુધી ત્યાંથી પૂર્વે જવાહર રોડ ઉપર જતા જોધામાણેકના પુતળા સુધી ત્યાંથી જોધામાણેક રોડ ઉપર દક્ષિણે જતા પૂર્વ દરવાજો થઈ ગોમતી ઢાળીયો ઉતરી રિલાયન્સ રોડ સુધી ત્યાંથી રિલાયન્સ રોડે પૂર્વ તરફ જતા સ્ટેટ હાઈવે ઉપર રિલાયન્સ પાર્કિંગ થઈ સ્ટેટ હાઈવેની પશ્ચિમ હદે હદે અગ્નિ તરફ જતા બરડીયા હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દ્વારકા હદે હદે જતા સમુદ્ર કિનારા સુધી અને સમુદ્ર કિનારે કિનારે વાયવ્ય તરફ આવતા પંચકુઈ થઈ સંગમ નારાયણ મંદિર થઈ ગાયત્રી મંદિર થઈ સમુદ્ર કિનારે લાઈટ હાઉસ સામે આવેલ જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સુધી ત્યાંથી શંકરાચાર્ય માર્ગ ઉપર ઉત્તરે જતાં દેવાંગ હોટેલ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

દ્વારકા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૮૮૭૩	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૫૫૫૩	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૬૧૦૮ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૪૯૯૮
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી – સ્ત્રી અનામત બેઠક નથી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી – સ્ત્રી અનામત બેઠક નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક અનામત છે.
કુલ અનામત બેઠકો	૧૭	
સામાન્ય બેઠકો	૧૧	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૬૦૬૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૫૭૦૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૫૧૧૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૫૪૪૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૫૩૪૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૫૪૧૧	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૫૭૯૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૩૮૮૭૩				

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 265

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, AUGUST 16, 2017/SRAVANA 25, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GUJARAT LEGISLATURE SECRETARIAT

NOTIFICATION

Viththalbhai Patel Bhavan,

Sector No -10, Gandhinagar - 382010.

Dated :16th August, 2017.

No. GVS/985/C-1/45(34)/12139 : **Shri Shankersinh Vaghela**, a member of Gujarat Legislative Assembly, elected from 120- Kapadwanj Constituency has, by writing under his hand dated **16th August**, 2017, addressed to the Speaker, resigned his seat and his resignation has been accepted by the Speaker with effect from afternoon of the **16th August**, 2017, his seat has become vacant from the afternoon of the **16th August**, 2017, under Article 190(3)(b) of the Constitutuin of India.

D.M.PATEL
SECRETARY,
GUJARAT LEGISLATIVE ASSEMBLY.

ગુજરાત વિધાનસભા સચિવાલય
અધિસૂચના

વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર નં.૧૦, ગાંધીનગર–૩૮૨૦૧૦
તા.૧૬–૦૮–૨૦૧૭

નં.ગવસ/૯૮૫/સ–૧/૪૫(૩૪)/૧૨૧૩૯:– ૧૨૦–કપડવંજ મત વિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા ગુજરાત વિધાનસભાના સંભ્ય શ્રી શંકરસિંહ વાઘેલાએ **તા.૧૬–૦૮–૨૦૧૭** ના રોજ અધ્યક્ષશ્રીને સંબોધીને સ્વહસ્તે કરેલા લખાણથી પોતાની બેઠક ઉપરથી રાજીનામું આપેલ છે, જે અધ્યક્ષશ્રીએ **તા.૧૬–૦૮–૨૦૧૭** ના રોજ બપોર પછીની અસરથી સ્વીકાર્યુ હોવાથી, ભારતના બંધારણના અનુચ્છેદ ૧૯૦(૩)(બી) અન્વયે **તા.૧૬–૦૮–૨૦૧૭** ના રોજ બપોર પછીથી તેઓની બેઠક ખાલી પડી છે.

ડી.એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 266

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, AUGUST 18, 2017/SRAVANA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નંબર : ૯,૬ ઠ્ઠો માળ

સચિવાલય,ગાંધીનગર,૧૪મી ઓગસ્ટ,૨૦૧૭

હુકમ

ક્રમાંક : રાચઆ-ચટણ-નપલ-ચઅન-૮(૮)-આર.ઓ.-૮૨૦૧૭-૬. :- ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬(૪)અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(૫)(૬) થી મળેલ સતાની રૂએ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ના નિયમ-૪(૧)હેઠળ રાજ્ય ચૂંટણી આયોગ નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટે નીચે અનુસૂચિમા દર્શાવ્યા મુજબની વિગતે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની આથી નિયુકિત કરે છે.

અનુસૂચિ

અ.નં	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૧	કચ્છ	ભૂજ	૨	પ્રાંત અધિકારી,ભૂજ પ્રાંત કચેરી,ભૂજ, જિ.કચ્છ	મામલતદાર,ભૂજ મામલતદાર કચેરી,ભૂજ, જિ.કચ્છ
૨	જુનાગઢ	વિસાવદર	૩	પ્રાંત અધિકારી, વિસાવદર પ્રાંત કચેરી, વિસાવદર, જિ. જુનાગઢ	મામલતદાર, વિસાવદર મામલતદાર કચેરી, વિસાવદર, જિ. જુનાગઢ
૩	દેવભૂમિ દ્વારકા	ઓખા	૮	પ્રાંત અધિકારી, દ્વારકા પ્રાંત અધિકારીની કચેરી, દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા	મામલતદાર, દ્વારકા મામલતદાર કચેરી, દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા

અ.નં	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો/કચેરી
૧	૨	૩	૪	૫	૬
૪	વલસાડ	વલસાડ	૬	નાયબ કલેક્ટર, વલસાડ પ્રાંત કચેરી, વલસાડ, જિ. વલસાડ	મામલતદાર, વલસાડ મામલતદાર કચેરી, વલસાડ, જિ. વલસાડ
૫	રાજકોટ	જેતપુર–નવાગઢ	૩	પ્રાંત અધિકારી, ગોંડલ તાલુકા સેવા સદન,૨૧ સ્ટેશન પ્લોટ, ગોંડલ, જિ. રાજકોટ	મામલતદાર, જેતપુર મામલતદાર કચેરી, જેતપુર, જિ. રાજકોટ
૬	રાજકોટ	ભાયાવદર	૪,૭	પ્રાંત અધિકારી, ધોરાજી પ્રાંત કચેરી, ધોરાજી, જિ. રાજકોટ	મામલતદાર, ઉપલેટા મામલતદાર કચેરી, ઉપલેટા, જિ. રાજકોટ
૭	આણંદ	આણંદ	૮	નાયબ કલેક્ટર, આણંદ પ્રાંત કચેરી, આણંદ, જિ. આણંદ	મામલતદાર, આણંદ(શહેર) મામલતદાર કચેરી, આણંદ(શહેર), જિ. આણંદ
૮	મોરબી	વાંકાનેર	૩	પ્રાંત અધિકારી, વાંકાનેર પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન,બીજો માળ, રાજકોટ રોડ, વાંકાનેર જિ. મોરબી	મામલતદાર, વાંકાનેર મામલતદાર કચેરી, તાલુકા સેવા સદન,પ્રથમ માળ, રાજકોટ રોડ, વાંકાનેર જિ. મોરબી
૯	અમરેલી	બગસરા	૧,૨ અને ૩	પ્રાંત અધિકારી, ધારી પ્રાંત કચેરી, ધારી જિ. અમરેલી	મામલતદાર, બગસરા મામલતદાર કચેરી, બગસરા, જિ. અમરેલી

હુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 267

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, AUGUST 18, 2017/SRAVANA 27, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

જાહેરનામું

બ્લોક નં. ૯., ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.

૧૪મી ઓગસ્ટ, ૨૦૧૭.

ક્રમાંક : ચટણ-નપા-મકા-૮-૦૮૨૦૧૭-ક.- રાજ્ય ચૂંટણી આયોગે, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ના નિયમ-૨૦ હેઠળ નગરપાલિકાની ચૂંટણીમાં મતદારોએ મતદાન મથકે, મતદાન કરવા માટે મતદાન શરૂ કરવા માટેનો તથા બંધ કરવા માટેનો સમય નક્કી કરવાનો રહે છે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ના નિયમ-૨૦ હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી આયોગ આ સાથે સામેલ પત્રક મુજબની નગરપાલિકાઓની તા. ૧૦-૦૯-૨૦૧૭ના રોજ યોજાનાર પેટા ચૂંટણીઓના મતદાન માટે મતદાન શરૂ કરવા માટેનો સમય સવારના ૮-૦૦ વાગ્યાનો તથા મતદાન બંધ કરવા માટેનો સમય સાંજના ૫-૦૦ વાગ્યાનો આથી નક્કી કરે છે.

આ જાહેરનામું સરકારી રાજ્યપત્ર ભાગ-૪ (સી)માં પ્રસિદ્ધ કરવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સપ્ટેમ્બર-૨૦૧૭માં પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાઓની ખાલી બેઠકો

અ.નં.	જિલ્લો	નગરપાલિકાનું નામ	નગરપાલિકાનો વર્ગ	વોર્ડ નંબર	બેઠકોની સંખ્યા
૧	વલસાડ	વલસાડ	A	૬	૧
૨	રાજકોટ	જેતપુર-નવાગઢ	A	૩	૧
૩	રાજકોટ	ભાયાવદર	D	૪ અને ૭	૨
૪	કચ્છ	ભૂજ	A	૨	૧
૫	જૂનાગઢ	વિસાવદર	D	૩	૧
૬	દે. દ્વારકા	ઓખા	B	૮	૧
૭	આણંદ	આણંદ	A	૮	૧
૮	મોરબી	વાંકાનેર	C	૩	૧
૯	અમરેલી	બગસરા	C	૧, ૨ અને ૩	૩
				કુલ	૧૨

નગરપાલિકાની પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ

અ.નં.	વિગત	તારીખ
૧	ચૂંટણી જાહેર કરવાની તારીખ	૧૪-૦૮-૨૦૧૭
૨	ચૂંટણીની નોટિસ/જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ	૨૧-૦૮-૨૦૧૭
૩	ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ	૨૧-૦૮-૨૦૧૭
૪	ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લા તારીખ	૨૬-૦૮-૨૦૧૭
૫	ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ	૨૮-૦૮-૨૦૧૭
૬	ઉમેદવારી પરત ખેંચવાની તારીખ	૨૯-૦૮-૨૦૧૭
૭	મતદાનની તારીખ તથા સમય	૧૦-૦૯-૨૦૧૭ રવિવાર સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
૮	જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તારીખ	૧૧-૦૯-૨૦૧૭
૯	મતગણતરીની તારીખ	૧૨-૦૯-૨૦૧૭

ગાંધીનગર
તા. ૧૪-૦૮-૨૦૧૭

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

Extra No. 268

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 21, 2017/SRAVANA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર કચેરી, બનાસકાંઠા,પાલનપુર, ૯મી ઓગસ્ટ, ૨૦૧૭

આદેશ

વિષય :- વિભાજન થતાં અસ્તિત્વમાં આવેલ નવીન ગ્રામ પંચાયતની સને-૨૦૧૭ની સ્થિતિની ફોટોવાળી મતદારયાદી તૈયાર કરવા બાબત.

૧. નં.બી/સુઈગામ/તાલુકા/ગ્રા.પં/વિભાજન/મતદારયાદી કાર્યક્રમ/૨૦૧૭/વશી ૮૧૮૬ થી ૮૧૯૧ :- રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના નોટીફીકેશન નં.એસઈસી-ડીએલએમ-વીપી-૯૫, તા.૧૩/૦૩/૧૯૯૫ થી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૬ ની જોગવાઇ અન્વયે ગ્રામ પંચાયત વોર્ડ રચના કરવાના અધિકારો અને કલેક્ટરને સુપ્રત કરવામાં આવલે છે.

૨. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-ગ્રા.પં-વિભાજન-મતદાર યાદી-સ્થા.સ્વ.૧૦૪-૯૨૦૦૮-ક,તા.૦૪-૧૦-૨૦૦૮ થી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૨૬૩(૧) ની જોગવાઇ મુજબ રાજ્ય સરકાર જાહેરનામાથી જે તે ગામોની પંચાયતનું વિભાજન કરવાનું જાહેરનામું બહાર પાડે તેવી નવી અસ્તિત્વમાં આવેલી ગ્રામ પંચાયતના કિસ્સામાં મતદાર યાદીઓ તૈયાર કરી પ્રસિધ્ધ કરવા કાર્યક્રમ આપવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીઓને અધિકાર સુપ્રત કરવામાં આવેલ છે.

૩. રાજ્ય સરકારના જાહેરનામાથી અત્રેના જિલ્લાના સુઇગામ નીચે મુજબની ગ્રામ પંચાયતનું વિભાજન થઇ તે સામે દર્શાવ્યા મુજબની ગ્રામ પંચાયતો અસ્તિત્વમાં આવેલ છે. નવીન બનેલ ગ્રામ પંચાયતના વોર્ડ સીમાંકન તથા બેઠક ફાળવણી અત્રેના તા.૧૭/૦૭/૨૦૧૭ ના આદેશથી કરવામાં આવેલ છે. નવીન અસ્તિત્વમાં આવેલ ગ્રામ પંચાયતની મતદાર યાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવાની છે.

અ.નં	તાલુકાનું નામ	મૂળ ગ્રામ પંચાયતનું નામ	વિભાજન બાદ નવીન બનેલ ગ્રામ પંચાયતનું નામ
૧	સુઈગામ	ગરાંબડી ગ્રુપ ગ્રા.પં.	(૧) ગરાંબડી (૨) કટાવ

૪. સબબ, પેરા-૨માં જણાવેલ આદેશથી મળેલ અધિકાર અન્વયે અત્રેના સુઈગામ તાલુકાની પેરા-૩ માં જણાવેલ નવીન બનેલ ગ્રામ પંચાયતની સને-૨૦૧૭ની સ્થિતિની વોર્ડ વાર ફોટોવાળી મતદારયાદીઓ નિર્દિષ્ટ સત્તાધિકારી અને મામલતદારશ્રી, સુઈગામ તૈયાર કરી તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધ કરવા માટે નીચે પ્રમાણે કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે.

અ.નં	વિગત	કાર્યક્રમ
૧	તા.૧/૧/૨૦૧૭ ની સ્થિતિએ આખરી પ્રસિદ્ધ થયેલ(પુરવણી સહિત) વિધાનસભા મતદારવિભાગોની મતદારયાદીઓ ઉપરથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા.	૧૪/૦૮/૨૦૧૭
૨	વોર્ડવાર ફોટોવાળી મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ.	૧૮/૦૮/૨૦૧૭
૩	નિયમ-૩(ક) તથા ૩(ખ) અન્વયે દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ.	૨૮/૦૮/૨૦૧૭
૪	રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ.	૦૫/૦૯/૨૦૧૭
૫	વોર્ડવાર પુરવણી ફોટોવાળી મતદારયાદી તૈયાર કરવાની તારીખ.	૦૮/૦૯/૨૦૧૭
૬	વોર્ડવાર પુરવણી સહિત ફોટોવાળી મતદારયાદીની આખરી પ્રસિધ્ધિની તારીખ.	૧૧/૦૯/૨૦૧૭

૫. ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ ઉપરથી ચૂંટણી સમયે જરૂરિયાત મુજબ ઝેરોક્ષ નકલો કરાવી ગ્રામ પંચાયતોની ચૂંટણી સમયે ઉપયોગમાં લેવાનું રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવામાં આવે અને તેની ૧૦૦% ચકાસણી નીચે જણાવેલ અધિકારીઓ / કર્મચારીઓ વચ્ચે વહેંચણી કરવાની થાય છે.

અ.નં	અધિકારી / કર્મચારીનો હોદ્દો	ગ્રામ પંચાયતની વોર્ડવાર મતદારયાદીઓ દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની ટકાવારી
૧	મામલતદાર	૧૦%
૨	તાલુકા વિકાસ અધિકારી	૧૦%
૩	નાયબ મામલતદાર / નાયબ તાલુકા વિકાસ અધિકારી / નાયબ ચીટનીશ અને તેની સમકક્ષ	૨૦%
૪	સર્કલ ઈન્સ્પેક્ટર / સીનીયર ક્લાર્ક કક્ષાના પ્રાંત કચેરી / તાલુકા પંચાયતાના તાબાના કર્મચારીઓ	૩૦%
૫	કારકુન કક્ષાના પ્રાંત કચેરી / તાલુકા પંચાયતાના તાબાના કર્મચારીઓ	૩૦%

૬. ઉપર મુજબ વોર્ડવાર મતદારયાદીની નોંધોની ચકાસણી કરવાની વ્યવસ્થા પ્રાંત અધિકારીશ્રી સુઈગામે નક્કી કરવાની રહેશે. રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રીએ નિયત ધોરણ મુજબ નોંધોની ચકાસણી માટે મામલતદારશ્રી સુઈગામ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી સુઈગામને તાલુકાની ગ્રામ પંચાયતોની વહેંચણી કરવાની રહેશે. આ મુજબ ચકાસણી સંબંધકર્તા અધિકારીઓ પાસેથી કરાવવા સંબંધિત પ્રાંત અધિકારી અને રાજ્ય ચૂંટણી આયોગના અધિકારીશ્રીએ ચકાસણી માટે અધિકારીઓ / કર્મચારીશ્રીઓને ગ્રામ પંચાયતોની ફાળવણી કરવાની રહેશે.તેમજ ચકાસણી કરવા કરેલ ફાળવણી મુજબ ચકાસણીની વિગતો સંબંધકર્તા અધિકારી / કર્મચારી પાસેથી મેળવી અત્રે તેમજ રાજ્ય ચૂંટણી આયોગને મોકલવાની રહેશે.

INDEX

૭. વિભાજન થયેલ ગ્રામ પંચાયતોમાં ૫૦% મહિલા અનામતની ટકાવારી સાથે સને-૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાના આધારે આખરી થયેલ વોર્ડ રચના સીમાંકન મુજબ તા. ૦૧/૦૧/૨૦૧૭ની લાયકાતની તારીખે આખરી પ્રસિધ્ધ થયેલ (પુરવણી) સહીત વિધાનસભાની ભાગવાર મતદારયાદીના આધારે સ્થાનિક જે તે ગામના તલાટી કમ મંત્રીશ્રી નમૂનો-૧ અને નમૂનો-૨ કાળજીપૂર્વક તૈયાર કરે તે જરૂરી છે. આ માટે મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રી સુઇગામ તલાટી કમ મંત્રીશ્રીને અને મતદારયાદી ચકાસતા સ્ટાફને જરૂરી તાલીમ આપે અને નમૂનો-૧ અને નમૂનો-૨ ક્ષતિરહીત તૈયાર થયેલ છે કે કેમ તેની ચકાસણી કરતા સ્ટાફે પૂરતી તકેદારી રાખીને ખરાઇ કરવાની રહેશે, જેથી કોઇ એક વોર્ડના મતદારો અન્ય વોર્ડની મતદારયાદીમાં ખોટી રીતે જતા રહેવાથી ઉદ્ભવતી મતદારોની / ઉમેદવારોની ફરીયાદો અને લીટીગેશન ટાળી શકાય.

૮. વસ્તી ગણતરી આધારીત વોર્ડ રચના અન સીમાંકન અમલી હોવાં છતાં જે મતદારોને પોતાનું સામાન્ય રહેઠાણ બદલ્યું હોય તેવા Transposition ના કિસ્સા સિવાય, સામાન્યતઃ એક વોર્ડના મતદાર અન્ય વોર્ડની મતદારયાદીમા નોંધાયા નથી તે બાબત મતદારયાદી તૈયાર કરવાની કામગીરીમાં રોકાયેલ તમામ સ્તરના અધિકારી / કર્મચારીઓએ પૂરતી તકેદારી રાખીને નમૂનો-૧ અને નમૂનો-૨ ની ચકાસણી કરવાની રહેશે અને મતદારયાદીની નોંધોની ચકાસણી ઠરાવેલા ધોરણે કરીને તેનું દસ્તાવેજીકરણ કરવાનું રહેશ, જેથી મતદારયાદીઓ ક્ષતિ બને.

૯. આપના તાલુકાની વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ ગ્રામ પંચાયતની સને-૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાના આધારે આખરી થયેલ વોર્ડ રચના સીમાંકન મુજબ તા. ૦૧/૦૧/૨૦૧૭ની સ્થિતિની વોર્ડવાર મુળ મતદારયાદીઓ ક્ષતિરહીત તૈયાર કરી નીચે મુજબનું ક્ષતિરહીત પ્રમાણપત્ર આપવા અને કાર્યક્રમ મુજબ પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવાની રહે છે.

પ્રમાણપત્ર

સુઇગામ તાલુકાની ગરાંબડી / કટાવ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ..... થી ..... માટે છેલ્લે થયેલ વોર્ડ રચના સીમાંકન મુજબ તા. ૦૧/૦૧/૨૦૧૭ની લાયકાતની તારીખ સંદર્ભે વિધાનસભાની છેલ્લે પ્રસિધ્ધ થયેલ મતદારયાદી પરથી વોર્ડવાર મતદારયાદી તૈયાર કરવામા આવેલ છે અને આ મતદારયાદીમાં જે તે વોર્ડની વોર્ડ રચના મુજબના જ મતદારોનો સમાવેશ થયેલ છે. તેની નિયત ધોરણે ચકાસણી કરી/કરાવી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને મતદારયાદી ક્ષતિરહીત છે.

સ્થળ :
તારીખ :

.....ગ્રામ પંચાયતના
મતદાર નોંધણી અધિકારી અને
મામલતદાર સુઇગામ

૧૦. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મતદારયાદીઓ તૈયાર કરવા થયેલ આદેશો તથા પરીપત્ર માં આપેલ સુચનાઓ અનુસાર સને-૨૦૧૭ ની સાલની ગ્રામ પંચાયતોની વોર્ડવાર ફોટોવાળી મતદારયાદીઓ તા.૨૦/૦૧/૨૦૧૦ ના આદેશથી સુધારેલ નમૂના-૨(અ) તથા ૫(અ) માં જણાવેલ વિગતો દર્શાવીને તૈયાર કરવાની રહેશે.

૧૧. ગુજરાત વિધાનસભા મતદાર વિભાગની તા.૦૧/૦૧/૨૦૧૭ સ્થિતિની આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારોની યાદીમાં મતદારયાદી નમૂના-૫(અ) મુજબ તૈયાર કરવાની રહેશે.

૧૨. ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવામાં આવે તેની ૧૦૦% ચકાસણી મામલતદાર કચેરી તાલુકા પંચાયતના અધિકારી / કર્મચારીઓ પાસે આખરી પ્રસિધ્ધિ પહેલા નિર્દિષ્ટ અધિકારી અને મામલતદારશ્રી સુઇગામે, કરાવી લેવાની રહેશે અને તેની અત્રે જાણ કરવાની રહેશે.

દિલીપ રાણા,
જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેક્ટર બનાસકાંઠા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 269 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 21, 2017/SRAVANA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯., ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.

૧૪મી ઓગસ્ટ, ૨૦૧૭.

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–સોનગઢ–યુનિટ–૩/૪–૦૮૨૦૧૭

સોનગઢ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૧૬૨–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **સોનગઢ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **સોનગઢ** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૨૮ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૨૬૫૧૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૩૭૮૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧(એક) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને તે બેઠક પૈકી કોઈ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૨	૩૯૪૪	૧૯૨	૪.૮૭
૨	૩	૩૫૩૦	૧૩૬	૩.૮૫
૩	૬	૩૯૬૮	૧૧૦	૨.૭૭
૪	૧	૩૯૮૫	૯૯	૨.૪૮
૫	૫	૩૮૨૭	૯૨	૨.૪૦
૬	૭	૩૮૧૨	૭૯	૨.૦૭
૭	૪	૩૪૪૯	૪	૦.૧૨
	કુલ	૨૬૫૧૫	૭૧૨	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. પરંતુ આ વર્ગમાં સ્ત્રી બેઠકો નકકી થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૬ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૬ બેઠકો પૈકી ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.
સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૭	૩૮૧૨	૧૪૭૧	૩૮.૫૯
૨	૨	૩૯૪૪	૧૨૪૬	૩૧.૫૯
૩	૧	૩૯૮૫	૧૦૨૩	૨૫.૬૭
૪	૪	૩૪૪૯	૬૬૦	૧૯.૧૪
૫	૩	૩૫૩૦	૬૦૫	૧૭.૧૪
૬	૫	૩૮૨૭	૫૦૮	૧૩.૨૭
૭	૬	૩૯૬૮	૨૭૯	૭.૦૩
	કુલ	૨૬૫૧૫	૫૭૯૨	--

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૭,૨,૧,૪,૩ અને ૫ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી ૬૨ બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૨,૪ અને ૫ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૭,૧ અને ૩ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૭	અનુસૂચિત આદિજાતિ
૨	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	૧	અનુસૂચિત આદિજાતિ
૪	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	૩	અનુસૂચિત આદિજાતિ
૬	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સોનગઢ નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧	૩૯૮૫	૮૨૯	૨૦.૮૦
૨	૬	૩૯૬૮	૬૨૨	૧૫.૬૮
૩	૩	૩૫૩૦	૫૨૬	૧૪.૯૦
૪	૫	૩૮૨૭	૪૪૫	૧૧.૬૩
૫	૭	૩૮૧૨	૩૬૨	૯.૫૦
૬	૪	૩૪૪૯	૧૭૭	૫.૧૩
૭	૨	૩૯૪૪	૧૬૩	૪.૧૩
	કુલ	૨૬૫૧૫	૩૧૨૪	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧,૬ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ અને ૩ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય છે. જે મુજબ પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	પછાતવર્ગ
૨	૬	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **સોનગઢ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **સોનગઢ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૧

સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૧	૦	૩૧૧	૫૬૭	૧ થી ૧૨૨	વૃંદાવન સોસાયટી–વાંકવેલ બાંગી ફળિયા.
	૨	૦	૩૦૫	૫૩૦	૧ થી ૧૮૭	માર્કેટ ફળિયું, દેવજીપુરા.
	૩	૫	૧૭૭	૫૪૨	૧ થી ૧૧૭	પાણીની ટાંકીનો વિસ્તાર, પીપળ ફળિયું, દેવજીપુરા.
	૪	૩૪	૭૧	૬૩૨	૧ થી ૧૩૨	યુ.પી. નગર, પીપળ ફળિયું.
	૫	૦	૮૭	૫૯૯	૧ થી ૧૨૧	દેવજીપુરા, મેઈન રોડ, કુંભાર વાડા, મરાઠી શાળા.
	૬	૬૦	૪૫	૭૮૬	૧ થી ૧૪૩	દેવજીપુરા, બાપા સીતારામનગર.
	૭	૦	૨૭	૩૨૯	૧ થી ૦૬૪	વૃંદાવન સોસાયટી, બાપા સીતારામનગર.
	કુલ:	૯૯	૧૦૨૩	૩૯૮૫		

વોર્ડ નં. ૧નું હદનું વર્ણનઃ–

મોજે દુમદાગામના સીમાડાને લાગુ સર્વે નં. ૩૨ થી શરૂ કરી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં. ૩૭ અને ૩૮ થઈ આગળ જતાં થર્મલ પાવર સ્ટેશને જતી રેલ્વે લાઈન ક્રોસ કરી આગળ જતાં સર્વે નં.૪૨ થી ૪૩ સુધી જઈ ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સર્વે નં.૪૫ સુધી જઈ ત્યાંથી ઈશાન બાજુ સર્વે નં. ૫૦, ૫૧ થી આગળ જઈ સર્વે નં.૫૨/૧ એરડોરને (દવા બનાવવાનું કારખાનું) લાગુ ગુણસદા ગામના સીમાડા સુધી જઈ ત્યાંથી દક્ષિણ તરફ આગળ સર્વે નં.૫૨/૨ થઈ ઉકાઈ રોડ ક્રોસ કરી લાગુ પરોઠા હાઉસના સીમાડા(વાંકવેલ)થઈ સર્વે નં. ૯/૧, ૮/૨ થઈ આગળ જતાં સર્વે નં. ૧૫ થઈ આગળ જતાં દેવજીપુરા બાપા સીતારામનગર વિસ્તાર થઈ પશ્ચિમે આગળ જતાં સર્વે નં. ૮૭ થઈ ખાડીના કિનારે ભરવાડ વિસ્તાર થઈ આગળ જતાં હનુમાન મંદિર સામે પંચાલ મહોલ્લો થઈ આગળ જતાં જૂનાગામ મેઈન રોડ ક્રોસ કરી વાણિયા ફળિયાના ઉત્તરે આવેલ કલ્યાણ કુટિર મંદિર થઈ આગળ જતાં નવનીતમામાની ગલીને ક્રોસ કરી પશ્ચિમે આગળ જતાં પારેખ ફળિયાના સીમાડા થઈ પીપળ ફળિયા થઈ આગળ જતાં થર્મલ પાવર સ્ટેશને જતી રેલ્વે લાઈન ક્રોસ કરી પશ્ચિમે આગળ કિલ્લાને તળેટી થઈ આગળ જતાં સર્વે નં.૧ અને ૨૩ થઈ આગળ જતાં સર્વે નં.૨૪ સુધી જઈ ત્યાંથી ઉત્તરે મોજે બેડવાણ ગામના સીમાડા થઈ આગળ જતાં સર્વે નં.૩૧ થઈ લાગુ મોજે દુમદાગામના સીમાડા સર્વે નં.૩૨ સુધી.

સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૨	૮	૦૦	૪૬૧	૫૧૬	૧ થી ૧૫૦	વાંકવેલ નિશાળ ફળિયું, (ઉકાઈ રોડ)
	૨૬	૨૧	૧૭૦	૭૯૩	૧ થી ૧૬૦	પંચવટી હનુમાન વિસ્તાર, શાંતિવન વિસ્તાર, પ્રતિમા નગર, શક્તિનગર.
	૨૭	૧૫૪	૧૯૨	૬૩૯	૧ થી ૨૨૧	પ્રતિમા નગર, શિવનગર.
	૨૮	૦૧	૧૭૭	૬૫૩	૧ થી ૨૩૪	નવો આર.ટી.ઓ. વિસ્તાર, લકકડકોટ રોડ વાંકવેલ, સતેશ્વરનગર(પરોઠા હાઉસ).
	૨૯	૧૬	૧૩૯	૭૭૮	૧ થી ૧૫૯	સતેશ્વરનગર(પરોઠા હાઉસ), બંટી ગેસ્ટ હાઉસ, અલંકાર સિનેમા પાછળ, શિવાજીનગર.
	૩૦	૦૦	૧૦૭	૫૬૫	૧ થી ૧૨૧	શિવાજીનગર અલંકાર સિનેમા.
	કુલઃ	૧૯૨	૧૨૪૬	૩૯૪૪		

વોર્ડ નં.૨ના હદનું વર્ણનઃ–

લાગુ દેવજીપુરાના વોર્ડ નં.૧ ના સિમાડા સર્વે નં. ૮/૨ સામેથી કરી ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં. ૮/૪ લાગુ ઉકાઈ ત્રણ રસ્તા ક્રોસ કરી આગળ જતાં ગુણસદા ગામના સીમાડાની હદે આગળ જતાં ઉકાઈ રોડ ક્રોસ કરી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૫૭ થઈ આગળ જતાં મોજે પાંખરી ગામના સીમાડા તરફ આગળ જતાં સર્વે નં. ૫૯, ૬૪/૨, ૬૬, ૬૭, ૭૦, ૭૧ સુધી જઈ સુરત ધુલિયા નેશનલ હાઈવે ક્રોસ કરી સર્વે નં. ૭૬/૨, ૯૯ આગળ જતાં દક્ષિણ રેલ્વે લાઈન ક્રોસ કરી લાગુ લકકડકોટ ગામના સીમાડે થઈ સર્વે નં.૧૧૫/૧, ૧૧૫/૨ અને સર્વે નં. ૧૧૫/૩ સુધી જઈ લાગુ મોજે ચાપાવાડી ગામના સીમાડે પશ્ચિમ તરફ આગળ જતાં ઉત્તર તરફ લાગુ દશેરા કોલોની સીમાડે આગળ જતાં સર્વે નં.૧૧૮/૧ થઈ આગળ જતાં રેલ્વે ક્રોસ કરી આગળ જતાં ઝરણા(તળાવ) થઈ ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં. ૧૨૧/૧ ઉત્તર તરફ આગળ જતાં રમણીય પાર્ક સોસાયટીના ઉત્તર તરફ શિવાજીનગર વિસ્તાર થઈ ટ્રાયબલ ઓફીસ થઈ લાગુ નેશનલ હાઈવે ક્રોસ કરી ઉકાઈ રોડ તરફ આગળ જતાં શિવનગર થઈ લાગુ નવાગામના સિમાડે ઉત્તર રોડ તરફ આગળ જતાં પંચવટી હનુમાન મંદિર વિસ્તાર અને રાઈસ મીલ થી આગળ જતાં સર્વે નં. ૩૧/૧માં મીની વોટર વર્કસ સામે આગળ જતાં ખાડી ક્રોસ કરી સર્વે નં.૨૧ અને ૧૩૧ ના ઉત્તરે આગળ જતાં સર્વે નં.૨ થઈ પશ્ચિમે આગળ જતાં લાગુ દેવજીપુરાના સીમાડાના સર્વે નં.૮/૨ સુધી.

સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૩	૯	૧૩	૨૧૭	૭૨૨	૧ થી ૧૪૩	માધવનગર વાંકવેલ, જમાદાર ફળિયું.
	૧૦	૧૫	૩૩	૭૫૩	૧ થી ૧૪૨	જમાદાર ફળિયું.
	૧૧	૦	૧૯૩	૭૨૩	૧ થી ૧૪૨	નદી કિનારો, કન્યાછાત્રાલય જમાદાર ફળિયું, એસ. ટી. ડેપો પાછળ
	૧૨	૫	૪૭	૬૮૧	૧ થી ૧૨૪	જમાદાર ફળિયું, રામદેવપીર મંદિર, પ્રાથમિક શાળા વિસ્તાર.
	૧૩	૧૦૩	૧૧૫	૬૫૧	૧ થી ૧૦૫	નવાગામ જમાદાર ફળિયું.
	કુલ:	૧૩૬	૬૦૫	૩૫૩૦		

વોર્ડ નં.૩ના હદનું વર્ણનઃ–

પંચાલ મહોલ્લાના દક્ષિણે ખાડીથી શરૂ કરી દેવજીપુરાના સિમાડે થઈ પૂર્વ તરફ ખાડી કિનારે આગળ જતાં એસ.ટી.ડેપોના ઉત્તરે ખાડી કિનારે આગળ જતાં ઉકાઈ રોડ ક્રોસ કરી સર્વે નં.૧૦૧(સ્મશાન) સોનગઢ ઉકાઈ રોડના ઉત્તરે લાગુ દેવજીપુરાના સીમાડે આગળ જતાં સોનગઢ ઉકાઈ રોડ ક્રોસ કરી સર્વે નં. ૧૬ના પૂર્વમાં લાગુ પરોઠા હાઉસના સીમાડે આગળ જતાં વાંકવેલનાં માધવનગર સોસાયટીના વિસ્તારમાં આવેલ સર્વે નં.૧૮ અને ૨૦ થઈ વોર્ડ નં.૨ ના સર્વે નં.૨૧ના પશ્ચિમે અને સર્વે નં. ૮૫ના સીમાડે આગળ જતાં ખાડી કિનારે શક્તિનગરના ગેટના પશ્ચિમે મીની વોટર વર્કસ થઈ સોનગઢ ઉકાઈ રોડ ક્રોસ કરી જમાદાર ફળીયામાં ભરવાડ મહોલ્લાના આંતરીક રોડ ક્રોસ કરી વનરાજભાઈ વ્યાસના ઘર પાછળના રસ્તે આગળ જતાં આંતરીક રસ્તો ક્રોસ કરી જૂની મરાઠી શાળા થઈ કન્યા છાત્રાલય થઈ જૂનાગામ મુસ્લિમ ફળિયાના આંતરીક રસ્તો ક્રોસ કરી ખાડીના ઉત્તરે સૂરજ કોમ્પ્લેક્ષ પાછળ ખાડી કિનારે આગળ જતાં જાગનાથ મંદિરના પુલ ક્રોસ કરી ખાડીથી આગળ જતાં પંચાલ મહોલ્લાના દક્ષિણની ખાડી સુધી.

સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૪	૧૪	૦	૧૩	૫૫૧	૧ થી ૧૧૮	પારેખ ફળિયું, વાણિયા ફળિયું જુનાગામ.
	૧૫	૦	૦૫	૪૨૦	૧ થી ૧૨૪	પારેખ ફળિયું, સંગામચાલ સમર્પણ કોમ્પ્લેક્ષ, કોપળવાડી વિસ્તાર મેઈન રોડ.
	૧૬	૦	૯૪	૭૧૯	૧ થી ૧૪૭	પારેખ ફળિયું, દક્ષિણ ફળિયું, રામજી મંદિર વિસ્તાર.
	૧૭	૦	૩૬૦	૫૭૪	૧ થી ૧૪૬	હાથી ફળિયું.
	૧૮	૪	૧૭૪	૪૩૩	૧ થી ૧૩૧	હાથી ફળિયું, જૂનાગામ મુસ્લિમ ફળિયું, સુરજ કોમ્પ્લેક્ષ.
	૧૯	૦	૧૪	૭૫૨	૧ થી ૧૪૧	મુસ્લિમ ફળિયું, મસ્જિદ રોડ યુવક મંડળ(સલીમ મુલ્લા વિસ્તાર)
	કુલ:	૪	૬૬૦	૩૪૪૯		

વોર્ડ નં.૪ના હદનું વર્ણનઃ–

મોજે બેડવાણ ગામના પૂર્વ સીમાડેથી શરૂ કરી કિલ્લાની તળેટીએ દેવજીપુરાના સીમાડે પૂર્વ તરફ આગળ જતાં થર્મલ પાવર સ્ટેશન રેલ્વે લાઈનને ક્રોસ કરી સર્વે નં.૯૩ આગળ જતાં ગેસ ગોડાઉનના ઉત્તરેથી આગળ જતાં પારેખ ફળિયાનાં શંકર ભગવાન મંદિરની સામે લાગુ દેવજીપુરાના સીમાડા આગળ જતાં વાણિયા ફળિયા કલ્યાણ કુટિર જૂનાગામ મેઈન રોડ ક્રોસ દક્ષિણે આગળ જતાં જમાદાર ફળિયાને સીમાડાને લાગુ દક્ષિણે આગળ જતાં સૂરજ કોમ્પ્લેક્ષ થઈ મોટી મસ્જિદ ના પૂર્વ તરફ આગળ જતાં ખાડીના દક્ષિણે આગળ જતાં નવાગામના સિમાડા સુધી જઈ પશ્ચિમ તરફ આગળ જતાં લક્ષ્મી મોલ અને શાક માર્કેટ થઈ જૂનાગામ મુસ્લિમ ફળિયાના આંતરીક રસ્તો ક્રોસ કરી આગળ જતાં જુની પોસ્ટ ઓફિસ દક્ષિણ ફળિયાના પશ્ચિમે આગળ જતાં રણછોડજી મંદિર થઈ મિસ્ત્રી ફળીયા થઈ દક્ષિણે વૈશાલી ગેસ્ટ હાઉસના પશ્ચિમે ઈસ્લામપુરાના સીમાડે હાથી ફળિયાના પશ્ચિમે રેલ્વે લાઈન ક્રોસ કરી જેસીગપુરાના પશ્ચિમે આગળ જતાં વોર્ડ નં.૭ ના સર્વે નં.૭૮, ૬૬, ૬૫, ૬૩ અને ૬૪ની હદે થઈ આગળ જતાં મોજે બેડવાણ ગામના સીમાડા સુધી.

સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૫	૨૦	૫	૭૮	૬૫૬	૧ થી ૧૪૬	કુમારશાળા પાછળ મિસ્ત્રી ફળિયું, રણછોડ મંદિર વિસ્તાર, દક્ષિણી ફળિયું મુસ્લિમ ફળિયું(મેઈન રોડ)
	૨૧	૬	૧૨૯	૬૨૪	૧ થી ૧૬૨	શાકભાજી માર્કેટ ફળિયું, મુસ્લિમ ફળિયું
	૨૨	૯	૭૭	૬૩૬	૧ થી ૨૪૨	બ્રાહ્મણ ફળિયું.
	૨૩	૮	૧૩૦	૬૯૮	૧ થી ૧૪૫	વાણિયા ફળિયું, વિશ્વભવન, તુલસી કોમ્પ્લેક્ષ, અમૃત વાડી, કન્યા છાત્રાલય, પી.કે. કોમ્પલેક્ષ.
	૨૪	૨૫	૬૮	૫૨૬	૧ થી ૧૧૩	નવાગામ વાણિયા ફળિયું, ગુરૂધ્વારા પાછળનો વિસ્તાર, રાધાક્રિષ્ના આર્કેડ, મરીમાતા રોડ.
	૨૫	૦	૦૯	૧૧૩	૧ થી ૧૪૮	મારૂતિ ગેસ્ટ હાઉસ, સેન્ટ્રલ હોટલ વિસ્તાર, શાલીમાર હોટલ, ડૉ. કુમાર વિસ્તાર, વીર સાવરકર વિસ્તાર.
	૩૧	૩૯	૧૭	૫૭૪	૧ થી ૨૮૦	મચ્છી બજાર.
	કુલઃ	૯૨	૫૦૮	૩૮૨૭		

વોર્ડ નં.૫ના હદનું વર્ણનઃ–

સોનગઢ પ્રાથમિક કુમારશાળાથી શરૂ કરી ઉત્તરે પારેખ ફળીયા સીમાડાને લાગુ મિસ્ત્રી ફળિયા અને રણછોડજી મંદિર થઈ દક્ષિણ ફળિયા આગળ જતાં જૂની પોસ્ટ ઓફિસ થઈ જૂનાગામ મેઈન રોડ ક્રોસ કરી મુસ્લિમ ફળિયાના આંતરિક રસ્તા ક્રોસ કરી આગળ જતાં દક્ષિણે શાક માર્કેટ અને લક્ષ્મી મોલ થઈ ખાડી ક્રોસ કરી લાગુ જમાદાર ફળિયાના સીમાડે આગળ જતાં કન્યા છાત્રાલય થઈ જૂની મરાઠી શાળા થઈ વનરાજભાઈ વ્યાસના ઘરના પાછળના રસ્તાની પૂર્વમાં આગળ જતાં આંતરિક રસ્તો ક્રોસ કરી આગળ જતાં ઉકાઈ રોડ ક્રોસ કરી પરોઠા હાઉસના સીમાડા સુધી જઈ દક્ષિણે આગળ જતાં રાઈસ મીલ અને પંચવટી હનુમાન મંદિર પાસેથી લાગુ ઉકાઈ રોડના દક્ષિણે આગળ જતાં નેશનલ હાઈવે સુધી જઈ પશ્ચિમ તરફ ગુરૂદ્વારા વિસ્તાર અને સાંઈ મંદિર થઈ દશેરા કોલોની સીમાડાને લાગુ દક્ષિણે આગળ જતાં ઓટા ચાર રસ્તા થઈ એન.આર. કોમ્પ્લેક્ષની આગળ જતાં વૈશાલી સિનેમાં સુધી જઈ ઈસ્લામપુરાના લાગુ સીમાડે આગળ જતાં ઉત્તર તરફ પોસ્ટ ઓફીસ અને રેસ્ટ હાઉસ થઈ ગૌરવપથ રોડ ક્રોસ કરી વૈશાલી ગેસ્ટ હાઉસ પાસે પ્રાથમિક કુમારશાળા સુધી.

સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૬	૩૨	૧૦	૪૬	૯૧૩	૧ થી ૧૬૪	ઈસ્લામપુરા
	૩૩	૦૦	૮૭	૮૯૨	૧ થી ૧૪૦	અલીફનગર, ઈસ્લામપુરા
	૩૪	૧૨	૦૯	૭૬૬	૧ થી ૧૩૩	ઈસ્લામપુરા
	૩૭	૭૭	૧૧૨	૭૦૨	૧ થી ૧૦૭	વાલ્મીકિ નગર, અમનપાર્ક, સાર્થક હોસ્પિટલ, રેલવે સ્ટેશન રોડ, સર્વોદયનગર.
	૩૮	૧૧	૨૫	૬૯૫	૧ થી ૧૧૩	ઈસ્લામપુરા વૈશાલી સિનેમા સામેનો વિસ્તાર
	કુલ:	૧૧૦	૨૭૯	૩૯૬૮		

વોર્ડ નં. ૬ના હદનું વર્ણનઃ–

ફોર્ટ–સોનગઢ પાસે આવેલ થર્મલ રેલવેથી શરૂ કરી પૂર્વમાં આગળ જતાં પારેખ ફળિયાનાં સીમાડાથી આગળ જતાં અલીફ નગર વિસ્તાર થઈ ધીરજ હોસ્પિટલથી દક્ષિણે આગળ જતાં બના શોપીગ સેન્ટર થઈ મસ્જિદ તરફ જતો રસ્તો ક્રોસ કરી લાગુ નવાગામ સીમાડે વૈશાલી સિનેમા થઈ નેશનલ હાઈવે ક્રોસ કરી દક્ષિણ તરફ આગળ જતાં અગ્રેસન ભવન થઈ ખાડી ક્રોસ કરી સાર્થક હોસ્પિટલ થઈ આગળ જતાં સર્વોદય નગર વિસ્તાર થઈ અવતાર રેસીડન્સીમાં સંજીવની હોસ્પિટલ થઈ આગળ જતાં ખાડી ક્રોસ કરી દક્ષિણે આગળ જતાં સર્વે નં. ૭૧/૧ની હદે આવેલ વોર્ડ નં.૭ ના સર્વે નં. ૯૬ સુધી જઈ ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં નેશનલ હાઈવે ક્રોસ કરી થર્મલ રેલવે લાઈને આગળ જતાં સર્વે નં. ૭૭ થઈ ઉત્તર તરફ આગળ જઈ ફોર્ટ–સોનગઢ પાસે આવેલ થર્મલ રેલવે સુધી.

સોનગઢ નગરપાલિકા, જિલ્લો તાપી

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૭	૩૫	૦૦	૨૨૩	૩૨૫	૧ થી ૦૬૬	જેસીગપુરા
	૩૬	૧૨	૫૯૯	૭૫૯	૧ થી ૧૨૬	સોનારપાડા, રેલવે સ્ટેશન વિસ્તાર, રેલવે કવાર્ટસ
	૩૯	૦૧	૫૮	૬૯૯	૧ થી ૧૨૦	ડૉ. શ્રોફ દવાખાના પાછળ વિસ્તાર (શ્રીરામનગર)
	૪૦	૨૧	૨૩	૬૪૫	૧ થી ૧૧૩	ડૉ. શ્રોફ દવાખાના પાછળ, દશેરા કોલોની, ગણેશ નગર, ફોરેસ્ટ કોલોની.
	૪૧	૦૫	૧૬૭	૬૦૨	૧ થી ૧૧૧	ગણેશનગર, રમણીયપાર્ક.
	૪૨	૧૧	૨૦૪	૩૦૩	૧ થી ૧૫૫	દશેરા કોલોની, આદર્શ નિવાસ શાળા, બહુમાળી.
	૪૩	૨૨	૧૬૪	૩૧૬	૧ થી ૦૭૧	હુડકો સોનાનગર, દશેરા કોલોની, ફોરેસ્ટ રેંજ કોલોની, પશુચિકિત્સાલય, તાલુકા પંચાયત કવાર્ટસ, સાર્વજનિક હાઈસ્કૂલ, ટ્રાયબલ ઓફિસ જૂની ચેક પોસ્ટ.
	૪૪	૦૭	૩૩	૧૬૩	૧ થી ૦૨૭	નયનદીપ કોમ્પ્લેક્ષ, અવધ સ્ટોન કવૉરી, ગુજરાત સ્ટોન કવૉરી, સોનારપાડા સ્ટોન કવૉરી
	કુલ:	૭૯	૧૪૭૧	૩૮૧૨		

વોર્ડ નં. ૭નું હદનું વર્ણનઃ–

સુરત ધુલીયા નેશનલ હાઈવેથી શરૂ કરી ઉત્તરે આગળ જઈ મોજે પોખરણ ગામના સીમાડે આગળ જતાં મોજે બેડવાણ ગામના સીમાડે પૂર્વ તરફ આગળ જતાં કિલ્લાની તળેટી થઈ આગળ જતાં જેસીગપુરા વિસ્તાર થઈ રેલ્વે લાઈન સુધી જઈ ઈસ્લામપુરાના સીમાડે દક્ષિણ તરફ આગળ જતાં નેશનલ હાઈવે ક્રોસ કરી આગળ જતાં ખુલ્લો વિસ્તાર છોડી સર્વે નં.૯૬ સુધી જઈ ત્યાંથી ઈશાન ખૂણે સર્વે નં. ૭૨ થી ૭૫ની હદે આગળ જતાં પૂર્વ તરફ

સર્વોદયનગર થઈ લાગુ સ્ટેશન રોડની હદે ઉત્તર તરફ આગળ જતાં સાર્થક હોસ્પિટલ થઈ ખાડી ક્રોસ કરી અગ્રેસન ભવન આગળ જતાં નેશનલ હાઈવે ક્રોસ કરી વૈશાલી સિનેમાની સામે પૂર્વ તરફ આગળ જતાં સામે આવેલ નયનદીપ કોમ્પ્લેક્ષ અને પેટ્રોલ પંપની આગળ જતાં મમતા હોસ્પિટલ થઈ ઓટા ચાર રસ્તા પૂર્વમાં નેશનલ હાઈવે સુરત ઘુલીયા તરફ આગળ જતાં નવી તાલુકા પંચાયત થઈ સાર્વજનિક હાઈસ્કૂલ સામેથી ટ્રાયબલ કચેરીના પૂર્વમાં લાગુ પરોઠા હાઉસના સીમાડાના ઉત્તરે આગળ જતાં રમણીયપાર્ક સોસાયટીના પૂર્વ તરફ આગળ જતાં ખાડી કિનારે આગળ જતાં ઝરણું(તળાવ) થઈ આગળ જતાં રેલવે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૧૧૬/૩ મોજે ચાપાવાડી ગામના સીમાડાના પશ્ચિમ તરફ સર્વે નં.૧૧૬/૧ થઈ રેલ્વે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૫૩ પૈકી ૧ની હદે પશ્ચિમ તરફ આગળ જતાં રેલવે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૯૯ મોજે રાણી આંબા ગામના સીમાડે ઉત્તરે આગળ જતાં રેલવે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૯ થી ૧૨ થઈ મોજે કુમકુવાના સીમાડાની હદે ઉત્તર તરફ આગળ જતાં સોનારપાડાના ગામનો ખુલ્લો વિસ્તાર છોડી આગળ જતાં સુરત ઘુલીયા નેશનલ હાઈવે સુધી.

મહેશ જોશી
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

સોનગઢ નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૬૫૧૫		
કુલ વોર્ડની સંખ્યા	૭		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૭૮૮	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૧૬૭ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૪૦૯	
બેઠકોની સંખ્યા	૨૮		
કુલ સ્ત્રી બેઠકો	૧૪		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી – સ્ત્રી બેઠક	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૬	તે પૈકી ૩ સ્ત્રી બેઠક	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક	
કુલ અનામત બેઠકો	૨૦		
સામાન્ય બેઠકો	૮		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૩૯૮૧	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	પછાતવર્ગ
૨	૨	૩૯૪૪	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૩૫૩૦	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	પછાતવર્ગ
૪	૪	૩૪૪૯	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૮૨૭	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૯૬૮	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૮૧૨	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
	કુલ	૨૬૫૧૫				

મહેશ જોશી
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 270

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, AUGUST 21, 2017/SRAVANA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯., ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.

૧૪મી ઓગસ્ટ, ૨૦૧૭.

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–પારડી–યુનિટ–૩/૪–૦૮૨૦૧૭

પારડી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી ' અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૯૮–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **પારડી** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **પારડી** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને

INDEX

કાઉન્સિલરોની કુલ–૨૮ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૨૮૪૯૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૪૦૭૧ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે ૫ વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૫૮	૦	૨૨૨	૧૧૧૫	૧ થી ૨૮૫	ભઠા વિસ્તાર
	૬૪	૦	૫૬	૯૮૨	૧ થી ૨૭૫	જૂનાવાડા નેશનલ હાઈવે પાસેનો વિસ્તાર (ઉતર બાજુ)
	૬૫	૦	૪	૯૧૭	૧ થી ૨૫૨	જૂનાવાડા (દક્ષિણ બાજુ) કરગરીયા રોડ સાઈડનો ભાગ
	૬૬	૧૦૫	૧૫	૭૬૮	૧ થી ૨૯૯	પોલીસ સ્ટેશન, અંધજનમંડળ પાસેનો ભાગ, સેન્ટ ઝેવિર્યસ સ્કૂલ પાસેનો વિસ્તાર, પાર્શ્વ સીટી વિસ્તાર, લાયન્સ નગર વિસ્તાર
	૬૭	૧૧	૦	૩૨૯	૧ થી ૧૮૩	લાયન્સ નગર,
	૬૮	૧૪	૭૬	૧૫૮૮	૧ થી ૧૭૦	લાયન્સ નગર તથા ભચાઉ શહેર સીમાડા વિસ્તાર
	કુલ	**૧૩૦**	**૩૭૩**	**૫૬૯૯**		

વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :–

ભચાઉ નગરપાલિકાના વોર્ડ નં.૭ના વાયવ્ય ખૂણામાં આવેલ નેશનલ હાઈવે નં.૮–એ પરના ભઠા વિસ્તારના રે.સર્વે નં. ૨૦૦૦/૨૩ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ નેશનલ હાઈવે નં.૮–એ હદે હદે પોલીસ સ્ટેશન, એપીએમસી, અંધજન મંડળ, કસ્ટમ સર્કલ થઈ વાગડ વેલ્ફેર હોસ્પિટલ થઈ પૂર્વ તરફ નેશનલ હાઈવે ૮–એ ના હદે હદે આગળ જતાં રે.સર્વે નં.૧૯૦૪/૨, ૧૯૦૪/૧, ૧૮૫૩/૨–એ, ૧૮૫૩/૨–બી, ૧૮૫૩/૩ ને આવરી લઈ રે.સર્વે નં. ૨૦૦૦/૩૦ ના અગ્નિ ખૂણાથી રે.સર્વે નં. ૧૮૫૦ થી દક્ષિણ તરફ રે.સર્વે નં. ૧૮૩૫/૨ ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ રે.સર્વે નં.૧૮૩૦, ૧૮૩૮ના વાયવ્ય ખૂણાથી ઉતર તરફ રે.સ.નં.૧૮૪૩, ૧૮૫૮, ૧૮૫૫/૧, ૧૮૫૩/૧ના પશ્ચિમ બાજુ રે.સ.નં.૧૯૦૩, ૧૯૦૯, ૧૯૧૦, ૧૯૧૨, ૧૯૧૩, ૧૯૧૪ થી રે. સ.નં. ૧૮૮૬/૩ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ રે.સર્વે નં.૧૮૮૫ થી પશ્ચિમ તરફ આશાપુરા મંદિર, સ્મૃતિ મંદિરના નૈઋત્ય ખૂણાથી ઉતર તરફ રે.સ.નં. ૧૬૨૦ના નૈઋત્ય ખૂણાથી રે.સ.નં. ૧૬૪૭/૩ થી દક્ષિણ તરફ રે.સ.નં. ૨૦૦૦/૧, ૧૪૫૦, ૧૪૪૯ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ બાજુ રે.સ.નં.૧૪૩૧, ૧૪૩૨ની પશ્ચિમ બાજુ નેશનલ હાઈવે નં.૮–એ ને ક્રોસ કરી તેના નૈઋત્ય ખૂણાથી ઉતર તરફ નેશનલ હાઈવે નં. ૮–એ હદે હદે રોડ પર આવેલ ભઠા વિસ્તારના રેવન્યુ સર્વે નં.૨૦૦૦/૨૩ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

ભચાઉ નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૯૫૩૨	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૫૬૪૭	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૬૨૧૧ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૫૦૮૩
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૧૮	
સામાન્ય બેઠકો	૧૦	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૫૯૦૬	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૫૫૩૭	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૫૪૯૦	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૪	૪	૫૮૪૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૫૭૯૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૫૨૫૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૫૬૯૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
	કુલ	૩૯૫૩૨				

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 291

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, SEPTEMBER 01, 2017/BHADRA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૫ની પેટા કલમ (૧)અને ગુજરાત પંચાયત ચુટણી નિયમો ૧૯૯૪ ના નિયમ ૯(૨) હેઠળ ચુંટણીનું જાહેરનામું તથા ચુંટણીનો તબકકાવાર કાર્યક્રમ,
નાયબ કલેકટર પ્રાન્ત લુણાવાડાની કચેરી, જિ. મહીસાગર
તા.૦૧/૦૯/૨૦૧૭

નંબર/ગ્રા.પં/ચૂંટણી/જાહેરનામું/વશી ૯૧૦/૨૦૧૭

જાહેરનામું

મહીસાગર જિલ્લાની લુણાવાડા તાલુકાની ગ્રામ પંચાયતોની નીચે મુજબના વોર્ડની બેઠકની/ સરપંચની બેઠકોની ચુંટણી.

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૬ની પેટા કલમ ૧ મુજબ મહીસાગર જિલ્લાની લુણાવાડા તાલુકાની ગ્રામ પંચાયતોના વોર્ડની રચના તથા બેઠકોની ફાળવણી રાજય ચુંટણી આયોગના અધિકાર તરીકે કલેકટરશ્રીએ કરેલ છે.

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૫ની પેટા કલમ (૧) હેઠળ રાજય ચુંટણી આયોગના અધિકારી તરીકે અમોને મળેલ સત્તાની રૂઈએ મહીસાગર જીલ્લાની નીચેની અનુસુચિના કોલમ નં.૨ માં જણાવેલ તાલુકાની સામે કોલમ નં.૩ માં જણાવેલ ગ્રામ પંચાયતોની કોલમ નં.૪ તથા ૫ માં જણાવેલ વોર્ડની બેઠકોની તથા કોલમ નંબર ૬ માં જણાવેલ સરપંચોની બેઠકની સામાન્ય ચુંટણી તા. ૨૪/૦૯/૨૦૧૭ ના રોજ યોજવા જાહેર કરવામાં આવે છે.

(૩) ગુજરાત પંચાયત ચુંટણી નિયમો–૧૯૯૪ ના નિયમ ૯ ના પેટા નિયમ–૨ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ રાજય ચુંટણી આયોગના અધિકારી તરીકે મહીસાગર જીલ્લાની ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૫ની પેટા કલમ(૧) હેઠળ આ જાહેરનામામાં નીચેની અનુસુચિમાં જણાવેલ તાલુકાની ગ્રામ પંચાયતો ના વોર્ડની/સરપંચની બેઠકો ભરવા માટે, ચુંટણી યોજવા નીચે મુજબ તબકકાવાર કાર્યક્રમ નકકી કરવામાં આવે છે.

		તારીખ	સમય	સ્થળ
(ક)	ઉમેદવારી પત્ર રજુ કરવાની/ ભરવાની છેલ્લી તારીખ	૬/૦૯/૨૦૧૭	૧૧–૦૦ કલાક થી ૧૫–૦૦ કલાક સુધી	ચુંટણી અધિકારી/ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરી ખાતે
(ખ)	ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ	૭/૦૯/૨૦૧૭	૧૧–૦૦ કલાક થી ચકાસણી પુરી થાય ત્યા સુધી	ચુંટણી અધિકારીની કચેરી ખાતે
(ગ)	ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ	૮/૦૯/૨૦૧૭	૧૫–૦૦ કલાક સુધી	ચુંટણી અધિકારી/ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરી ખાતે

		તારીખ	સમય	સ્થળ
(ઘ)	આવશ્યક હોયતો મતદાનની તારીખ	૨૪/૦૯/૨૦૧૭ (રવિવાર)	–	–
(ચ)	મતદાન નો સમય	--	સવાર ના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી	–
(છ)	મતદાનનું સ્થળ	–	–	જીલ્લા ચુંટણી અધિકારીએ ગ્રામ પંચાયત માટે વોર્ડવાર આખરી જાહેર કરેલ/પ્રસિધ્ધ કરેલ મતદાન મથક ઉપર
(જ)	મતગણતરી માટેની તારીખ અને સમય	૨૬/૦૯/૨૦૧૭	૯–૦૦ કલાક થી ગણતરી પુરી થાય ત્યાં સુધી	ચૂંટણી અધિકારી જાહેર કરે તે સ્થળે
(ટ)	ચુંટણી પ્રક્રિયા પુરી થવા માટેની તારીખ	૨૮/૦૯/૨૦૧૭	–	–

અનુસુચિ

અ.નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	વોર્ડ નંબર/ નામ	વોર્ડની બેઠકનો પ્રકાર	સરપંચની બેઠકનો પ્રકાર	ચૂંટણીનો પ્રકાર (સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી જે હોય તે દર્શાવવું)
૧	૨	૩	૪	૫	૬	૭
૧	લુણાવાડા	રાબડીયા	૧	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી	સામાન્ય સ્ત્રી	સામાન્ય
			૨	સામાન્ય સ્ત્રી		
			૩	સામાન્ય સ્ત્રી		
			૪	બિન અનામત		
			૫	બિન અનામત		
			૬	બિન અનામત		
			૭	બિન અનામત		
			૮	અનુસુચિત જાતિ સ્ત્રી		
૨	લુણાવાડા	માછીયાના મુવાડા	૧	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી	બિન અનામત	સામાન્ય
			૨	સામાન્ય સ્ત્રી		
			૩	સામાન્ય સ્ત્રી		
			૪	સામાન્ય સ્ત્રી		
			૫	બિન અનામત		
			૬	બિન અનામત		
			૭	બિન અનામત		
			૮	બિન અનામત		

આ જાહેરનામું ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૯(૧) તથા (૨) અનુસાર સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(સહી) અવાચ્ય,
રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને
નાયબ કલેકટર પ્રાન્ત લુણાવાડા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 292

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, SEPTEMBER 1, 2017/BHADRA 10, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

આદેશ

બ્લોક નં.-૯, છઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ક્રમાંક : રાચઆ-ચટણ-ન.પા.-મતય-૬(૪)૯૨૦૧૭-ક

૧. નગરપાલિકાઓની પ્રસંગોપાત રીતે ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી હાલમાં અમલમાં હોય તે સીમાંકન મુજબ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ-૪૨(૨) મુજબ બેઠક ખાલી પડ્યા તારીખથી છ માસમાં યોજવાની થાય છે. રાજ્ય વિધાનસભાના મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૧૭ની લાયકાતની તારીખની સ્થિતિની આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદી પરથી ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) (સુધારા) નિયમો ૨૦૧૫ ના નિયમ-૪ થી ૭ની જોગવાઈ તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) બીજો (સુધારા) નિયમ, ૨૦૧૫ની જોગવાઈ અનુસાર નગરપાલિકાઓની મતદારયાદી તૈયાર કરી, પ્રસિધ્ધ કરવાની થાય છે.

૨. વિધાનસભાની તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં પ્રસિધ્ધ થયેલી તા. ૧-૧-૨૦૧૭ની લાયકાતની તારીખની મતદારયાદી આધારે બંધારણની કલમ-૨૪૩(વક) તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૯, ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) (સુધારા) નિયમો ૨૦૧૫ના નિયમ-૪ના પેટા નિયમ (૧) થી (૩) અન્વયે વોર્ડવાર/વિભાગવાર તૈયાર કરી **નગરપાલિકાઓમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણીમાં મતદારો મતદાનથી વંચિત ન રહે તે માટે જે વોર્ડમાં બેઠક ખાલી પડેલ હોય તે વોર્ડ પૂરતી તા. ૦૮-૦૯-૨૦૧૭ના રોજ મુસદ્દારૂપ મતદારયાદી પ્રસિધ્ધ કરવી. આ પ્રસિધ્ધ થયેલ મતદારયાદી પરથી નિયમ ૬ મુજબ આખરી કરવાની રહેશે અને તેની જાણ અત્રે કરવાની રહેશે.**

૩. ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) (સુધારા) નિયમો, ૨૦૧૫ના નિયમ ૫ ધ્યાને લઈ પ્રાથમિક મતદાર યાદીમાં સુધારો કરવાનો રહેશે.

૪. ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) (સુધારા) નિયમો, ૨૦૧૫ના નિયમ ૬ ના પેટા નિયમ (૧) થી (૪)ની જોગવાઈ મુજબ પ્રાથમિક મતદારયાદીમાં સમય સમય પરના સુધારા કરી ઉમેદવારી રજૂ કરવાની છેલ્લી તારીખના દશ (૧૦) દિવસ પહેલાં પુરવણી સહિતની આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવાની રહેશે તે પછી નગરપાલિકાની ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી, આવી મતદારયાદીમાં કોઈ ઉમેરો અથવા ફેરફાર અથવા સુધારો કરવો જોઈશે નહિ.

૫. ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) (સુધારા) નિયમો, ૨૦૧૫ના નિયમ-૭ અનુસાર કોઈ વ્યક્તિ આખરી મતદાર યાદી કે તેના ભાગની નકલ માગે તો જરૂરી ફી લઈને આપવાની રહેશે તથા મતદાર નોંધણી અધિકારીએ આખરી મતદારયાદી અને જો પુરવણી હોય તો તે સાથે રાજ્ય ચૂંટણી આયોગ ખાતે નોંધાયેલ માન્ય રાજકીય પક્ષોને બે નકલ વિનામૂલ્યે આપવાની રહેશે અને આખરી મતદારયાદીની જો પુરવણી હોય તો તે સહિતની એક નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલવાની રહેશે.

૬. જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી આ આદેશ અનુસાર કાર્યવાહી કરવા સંબંધિત મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીને આ આદેશની નકલો આપી તે અનુસાર થયેલ અમલવારીની માહિતી અત્રે પણ મોકલવાની રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 293

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, SEPTEMBER 4, 2017/BHADRA 13, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯., ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.

૪થી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–ગઢડા–યુનિટ–૬–૦૯૨૦૧૭

ગઢડા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી ' અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૮૦–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **ગઢડા** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **ગઢડા** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને

INDEX

કાઉન્સિલરોની કુલ–૨૮ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૨૯૮૭૨ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૪૨૬૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે ૭,૪ અને ૫ વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૪	૩૭૯૭	૯૪૨	૨૪.૮૧
૨	૫	૩૭૨૩	૪૦૫	૧૦.૮૮
૩	૭	૫૯૪૭	૪૩૮	૭.૩૭
૪	૬	૩૯૨૩	૨૪૨	૬.૧૭
૫	૩	૪૦૧૧	૧૮૮	૪.૬૯
૬	૨	૪૧૭૧	૮૨	૧.૯૭
૭	૧	૪૩૦૦	૮૩	૧.૯૩
	કુલ	૨૯૮૭૨	૨૩૮૦	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪ અને ૫ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૫ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪ અને ૫ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૪	અનુસૂચિત જાતિ
૨	૫	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૩	૪૦૧૧	૧૦૪	૨.૫૯
૨	૪	૩૭૯૭	૩૧	૦.૮૨
૩	૭	૫૯૪૭	૨૦	૦.૩૪
૪	૨	૪૧૭૧	૩	૦.૦૭
૫	૧	૪૩૦૦	૨	૦.૦૫
૬	૫	૩૭૨૩	૦	૦.૦૦
૭	૬	૩૯૨૩	૦	૦.૦૦
	કુલ	૨૯૮૭૨	૧૬૦	--

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

ગઢડા નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧	૪૩૦૦	૩૭૩૦	૮૬.૭૪
૨	૭	૫૯૪૭	૪૭૯૯	૮૦.૭૦
૩	૬	૩૯૨૩	૩૦૦૫	૭૬.૬૦
૪	૨	૪૧૭૧	૩૧૧૪	૭૪.૬૬
૫	૪	૩૭૯૭	૨૧૭૭	૫૭.૩૩
૬	૫	૩૭૨૩	૨૧૩૦	૫૭.૨૧
૭	૩	૪૦૧૧	૨૧૩૭	૫૩.૨૮
	કુલ	૨૯૮૭૨	૨૧૦૯૨	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧,૭ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ અને ૬ માં પછાતવર્ગની અને વોર્ડ નં.૭ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	પછાતવર્ગ
૨	૭	પછાતવર્ગ સ્ત્રી
૩	૬	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ગઢડા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **ગઢડા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૧

ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો–બોટાદ

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૫	૦	૦	૭૨૭	૧ થી ૧૧૫	ખોડીયારનગર–૨, અને ઘાર
	૬	૭૮	૦	૮૧૨	૧ થી ૧૫૨	હોળાયારોડ, ખોડીયારનગર–૧, ખાચરવાડી
	૭	૫	૦	૬૩૭	૧ થી ૧૧૭	ખાચરવાડી અને પાણીની ટાંકી
	૮	૦	૦	૬૭૯	૧ થી ૧૦૬	સરદારનગર,
	૯	૦	૨	૬૬૭	૧ થી ૧૨૨	લાકડાવાળો વંડો, લક્ષ્મીવાડી, મેમણકલોની
	૧૦	૦	૦	૭૭૮	૧ થી ૧૦૩	કોઠીવાડી,

વોર્ડ નં.૧ ની હદનું વર્ણનઃ–

મોજે હોળાયાના દક્ષિણના સીમાડે સર્વે નં. ૬૪૩/૩ પૈકી ગૌચરની જમીનના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ચાલતાં હોળાયા રોડ ક્રોસ કરી સર્વે નં.૨૮૭, ૨૮૫, ૨૮૪, ૨૮૩, ૨૮૨, ૨૮૧, ૨૮૦ થઈને ગાળાનો માર્ગ ક્રોસ કરી સર્વ. નં.૨૪૦, ૨૩૯, ૨૩૮, ૨૩૭, ૨૩૪, ૨૩૩, ૨૩૦ મોજે સાળંગપરડાના દક્ષિણ દરવાજે ચાલતાં સાળંગપરડાનો માર્ગ ક્રોસ કરી સર્વે નં.૨૨૯, ૨૨૮, ૨૨૭ મેઘવડીયાના માર્ગ સુધી દક્ષિણ તરફ મેઘવડીયાના સીમાડે સર્વે નં.૨૨૭, ૨૨૬, ૨૨૫, ૨૧૯, ૨૧૫, ૨૧૧ થઈને ખોડીયારનગર ઘાર, ખોડીયારનગર – રમાં પૂર્વથી પશ્ચિમ જતાં પશ્ચિમ દિશાએ હોળાયા રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ ખોડીયારનગર–૧, ખાચરવાડી, સરદારનગર, લાકડાવાળો વંડો, બોટાદના ઝાંપે, પશ્ચિમ તરફ ચાલતાં પોસ્ટ ઓફિસ, પથિકાશ્રમના નૈઋત્ય ખૂણેથી લક્ષ્મીવાડી, મેમણકોલોની, કોઠીવાડીના ખૂણેથી પશ્ચિમ દિશા તરફ સર્વે નં.૬૪૩/૩ નાળીયેરીઘાર ડુંગર પાસે થઈ હરીપર રોડ ક્રોસ કરી સર્વે નં.૩૨૯, ૩૨૮, ૩૨૭, ૬૪૪, ૩૨૩, ૬૫૧ થઈ ૬૪૩/૩ ના વાયવ્ય સુધીનો અંદરનો તમામ વિસ્તાર

ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો–બોટાદ

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૦	૦	૬૦૪	૧ થી ૧૧૨	બહારપરા, સુવાળીયાપરા, બોટાદઝાંપા
	૨	૦	૩	૫૭૫	૧ થી ૧૧૧	નાગજીપરા,
	૩	૮૨	૦	૫૩૭	૧ થી ૮૧	વોકળીના કાંઠા, ગોધાણીનગર, સ્વામિનારાયણનગર,
	૪	૦	૦	૬૬૧	૧ થી ૧૧૩	ખોડીયારનગર–૨,
	૧૨	૦	૦	૫૯૨	૧ થી ૧૦૫	ગોરની વાડી,
	૧૪	૦	૦	૬૦૨	૧ થી ૧૧૭	ભરવાડવાસ, પટેલ સમાજની વાડી,
	૧૫	૦	૦	૬૦૦	૧ થી ૧૧૬	વોકળીનો કાંઠો, ભરવાડવાસ,

INDEX

વોર્ડ નં.૨ ની હદનું વર્ણનઃ–

મેઘવડીયાના માર્ગે ગામના દક્ષિણ સીમાડે રેવન્યુ સ.નં.૧૮૦ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ ચાલતાં ૧૭૯, ૧૭૮, ૧૭૭, ૧૭૬, ૧૭૩, ૧૭૨, ૧૭૧, ૧૭૦,૧૬૯,૧૬૭ ઈશાન ખૂણેથી ગોરડકાના રોડે ચાલતાં દક્ષિણ દિશાએ સોનલ વોકળું ક્રોસ કરી સર્વે નં.૧૬૫, ૧૬૩, ૧૫૫,૧૫૪, ૧૪૦, ૧૩૯, ૧૩૮, ૧૩૭, ૧૩૦, ૧૩૧/૧, ૧૩૧/૩, ૧૩૧/૪, ૧૩૮/૨, પ૯ પૈકી ૨, રીલાયન્સ પેટ્રોલ પંપ, મહાજન પાંજરાપોળ પાસે થઈ વોકળા કાંઠે કાંઠે પશ્ચિમ દિશાએ ચાલતાં સ્વામિનારાયણ નગરના ખૂણે વોકળું ક્રોસ કરી વોકળીનો કાંઠો, ભરવાડવાસ, પટેલ સમાજની વાડી વાળો વિસ્તાર, આવકાર વિડીયો વાળો ભાગ, ગોરની વાડી પાસે થઈ મામલતદાર ઓફિસના પાછળના રસ્તે થઈ દક્ષિણ દિશાએ જમીન વિકાસ બેંકના ખૂણે થઈ પશ્ચિમ દિશાએ ચાલતાં ચુવાળીયાપરા, બહારપરા, બોટાદઝાપે, હનુમાનજીની દેરીના ખૂણેથી, ઉત્તર દિશા તરફ ચાલતાં હોળાયાના રસ્તે, નાગજીપરા, વોકળીનો કાંઠો, બેટ દ્વારકા, હોળાયાના રોડે ખોડીયારનગર–૨ ના ખૂણેથી પશ્ચિમથી પૂર્વ તરફ ચાલતાં ઉત્તર દિશાએ સર્વે નં.૨૦૬, ૨૦૭, ૨૧૧, ૧૯૭, ૧૯૬, ૧૮૭, ૧૮૩, સોનલ વોકળું ક્રોસ કરી ૧૮૧,૧૮૦ ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો–બોટાદ

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૩	૦	૧૬	૩૫૦	૧ થી ૭૬	પોલીસ સ્ટેશન, સરકારી દવાખાના, આવકાર વિડીયો
	૧૬	૨૮	૦	૪૫૮	૧ થી ૯૨	ટાઉનહોલ, બોટાદરોડ,
	૧૭	૨	૨	૧૬૫	૧ થી ૩૪	એમ.અમે.હાઈસ્કુલ, કિરણ ઓઈલ મીલ, ઘામેલીયાવાડી
	૧૮	૮	૧	૫૦૫	૧ થી ૧૦૯	ઘામેલીયાવાડી, મોહનનગર સોસાયટી,
	૧૯	૦	૦	૫૯૮	૧ થી ૧૦૨	ચિત્રકુટ પાર્ક સોસાયટી, પીપળાવાડી, પી.ટી.સી કોલેજ, વ્રજ વિહાર, અવધ વિહાર, ગોપીનાથ સોસાયટી
	૨૦	૦	૧૦	૬૧૮	૧ થી ૧૨૫	ભારતનગર ૧,૨,૩ , મોહનનગર સોસાયટી
	૨૧	૦	૭૫	૪૮૮	૧ થી ૮૭	પ્રમુખસ્વામીનગર, પાણીની ટાંકી, ઉગામેડી રોડ
	૨૮	૧૫૦	૦	૩૮૨	૧ થી ૬૮	બાબરપરા, વરમોરાના પ્લોટ, સમાધિ,
	૨૯	૦	૦	૪૪૭	૧ થી ૭૪	કાળીયો– ઘોળીયો ઓટો, મહીપરીએજ સંપ, દેવીપૂજકવાસ

વોર્ડ નં.૩ ની હદનું વર્ણનઃ–

ગોરડકાના સીમાડે પૂર્વ તરફ ચાલતાં બીડના વાયવ્ય ખૂણાથી શરૂ કરી બીડના ઈશાન ખૂણા સુધી ત્યાથી દક્ષિણ તરફ વળતા વોકળું ક્રોસ કરી સર્વે નં.૯૪, ૯૨, ઉગામેડી નો રસ્તો ક્રોસ કરી સર્વે નં. ૯૧ ના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશા તરફ ચાલતાં સર્વે નં.૮૯, ગોરડકા, અડતાળા કાચો રસ્તો ક્રોસ કરી સર્વે નં ૮૮, ૮૭,૮૫, ૮૪,૭૭, ૭૬, પછી પીપળ જવાનો કાચો માર્ગ ક્રોસ કરી મહીપરીએજ પાણી પુરવઠા સંપ, દેવીપૂજકવાસ, ઘેલા નદીના કાંઠે કાળીયો– ઘોળીયો ઓટો, ભીમજીભાઈ વરમોરાનું પ્લોટીંગ , બાબરપરાના નૈઋત્ય ખૂણેથી વળી દક્ષિણ દિશાએ ખોજાના કબ્રસ્તાન પાસે થઈ ભકિતબાગના ખૂણેથી વળી પશ્ચિમ દિશાએ ઉગામેડી રોડે ગામમાં ચાલતાં જૂના રેલ્વે સ્ટેશન પાસે થઈ કિરણ ઓઈલ મીલ, સખપરા શોપીંગ, એમ.એમ. હાઈસ્કૂલ, ગઢડા–ઢસા રોડ ક્રોસ કરી પોલીસ લાઈન સરકારી દવાખાનાના નૈઋત્ય ખૂણેથી વળી લાતી પ્લોટ જૂના બસ સ્ટેશન પાછળનો ભાગ, વોકળીનો કાંઠે થઈ

INDEX

ગોરડકાના રસ્તે વ્રજ વિહાર સોસાયટી, સર્વે નં. ૬૨ ,૬૩,૬૪, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૧૯, ૧૧૭, ૧૧૬, ૧૧૪, ૧૧૩, ત્યારબાદ વોકળું ક્રોસ કરી બીડના વાયવ્ય ખૂણા સુધીનો અંદરના ભાગે સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર .

ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો–બોટાદ

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૨૨	૦	૦	૩૮૬	૧ થી ૭૧	નગરપાલિકા કચેરી, શેલપરા, પોલીસ સ્ટેશનની સામે,
	૨૩	૧૬	૦	૫૫૦	૧ થી ૮૩	શેલપરા, ખડનો વંડો,
	૨૪	૩૮	૦	૨૭૧	૧ થી ૫૬	રેવન્યુ કવાર્ટર્સ, જીનનાકા, તાલુકા પંચાયત કવાર્ટર્સ,
	૨૫	૨૪૯	૩	૭૪૯	૧ થી ૧૩૮	નૂતન કન્યા વિદ્યાલય, ચામઠીમાંની ડેરી,
	૨૬	૫	૦	૫૩૫	૧ થી ૧૦૮	નૂતન કન્યા વિદ્યાલય, એસ.ટી.ડેપો, સીપાઇસોસાયટી,
	૨૭	૩૪૪	૨૮	૪૪૧	૧ થી ૯૧	મહેશ્વરનગર, પાવર હાઉસ, ગામ ઉદ્યોગ મંદિર,
	૪૪	૧૬૨	૦	૫૦૧	૧ થી ૯૨	વાઢાળાચોક, હજામશેરી, કુંભારશેરી, તાલુકા શાળા નં.૧,અને ૨,
	૪૫	૧૨૮	૦	૩૬૪	૧ થી ૭૬	ખાટકીવાસ, કુંભારશેરી, રોહિતવાસ, વાલ્મિકીવાસ,

વોર્ડ નં.૪ ની હદનું વર્ણનઃ–

નગરપાલિકા કચેરીના વાયવ્ય ખૂણેથી શરૂ કરી સ્ટેશન રોડથી પૂર્વ તરફ ચાલતાં દેના બેંક, ગઢડા – ઢસા રોડ ક્રોસ કરી રેવન્યુ કવાર્ટર્સ, તાલુકા પંચાયત કચેરી તથા કવાર્ટર્સ, મોહનભાઈનું પુતળુ, પાવરહાઉસ, ગ્રામ ઉદ્યોગ મંદિરના ઈશાન ખૂણે વળી દક્ષિણ તરફ આવતા ખોજા કબ્રસ્તાન, મહેશ્વરનગર, સીપાહી સોસાયટીના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશાએ ઘેલા નદીના કાંઠે કાંઠે ડબલા વાળા, ઝૂંપડપટ્ટી, દાદાખાચર કોલેજ, નૂતન વિદ્યાલય, આમઢીમાની ડેરીનો પાછળનો ભાગ, જૂનું સ્મશાન, બોટાદ–ઢસા રોડ ક્રોસ કરી વાલ્મિકીવાસ, રોહિતવાસ, પ્રમુખસ્વામી માર્ગે, વાઢાળાચોક દરવાજા થઈ તાલુકા શાળા નં.૧ અને ૨, હજામશેરી, વાઢાળાચોકના ઈશાન ખૂણે વળી દક્ષિણ દિશા તરફ આવતા કુંભારશેરી, કુંભારશેરીના નાકે થઈ મઘરપાટમાં જતાં પશ્ચિમ દિશાએ અંબાજી મંદિરનો પાછળનો ભાગ થઈ શેલપરા, શ્રીજીનગરની સામેના ભાગે થઈ નગરપાલિકાના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ થતો તમામ ભાગ.

ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો–બોટાદ

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૦	૦	૦	૪૩૮	૧ થી ૯૦	રાવળશેરી, મઠ, વાઢાળાચોક, સંઘીચોક,
	૩૧	૦	૦	૩૭૭	૧ થી ૮૮	સાંકડીશેરી, લીમડાવાળો વંડો, ટાવર રોડ,
	૩૨	૦	૦	૫૩૬	૧ થી ૯૬	શ્રીજીનગર, ભીમજીભાઈ નો વંડો, સાંકડીશેરી,

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૩૩	૦	૦	૭૦૨	૧ થી ૧૩૬	મઘરપાટ, ખોજાખાના, ગઢીયાશેરી, હળદરીયાશેરી,
	૩૪	૦	૦	૩૫૫	૧ થી ૬૩	ગઢીયાશેરી, વાળાશેરી, કુંભારશેરી, વાઢાળાચોક,
	૩૫	૦	૦	૨૯૬	૧ થી ૪૩	જુનુ મંદિર, ટાવર, મોઘાશેરી, દરજીશેરી, જૂની કાપડબજાર,
	૪૨	૪૦૫	૦	૬૬૭	૧ થી ૧૪૬	દલિત–વણકરવાસ, દાતારની ધાર, ભડલીઝાંપા, મણીનાગેશ્વર
	૪૩	૦	૦	૩૫૨	૧ થી ૫૭	મોટી ડેલી, અક્ષર પુરુષોતમ મંદિર, જૂની શાકમાર્કેટ, મસ્જિદ, માણેકચોક,ઉપાશ્રયવાળી શેરી,

વોર્ડ નં.૫ ની હદનું વર્ણનઃ–

બોટાદના ઝાંપાના વાયવ્ય ખૂણેથી સ્ટેશન રોડ તરફ ચાલતાં ભીમજીભાઈ નો વંડો, શ્રીજીનગરના ઈશાન ખૂણેથી વળી દક્ષિણ દિશા તરફ આવતા મઘરપાટ, મઘરપાટ ચોકમાં થઈ લાઠીયાના ખાંચા પાસેથી કુંભારશેરીના નાકે થઈ ગઢીયાશેરી, વાળાશેરી થઈ કુંભારશેરીના અગ્નિ ખૂણે વળી પશ્ચિમદિશાએ ચાલતાં શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિની વાડીએ વળી વાઢાળાચોકમાં થઈ, સાંકડીશેરી, માણેકચોક, ઉપાશ્રયવાળી શેરી, જૂની શાકમાર્કેટ મસ્જિદ થઈ ઘેલા નદીના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશા તરફ ચાલતાં રમાઘાટ તળાવ તરફના પશ્ચિમ દિશાએ ચાલતાં અક્ષર પુરુષોત્તમ મંદિર, ગુરુકૂળ તથા તેના નૈઋત્ય ખૂણેથી વળી ઉત્તર તરફ ચાલતાં હરિપરનુ વોકળું ક્રોસ કરી દાતારની ધાર, દલિતવાસ, ભડલીઝાપેથી વળી ગામમાં આવતાં મણીનાગેશ્વર, મોટી ડેલી, જૂની કાપડ બજાર થઈ જૂના મંદિરના નૈઋત્ય ખૂણેથી વળી ઉત્તર તરફ ચાલતાં ચાલતાં દરજીવાળી શેરી, મોઘાશેરી ટાવર પાસે થઈ, ટાવર રોડે ચાલતાં ચાલતાં બોટાદના ઝાંપે વાયવ્ય ખૂણેની અંદરનો સમાવિષ્ટ ભાગ.

ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો–બોટાદ

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૧૧	૩૪	૦	૫૩૮	૧ થી ૯૮	કોઠીવાડી, હરીપરરોડ, શિવવાડી
	૩૬	૦	૦	૫૭૪	૧ થી ૧૦૬	ગોસળીયાશેરી, રામજીમંદિરની શેરી, અંબેભુવન વાળી શેરી, આહિરવાસ
	૩૭	૦	૦	૬૬૩	૧ થી ૧૦૫	આહિરવાસ, ભડલીઝાંપો, ભરવાડશેરી,
	૩૮	૦	૦	૪૪૦	૧ થી ૮૦	ત્રંબકલાલવાળી શેરી, બોટાદના ઝાંપો, દેવીપૂજકવાસ, નળ, સોનીની વાડી
	૩૯	૦	૦	૩૫૮	૧ થી ૬૫	વિછીયાપરા, ટાવરરોડ
	૪૦	૨૦૧	૦	૬૮૬	૧ થી ૧૨૧	ભરતનગર, મફતપ્લોટ, ભડલીઝાંપા, વાલ્મિકીવાસ
	૪૧	૭	૦	૬૬૪	૧ થી ૧૦૮	પાણીની ટાંકી, ભડલીઝાંપા

વોર્ડ નં.૬ ની હદનું વર્ણનઃ–

સર્વે નં ૬૪૩/૩ ના પૂર્વ દિશા તરફ ચાલતાં હરીપર રોડે ચાલતાં કોઠીવાડી, કોઠીવાડીના ઈશાન ખૂણે વળી દક્ષિણ દિશાએ આવતા હરીપર રોડે અગ્નિ ખૂણેથી વળી લક્ષ્મીવાડીની પાછળનો ભાગ, દક્ષિણ તરફ સોનીની વાડી, સોનીની વાડી થઈ ગામમાં આવતા નૈઋત્ય ખૂણેથી વળી નળમાં આવતા દેવીપૂજકવાસ, બોટાદના ઝાપે ઈશાન ખૂણેથી વળી દક્ષિણ દિશા તફર ત્રંબકલાલવાળો ખાંચો, વીછીયાપરા થઈ આહીરવાસ, જૂની કાપડ બજારના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ તરફ જતાં ભડલીના ઝાંપા, અંબે ભુવન વાળી શેરી,

આહીરવાસ, ભડલીઝાપેથી વળી દક્ષિણ દિશાએ પાણીની ટાંકી, બ્રાચ શાળા નં.૧, હરીપરનું વોકળું ક્રોસ કરી, ભરતનગર તથા માંડવધાર માર્ગ, શીતળા માંની દેરીના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશા તરફ ચાલતાં અક્ષરપુરૂષોત્તમનો બગીચો રમાઘાટ તળાવના કાંઠે સર્વે નં.૬૪૩/૩, ૪૦૨, ૪૦૧, ૪૦૦, ૩૮૬, ૩૮૫, ૩૮૪, ૩૮૩, ૩૮૨ ના નૈઋત્ય ખૂણાથી વળી ઉત્તર તરફ ચાલતાં માંડવધાર રોડ ક્રોસ કરી સર્વે નં.૩૮૦, ૩૬૯,૩૬૮, ૩૬૭/૪, ૩૬૭/૧, ૩૩૧, ૩૩૦ હરીપરનુ વોકળું ક્રોસ કરી સર્વે નં. ૬૪૩/૩ ના વાયવ્ય ખૂણે સુધીનો સમાવિષ્ટ તમામ ભાગ.

ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો–બોટાદ

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત					બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૪૬	૧	૦	૫૬૩	૧ થી ૧૦૨	નિલકંઠ મહાદેવ, ટેકરીયા હનુમાન, સીલીંગ સેન્ટર, પાણીની ટાંકી, મફતપ્લોટ,
	૪૭	૦	૦	૭૪૯	૧ થી ૧૨૫	વેચાણ પ્લોટ, પાણાખાણ, શીતળા માંની દેરી
	૪૮	૩૪૯	૪	૬૬૯	૧ થી ૧૧૩	ઢસા રોડ, વેચાણ પ્લોટ, આંબેડકરનગર, શીરવાણીયા
	૪૯	૦	૮	૬૭૯	૧ થી ૧૨૪	ઢસા રોડ,મોહનનગર મફતપ્લોટ,
	૫૦	૦	૦	૪૮૯	૧ થી ૯૨	માર્કેટીંગ યાર્ડ, સંઘના ગોડાઉન, પેટ્રોલ પંપ, મફતપ્લોટ, ચાર રસ્તા
	૫૧	૦	૦	૫૯૬	૧ થી ૧૦૨	મોહનનગર મફતપ્લોટ,
	૫૨	૦	૦	૪૫૪	૧ થી ૭૪	ગઢાળીરોડ, મોહનનગર મફતપ્લોટ,
	૫૩	૦	૦	૫૨૫	૧ થી ૧૦૮	મઘરીયો, રેફરલ હોસ્પિટલ, વિશ્વાસ ગૃપ સોસાયટી, યોગીનગર, કોર્ટ
	૫૪	૫૦	૮	૬૧૫	૧ થી ૧૧૬	અડતાળા રોડ, ઝીઝરીયાની વાડી, હુડકો સોસાયટી, ઈંટ્ટના ભઠ્ઠા,
	૫૫	૩૮	૦	૬૦૮	૧ થી ૧૧૩	રેફરલ કવાર્ટર્સ, હુડકો સોસાયટી, નગરપાલિકાના પ્લોટ, ઝૂંપડપટ્ટી, સ્મશાન, બ્રાંચ શાળા નં.૪

વોર્ડ નં.૭ ની હદનું વર્ણનઃ–

સર્વે નં. ૪૦૫ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ચાલતાં રમાઘાટ તળાવનો કાંઠો આંબેડકરનગર, ગુરુકુળનો બગીચો, વેચાણ પ્લોટ તથા ઘેલા નદીનો કાંઠે કાંઠે ચાલતાં શીતળા માંની દેરી, વડલો પાણા ખાણ પાસે થઈ ટેકરીયા હનુમાન, નીલકંઠ મહાદેવ મંદિર થઈ ગઢડા– બોટાદ રોડ ક્રોસ કરી સ્મશાન પાસે થઈ ઝૂંપડપટ્ટી, ઈટોના ભઠ્ઠા થઈ સર્વે નં ૬૨૮, ૬૨૯, ૬૩૭/૨ ઈશાન ખૂણેથી વળી દક્ષિણ દિશા તરફ આવતાં અડતાળા રોડ ક્રોસ કરી સર્વે નં. ૬૩૬, ૬૩૫, ૬૨૨ તરફ આવતા અડતાળાના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૬૧૨, ૬૧૧,૬૦૮, ૫૯૭,૫૯૬,૫૯૫,૫૯૧, ૫૮૫, ૫૮૪, ૫૮૨, બોડકી– લાખણકા માર્ગ ક્રોસ કરી સર્વે નં.૫૭૮, ૫૭૭, ૫૭૬ , ૫૭૫, ૫૭૪ ના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશાએ વનાળીના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૫૬૯, ૫૭૩, ૫૭૨, બોડકી – લાખણકા માર્ગ ક્રોસ કરી બોડકીના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૫૭૧, ૫૭૦,૫૬૭, ૫૪૬, ૫૬૨, ૫૬૫, ૫૪૦, ૫૩૯, ગઢડા – બોડકી રોડ ક્રોસ કરી સર્વે નં.૫૩૭, ૪૭૧, ૪૬૯, મોજે રણીયાળાના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૪૬૮, ૪૬૭, ૪૬૬, ૪૬૧, ૪૫૯, ૪૫૭, ગઢડા – રણીયાળા રોડ ક્રોસ કરી સર્વે નં.૪૫૭, ૪૫૫ ગઢડા – ઢસા રોડ ક્રોસ કરી સર્વે નં.૪૫૬, ૪૫૫, ૪૫૪, ૪૪૦, ૪૪૮, ૪૩૮, ૪૩૭, ૪૩૬ ના નૈઋત્ય ખૂણેથી વળી ઉત્તર દિશા તરફ જતાં મોજે માંડવધારના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૪૩૬, ૪૩૫,૪૩૪,૪૩૩, ૪૩૨ , ૪૩૧ , ૪૩૦ , ૪૨૯, ૪૨૭, ૪૨૬, સર્વે નં. ૬૫૫ પૈકી ૪ શીરવાણીયા તળાવ સર્વે નં.૪૦૬, ૪૦૫ ના નૈઋત્ય ખૂણે સુધીનો સમાવિષ્ટ તમામ ભાગ.

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

ગઢડા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૯૮૭૨	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૪૨૬૭	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૬૯૪ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૮૪૧
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૧૭	
સામાન્ય બેઠકો	૧૧	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૪૩૦૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૪૧૭૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૪૦૧૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૭૯૭	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૭૨૩	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૯૨૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૫૯૪૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૨૯૮૭૨				

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 294

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, SEPTEMBER 6, 2017/BHADRA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર,

૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૭.

આદેશ

ક્રમાંક : રાચઆ-ચટણ-જિતાપં-મતય-૩-પાર્ટ-II-૯૨૦૧૭-ક.- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૮ તથા કલમ-૨૦ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે. વિધાનસભાની તા. ૧-૧-૨૦૧૭ની લાયકાત તારીખની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિદ્ધ થયેલ છે. જેથી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી યોજતાં પહેલાં તેના ઉપરથી સંબંધિત સંસ્થાની મતદાર યાદી તૈયાર કરવાની રહે છે.

રાજ્ય સરકાર દ્વારા તા. ૩૦-૦૫-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : કેપી-૨૮-ઓફ-જીપીએ-૧૦૨૦૧૩-૮૯૩૧૦૪ (Part-1)-જી થી ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ ૨૦૧૫માં કલમ નં. ૧૦ થી ૨૫ માં તા. ૧૦-૦૪-૨૦૧૫ થી અમલમાં આવે તે રીતે કરેલ જોગવાઈ મુજબ આગામી એક વર્ષમાં સામાન્ય ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા/તાલુકા પંચાયતની પ્રસંગોપાત ખાલી બેઠકોની પેટા ચૂંટણી યોજવાની રહેતી નથી.

જિલ્લા/તાલુકા પંચાયતોમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણીમાં મતદારો મતદાનથી વંચિત રહી જવા પામે નહિ તે માટે જિલ્લા/તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ/મતદાર મંડળોમાં બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ **વિધાનસભાની તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં પ્રસિદ્ધ થયેલ તા. ૧-૧-૨૦૧૭ની લાયકાતની તારીખથી મતદારયાદી (પુરવણી સહિત) પરથી** ફોટાવાળી મતદારયાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવાની બાબત રાજય ચૂંટણી આયોગની વિચારણામાં હતી.

INDEX

વિચારણાને અંતે બંધારણના અનુચ્છેદ ૨૪૩-ઽ, ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને ગુજરાત પંચાયત ચૂંટણીના નિયમો-૧૯૯૪ થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ અધિકારની રૂઈએ જે જિલ્લા/તાલુકા પંચાયતોમાં જે મતદાર મંડળ/મતદાર મંડળોમાં પ્રસંગોપાત બેઠક ખાલી પડેલ હોય તે મતદાર મંડળ પૂરતી જ **વિધાનસભાની તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં પ્રસિદ્ધ થયેલી તા. ૧-૧-૨૦૧૭ની લાયકાતની તારીખની સ્થિતિએ ફોટાવાળી મતદારયાદી પ્રસિધ્ધ કરવા** માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે પ્રમાણેનો વિગતવાર કાર્યક્રમ આથી નક્કી કરે છે.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા. ૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત વિધાનસભાની ફોટાવાળી પુરવણી સહિત તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં પ્રસિદ્ધ થયેલ મતદાર યાદી પરથી જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની વિભાગવાર તા. ૧-૧-૨૦૧૭ના રોજ લાયકાત ધરાવતા મતદારોની મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવાની તારીખ	૦૮-૦૯-૨૦૧૭
૨.	નિયમ-૩(ક) તથા ૩(ખ) હેઠળ નમૂના નંબર ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	૧૧-૦૯-૨૦૧૭
૩.	રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૧૫-૦૯-૨૦૧૭
૪.	મતદાર મંડળોની વિભાગવાર તા. ૧-૧-૨૦૧૭ની સ્થિતિની પુરવણી મતદાર યાદી તૈયાર કરવાની તારીખ	૧૬-૦૯-૨૦૧૭
૫.	મતદાર મંડળોની ૨૦૧૭ની ફોટાવાળી મતદારયાદી ૨૦૧૭ની પુરવણી મતદારયાદી સહિત વિભાગવાર આખરી પ્રસિદ્ધિની તારીખ	૧૮-૦૯-૨૦૧૭

જિલ્લા/તાલુકા પંચાયતોમાં ખાલી પડેલ બેઠકોના મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૧૭ની સ્થિતિએ તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં પ્રસિદ્ધ થયેલ ફોટાવાળી મતદાર યાદીની નકલો મેળવીને આ મતદાર યાદીના મથાળા પર રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ નમૂના નંબર : ૨ (અ) મુજબ મથાળાં ટાઈપ કરી/તૈયાર કરી ચોંટાડવાનાં રહેશે અને મતદાર યાદીના છેલ્લા પાને મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓના હોદ્દા અને સહી સિક્કા લગાવી સહીઓ કરવાની રહેશે. વિધાનસભાની મતદાર યાદીમાં જરૂર પ્રમાણે પૃષ્ઠ નંબર, ભાગ નંબર, મતદાર વિભાગને લગતી છાપેલી બાબતો પણ કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાની રહેશે.

જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા. ૩-૫-૧૯૯૫ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકશે. નામ સુધારો કરી શકશે અને નામો કમી કરી શકશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 295

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, SEPTEMBER 6, 2017/BHADRA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A andI-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૭

વિષય : તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં મુદત પૂરી થતી ગ્રામ પંચાયતો અને વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ ગ્રામ પંચાયતોની સને-૨૦૧૧ ની વસ્તી ગણતરીના આંકડાના આધારે થયેલ વોર્ડ સીમાંકન મુજબ તથા મધ્યસત્ર ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોની તા.૧-૧-૨૦૧૭ ની સ્થિતિની મતદારયાદી તૈયાર કરવા બાબત.

આદેશ :—

૧. ક્રમાંક: રાચઆ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૨(૬)-૮૨૦૧૭-ક.— ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૧૭, ૧૮ તથા ૨૦(૧) અન્વયે ગુજરાત રાજયની ગ્રામ પંચાયતોની વોર્ડવાર તૈયાર કરેલ મતદાર યાદીઓ રાખવા તથા તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કલમ ૨૦ (૨) તથા ૨૦ (૭) અન્વયેની કામગીરી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ રાજય ચૂંટણી આયોગની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

૨. (અ) તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં મુદત પૂરી થતી ગ્રામ પંચાયતોની ૫૦ ટકા મહિલા અનામતની જોગવાઈની અમલવારી સાથે સને-૨૦૧૧ ની વસતિ ગણતરીનાં આંકડાના આધારે થયેલ વોર્ડ સીમાંકન મુજબ

INDEX

વિધાનસભાની તા.૧-૧-૨૦૧૭ ની લાયકાતની તારીખની આખરી (પુરવણી સહિત) પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓ પરથી મતદારયાદી તૈયાર કરવાની રહેશે.

(બ) ગ્રામ પંચાયતોના વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ ગ્રામ પંચાયતો માટે મતદારયાદી તૈયાર કરવાના અધિકાર આયોગના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-ગ્રા.પં.-વિભાજન-મતદારયાદી-સ્થા.સ્વ.-૧૦૪-૯૨૦૦૮-ક, તા.૪-૧૦-૨૦૦૮ થી કલેક્ટરશ્રીઓને સુપ્રત કરેલ છે તેવી ગ્રામ પંચાયતોની પણ સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીનાં આંકડાના આધારે થયેલ વોર્ડ સીમાંકન મુજબ મતદારયાદીઓ તૈયાર કરવાની રહેશે.

(ક) મધ્યસત્ર ગ્રામ પંચાયતોના કિસ્સામાં હાલમાં અમલમાં હોય તે સીમાંકન મુજબ વિધાનસભાની તા.૧-૧-૨૦૧૭ ની લાયકાતની તારીખની આખરી પ્રસિદ્ધ (પુરવણી સહિત) થયેલ મતદારયાદીઓ પરથી મતદારયાદી તૈયાર કરવાની રહેશે.

રાજયની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવા માટે રાજય ચૂંટણી આયોગે ટી.સી.એસ. લિ. ને એજન્સી તરીકે નક્કી કરેલ છે. આ એજન્સીને ફોટાવાળી મતદારયાદી માટે વોર્ડવાર નમૂનો-૧ અને નમૂનો-૨ ઉપલબ્ધ કરાવી ટી.સી.એસ. એ તૈયાર કરેલ મતદારયાદીની ચકાસણી કરી તેઓની પાસેથી હાર્ડકોપી/સોફ્ટકોપી મેળવી મતદારયાદી પ્રસિદ્ધ કરવા કાર્યવાહી કરવાની રહેશે.

૩. વિધાનસભાની તા. ૧-૧-૨૦૧૭ ની સ્થિતિની આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પરથી વોર્ડવાર ફોટાવાળી મતદારયાદીઓ તૈયાર કરી, પ્રસિદ્ધ કરવી જરૂરી હોઈ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૨૦(૨) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ નિયમ-૩ થી મળેલ સત્તાની રૂઈએ રાજય ચૂંટણી આયોગ રાજયની ઉક્ત ફકરા નં.૨ માં દર્શાવેલ ગ્રામ પંચાયતોની સને-૨૦૧૭ ની સ્થિતિની વોર્ડવાર મૂળ મતદારયાદીઓ નિર્દિષ્ટ સત્તાધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરી તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા માટે નીચે પ્રમાણે કાર્યક્રમ નક્કી કરે છે.

ગ્રામ પંચાયતોની સને ૨૦૧૭ ની ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવાનો કાર્યક્રમ

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા.૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ (પુરવણી સહિત) વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ ઉપરથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા	૨૫-૦૯-૨૦૧૭
૨.	વોર્ડવાર ફોટાવાળી મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ	૨૬-૦૯-૨૦૧૭
૩.	નિયમ-૩(ક) તથા ૩(ખ) અન્વયે દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ	૨૯-૦૯-૨૦૧૭
૪.	રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૬-૧૦-૨૦૧૭
૫.	વોર્ડવાર પુરવણી ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવાની તારીખ	૭-૧૦--૨૦૧૭
૬.	વોર્ડવાર પુરવણી સહિત ફોટાવાળી મતદારયાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ	૯-૧૦-૨૦૧૭

૪. ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ ઉપરથી ચૂંટણી સમયે જરૂરિયાત મુજબ ઝેરોક્ષ નકલો કરાવી ગ્રામ પંચાયતોની ચૂંટણી સમયે ઉપયોગમાં લેવાનું રાજય ચૂંટણી આયોગ નક્કી કરે છે.

૫. ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવામાં આવે તેની ૧૦૦ ટકા ચકાસણી કરાવવા નીચે મુજબનું ધોરણ રાજય ચૂંટણી આયોગ નક્કી કરે છે.

અ.નં.	અધિકારી/કર્મચારીનો હોદ્દો	ગ્રામ પંચાયતની વોર્ડવાર મતદારયાદીમાં દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની ટકાવારી
૧	૨	૩
૧.	મામલતદાર	૧૦ %
૨.	તાલુકા વિકાસ અધિકારી	૧૦ %
૩.	નાયબ મામલતદાર/નાયબ તાલુકા વિકાસ અધિકારી/ નાયબ ચીટનીશ અને તેની સમકક્ષ	૨૦ %
૪.	સર્કલ ઈન્સ્પેકટર/સીનીયર ક્લાર્ક કક્ષાના કલેકટર કચેરી/જિલ્લા/તાલુકા પંચાયતના તાબાના કર્મચારીઓ	૩૦ %
૫.	કારકુન કક્ષાના કલેકટર કચેરી/જિલ્લા/તાલુકા પંચાયતના તાબાના કર્મચારીઓ.	૩૦ %

ઉપર મુજબ વોર્ડવાર મતદારયાદીની નોંધોની ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા ચૂંટણી અધિકારીઓએ કરાવવાનું નક્કી કરે છે. આ ચકાસણી માટે અધિકારીઓ/કર્મચારીઓને ગ્રામ પંચાયતોની ફાળવણી જિલ્લા ચૂંટણી અધિકારીએ અત્રેની જાણ હેઠળ કરવાની રહેશે. આ માટે મહેસૂલ ખાતાના નાયબ મામલતદારો, સર્કલ ઈન્સ્પેકટર તથા નાયબ તાલુકા વિકાસ અધિકારી, નાયબ ચીટનીશ, તાલુકા પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર કે તેની ઉપરની કક્ષાના સમકક્ષ કર્મચારીઓ, કલેકટરશ્રીના તાબાના/પંચાયત હસ્તકના કર્મચારીઓ/અધિકારીઓને ગ્રામ પંચાયતોની ફાળવણી કરી મતદારયાદીની ચકાસણી કરવાની રહેશે. તલાટી-કમ-મંત્રીએ તૈયાર કરેલી મતદારયાદીની ગ્રામ પંચાયતોની નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ તાલુકા કક્ષાના **ઉપર જણાવેલા અધિકારીઓ/કર્મચારીઓ વચ્ચે વહેંચણી કરવાની રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મતદાર યાદીની નોંધોની ચકાસણી માટે મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને તાલુકાની ગ્રામ પંચાયતોની વહેંચણી કરવાની રહેશે. આ મુજબ ચકાસણીની વિગતો સંબંધકર્તા અધિકારીઓ પાસેથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મેળવવાની રહેશે જેની રાજય ચૂંટણી આયોગને જાણ કરવાની રહેશે.**

૬. **તા. ૧-૧-૨૦૧૭ ની લાયકાતની તારીખની મતદારયાદી તૈયાર કરતી વખતે નીચેની સૂચનાઓ ખાસ ધ્યાનમાં રાખવાની રહેશે.**

તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં મુદત પૂરી થતી ગ્રામ પંચાયતોમાં ૫૦ ટકા મહિલા અનામતની અમલવારી સાથે સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડાના આધારે આખરી થયેલ વોર્ડ રચના અને સીમાંકન મુજબ તેમજ મધ્યસત્ર અમલમાં હોય તે વોર્ડ સીમાંકન મુજબ તા.૧-૧-૨૦૧૭ ની લાયકાતની તારીખે આખરી પ્રસિધ્ધ થયેલ (પુરવણી સહિત) વિધાનસભાની ભાગવાર મતદારયાદીના આધારે સ્થાનિકે જે તે ગામના તલાટી-કમ-મંત્રી નમૂનો-૧ અને નમૂનો-૨ કાળજીપૂર્વક તૈયાર કરે તે જરૂરી છે. આ માટે મતદાર નોંધણી અધિકારી તલાટી-કમ-મંત્રીને અને મતદારયાદી ચકાસતા સ્ટાફને જરૂરી તાલીમ આપે અને નમૂનો-૧ અને નમૂનો-૨ ક્ષતિરહિત તૈયાર થયેલ છે કે કેમ તેની મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મતદારયાદીની નોંધોની ચકાસણી કરતા સ્ટાફે પૂરતી તકેદારી રાખીને ખરાઈ કરવાની રહેશે. જેથી કોઈ એક વોર્ડના મતદારો અન્ય વોર્ડની મતદારયાદીમાં ખોટી રીતે જતા રહેવાથી ઉદ્‌ભવતી મતદારોની/ઉમેદવારોની ફરીયાદો અને લીટીગેશન ટાળી શકાય.

વસ્તી ગણતરી આધારિત વોર્ડ રચના અને સીમાંકન અમલી હોવા છતાં જે મતદારોએ પોતાનું સામાન્ય રહેઠાણ બદલ્યું હોય તેવા Transposition ના કિસ્સા સિવાય, સામાન્યતઃ એક વોર્ડના મતદાર અન્ય વોર્ડની મતદારયાદીમાં નોંધાયા નથી તે બાબતે મતદારયાદી તૈયાર કરવાની કામગીરીમાં રોકાયેલ તમામ

સ્તરના અધિકારી/કર્મચારીઓએ પુરતી તકેદારી રાખીને નમૂના-૧ અને નમૂના-૨ ની ચકાસણી કરવાની રહેશે અને મતદારયાદીની નોંધોની ચકાસણી ઠરાવેલા ધોરણે કરીને તેનું દસ્તાવેજીકરણ કરવાનું રહેશે. જેથી મતદારયાદીઓ ક્ષતિરહિત બને.

૭. જે ગ્રામ પંચાયતની મતદારયાદી તૈયાર કરી, પ્રસિધ્ધ કરવામાં આવે તે ગ્રામ પંચાયત માટે નીચે મુજબ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

પ્રમાણપત્ર

.....તાલુકાની..... ગ્રામ પંચાયતના વોર્ડ નં. ..... થી ..... માટે છેલ્લે થયેલ વોર્ડ રચના અને સીમાંકન મુજબ અને તા.૧-૧-૨૦૧૭ ની લાયકાતની તારીખ સંદર્ભે વિધાનસભાની છેલ્લે પ્રસિધ્ધ થયેલ મતદારયાદી પરથી વોર્ડવાર મતદારયાદી તૈયાર કરવામાં આવેલ છે અને આ મતદારયાદીમાં જે તે વોર્ડની વોર્ડ રચના મુજબના જ મતદારોનો સમાવેશ થયેલ છે, તેની નિયત ધોરણે ચકાસણી કરી/કરાવી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને મતદારયાદી ક્ષતિરહિત છે.

સ્થળ : ..... ગ્રામ પંચાયત
તારીખ : મતદાર નોંધણી અધિકારી અને
મામલતદાર.....

૮. ગ્રામ પંચાયતોની વોર્ડવાર આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદીમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦(૬) તથા રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા.૩-૫-૯૫ મુજબ ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો રજૂ કરવાની નક્કી કરેલ છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારી શકાશે અને નામો કમી કરી શકાશે.

આદેશથી,

મહેશ જોષી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 296

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 7, 2017/BHADRA 16, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર. ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭.

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–આંકલાવ–યુનિટ–૭–૦૯૨૦૧૭

આંકલાવ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૮૩–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ.**, **તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **આંકલાવ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **આંકલાવ** નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને

INDEX

કાઉન્સિલરોની **કુલ–૨૪** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

(૧) બગસરા નગરપાલિકા નીચે જણાવેલ વોર્ડોની સામાન્ય ચુંટણી તા.૧૨/૦૯/૨૦૧૭ના રોજ યોજાયેલ તેની મત ગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલિકા (ની ચુંટણી કરવા) બાબતનાં નિયમો ૧૯૯૪ના નિયમ–૬૧ અન્વયે નમુના નં.–૨૧ મુજબ તૈયાર કરી નિયમ – ૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર ૪ માં જણાવેલ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચુંટણી કરવા) બાબતનાં નિયમો ૧૯૯૪ના નિયમ ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ ૬૮ અન્વયે બગસરા નગરપાલિકાના ચુંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરી તેઓનાં નામો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અ.નું	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચુંટાયેલા ઉમેદવારનું નામ		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૨	અનુસૂચિત જાતિ	જીતેન્દ્રભાઈ મનજીભાઈ બોરીચા	અમરપરા, બગસરા	ભારતીય જનતા પક્ષ
૨	૩	સામાન્ય	દિલીપભાઈ ભીખુભાઈ વાળા	ગોકળપરા, બગસરા	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી
બગસરા નગરપાલિકા પેટા ચુંટણી–૨૦૧૭
અને પ્રાંત અધિકારી–ધારી

સ્થળ : બગસરા
તારીખ :૧૨/૦૯/૨૦૧૭

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 312

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 12, 2017/BHADRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ઓખા નગરપાલીકાની પેટા ચૂંટણી–૨૦૧૭

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ–૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત

(૧) ઓખા નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા.૧૦–૦૯–૨૦૧૭ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો–૧૯૯૪ ના નિયમ–૬૧ અન્વયે નમૂના નં.૨૧ મુજબ તૈયાર કરી નિયમ–૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર ૪ માં જણાવેલ ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતનાં નિયમો ૧૯૯૪નાં નિયમ ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ ૬૮ અન્વયે ઓખા નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલરો તરીકે જાહેર કરી તેઓના નામો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામુ	
૧	૨	૩	૪	૫	૬
૧	૮	સામાન્ય	માલાભા પુનાભા માણેક	૮૬–જુનુ ગામતળ રામ મંદિર સેરી, સુરજકરાડી–૨,	ભારતીય જનતા પાર્ટી

સ્થળ : દ્વારકા
તારીખ : ૧૨/૦૯/૨૦૧૭

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
ઓખા નગરપાલિકા અને
પ્રાંત અધિકારી, દ્વારકા

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 313

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 12, 2017/BHADRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ભુજ નગર પાલિકાની પેટા ચૂંટણી – ૨૦૧૭

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગર પાલિકા (ની ચૂંટણી કરવા) બાબતનાં નિયમો ૧૯૯૪ નાં નિયમ–૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત

ક્રમાંક : વહટ/ચટણ/ભુજ/ન.પા./વોર્ડ ન.૨/૨૦૧૭

(૧) ભુજ નગર પાલિકાના નીચે જણાવેલ વોર્ડોની પેટા ચૂંટણી તા.૧૦/૦૯/૨૦૧૭ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ–૬૧ અન્વયે નમુના નં.૨૧ મુજબ તૈયાર કરી નિયમ ૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નં.૪ માં જણાવેલ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને નિયમ ૬૮ અન્વયે ભુજ નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલરો તરીકે જાહેર કરી તેઓનાં નામો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	સામાન્ય	કાસમ સુલેમાન કુંભાર	પ્લોટ ન.૧૧૭–૧૧૯, મહેંદી કોલોની સુરલભીડ રોડ, ભુજ	ભારતીય જનતા પાર્ટી

(સહી), અવાચ્ય,
ચૂંટણી અધિકારી
ભુજ નગરપાલિકા (વોર્ડ નં. ૨)
અને, પ્રાંત અધિકારી, ભુજ

સ્થળ:મામલતદાર કચેરી, ભુજ–કચ્છ
તારીખ: ૧૨/૦૯/૨૦૧૭

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 314 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 12, 2017/BHADRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

આણંદ નગરપાલિકાની પેટા ચૂંટણી–૨૦૧૭

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ–૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત

ક્રમાંક : આણંદ / ન.પા./પેટા ચૂંટણી/વશી

(૧) આણંદ નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડોની પેટા ચૂંટણી તા.૧૦–૦૯–૨૦૧૭ નાં રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો–૧૯૯૪ ના નિયમ–૬૧ અન્વયે નમૂના નં.૨૧ મુજબ તૈયાર કરી નિયમ–૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર ૪ માં જણાવેલ ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતનાં નિયમો ૧૯૯૪નાં નિયમ ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ ૬૮ અન્વયે આણંદ નગરપાલિકાનાં ચૂંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરી તેઓનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામુ	
૧	૨	૩	૪	૫	૬
૧	૮	સામાન્ય સ્ત્રી	મીનાબેન અલ્પેશભાઈ પ્રજાપતિ (દલવાડી)	ઠે. ૯, તુલસી પાર્ક સોસાયટી, પંચાલ હોલ સામે, વિદ્યાનગર રોડ, મુ.તા.જી. આણંદ	ભા.જ.પા.

તારીખ : ૧૨/૦૯/૨૦૧૭

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
આણંદ નગરપાલિકા અને
પ્રાંત અધિકારી, આણંદ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 315

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, SEPTEMBER 12, 2017/BHADRA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

જેતપુર નવાગઢ નગરપાલિકા પેટા ચુંટણી : ૨૦૧૭

ચૂંટણી અધિકારી ધ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ–૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત.

ક્રમાંક :

(૧) જેતપુર નવાગઢ નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા.૧૦/૦૯/૨૦૧૭ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ – ૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ –૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર : ૪ માં જણાવેલ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ – ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને નિયમ ૬૮ અન્વયે જેતપુર નવાગઢ નગરપાલિકામાં ચૂંટાયેલા કાઉન્સીલો તરીકે જાહેર કરી તેઓના નામો પ્રસીધ્ધ કરવામાં આવે છે.

અં. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૩	સામાન્ય	શ્રી વનરાજભાઈ ભીખુભાઈ ગીડા	ભાદરના સામાકાંઠે, વાસુકી ધામ, જેતપુર	ભારતીય જનતા પાર્ટી

સ્થળ : જેતપુર
તારીખ : ૧૨/૦૯/૨૦૧૭

ડી.એ.ઝાલા,
ચૂંટણી અધિકારી,
જેતપુર નવાગઢ નગરપાલિકા પેટા ચૂંટણી
અને પ્રાંત અધિકારી– ગોંડલ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 316

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 14, 2017/BHADRA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨–૦૯–૨૦૧૭

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–સંતરામપુર–યુનિટ–૨–૦૯૨૦૧૭

સંતરામપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

INDEX

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૮૫–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **સંતરામપુર** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **સંતરામપુર** નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ–૨૪** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૨૧૭૭૨** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૩૬૨૯ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ

જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૧** બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૧** બેઠક પૈકી **કોઈપણ** બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૪	૩૭૫૮	૫૪૩	૧૪.૪૫
૨	૧	૩૪૪૦	૩૮૫	૧૧.૧૯
૩	૬	૩૮૧૫	૧૩૭	૩.૫૯
૪	૩	૩૫૭૬	૬૭	૧.૮૭
૫	૫	૩૮૯૧	૨૬	૦.૬૭
૬	૨	૩૨૯૨	૧૦	૦.૩૦
	કુલ	૨૧૭૭૨	૧૧૬૮	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૪ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક નિર્ધારીત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૪ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૪	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૬ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૬ બેઠકો પૈકી ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧	૩૪૪૦	૧૭૩૦	૫૦.૨૯
૨	૩	૩૫૭૬	૧૩૬૪	૩૮.૧૪
૩	૫	૩૮૯૧	૧૩૦૩	૩૩.૪૯
૪	૬	૩૮૧૫	૧૨૨૫	૩૨.૧૧
૫	૨	૩૨૯૨	૧૮૮	૫.૭૧
૬	૪	૩૭૫૮	૪૧	૧.૦૯
	કુલ	૨૧૭૭૨	૫૮૫૧	--

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં.૧, ૩, ૫, ૬, ૨ અને ૪ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે

ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૩, ૬ અને ૪ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર **નં.૧, ૩, ૫, ૬, ૨ અને ૪** માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત અદિજાતિ
૨	૩	અનુસૂચિત અદિજાતિ સ્ત્રી
૩	૫	અનુસૂચિત અદિજાતિ
૪	૬	અનુસૂચિત અદિજાતિ સ્ત્રી
૫	૨	અનુસૂચિત અદિજાતિ
૬	૪	અનુસૂચિત અદિજાતિ સ્ત્રી

૧૭. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સંતરામપુર નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૪	૩૭૫૮	૨૭૪૫	૭૩.૦૪
૨	૨	૩૨૯૨	૧૮૧૫	૫૫.૧૩
૩	૩	૩૫૭૬	૧૮૫૨	૫૧.૭૯
૪	૬	૩૮૧૫	૧૮૬૨	૪૮.૮૧
૫	૫	૩૮૯૧	૧૮૩૧	૪૭.૦૬
૬	૧	૩૪૪૦	૯૫૦	૨૭.૬૨
	કુલ	૨૧૭૭૨	૧૧૦૫૫	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ **નં.૪ અને ૨** માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ **નં.૪** માં પછાતવર્ગની અને વોર્ડ **નં.૨** માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ **નં.૪** માં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિ સ્ત્રી બેઠક ફાળવેલ હોઈ ખાસ ક્રમાંક–૧ વોર્ડ નં.૪ માં પછાતવર્ગની બેઠક ચોથી હરોળમાં ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર.	બેઠક
૧	૪	પછાતવર્ગ
૨	૨	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **સંતરામપુર** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **સંતરામપુર** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૨૧૧	૧૩	૬૧૭	૧ થી ૧૩૮	બારીકોટારોડ દલિતવાસ, દલિતવાસ બહાર, માર્કેટયાર્ડ પીઠાની બાજુમાં, બાદમંદિર પાછળ, બારીકોટા રોડ
	૮	૦૦	૫૧૪	૫૧૬	૬૬૨ થી ૭૪૬/૧	ચીબોટા નદી પાસે, હડમત ફળિયા
	૧૮૭	૩૩	૨૧૮	૪૨૦	૪૮૭ થી ૫૯૨	સંત, સંત ઢાળ પાસે, લુણાવાડા રોડ, પોલીસ લાઈન
	૧૮૮	૪૮	૩૩૪	૬૪૪	૫૯૮ થી ૭૦૬	સંત દલિતવાસ, ભૈરવમંદિર સામે, લુણાવાડા રોડ, પુરાતન ઓફિસ પાસે
	૧૮૯	૪૫	૩૧૯	૬૦૯	૭૦૭ થી ૮૧૯	પુરાતન ઓફિસ સામે, સંત ટેકરી, જૂનાતલાવ
	૧૯૦	૪૮	૩૩૨	૬૩૪	૮૨૦ થી ૯૧૧	જૂનાતલાવ, ભીડા તલાવડી
		૩૮૫	૧૭૩૦	૩૪૪૦		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૧ માં આવેલ રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણા અને ઘાંટાવાડા અને કુરેટા ગામના સીમાડા જયાં મળે છે ત્યાંથી શરૂ કરી પૂર્વ તરફ જતાં રે.સ.નં.૫૮ની ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણે રે.સ.નં.૩૬ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી પૂર્વે બારીકોટાના સીમાડાની પશ્ચિમથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૫ ના પૂર્વ તથા બારીકોટા સીમાડાના પશ્ચિમ તરફના સીમાડાએ દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭૦ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૮ તથા ૧૦૨ના ઉત્તરના તથા બારીકોટાના સીમાડાની દક્ષિણ તરફની હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૨૫ની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં ચીબોટા નદી પાર કરી રે.સ.નં.૩૫૨ની ઉત્તર દિશાની હદે પૂર્વ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૩૫૨ની પૂર્વ હદે દક્ષિણ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૪ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૧ના નૈઋત્ય તથા રે.સ.નં.૩૧૪ના અગ્નિ ખૂણાથી આગળ જતાં નદી પાર કરી રે.સ.નં.૩૨૩ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં નદીના કિનારે કિનારે આગળ જતાં રે.સ.નં.૨૯ના પૂર્વ તરફની હદેથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૫૦ના દક્ષિણ હદે તથા ચીબોટા નદીના કિનારે–કિનારે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં. ૫૫ તથા ૩૨ના પૂર્વની હદે ચીબોટા નદીનાં પશ્ચિમના કિનારે–કિનારે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૪૮ના અગ્નિ ખૂણાથી દક્ષિણ બાજૂની હદે આગળ પશ્ચિમ તરફ ટીંબરવાના સીમાડાની ઉત્તર તરફની હદે આગળ જતાં રે.સ.નં.૬૬ની નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ ટીંબરવાના સીમાડાની પશ્ચિમ તરફની હદે આગળ વધતાં ડુંગરાની હદે હદે ટીંબરવાના સીમાડાની વાયવ્ય તરફના ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં લુણાવાડા રોડને ઓળંગી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૬૦ના વાયવ્ય ખૂણા જયાં ડાહયાપુરની ઉત્તરની હદ તથા ઘાંટાવાડા ગામની દક્ષિણ હદના સીમાડા મળે છે ત્યાંથી

પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૬૧ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૨	૦૦	૧૭	૪૨૯	૧૩૯ થી ૨૩૫	બારીકોટારોડ, અંબાજી મંદિર પાછળ, અંબાજી મંદિર પાસે, ભાટીયા ટેકરી, અંબાજીમંદિર સામે
	૩	૦૧	૨૧	૨૮૪	૨૩૬ થી ૩૧૪/૧	સંચાફળી, ટાવરરોડ, સેવાફરાસખાનાવાળી લાઈન
	૪	૦૦	૫૭	૩૨૦	૩૧૫ થી ૩૯૭	અંબાજી મંદિર રોડ, યુનીયન ફળી, મહાદેવ ફળી
	૫	૦૯	૪૪	૨૪૮	૩૯૮ થી ૪૬૬/૧	મહાદેવફળી, ઢાલાબજાર, બ્રાહમણવાડા, બાવાકૂવાફળી, રામજીમંદિર
	૬	૦૦	૦૦	૩૫૬	૪૬૭ થી ૫૬૮/૧	મેઈનરોડ, ટાવરરોડ, બાવાકૂવાફળી, દરજીગલી
	૭	૦૦	૦૫	૧૯૬	૫૬૯ થી ૬૬૧/બ	ઢાલાબજાર, મુખ્યબજાર, ટાવરરોડ, માર્કેટયાર્ડ વિસ્તાર
	૯	૦૦	૦૦	૩૪૫	૧ થી ૮૨	ઢાલાબજાર, ડબગરવાસ, રાણાવાસ
	૧૦	૦૦	૩૮	૩૮૧	૮૩ થી ૧૮૧/૧	રાણાવાસ, મુખ્યબજાર નીચવાસ–ઉપરવાસ
	૧૧	૦૦	૦૦	૩૮૫	૧ થી ૨ ૩ થી ૪/૨ ૧૮૨ થી ૩૭૨/૧ ૩૫૧ થી ૩૭૨/૧	નવાબજાર, અંબિકાલોજ પાછળ, અંબિકાલોજ પાછળ સામેની લાઈન
	૧૩	૦૦	૦૬	૧૪૨	૩૭૩ થી ૪૩૩/૧	નવાબજાર, મુખ્યબજાર, મહાદેવવાળો ખાંચો, પ્લોટબજાર
	૧૫	૦૦	૦૦	૨૦૬	૫૦૪ થી ૫૯૪	પ્લોટબજાર, મહાદેવફળી, મુખ્યબજાર, મીલવાળી લાઈન, સુકીનદીવાળી લાઈન
		૧૦	૧૮૮	૩૨૯૨		

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ માં આવેલ રિલાયન્સ પેટ્રોલપંપના વાયવ્ય ખૂણાથી શરુ કરી ઉત્તર તરફ ચીબોટા નદીના પશ્ચિમ તરફના કિનારે–કિનારે આગળ જતાં રે.સ.નં.૨૫ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૪ ની વચ્ચેથી પશ્ચિમ દિશાની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૪૦ની પશ્ચિમ હદે રે.સ.નં.૧૪૮ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ચીબોટા નદીના પશ્ચિમ કિનારે કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૮૮ની ઉત્તર તરફની હદે તથા ચીબોટા નદીના પશ્ચિમ

કિનારેથી આગળ પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં. ૨૭૯ના વાયવ્ય ખૂણાથી પૂર્વ દિશામાં આગળ જતાં જૂના સ્મશાનના ઈશાન ખૂણાથી વડીયાના સીમાડાની પશ્ચિમની હદે દક્ષિણ તરફ આગળ જતાં સુકી નદીના પશ્ચિમ કિનારે–કિનારે આગળ દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૧૭૫ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ સુકીનદીના કિનારે–કિનારે આગળ જતાં રે.સ.નં.૧૮૮ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ કિનારે–કિનારે આગળ જતાં રે.સ.નં.૧૮૫ના નૈઋત્ય ખૂણેથી સુકીનદીના કિનારે–કિનારે દક્ષિણ તરફ આગળ જતાં સુકીનદીના પશ્ચિમ તરફના છેડાથી આગળ જતાં ગામતળ પ્લોટના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ સુકી નદીના કિનારે કિનારે આગળ જતાં અંબિકા લોજની પાછળ પશ્ચિમ દિશામાં આવેલ સબ્બીરભાઈના મકાન થઈ નવા બજારમાં પશ્ચિમ દિશામાં આવેલ સલામભાઈ પટેલના મકાનથી ઉત્તર તરફ આગળ જતાં ભેરૂભાઈની હોટલથી મુખ્ય બજાર રસ્તો ઓળંગી નરેન્દ્રભાઈ ગડીયાના મકાનથી દક્ષિણ દિશામાં દિનદયાલ શોપીંગ સેન્ટર થઈ જૈન મંદિર થઈ પોલીસ સ્ટેશન થઈ ટાવર પાર કરી મામલતદાર ઓફિસ થઈ જજ સાહેબના મકાનથી આગળ જતાં રીલાયન્સ પેટ્રોલ પંપની દક્ષિણ હદે આગળ પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૫ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૨	૦૦	૩૪	૭૪૪	૨૩૫ થી ૩૫૦/સી	શિકારી પીઠું, બરફ ફેકટરી પાછળ, બરફ ફેકટરીવાળી લાઈન, શિકારીકૂવાવાળી લાઈન, શિકારી ઘંટીવાળી લાઈન, શિકારીપીઠું ગોડાઉન પાછળ
	૧૪	૦૦	૨૨	૪૨૩	૪૩૪ થી ૫૦૩/૧	માળીવાડ, માળીવાડ વાડી પાસે
	૧૬	૦૦	૩૩૯	૪૯૬	૫૯૫ થી ૬૮૭/૨ ૮૧૦ થી ૮૨૬	સુકીનદી પ્રતાપપુરા, ઝાલોદરોડ (જ.બા.), પ્રતાપપુરા પરબ પાછળ, શિતળા માતા મંદિરરોડ, ખુંટડીયા
	૧૭	૪૩	૪૫૯	૬૫૯	૬૮૮ થી ૮૦૯	પ્રતાપપુરા નવી વસાહત, સાંગાવાડા રોડ, પ્રતાપપુરા
	૩૦	૦૮	૩૦૮	૬૪૭	૧૬૧ થી ૨૪૪	ગોધરાભાગોળ ઓકટ્રોયનાકા સામેની લાઈન, ઢોરમાર્કેટ સામે, સત્યપ્રકાશ સોસાયટી
	૩૧	૧૬	૨૦૨	૬૦૭	૨૪૫ થી ૩૪૩	એલ.આઈ.સી.સામેની સોસાયટી, અમરદીપ સોસાયટી, મોહંમદી સોસાયટી
		૬૭	૧૩૬૪	૩૫૭૬		

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૩મા આવેલ રે.સ.નં.૩૫૦ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફની હદેથી શરુ કરી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૧૯૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૦ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ માલણપુરના સીમાડાની પશ્ચિમ હદે આગળ જતાં રે.સ.નં.૨૦૭ના પૂર્વના ખૂણાથી પશ્ચિમ તરફ ગરાડીયા રસ્તાને ઓળંગી પશ્ચિમની હદે દક્ષિણ તરફ આગળ જતાં

રે.સ.નં.૨૧૩ની પૂર્વ તથા ગરાડીયાના સીમાડાની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૧ના અગ્નિ ખૂણાથી ઝાલોદ રોડ ઓળંગી રે.સ.નં.૨૨૧ની પૂર્વની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૫ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૬ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ સુકીનદીના પૂર્વ કિનારે આગળ જતાં સુકી નદી ઓળંગી રે.સ.નં.૩૬૫ ના દક્ષિણ તરફના સીમાડે નરસીગપુરની ઉત્તર દિશાના સીમાડે–સીમાડે દક્ષિણ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૩ના પૂર્વ સીમાડેથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭૧ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશામાં આગળ રે.સ.નં.૫૮, ૫૩, ૨૫, ૨૪ તથા ૨૩ ના પશ્ચિમની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૫૭ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૬૦ની પૂર્વની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૭૫ના વાયવ્ય ખૂણાથી સુકીનદી પુલ ઓળંગી સુકીનદીના પૂર્વ કિનારેથી અને હનુમાનજી મંદિરના પશ્ચિમ બાજુએથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૦ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૫ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૯૩ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ થઈ સુકી નદીના પશ્ચિમ કિનારે–કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૫૦ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૮	૦૦	૦૦	૧૮૬	૫ થી ૬૮	મુખ્યબજાર, મોટાબજાર, ગોધરા ભાગોળરોડ જૂની મસ્જિદ સામે
	૧૯	૦૦	૦૦	૪૨૯	૬૯ થી ૧૪૦/૫	ગોધરાભાગોળ રોડ
	૨૦	૧૫૮	૧૭	૩૬૦	૧૪૧ થી ૨૧૬	લુણાવાડારોડ ઉત્તર તરફ, દલિતવાસ, લુણાવાડારોડ
	૨૧	૦૦	૦૦	૧૧૫	૨૧૭ થી ૨૬૯/૧	લુણાવાડારોડ, બસ સ્ટેશન સામે, બસ સ્ટેશન રોડ, ગોધરાભાગોળ
	૨૨	૦૦	૦૦	૩૨૯	૨૭૦ થી ૩૧૫/૩	ગોધરાભાગોળ
	૨૩	૦૦	૦૦	૨૮૧	૩૧૬ થી ૩૯૨	ગોધરાભાગોળ, મોટાબજાર, મુખ્યબજાર, મદ્રેસારોડ, પટેલ ફળિયા
	૨૪	૦૦	૦૫	૬૩૨	૩૯૩ થી ૪૮૮	સુથાર ફળિયા પ્રભાત સ્ટોર સામે–જૈનમંદિર સામે, પટેલફળી ઉત્તર–દક્ષિણ, મચ્છીબજાર દક્ષિણ
	૨૫	૬૩	૧૯	૪૬૫	૪૮૯ થી ૫૯૮/૧	મદ્રેસારોડ પૂર્વ, ડો.જાવેદના દવાખાના પાછળ, મસ્જિદ રોડ દક્ષિણ, નવીફળી મરઘાકેન્દ્ર રોડ, સંતોષીમાતા મંદિર પાછળ વણકરવાસ
	૨૬	૩૧૬	૦૦	૩૯૭	૫૯૯ થી ૬૯૫	વણકરવાસ, મદની સોમીલ પાછળ, ટાંકીફળી, પ્રણામી મંદિરફળી
	૨૭	૦૬	૦૦	૫૬૪	૬૯૬ થી ૮૦૩	વાડી વિસ્તાર, વાડી વિસ્તાર ઉત્તર, ગોકુલેશ ઓઈલ ડેપોનો ખાંચો
		૫૪૩	૪૧	૩૭૫૮		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૪ માં આવેલ ઝવેરીલાલ મુલચંદ ભાવસારના વાયવ્ય ખૂણાથી શરુ કરી પૂર્વ તરફ આગળ જતાં મંગલમ હોટલ, અર્બન બેન્ક, સ્વામિનારાયણ મંદિર, સુથાર ફળિયા ઓળંગી આગળ જતાં સુંદરલાલ પાનોલાના મકાનના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ ટવીકલ ઈલેકટ્રીકલ્સ થઈ હસમુખલાલ ગાંધીના ઘર થઈ ફુટવેરની દુકાન થઈ જૂની અંબિકાલોજ થઈ બેંક ઓફ બરોડા થઈ રે.સ.નં.૨૧ની પૂર્વ તરફની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૬૨, ૨૬૧ ની પૂર્વ હદે રે.સ.નં.૨૬૦ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૬ તથા ૭ની દક્ષિણ હદે આગળ જતાં રે.સ.નં.૭ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૪ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩ના નૈઋત્ય ખૂણાણી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ તથા રે.સ.નં.૨૪ના પશ્ચિમ તરફની હદે ઉત્તર તરફ આગળ જતાં ઝવેરીલાલ મુલચંદ ભાવસારના મકાનના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૭	૦૦	૦૪	૬૪૦	૧ થી ૯૩	ટાવરરોડ, અરબવાડા, પઠાણફળી, હુસેનીચોક, આમલીફળી
	૩૮	૦૦	૩૪	૮૮૬	૯૪ થી ૨૦૮	અરબવાડા ખાંચામા, મદ્રેસારોડ, આમલીફળી, માવજીનું ગલીયારૂ, મદ્રેસારોડ નવીફળી, નુરી મિસ્જદ પાછળ, મદારી ટેકરી
	૩૯	૦૧	૧૦૧	૪૮૬	૨૦૯ થી ૩૦૨/૨	હુસેનીચોક, મરઘાકેન્દ્ર રોડ, નુરી મસ્જિદ પાછળ, પઠાણફળી, ભોઈવાડા, લુણાવાડારોડ
	૪૦	૨૧	૬૭	૫૧૯	૩૦૩ થી ૩૭૬	ભોઈવાડા, ટાવરરોડ, આઝાદમેદાન
	૪૧	૦૪	૮૦	૨૭૧	૩૭૭ થી ૪૮૬	લુણાવાડા રોડ, આઝાદમેદાન, ગાયત્રીમંદિર, ટાવરરોડ, દવાખાના પાસે
	૪૨	૦૦	૫૧૭	૫૨૨	૯૧૨ થી ૯૩૫ ૯૮૯ થી ૧૦૬૬	મહુડી ફળિયા
	૪૪	૦૦	૫૦૦	૫૬૭	૯૩૬ થી ૯૮૮	મહુડી ફળિયા
		૨૬	૧૩૦૩	૩૮૯૧		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૫માં આવેલ રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણો અને ચીબોટા નદીનો પશ્ચિમ તરફના કિનારાથી શરુ કરી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૧૪ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ચીબોટા નદીના પૂર્વ કિનારે–કિનારે આગળ જતાં કબ્રસ્તાનના ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં નગરપાલિકા કચેરીની ઉત્તરની દિશાએ પૂર્વ તરફ આગળ વધતાં ટાવરની દક્ષિણ દિશાની હદે તથા સ્ટેટ બેંકની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ વધતાં ભોઈવાડા રસ્તો ઓળંગી જૂની કન્યાશાળાની ઉત્તરની હદે થઈ વીર શહીદ ભગતસિંહ ચાર રસ્તાની દક્ષિણ દિશાએ નગરપાલિકાની દુકાનોના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં મરકસ મસ્જિદના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ

આગળ જતાં નુરી ખાનકાહ ગલીના પૂર્વ તરફના મકાનોના પાછળના ભાગે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં. ૩૦૧ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૩૦૧ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૮/પીના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭/પીના નૈઋત્ય ખૂણાથી વાયવ્ય દિશા તરફ આગળ જતાં મહંમદ નાથુ મુલતાનીના મકાનથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૯૧ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૯૦ની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ વધતાં રે.સ.નં.૮૭ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૨૭૮ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૩૩૩ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૬૬ અને ટીભરવાના પૂર્વ સીમાડે ઉત્તર તરફ આગળ જતાં ટીભરવાના ઉત્તરના સીમાડે–સીમાડે પશ્ચિમ દિશામાં આગળ જતાં ચીબોટા નદીના પશ્ચિમ કિનારેથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૪ના નૈઋત્ય ખૂણાથી આગળ વધતાં રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણા અને ચીબોટા નદીના પશ્ચિમ કિનારા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૮	૦૦	૧૬	૧૮૬	૧ થી ૭૪	ગોધરાભાગોળ સરકારી ગોડાઉન પાસે, ઓકટ્રોયનાકાવાળી લાઈન, કોલેજરોડ
	૨૯	૩૭	૭૮	૩૩૯	૭૫ થી ૧૬૦/૫	સંતરોડરોડ એલ.આઈ.સી. સામેની લાઈન, સંતરોડરોડ સરકારી વસાહત સામેની લાઈન, સંતરોડરોડ એલ.આઈ.સી.વાળી લાઈન
	૩૨	૦૫	૨૮	૨૮૩	૩૪૪ થી ૪૨૮	શિક્ષણ ભવન કોલેજરોડ, સરકારી વસાહત, શિક્ષણ ભવન પાછળ, સહકારદીપ સોસાયટી, મંગલજયોત સોસાયટી
	૩૩	૯૫	૧૨૦	૫૪૭	૪૨૯ થી ૫૩૯	મંગલજયોત સોસાયટી, રત્નદીપ સોસાયટી, નવદીપ ક્રે.સોસાયટી સામે ખાંચામા, ગુરૂકૃપા સોસાયટી, ટોકીઝ પાછળ
	૩૪	૦૦	૧૯૦	૭૫૧	૫૪૦ થી ૬૨૬/બી	ટોકીઝવાળી લાઈન, ટોકીઝ સામે, એસ.ટી.પાછળ દક્ષિણે, કાદરી મસ્જિદ સામે
	૩૫	૦૦	૬૪	૬૫૯	૬૨૭ થી ૬૭૨ ૭૮૮ થી ૭૯૬	બસ સ્ટેશન સામે કોટ આગળ, કાદરી મસ્જિદ આગળ, ડેમ વસાહત ટોકીઝ વિસ્તાર
	૩૬	૦૦	૧૦	૩૨૯	૬૭૩ થી ૭૮૭	એસ.ટી.ડેપો કોટ આગળ પશ્ચિમે, બસ સ્ટેશનરોડ દક્ષિણે, લુણાવાડારોડ દક્ષિણે
	૪૩	૦૦	૭૧૯	૭૨૧	૧૦૬૭ થી ૧૧૪૧	નવાઘરા નાળ (પૂ), નવાઘરા નાળ (પ), સંતરોડરોડ (પૂ.)
		૧૩૭	૧૨૨૫	૩૮૧૫		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૬માં આવેલ રે.સ.નં.૩૩૪ના વાયવ્ય ખૂણાથી શરુ કરી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૧૬ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ૨.સ.નં.૮૮ના વાયવ્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૯૦ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ રે.સ.નં.૮૯ની ઉત્તર તરફની હદે–હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૮ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં સંતરોડરોડ રસ્તાને ઓળંગી સંતરોડરોડની પૂર્વ તરફ હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૭૧ની પૂર્વની હદે થી રે.સ.નં.૩૪૧ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૧ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૨ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭૪ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં નરસીગપુરના પશ્ચિમના સીમાડે–સીમાડે આગળ જતાં રે.સ.નં.૭૬ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭૭ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૦ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૭ની ઉત્તરની હદે તથા રે.સ.નં.૩૩૦ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૦,૩૩૬ તથા ૩૩૫ની પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૪ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

મહેશ જોશી,

સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

સંતરામપુર નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૧૭૭૨	
કુલ વોર્ડની સંખ્યા	૬	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૬૨૯	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૩૯૯૧ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૨૬૭
બેઠકોની સંખ્યા	૨૪	
કુલ સ્ત્રી બેઠકો	૧૨	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૬	તે પૈકી ૩ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૧૭	
સામાન્ય બેઠકો	૭	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૩૪૪૦	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૩૨૯૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૩	૩	૩૫૭૬	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૭૫૮	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ
૫	૫	૩૮૯૧	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૬	૬	૩૮૧૫	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૨૧૭૭૨				

મહેશ જોશી,

સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 317

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 14, 2017/BHADRA 23, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A andI-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–ભાણવડ–યુનિટ–૮–૦૯૨૦૧૭

ભાણવડ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ:

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૧૬૭–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ભાણવડ શહેરની

નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **ભાણવડ** નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ–૨૪** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૨૨૧૪૨** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૩૬૯૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૨	૩૪૪૮	૭૫૯	૨૨.૦૧
૨	૧	૩૭૨૯	૩૭૩	૧૦.૦૦
૩	૫	૩૭૩૪	૩૦૯	૮.૨૮
૪	૩	૩૮૮૫	૨૮૩	૭.૨૮
૫	૪	૩૩૨૬	૧૩૧	૩.૯૪
૬	૬	૪૦૨૦	૯૫	૨.૩૬
	કુલ	૨૨૧૪૨	૧૯૫૦	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ **નં.૨ અને ૧** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ **નં.૧** માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ **નં.૨ અને ૧** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	**અનુસૂચિત જાતિ**
૨	૧	**અનુસૂચિત જાતિ સ્ત્રી**

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **કોઈપણ** બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૫	૩૭૩૪	૧૪૮	૩.૯૬
૨	૩	૩૮૮૫	૧૦૦	૨.૫૭
૩	૬	૪૦૨૦	૨૯	૦.૭૨
૪	૨	૩૪૪૮	૮	૦.૨૩
૫	૪	૩૩૨૬	૧૧	૦.૧૮
૬	૧	૩૭૨૯	૧	૦.૦૩
	કુલ	૨૨૧૪૨	૨૯૭	--

૧૭. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની

બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

ભાણવડ નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧	૩૭૨૯	૨૯૭૦	૭૯.૬૫
૨	૨	૩૪૪૮	૨૬૮૦	૭૭.૭૩
૩	૪	૩૩૨૬	૧૫૯૦	૪૭.૮૧
૪	૫	૩૭૩૪	૧૬૮૦	૪૪.૯૯
૫	૩	૩૮૮૫	૧૨૬૦	૩૨.૪૩
૬	૬	૪૦૨૦	૧૨૩૦	૩૦.૬૦
	કુલ	૨૨૧૪૨	૧૧૪૧૦	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ **નં.૧ અને ૨** માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ **નં.૧** માં પછાતવર્ગની અને વોર્ડ **નં. ૨** માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	**પછાતવર્ગ**
૨	૨	**પછાતવર્ગ સ્ત્રી**

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ભાણવડ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **ભાણવડ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોષી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

અનુસૂચિ–૧

ભાણવડ નગરપાલિકા, જિલ્લો દેવભુમિદ્વારકા

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અનુ.જાતિ વસ્તિ	અનુ.જન જાતિ વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૮	૦	૦	૩૦૮	૧ થી ૧૩૨	વિકાસ રોડ, નાણાવટી શેરી, આશાપુરા શેરી, ડો. રાવલ શેરી, સોનગરા સ્ક્રીનશેરી
	૨૦	૩	૦	૮૦૧	૧ થી ૧૬૪	બ્રાન્ચ સ્કૂલ વિસ્તાર, જલારામ આવાસ, વાડી વિસ્તાર, જૂના સિનેમા રોડ, પ્રકાશનગર, ગોકુલનગર, રામનાથ નગર વિગેરે
	૨૧	૦	૦	૪૪૨	૧ થી ૯૪	વિકાસ રોડ અને જૂના સિનેમા રોડની વચ્ચેનો વિસ્તાર સોનગરા સ્ક્રીનથી પોલીસ લાઈન સુધી
	૨૨	૪	૧	૧૬૨	૧ થી ૮૨	પોલીસ લાઈન, તાલુકા પંચાયત, વર્તુ–૨ કોલોની, સોમનાથ મંદિર સુધી
	૨૩	૩૫૪	૦	૭૬૩	૧ થી ૧૭૭	મફતપરા મુખ્ય રોડથી દક્ષિણ તરફથી પોરબંદર હાઈવે વચ્ચેનો મફતપરા વિસ્તાર
	૨૪	૧૨	૦	૭૭૪	૧ થી ૧૭૨	મફતપરા મુખ્ય રોડથી ઉત્તર તરફ બી.આર.સી. વાડી સુધીનો વિસ્તાર
	૨૫	૦	૦	૪૭૯	૧ થી ૧૪૯	મફતપરા ટેલીફોન એકસ્ચેંજ પાસે સલાટ, ભમરીયા કૂવા વાડી, કોઠાવારા વાડી વિસ્તાર તથા ત્રિવેણી સુધીનો વાડી વિસ્તાર
	કુલ	૩૭૩	૧	૩૭૨૯		

વોર્ડ નં. ૧ ની હદનું વર્ણન :–

ભાણવડ નગરપાલિકાના વોર્ડ નં.૧ ના વાયવ્ય ખૂણે આવેલ ખંભાળીયા રોડથી શરૂ કરી પૂર્વ તરફ રૂપામોરા ગામની હદે રે.સ.નં. ૨૧/૧ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી વેરાડી નદી ક્રોસ કરી રે.સ.નં. ૨૦ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી ફલ્કુ નદીના પશ્ચિમ કાંઠે દક્ષિણ તરફ રે.સ.નં. ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૭, ૩૮/૧, ૩૮/૨, ૩૯,૯૯, ૧૦૦/૨, ૧૦૦/૧, ૧૦૧/૧, ૧૦૧/૨ પાસે આવેલ તાલુકા શાળા–૨ (બ્રાન્ચ સ્કૂલ)ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી જૂના સિનેમા રોડની ઉત્તરથી પશ્ચિમ તરફ નાણાવટી શેરીવાળો વિસ્તાર આવરી લઈ રોડની ઉત્તરે પશ્ચિમ તરફ ભાણવડ પોરબંદર રોડની હદે હદે રે. સ. નં. ૧૦૬ (પેટ્રોલપંપ)ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ભરતપુરના સિમાડાની ઉત્તર હદે હદે રે. સ.નં. ૧૦૫, ૭૭/૧,૭૫,૭૪/૩ને આવરી લઈ નદીનો ભાગ ક્રોસ કરી રેસ નં. ૭૨, ૭૧ સુધી ત્યાંથી ઉત્તરે સ.નં.૭૦/૧ ના વાયવ્ય ખૂણાથી વર્તુ–૨ નદીના કાંઠે કાંઠે પૂર્વ તરફ ખંભાળીયા રોડ સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

ભાણવડ નગરપાલિકા, જિલ્લો દેવભુમિદ્વારકા

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક , લત્તાવાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અનુ.જાતિ વસ્તિ	અનુ.જન જાતિ વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૨	૨૨	૦	૨૮૮	૧ થી ૭૮	ખરાવાડ પ્રથમ રોડ

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક , લત્તાવાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અનુ.જાતિ વસ્તિ	અનુ.જન જાતિ વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૩	૦	૦	૩૬૬	૧ થી ૧૯૨	ખરાવાડ બીજો રોડ
	૪	૦	૦	૪૪૨	૧ થી ૫૫	ખરાવાડ ત્રીજો રોડ
	૫	૭૩	૮	૫૭૩	૧ થી ૧૩૭	ખોડીયાર નગર કાંકરવાડી, ફતેપુરરોડ,રેલ્વે સ્ટેશન વાડી, સઈદેવળીયા રોડ વાડી વિસ્તાર
	૬	૦	૦	૫૮૭	૧ થી ૧૦૩	ચુનારાવાસ, ભીડભંજન વિસ્તાર, ત્રિવેણી વાડી વિસ્તાર
	૮	૬૩૨	૦	૬૩૪	૧ થી ૧૩૩	નગરનાકા બહાર નો અનુ.જાતિ વિસ્તાર
	૯	૩૨	૦	૫૫૮	૧ થી ૧૬૮	સોનાવાડી, જૂની સફાઈ કોલોની, સાકરીયા કૂવા રાંગભર, તાલુકા શાળા નં. ૧ તથા જૂનના દવાખાનાવાળો વિસ્તાર
	કુલ	૭૫૯	૮	૩૪૪૮		

વોર્ડ નં. ૨ ની હદનું વર્ણન :–

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૨૪૩૯૬** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૩૪૮૫** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૧** બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૧** બેઠક પૈકી **કોઈપણ** બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૨	૩૨૧૪	૪૫૫	૧૪.૧૫
૨	૧	૩૩૪૩	૨૩૭	૭.૦૮
૩	૭	૩૬૧૭	૯૪	૨.૫૯
૪	૫	૩૬૮૩	૫૭	૧.૫૪
૫	૩	૩૭૭૨	૫૪	૧.૪૩
૬	૬	૩૩૮૪	૪૦	૧.૧૮
૭	૪	૩૩૮૩	૮	૦.૨૩
	કુલ	૨૪૩૯૬	૯૪૫	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧	૩૩૪૩	૯૦૭	૨૭.૧૩
૨	૨	૩૨૧૪	૪૯૩	૧૫.૩૩
૩	૩	૩૭૭૨	૧૫૪	૪.૦૮
૪	૫	૩૬૮૩	૭૨	૧.૯૫
૫	૬	૩૩૮૪	૫૬	૧.૬૫
૬	૭	૩૬૧૭	૫૫	૧.૫૨
૭	૪	૩૩૮૩	૪૯	૧.૪૪
	કુલ	૨૪૩૯૬	૧૭૮૬	--

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં.૧ અને ૨ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૨ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૧ અને ૨ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

INDEX

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત આદિજાતિ
૨	૨	અનુસુચિત આદિજાતિ સ્ત્રી

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી **૧** બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી **૧** પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

ડાકોર નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧	૩૩૪૩	૧૭૪૮	૫૨.૨૮
૨	૫	૩૬૮૩	૧૭૬૪	૪૭.૮૯
૩	૩	૩૭૭૨	૧૨૭૭	૩૩.૮૫
૪	૨	૩૨૧૪	૫૬૮	૧૭.૬૭
૫	૪	૩૩૮૩	૫૨૩	૧૫.૪૫
૬	૭	૩૬૧૭	૪૮૬	૧૩.૪૩
૭	૬	૩૩૮૪	૪૧૭	૧૨.૩૨
	કુલ	૨૪૩૯૬	૬૭૮૩	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ **નં.૧,૫ અને** ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ **નં.૧ અને** ૩ માં પછાતવર્ગની અને વોર્ડ **નં.૫** માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ **નં.૧** માં અનુસૂચિત આદિજાતિ માટે બેઠક ફાળવેલ હોઈ, પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં.૧ ને પછાતવર્ગ સ્ત્રીવાળા ખાસ ક્રમાંક ૨ **વોર્ડ નં.૫** સામે ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવતાં વોર્ડ **નં.૧** માં પછાતવર્ગની સ્ત્રી બેઠક અને વોર્ડ **નં.૫ માં અને** ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	પછાતવર્ગ સ્ત્રી
૨	૫	પછાતવર્ગ
૩	૩	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને ડાકોર નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ ડાકોર નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૧
ડાકોર નગરપાલિકા, જિલ્લો ખેડા

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૦	૬	૩૮૨	૬૩૮૯ થી ૬૫૯૮	કંકુ દરવાજા, દંડીસ્વામી મઠ, ત્રિકમજીનું મંદિર, કુબેશ્વરી માતાજીનું મંદિર, ગધાટેકરી, જમનાદાસનું ડહેલુ, સત્યનારાયણ મંદિર, ગાંધીબાગ, મહા પ્રભુજીની બેઠક, ત્રિકમજીની જગ્યા, રામાનુજ કોટ, ભટજી મહારાજ અન્નક્ષેત્ર, દાઉજી મંદિર સુધીનો વિસ્તાર
	૨	૨૧૪	૪૬	૭૧૯	૬૫૯૯ થી ૬૮૨૫ ૭૦૨૪ થી ૭૧૨૪	દાઉજી મંદિરની ચાલી, ખાકચોક, બદ્રીનારાયણની જગ્યા, નરસિંહ ટેકરી, મોટા હનુમાન, દતાત્રેય ભગવાનું મંદિર, રાધાકુંડ, નરસિંહ ટેકરી જગ્યા, ભરત ભુવન, દલિતવાસ, મલાઈ રોડ, નવી નગરી, મોહનભાઈ અર્જુનભાઈ વસાવાના ઘર સુધીનો વિસ્તાર
	૩	૨૩	૪૦૧	૫૬૯	૭૧૨૫ થી ૭૨૭૪	નવી નગરીમાં શીવાભાઈ ગંભીરભાઈ વસાવાના ઘરેથી નવીનગરીમાં રૂપજીભાઈનું શનાભાઈ ના ઘર સુધીનો વિસ્તાર
	૪	૦	૪૪૨	૬૧૩	૭૨૭૫ થી ૭૩૮૨ ૬૮૨૬ થી ૬૮૮૭	નવી નગરીમાં નાથાભાઈ બોડાભાઈ વસાવાના ઘરેથી ભરવાડવાસ, મગનભાઈની ખરી, પાટણવાળું ફળિયુંમા ચીનુભાઈ મંગળભાઈ પરમારના ઘર સુધીનો વિસ્તાર
	૫	૦	૩	૬૦૮	૬૮૮૮ થી ૭૦૬૩	પાટણવાળું ફળિયું, કોઠીવાળુ ફળિયું, રામકીકર નગર, હાથીખાના સુધીનો વિસ્તાર
	૬	૦	૯	૪૫૨	૭૦૬૪ થી ૭૦૯૨ ૬૨૦૨ થી ૬૨૭૭ ૭૪૫૩ થી ૭૫૩૯	હાથીખાના, માણેક નિવાસ, શહીદભુવન, પ્રહલાદદાસની જગ્યા, સંચાવાળું ડહેલુ, ભીખાભાઈ હોડીવાળાના ઘરેથી રણછોડપુરા સુધીનો વિસ્તાર
કુલ		૨૩૭	૯૦૭	૩૩૪૩		

INDEX

વોર્ડ નંબર– ૧ ની હદનું વર્ણનઃ–

ડાકોર નગરપાલિકા વોર્ડના વાયવ્ય ખૂણે રે.સ નં ૧૩૨૨ વન ચેતના કેન્દ્રથી શરૂ કરી ઉત્તરે રે.સર્વે નં.૧૩૯૯ની દક્ષિણ હદેથી પૂર્વ તરફ થઈ રણછોડપુરાની પૂર્વે હદથી દક્ષિણે ગોમતી તળાવના કિનારે પશ્ચિમે થઈ મુખ્ય ઓવારાની ઉત્તરેથી કંકુ દરવાજાની પશ્ચિમે થઈ સંચાવાળું ડહેલાથી પશ્ચિમ તરફ આવેલ ભરવાડવાસ થી ઉત્તરે થઈ નવી નગરી મલાઈરોડ થઈ ઉત્તરતરફે રે .સર્વે નં.૬૯૭,૯૫૧,૧૧૪૨ થઈને રે.સર્વે નં.૧૩૨૨ વન ચેતના કેન્દ્ર સુધીનો વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તાર

ડાકોર નગરપાલિકા, જિલ્લો ખેડા

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૭	૦	૪૯૩	૬૯૧	૬૪૯ થી ૮૧૧	નવી નગરીમાં શાંતાબેન બાબુભાઈ પટેલના ઘરેથી બ્રાન્ચ મીશ્ર શાળા, અતુલભાઈ પટેલના ઘર સુધી, નાની ભાગોળ સુધીનો વિસ્તાર
	૮	૪૫૧	૦	૭૫૦	૮૧૨ થી ૮૯૫/અ	નાની ભાગોળ, કબ્રસ્તાન, રણછોડપુરા રોડ, માખણિયો આરો, પંચમુખી હનુમાન, દેવીપૂજક વિસ્તાર, વહેરાઈમાતાનું મંદિર, દલિતવાસમાં ડાહ્યાભાઈ બાબુભાઈ હરીજનના ઘર સુધીનો વિસ્તાર
	૯	૪	૦	૬૦૯	૮૯૬ થી ૧૦૮૫	દલિતવાસ, રોહિતવાસ, વણકરવાસ, પટેલ વગો, વાડા ખડકી, ગોલીની ટેર, વડવાળું ફળિયું, ચંદ્રશંકર ફુલશંકર પંડ્યાના ઘર સુધીનો વિસ્તાર
	૧૦	૦	૦	૪૮૨	૧૦૮૬ થી ૧૪૫૫/અ	વડવાળું ફળિયું, મુખીની ખડકી, માવજીભાઈની ખડકી, માળીવાડો ખાંચોમાં બાપાલાલ સુખડીયાના ઘર સુધીનો વિસ્તાર
	૧૧	૦	૦	૨૬૧	૧૪૫૬ થી ૧૪૭૦	માળીવાડો ખાંચો, જૂનો કોટ, ભાવસારની ખડકી, આમલી વિસ્તાર, લક્ષ્મીજીની પોળ સુધીનો વિસ્તાર
	૧૨	૦	૦	૪૨૧	૧૪૭૧ થી ૧૫૩૬	લક્ષ્મીજીની પોળ, શ્રીગોળની ખડકી, દુધપાણીની ખડકી, મુખીની ખડકી સુધીનો વિસ્તાર
કુલ		૪૫૫	૪૯૩	૩૨૧૪		

વોર્ડ નંબર– ૨ની હદનું વર્ણન

ડાકોર નગરપાલિકા વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.૧૩૦૬ થી શરૂ કરીને ત્યાંથી રણછોડપુરા રોડથી રે.સ.નં.૧૩૯૭, ૧૩૯૮,૧૪૦૭,૧૪૧૪ પૂર્વ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૫૦૯, ૧૫૦૮, ૧૫૦૦, ૧૪૯૮, ૧૪૯૬થી આગળ વધતાં રોડને અડીને રે.સ.નં.૧૮૮૦,૧૮૮૧,૧૮૮૩ થી દક્ષિણે આગળ વધતાં રે.સ.નં.૧૯૧૯, ૧૯૧૭ થી પશ્ચિમે રે.સ.નં.૧૯૧૩,૧૯૧૨ થી દક્ષિણે રે.સ.નં. ૧૯૯૨ થી પૂર્વ તરફે રે.સ.નં.૧૯૯૦, ૧૯૮૯, ૧૯૮૪ થી દક્ષિણ પૂર્વે રે.સ.નં.૨૦૧૨,૨૦૦૯,૨૦૦૮ થી દક્ષિણે પશ્ચિમે વણકરવાસથી વડવાળું ફળિયું, લક્ષ્મીજીની પોળ, ભાવસારની ખડકી થઈને રણછોડરાયજીનું મંદિર થઈને ગોમતી તળાવ થઈને ઉત્તરે હદે રે.સ.નં.૧૨૫૯, ૧૨૫૮, ૧૨૫૭ થઈને રે.સ.નં.૧૨૩૯,૧૨૩૮,૧૨૪૪,૧૨૪૫,૧૩૦૩ ની ઉત્તરે રે.સ.નં.૧૩૦૪,૧૩૦૫,૧૩૦૬ સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

INDEX

ડાકોર નગરપાલિકા, જિલ્લો ખેડા

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૪	૪	૩૫	૫૮૪	૨૫૯૫ થી ૩૬૭૧ ૩૬૭૨ થી ૩૭૧૬	યમુનાપાર્ક, ગુર્જરી શાળા, અશકતા આશ્રમ, માર્કેટયાર્ડ, કપડવંજ રોડ, ક્ષત્રીય સમાજની ધર્મશાળા, એસ્સાર પેટ્રોલપંપ, ડોન બોસ્કો, રેસ્ટ હાઉસ, સી.સી. પટેલની ખરી, સજીવન મશીનરી, ઉમિયા સોમીલ, નાગેશ્વરી કીરાણા સ્ટોર સુધીનો વિસ્તાર
	૧૫	૦	૬૬	૫૭૮	૩૭૧૭ થી ૩૭૫૫ ૩૧૭૦ થી ૩૨૦૫	શ્રી રણછોડરાય મશીનરી સ્ટોર, હજરત પાર્ક સોસાયટી, શેઢીનો ખાડો, મસ્જિદ, બોમ્બે લોજ, અબ્દુલ કડવાની ચાલી, બલરામ ઓટો સર્વિસ સુધીનો વિસ્તાર
	૧૬	૧૩	૧૨	૭૬૭	૩૨૦૬ થી ૩૨૩૮/અ ૩૩૪૮ થી ૩૪૦૩ ૩૪૧૭/૧ થી ૩૪૧૭/૩૦ ૨૬૬૧ થી ૨૭૩૯ ૨૭૪૦ થી ૨૭૪૭/૧ ૩૪૧૮ થી ૩૪૩૯	બલરામ ઓટો સર્વિસ, જોષી કોલોની, અધ્વર્યુનું ખેતર, રબારી વાસ, ગૌપાલક સોસાયટી, લક્ષ્મી મમરા પૌઆ મીલ કંપાઉન્ડ, શ્રીરંગ સોસાયટી, તુલસીપાર્ક સોસાયટી, મધુરમ સોસાયટી, ગંગાનગર સોસાયટી સુધીનો વિસ્તાર
	૧૭	૨	૧૯	૩૧૦	૨૫૯૭ થી ૨૬૫૩ ૨૬૫૪ થી ૨૬૫૪/૯ ૨૬૫૫ થી ૨૬૫૫/૩૦ ૨૬૭૬ થી ૨૭૬૮	ગંગાનગર સોસાયટીમાં મોદીના ઘરેથી બાલમુકુન્દભાઈના ઘર સુધી, બિરલા પાર્ક, ગણેશ સિનેમા, ગંગાનાથ મહાદેવ, રામબાગ ધર્મશાળા, સંતરામ પ્રેસ, ગુર્જરી શાળાથી ગંગાનગર સોસાયટી, રાઈસમીલ એરીયા સુધીનો વિસ્તાર
	૧૮	૯	૪	૬૦૮	૩૫૬૪ થી ૩૬૧૪ ૩૪૮૮ થી ૩૫૫૦	અશકતાશ્રમ સામેની નવીનગરીમાં બાબાભાઈ રાઠોડના ઘરેથી તીસરી મંઝીલ, અર્બન નગર વિસ્તાર
	૧૯	૭	૪	૫૯૨	૩૪૩૮ થી ૩૪૭૨ ૩૨૫૦ થી ૩૨૯૫	રાઈસ મીલ પાસે સાંકરિયાવાળાના ઘરથી ડબાવાળાના ઘર સુધી, રાજપૂતની ધર્મશાળા, રામદેવપીરનું મંદિર, હરિકૃપા ગેસ્ટ હાઉસ, છાત્રાલય, વજનકાંટો, ખડાયતાભુવન વૃધ્ધાશ્રમ સુધીનો વિસ્તાર
	૨૦	૧૯	૧૪	૩૩૩	૩૪૭૫ થી ૩૪૮૨ ૩૩૨૪,૩૩૨૫	અર્બન નગરમાં રૂકૈયાબેનના ઘરેથી, આનંદપાર્ક, ભીખુભાઈની તમાકુની ખરી સુધીનો વિસ્તાર
કુલ		૫૪	૧૫૪	૩૭૭૨		

વોર્ડ નંબર – ૩ની હદનું વર્ણન

ડાકોર નગરપાલિકા વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.૧૯૩૭ થી શરૂ કરીને રોડની આગળ વધતાં દક્ષિણે રે.સ.નં.૧૯૨૪,૧૯૪૬,૧૯૪૮,૧૯૫૧,૧૯૫૨,૧૯૫૩,૧૯૫૪ થી દક્ષિણે આગળ વધતાં રે.સ.નં.૨૦૩૨,૨૦૩૩ થી આગળ રે.સ.નં.૨૦૩૬,૨૦૩૪ થઈને ૨૦૭૫,૨૦૮૦,૨૦૯૨,૨૦૯૦,૨૦૯૯ થી દક્ષિણે ખડાયતાવાડી થઈને કપડવંજ રોડની હદેથી રે.સ.નં.૧૫૦,૧૪૯,૧૪૮ થઈને મસ્જિદની ઉત્તરે બસસ્ટેશન થઈને રે.સ.નં. ૮૪,૮૫ થઈને જોશીની ચાલી થઈને રોડની હદે તુલસી પાર્કથી રે.સ.નં. ૧૦૯,૧૧૩,૧૧૪,૧૧૬થી ૧૧૯ ગંગાનગર સોસાયટી થઈને અશકતા આશ્રમ થઈને રે.સ.નં.૨૦૬૮,૨૦૬૬,૨૦૫૬,૨૦૨૫,૨૦૧૧ ની ઉત્તરે ૧૯૮૨ થઈને રોડની હદે ૧૯૭૧, ૧૯૬૮, ૧૯૩૮, ૧૯૩૭ થી સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

ડાકોર નગરપાલિકા, જિલ્લો ખેડા

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૨૪	૦	૦	૪૩૬	૧ થી ૨૯૩	દેસાઈભાઈની દુકાન, બોડાણાની ખડકી, બળીયાદેવની ખડકી, વાણીયાની ખડકી, સાચીમાતાની ખડકી, મહાલક્ષ્મીની ખડકી, ખેડાવાળની ખડકીમાં મુળજીભાઈ શીવલાલ શાહના ઘર સુધીનો વિસ્તાર
	૨૫	૦	૩૮	૫૬૭	૨૯૪ થી ૫૦૫, ૨૧૪ થી ૩૮૫	ખેડાવાળની ખડકી, મુખીની ખડકી, સુરતવાળાની ધર્મશાળા, ભકિતપાર્ક, લીલીરાજ સ્ટુડીયો, શુકલની ખડકી, વાણિયાની વાડી, નવાપુરામાં સુરેશભાઈ અંબાલાલ પેઈન્ટરના ઘર સુધીનો વિસ્તાર
	૨૬	૦	૦	૪૭૦	૩૮૬ થી ૫૫૧	નવાપુરા, મહાદેવવાળું ફળિયું, વાળંદ ભાનુબેનનો ખાંચો, ચોરાવાળા ફળિયું, મફતલાલ રાવળના ઘર સુધીનો વિસ્તાર
	૨૭	૦	૦	૪૬૦	૫૫૨ થી ૬૪૮ ૧૫૩૭ થી ૧૫૬૮	ચોરાવાળું ફળિયું, શીતલદાસ મંહતનો ખાંચો, વણકરવાસ સોસાયટી, શબરી આશ્રમ, નવીનગરી, ધ્વારકાધીશના મંદિરથી શહીદ પોળ, મોચીવાડ, કૈલાસગીરી ગોસ્વામીના ઘર સુધીનો વિસ્તાર
	૨૮	૦	૦	૨૨૬	૧૫૬૯ થી ૧૭૫૦	મોચીવાડ, વિજયભુવન, વલ્લભનિવાસ, બોતેર નિવાસ, કબીર મંદિર, કનૈયા કોમ્પ્લેક્ષ સુધીનો વિસ્તાર
	૨૯	૦	૭	૪૩૩	૨૬ થી ૨૧૦ ૧૯૮૬ થી ૨૦૨૧	કનૈયા કોમ્પ્લેક્ષ થી ખેડાવાળની વાડી, સાચીમાતાની ખડકી–૧, સાચીમાતાની ખડકી–૩, પીપળવાડી ખડકી, હરિભકિતનો ખાંચો, તલાટી હરિવદનભાઈના ઘરેથી તંબોળી ભુવન, ગાયકવાડની હવેલી, તકિયા સુધીનો વિસ્તાર
	૩૦	૦	૦	૧૯૬	૨૦૨૨ થી ૨૦૯૮/અ ૧૮૫૨ થી ૧૯૦૧ ૧૮૦૨ થી ૧૮૧૫ ૧૭૬૩ થી ૧૭૮૨	તકીયાથી ડંકનાથ મહાદેવ, ગણપતિદાદાનું મંદિર, એસ.બી.આઈ. એટીએમ, લક્ષ્મી કંગન સ્ટોર, મોરારભુવન, કંકુ દરવાજા, કોટ વિસ્તાર, અર્બન બેંક, સંતરામ બેન્ક, દિલીપભાઈ સેવકના ઘરેથી રામજીભાઈ દેસાઈના ઘર સુધી, બેન્ક ઓફ બરોડા, પટવાના ઘર સુધીનો વિસ્તાર
	૧૩	૮	૪	૫૯૫	૨૪૩૬ થી ૨૫૦૯ ૨૫૧૦ થી ૨૫૯૨/અ	રાવળ સમાજની ધર્મશાળા, યમુનાકુંજ, પટેલ નગર, આરતી ગેસ્ટ હાઉસ, અલ્કાપુરી સોસાયટી, સ્વસ્તિક સોસાયટી, પ્રણામી મંદિર, બળીયાદેવ સોસાયટી, યમુનાપાર્ક સુધીનો વિસ્તાર
કુલ		૦૮	૪૯	૩૩૮૩		

વોર્ડ નંબર –૪ની હદનું વર્ણન

ડાકોર નગરપાલિકા વોર્ડના વાયવ્ય ખૂણે રે.સ.નં.૨૦૧૪ વણકરવાસથી શરૂ કરીને ઉત્તરે આગળ વધતાં રે.સ.નં. ૨૦૧૨,૨૦૧૩થી દક્ષિણે રે.સ.નં. ૨૦૨૨,૨૦૨૧ થી દક્ષિણે સુરતવાળાની ધર્મશાળા થી પૂર્વે રે.સ.નં.૨૦૬૬, ૨૦૬૩,૨૦૬૨ થી દક્ષિણે રે.સ.નં. ૨૧૦૨ યમુના પાર્ક રે.સ.નં. ૨૧૦૪ થઈને દક્ષિણે ગુર્જરી પ્રાથમિક શાળાથી રોડની હદે આગળ વધતાં લીલીરાજ સ્ટુડિયોથી દક્ષિણ પશ્ચિમે કબીર મંદિર થઈને વલ્લભની વાડીથી આગળ વધતાં બેંક ઓફ બરોડાથી આગળ વધતાં રણછોડરાય મંદિર વિસ્તારથી ઉત્તરે મોરાર ભુવનથી આગળ વધતાં તકીયા વિસ્તાર, ગાયકવાડની હવેલીથી બોડાણાની ખડકી, નવાપુરાથી આગળ વધતાં રે.સ.નં. ૨૦૧૪, વણકરવાસ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

ડાકોર નગરપાલિકા, જિલ્લો ખેડા

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૧	૦	૦	૬૬૯	૫૩૫૨ થી ૫૫૨૫	કાછીયાની વાડી, નવો કુંભારવાડો, બારઓરડા, સિપાઈવાડો, દરજીની વાડી, બળીયાદેવની ખડકી, દલાપુરામાં રવિશંકર જોષીના ઘર સુધીનો વિસ્તાર
	૩૨	૦	૦	૪૮૧	૫૫૨૬ થી ૫૬૭૯	દલાપુરામાં કિરીટભાઈ ખમણવાળાના ઘરેથી દાઉજીની ચાલી, દલાપુરા–૨, ગુદીવાળી જગ્યા, કોર્ટ રોડ, ગનીભાઈ બગીવાળાના ઘર સુધીનો વિસ્તાર
	૩૩	૦	૦	૬૪૯	૫૬૮૦ થી ૫૮૧૭	કોર્ટ રોડ, મયંકભાઈ રવીન્દ્રભાઈ રાણાથી રામદાસ ફળિયું, સીપાઈવાડો, મંગલસેવાધામ, પશુ દવાખાનું, લોહાણા અતિથી ભુવન, તીર્થ સોસાયટી, નર્મદા વસાહત, દેવીપૂજક વિસ્તાર, રાવજીભાઈ છગનભાઈ વાઘેલાના ઘર સુધીનો વિસ્તાર.
	૩૪	૦	૧૬	૬૦૬	૫૮૧૮ થી ૫૯૭૫	દેવીપૂજક વિસ્તાર, મુનીમહારાજની વાડી, પુલ્હાશ્રમ, પટેલવાડી, મંગલ સેવાધામની સામેની નવીનગરી, જૂની કોર્ટ, જયસ્વાલની ચાલી, મંડોળા ફળિયામાં હિમતસિંગ જગમાલસિંહ જાદવના ઘર સુધીનો વિસ્તાર.
	૩૫	૦	૭	૭૨૮	૫૯૭૬ થી ૬૧૮૬	મંડોળા ફળિયું, ભોઈવાડો, નવીનગરીમાં આબીતશા હુસેનશા દિવાનના ઘર સુધીનો વિસ્તાર
	૩૬	૫૭	૪૯	૫૫૦	૬૧૮૭ થી ૬૨૦૧ ૬૨૭૮ થી ૬૩૮૮	નવીનગરી, ટેકરા ઉપર ભોઈવાડો, ભાથીજીનું મંદિર, લક્ષ્મણભાઈ ધુળાભાઈ રાઉલજીના ઘર સુધી, વડાબજાર, બ્રાન્ચ કુમાર શાળા, અધ્વર્યુનું ડહેલુ, સી.ટી. સર્વેની કચેરી, રામજી મંદિર, ઉડું ફળિયું, રણછોડરાય ભોજનાલય, રામનામ અન્નક્ષેત્ર સુધીનો વિસ્તાર
કુલ		૫૭	૭૨	૩૬૮૩		

વોર્ડ નંબર– ૫ની હદનું વર્ણન

ડાકોર નગરપાલિકા વોર્ડના વાયવ્ય ખૂણે રે.સ.નં.૩૬૫ થી શરૂ કરીને આગળ વધતાં રે.સ.નં. ૩૬૩ નગરી વિસ્તાર રે.સ.નં. ૩૪૪૩૪૫ થી આગળ વધતાં ભોઈવાડો, મંડોળા એરિયાથી ઉત્તરે શંકરાચાર્ય મંદિર, નગરપાલિકા કચેરીથી આગળ વધતાં રે.સ.નં.૨૧૧૩, કાછિયા પટેલ ધર્મશાળાથી, દરજીની વાડીથી આગળ વધતાં રે.સ.નં.૧૨,૧૫,૧૬, ૩૪ની દક્ષિણ પૂર્વે રે.સ.નં. ૨૧, ૨૪ થી પૂર્વે તરફે રે.સ.નં.૨૬,૨૦૬,૨૦૭,૨૭૩,૨૭૨થી રોડની હદે હદે આગળ વધતાં રે.સ.નં.૨૫૭,૨૬૦,૨૬૧થી દક્ષિણ પશ્ચિમે આગળ વધતાં રે.સ.નં. ૪૪૪, ૪૪૫, ૪૪૮, ૪૫૦, ૪૫૨, ૪૧૩ થી ઉત્તરે ૪૧૨,૪૦૫ થી આગળ વધતાં ૩૯૨,૩૭૫,૩૭૪,૩૭૦,૩૬૬,૩૬૫ સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર

ડાકોર નગરપાલિકા, જિલ્લો ખેડા

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૩૭	૦	૦	૩૪૧	૧૭૫૨ થી ૧૭૫૬ ૨૨૫૮ થી ૨૨૫૯ ૧ થી ૪ પેટા નંબર ૧૯૨૩ થી ૨૪૩૪ ૨૦૮૯ થી ૨૧૦૭/અ	રામજી ભુવન ધર્મશાળા, તુલસી ગેસ્ટ હાઉસ, લખપતિ મંદિર, લવલી પાન હાઉસ, બેન્ક ઓફ ઈન્ડીયા, લખપતિની પોળ, પાઠકની ખડકી, જોશીની ખડકી, દામોદર ભુવન, કંકુ દરવાજા, કૃષ્ણલોજ સુધીનો વિસ્તાર
	૩૮	૦	૪	૩૨૧	૨૧૦૮ થી ૨૩૦૧	કૃષ્ણલોજ, દવે ખમણવાળા, રોકડનાથ હનુમાન, દેનાબેન્ક, જૂનો કુંભારવાડો, મહેતા બિલ્ડીંગ, કમલભાઈના ઘરેથી માળીવાડો ખાંચા સુધીનો વિસ્તાર
	૩૯	૨૨	૩	૪૫૩	૨૩૦૨ થી ૨૪૨૬ ૪૭૧૩ થી ૪૮૨૫	માળીવાડો ખાંચો, ખારીકૂઈનો ખાંચો, વડદલાવાળુ ફળિયું, સ્ટેટ બેકનો ખાંચો, રાજાધિરાજ, જલારામ ડેરી વિસ્તાર, સી.ટી. પોઈન્ટ હોટેલ, આરોગ્યધામ, મીરા હોસ્પિટલ, નીલકંઠ સોસાયટી, શિવમપાર્ક સોસાયટી સુધીનો વિસ્તાર
	૪૦	૦	૯	૬૧૨	૪૮૨૬ થી ૪૯૮૪	ડબગરની વાડીથી પુનિતપાર્ક, વ્રજભૂમિ, નંદનવદન, નિપુલપાર્ક, અંબે એવન્યુ સોસાયટી સુધીનો વિસ્તાર
	૪૧	૧૮	૩૭	૫૬૦	૪૯૮૫ થી ૫૦૯૪	અંબે એવન્યુ સોસાયટી, કુમારશાળા છાત્રાલય, નર્મદા વસાહત, જય બંગલોઝ, બળદેવ પાર્ક, પુરૂષોતમ ભુવન, વ્હોરવાડ સુધીનો વિસ્તાર
	૪૨	૦	૩	૫૭૧	૫૦૯૫ થી ૫૨૪૧ ૫૩૫૬/૧ થી ૫૩૫૬/૬	વ્હોરવાડ, સમડાવાળું ફળિયું, સોનીની ખડકી, તારાબાઈનો બાગ, બ્રહમરોડ, કૃષ્ણપાર્ક સુધીનો વિસ્તાર
	૪૩	૦	૦	૫૨૬	૫૨૪૨ થી ૫૩૫૧ ૫૩૫૮ થી ૫૩૭૮ ૫૨૩૦ થી ૫૨૩૨ ૨૨૧૯ થી ૨૨૩૧ ૫૦૮૧ થી ૫૦૮૬/૧	બ્રહમરોડ, પી.ઓ. જોષીનો ખાંચો, ઓપનએર થિયેટર, હરિઓમ આશ્રમ, પુનિત આશ્રમ, પેઈન્ટરની ખડકી, સમડાવાળા ફળિયાનો વિસ્તાર
કુલ		૪૦	૫૬	૩૩૮૪		

વોર્ડ નંબર– ૬ની હદનું વર્ણન

ડાકોર નગરપાલિકા વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ જૂના કુંભારવાડાની ઉત્તરે કૃષ્ણનિવાસ લોજની દક્ષિણે રે.સ.નં. ૨૧૧૨થી પૂર્વે દેના બેંક, બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડાના એટીએમથી વ્હોરવાડથી પુરષોતમભુવનથી પુનિતપાર્ક સોસાયટીથી આગળ વધતાં રે.સ.નં.૪૫,૧૯૫ શિવમપાર્ક, રે.સ.નં.૧૯૩ ,મીરા હોસ્પિટલથી દક્ષિણે આગળ વધતાં હોટલ સીટી પોઈન્ટથી આગળ વધતાં રે.સ.નં.૨૩૧/ પી ,૨૩૨/ પી, ૨૫૦/ પી પશ્ચિમે આગળ વધતાં રે.સ.નં.૨૫૧/ પી ની ઉત્તરે રે.સ.નં.૨૧૦,૨૦૮,૨૧૯થી ઉત્તરે આગળ વધતાં રે.સ.નં. ૨૦૦ ની પશ્ચિમે રે.સ.નં.૨૫થી ઉત્તરે રે.સ.નં.૨૧,૩૩,૩૨ થી ઉત્તરે ૩૫ થી આગળ વધતાં રોડની હદે ૧૦/ બી,૧૦/ બી / ૨ થી આગળ વધતાં રે.સ.નં.૧૧થી બ્રહ્મરોડ થઈને રે.સ.નં. ૧/ બી થી જૂના કુંભારવાડોમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

ડાકોર નગરપાલિકા, જિલ્લો ખેડા

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૪૪	૦	૧	૧૭૦	૩૭૫૬ થી ૩૮૭૦	શ્રી રામ શોપીગ સેન્ટર, ઈન્દ્રપ્રસ્થ પાર્ટી પ્લોટ વિસ્તાર, કાઠીયાવાડી હોટલ, એ.જી.શાહ પેટ્રોલપંપ, માટલાવાળાના ઘર સુધીનો વિસ્તાર
	૪૫	૦	૧૩	૧૬૮	૩૮૭૧ થી ૪૦૨૪ ૪૧૪૪ થી ૪૧૭૫	માટલાવાળાના ઘરથી રામવિજય સોમીલ, રાજમહેલ, મહર્ષિ સોસાયટી, ધ્વારકેશ કોમ્પ્લેક્ષ, એપોલો કોમ્પ્લેક્ષ, રાધે હોસ્પિટલ, ગોપી હોસ્પિટલ, જલારામ ગેસ્ટ હાઉસ, સ્વામિનારાયણ મંદિર, જી.ઈ.બી. શંકરનગર સોસાયટી, એસ.ટી. શોપીગ સેન્ટર સુધીનો વિસ્તાર
	૪૬	૧	૦	૨૫૨	૪૧૭૬ થી ૪૩૩૪	એ.જી.શાહ પેટ્રોલપંપ, બાલબ્રહચાર્ય આશ્રમ, ડો.કનુભાઈનું દવાખાનું, રણછોડરાય હોસ્પિટલ, પેટલાદવાળાની ધર્મશાળા સુધીનો વિસ્તાર
	૪૭	૦	૦	૨૮૨	૪૩૩૫ થી ૪૪૨૫/૪	બળિયાદેવના મંદિર, પાંજરાપોળ, સરદાર શોપીગ, યમુના આઈસ ફેકટરી, જૈન મંદિર, એકલીગજી સોસાયટી, મહેશભાઈ મહેતાના ખેતર સુધીનો વિસ્તાર
	૪૮	૦	૦	૬૬૮	૪૪૬૬ થી ૪૫૨૦ ૪૬૬૮ થી ૪૭૧૨	સંતરામ પાર્ક, હરિઓમ એસ્ટેટ, વૃંદાવન સોસાયટી, ધ્વારકેશ પાર્ક, મહાલક્ષ્મી સોસાયટી, ગોકુલનગર, ઠક્કરની ખરી સુધીનો વિસ્તાર
	૪૯	૨૦	૬	૬૮૬	૪૭૧૨/૧ થી ૯ ૪૫૨૦/૧ થી ૪૫૭૫ ૩૮૯૧ થી ૩૯૦૪	ગોકુલનગર, શ્રીજી સોસાયટી, ભાવિક સોસાયટી, રણછોડરાય સોસાયટી, પટેલ ગેસ્ટ હાઉસ, ધ્વારકેશનગર સુધીનો વિસ્તાર
	૫૦	૦	૦	૭૬૯	૪૦૧૪ થી ૪૧૨૮ ૪૪૨૬ થી ૪૪૬૪	હરેકૃષ્ણ સોસાયટી, નારાયણ નગર, ઘનશ્યામ નગર, જયમસીહા સોસાયટી, ગાયત્રી નગર સોસાયટી સુધીનો વિસ્તાર
	૨૧	૦	૦	૨૬૮	૨૭૪૮ થી ૨૯૨૧	બોડાણા પાર્ક, પરીખ એસ્ટેટ, ગાયત્રી સોસાયટી, કન્યાશાળા, વિશ્વકર્મા શોપીગ સેન્ટર, પોસ્ટ ઓફિસ, વિષ્ણુ કોમ્પ્લેક્ષ સુધીનો વિસ્તાર
	૨૨	૩૩	૩૦	૧૬૪	૨૯૨૨ થી ૨૯૮૬	વિષ્ણુ કોમ્પ્લેક્ષ, પોલીસ સ્ટેશન, બાજુના શોપીગ સેન્ટર, રાકેશ ભુવન સુધીનો વિસ્તાર
	૨૩	૪૦	૫	૧૬૦	૨૯૮૭ થી ૩૧૬૩	રાકેશ ભુવનની દુકાનો, દુધરેજવાળા ધર્મશાળા, બાલમંદિર, સરકારી હોસ્પિટલ, કૃષ્ણકુંજ પ્લાઝા શોપીગ સેન્ટર, સોમાલાલ મહાશંકરના પેટ્રોલપંપ સુધીનો વિસ્તાર
કુલ		૯૪	૫૫	૩૬૧૭		

વોર્ડ નંબર– ૭ની હદનું વર્ણન :

ડાકોર નગરપાલિકા વોર્ડના વાયવ્ય ખૂણે રે.સ.નં.૧૦૨ થી આગળ વધીને રે.સ.નં.૧૧૧,૧૧૧/ એ/૨,૧૧૦ની દક્ષિણે બોડાણાપાર્કથી દક્ષિણ પૂર્વે આગળ વધતાં રે.સ.નં.૧૦૪ પોલિસ લાઈન ૧૦૬,૧૦૭ ,૯૧,૯૦ સરકારી હોસ્પિટલથી આગળ વધતાં રે.સ.નં.૮૩થી આગળ વધતાં પેટ્રોલપંપ, એમજીવીસીએલ, શ્રીરામ શોપિંગ સેન્ટર રે.સ.નં.૧૫૭/ બી, ઈન્દ્રપ્રસ્થ પાર્ટીપ્લોટથી દક્ષિણે આગળ વધતાં શેઢી નદીની હદે હદે આગળ વધતાં રે.સ.નં.૧૭૩,૧૮૧, ૧૮૩,૧૮૪,૧૮૫ થી આગળ

વધતાં રે.સ.નં.૨૨૮,૨૨૯,૨૩૮,૨૩૯,૨૪૦,૨૪૧ થી આગળ વધતાં રે.સ.નં.૨૫૫,૨૫૬ની ઉત્તરે ૨૫૪, ૨૫૧,૨૫૦,૨૧૭/પી,૨૩૧થી આગળ વધતાં ૧૮૮/પી, ૧૮૯, ૧૮૧ થી આગળ વધીને રે.સ.નં.૧૭૯, મહાલક્ષ્મી સોસાયટી, વૃંદાવન સોસાયટીથી સંતરામપાર્કથી એકલીંગજી સોસાયટી થઈને ફાયરસ્ટેશન થઈને રે.સ.નં.૧૦૨ સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

ડાકોર નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૪૩૯૬	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૪૮૫	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૩૮૩૩ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૧૩૬
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૧૮	
સામાન્ય બેઠકો	૧૦	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૩૩૪૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૩૨૧૪	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૩૭૭૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૩૩૮૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૬૮૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૩૩૮૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૬૧૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ					

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 333 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, SEPTEMBER 21, 2017/BHADRA 30, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯–૦૯–૨૦૧૭

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–ધંધુકા–યુનિટ–૧–૦૯૨૦૧૭

ધંધુકા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

INDEX

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૩૩–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **ધંધુકા** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **ધંધુકા** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ–૨૮** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૩૨૪૭૫** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૪૬૩૯** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ

જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૩	૪૨૨૮	૮૨૧	૧૯.૪૨
૨	૬	૪૭૭૮	૫૨૦	૧૦.૮૮
૩	૪	૪૩૭૫	૩૮૯	૮.૮૯
૪	૭	૪૯૭૭	૧૯૪	૩.૯૦
૫	૨	૪૭૮૯	૧૩૪	૨.૮૦
૬	૧	૪૭૦૭	૫૪	૧.૧૫
૭	૫	૪૬૨૧	૧૨	૦.૨૬
	કુલ	૩૨૪૭૫	૨૧૨૪	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૩ અને ૬ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૬ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૩ અને ૬ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૩	અનુસૂચિત જાતિ
૨	૬	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **કોઈપણ** બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૬	૪૭૭૮	૮૫	૧.૭૮
૨	૨	૪૭૮૯	૪૨	૦.૮૮
૩	૧	૪૭૦૭	૧૦	૦.૨૧
૪	૫	૪૬૨૧	૧	૦.૦૨
૫	૩	૪૨૨૮	૦	૦.૦૦

૬	૪	૪૩૭૫	૦	૦.૦૦
૭	૭	૪૯૭૭	૦	૦.૦૦
	કુલ	૩૨૪૭૫	૧૩૮	--

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

ધંધુકા નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૭	૪૯૭૭	૪૮૪૫	૯૭.૩૫
૨	૪	૪૩૭૫	૪૨૨૮	૯૬.૬૪
૩	૩	૪૨૨૮	૩૭૩૭	૮૮.૩૯
૪	૨	૪૭૮૯	૪૦૦૫	૮૩.૬૩
૫	૧	૪૭૦૭	૩૫૪૦	૭૫.૨૧
૬	૫	૪૬૨૧	૨૯૬૮	૬૪.૨૩
૭	૬	૪૭૭૮	૨૬૮૦	૫૬.૦૯
	કુલ	૩૨૪૭૫	૨૬૦૦૩	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ **નં.૭,૪ અને ૩** માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ **નં.૭ અને ૩** માં પછાતવર્ગની અને વોર્ડ **નં.૪** માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ **નં.૩** માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ, પછાતવર્ગના ખાસ ક્રમાંક ૩ વોર્ડ નં.૩ ને પછાતવર્ગ સ્ત્રીવાળા ખાસ ક્રમાંક ૨ **વોર્ડ નં.૪** સામે ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવતાં વોર્ડ **નં.૩** માં પછાતવર્ગની સ્ત્રી બેઠક અને વોર્ડ **નં.૭ માં અને ૪** માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૭	પછાતવર્ગ
૨	૪	પછાતવર્ગ
૩	૩	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ધંધુકા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **ધંધુકા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,

સચિવ,

રાજય ચૂંટણી આયોગ,

ગાંધીનગર.

અનુસૂચિ–૧

ધંધુકા નગરપાલિકા, જિલ્લો અમદાવાદ

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૧	૧૯	૦	૮૯૫	૧ થી ૧૬૫	નસીબ સોસાયટી, તલાટી સોસાયટી
	૨	૩૫	૦	૫૫૭	૧ થી ૧૨૯	દત્તાત્રેય સોસાયટી, હુડકો સોસાયટી, નારાયણ નગર
	૩	૦	૦	૭૦૭	૧ થી ૧૪૫	સહયોગ નગર, પંચવટી બંગ્લોઝ, ઘનશ્યામ નગર, શિવશકિત નગર
	૪	૦	૦	૯૨૬	૧ થી ૧૫૦	પ્લોટ વિસ્તાર,સથવારા સોસાયટી
	૫	૦	૪	૫૮૨	૧ થી ૧૩૭	શ્રીનાથ સોસાયટી, હંસનગર, સૂર્યલોકનગર,પટેલ બોર્ડીંગ
	૬૨	૦	૬	૭૧૨	૧ થી ૧૨૪	પ્લોટ વિસ્તાર, ભરવાડવાસ
	૬૪	૦	૦	૩૨૮	૧ થી ૬૨	બજરંગ સોસાયટી, વેલનાથ સોસાયટી, ગુલીસ્તાન સોસાયટી, બાપાસીતારામ સોસાયટી, સીતારામ સોસાયટી ઈન્દિરા છાત્રાલય
કુલ	૭	૫૪	૧૦	૪૭૦૭		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

ધંધુકા નગરપાલિકાના વોર્ડ નં. ૧ના વાયવ્ય ખૂણે વાસણાના સીમાડે રે.સ.નં.૪૩૪ થી શરૂ કરી ઉત્તરે ભાદર નદીના કિનારેથી પૂર્વે સ.નં.૪૩૫, ૪૩૬ના અગ્નિ ખૂણે રે.સ.નં.૨૦૫૩ સુધી, ત્યાંથી ઈશાન તરફ સ.નં. ૨૦૫૪ ની ઉત્તરે આગળ વધી સ.નં.૪૪૬,૧૯૯૭ થી રે.સ.નં.૪૬૧ સુધી, ત્યાંથી ઉત્તરની હદેથી પૂર્વમાં આગળ વધી છારોડીયાના સીમાડે થઈ ભાદર નદી ઓળંગી પૂર્વમાં રે.સ.નં.૬૧૨ સુધી, ત્યાંથી ઉત્તરે રે.સ.નં.૬૧૫,૬૧૬ ની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ આગળ વધી ૬૧૬ આવરી લઈ સ.નં. ૬૩૧ સુધી, ત્યાંથી પૂર્વે સ.નં. ૬૩૩, ૬૩૪ અને ૬૩૫ થી આગળ વધી છારોડીયાનો રસ્તો ક્રોસ કરી રે.સ.નં.૬૪૭, ૬૪૮ સુધી, ત્યાંથી દક્ષિણમાં રે.સ.નં.૬૫૩/પી, ૬૫૧,૫૮૮,૫૯૨, ૫૯૩,૫૯૪,૫૯૭,૫૯૮,૬૦૦, ૬૦૧, ૬૦૨ સુધી, ત્યાંથી આગળ ભાદર નદી ઓળંગી રે.સ.નં. ૫૧૧ ની પૂર્વે અમદાવાદ – ભાવનગર હાઈવે ઉપર રેલવેફાટક ક્રોસ કરી રેલવેસ્ટેશનની દક્ષિણમાં આગળ વધી રેલવેક્રોસ કરી રે.સ. નં. ૩૮૪, શ્રીનાથ સોસાયટીની દક્ષિણે ઉત્તર તરફ આગળ વધી હુડકો સોસાયટી વિસ્તાર આવરી લઈ દક્ષિણે દત્તાત્રેય સોસાયટી સુધી, ત્યાંથી દક્ષિણે રે.સ.નં.૩૮૭, ૩૮૬ તરફ આગળ વધતાં પાણી પુરવઠા બોર્ડથી બજરંગ સોસાયટી સુધી, ત્યાંથી નૈઋત્યે રે.સ.નં.૩૮૧,૩૮૦ ની પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૩૭૯,૩૭૮, ૩૭૭,૩૭૬,૩૭૫ ની દક્ષિણે રાણપુર રોડની ઉત્તર દિશાએથી રે.સ.નં.૩૭૪ થી ૩૭૩ સુધી, ત્યાંથી ઉત્તરે રે.સ.નં.૪૧૩,૪૧૪,૪૧૬,૪૧૭ ૪૧૮,૪૧૯,૪૨૮ અને ૪૨૯ સુધી, ત્યાંથી પશ્ચિમે કોટડાના સીમાડે આગળ વધી રે.સ.નં.૪૩૦ આવરી લઈ ઉત્તરે રે.સ.નં.૪૩૩ ની પશ્ચિમ બાજુથી ઉત્તર તરફ રે.સ.નં.૪૩૪ ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

ધંધુકા નગરપાલિકા, જિલ્લો અમદાવાદ

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૨	૬	૭	૦	૪૮૮	૧ થી ૧૦૬	પુનિત બાગ, મલતાન તળાવ, શ્યામઘાટ, બિરલા હાઈસ્કૂલ, કબ્રસ્તાન
	૭	૧૯	૦	૫૯૧	૧ થી ૧૦૯	માળીવાડા, ચામુંડા મઢ, મોતી તળાવ, રામટેકરી, અવાડા ચોક, હનુમાન મંદિર
	૮	૦	૦	૬૦૭	૧ થી ૧૪૦	માળીવાડા તરફ, મગનભાઈની ધર્મશાળા, કોળીવાડા, રામીફળી
	૯	૦	૦	૪૨	૧ થી ૭	હનુમાન મંદિર, મામાનો ખીજડો, અંબાજી મંદિર, કોળીવાડો, નવાપરા
	૧૩	૦	૦	૨૩૬	૧ થી ૫૪	સ્મશાન રોડ, મહાકાળી મંદિર, ભદ્રેશ્વરમહાદેવ
	૧૪	૦	૦	૨૩૫	૧ થી ૪૩	મોટાપીરની દરગાહ, ઠક્કર કોમ્પ્લેક્ષ, માર્કેટયાર્ડ ગોડાઉન
	૪૧	૦	૦	૩૫૨	૧ થી ૭૬	કસ્ટમ બંગલો, અંબાપુરા, સિવિલ કોર્ટ
	૪૨	૦	૧૯	૩૦૪	૧ થી ૬૫	ભીલવાડા, અંબાપુરા, દરજીની વાડી
	૪૪	૦	૧૦	૪૭૦	૧ થી ૮૬	અંબાપુરા,માળીવાડો
	૪૬	૦	૦	૩૪૩	૧ થી ૭૮	શામળભાઈ ફુલઘર, રામજી મંદિર, અવાડા ચોક, મનહર ડાહ્યા રામીનું ઘર, આંગણવાડી, અંબાપુરા, પટેલ કોમ્પ્લેક્ષ
	૪૭	૦	૦	૫૧૭	૧ થી ૧૨૦	લીબડાવાળો ખાંચો, પોલીસ કવાર્ટર્સ, અંબાપુરા, પીપલ્સ બેંક, નાગજીભાઈ કવૈયાનું મકાન, રામજી મંદિર શાળા
	૪૯	૧૦૮	૧૩	૬૦૪	૧ થી ૯૮	રેવન્યુ સોસાયટી,રોડકીયા હનુમાન, કસ્તુરબા હોસ્પિટલ,ડોકટર હાઉસ, મલતાન તળાવ, શ્યામઘાટ સ્કૂલ, ખોડીયાર મંદિર, તાલુકા પંચાયત કચેરી, બિરલા હાઈસ્કૂલથી પાણી પુરવઠા સુધી, સાર્વજનિક છાત્રાલય
કુલ	૧૨	૧૩૪	૪૨	૪૭૮૯		

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

ધંધુકા નગરપાલિકાના વોર્ડ નં. ૨ ના વાયવ્ય ખૂણે રે.સ.નં.૬૫૪ થી શરૂ કરી જાળીયાના સીમાડે સીમાડે આગળ વધી રે.સ.નં. ૬૫૬,૬૫૭, ૬૫૮, ૬૫૯, ૭૨૮, ૭૨૯, ૭૩૦, ૭૩૧, ૭૩૭, ૭૩૮,૭૪૬/પી,૭૪૭,૭૪૮, ૭૫૩,૭૫૪/પી ની ઈશાન તરફ રે.સ.નં.૭૮૯ થી રેલવે લાઈન ક્રોસ કરી દક્ષિણ પશ્ચિમ હદે આગળ વધતાં રે.સ.નં.

INDEX

૭૫૨/પી, ૭૫૨, ૭૫૧,૭૫૦,૭૪૫,૭૪૪,૭૪૩,૭૪૨,૭૨૦ સુધી, ત્યાંથી નૈઋત્યે રે.સં નં.૭૦૭ રાયણુંવાળા મેલડીમાતા મંદિરવાળા રસ્તે આગળ વધતાં રે.સ.નં. ૭૦૪, ૭૦૩, ૬૮૨ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં.૮૧૮ થી આગળ વધતાં ભાદર નદી ઓળંગી પશ્ચિમે રે.સ.નં.૫૫૧ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ મોટાપીરની દરગાહ, પે–એન્ડ યુઝ ટોઈલેટ થઈ પશ્ચિમ તરફ આગળ વધતાં નવાપરા વિસ્તારની દક્ષિણ હદે આગળ વધતાં કોળીવાડા સુધી, ત્યાંથી દક્ષિણે રામ ફળિયું, ભીલવાડા વિસ્તારઆવરી લઈ પશ્ચિમ તરફ આગળ વધતાં અંબાપુરા, માળીવાડા, પશ્ચિમે જયુડીસીયલ કોર્ટ, બિરલા કોમ્પ્લેક્ષ થઈ ડોકટર હાઉસ થઈ કસ્તુરબા હોસ્પિટલ રે.સ.નં. ૫૨૭ થી પશ્ચિમે આગળ વધતાં રેલવેલાઈન ક્રોસ કરી રે.સ.નં.૩૮૬ સાર્વજનિક છાત્રાલયની ઉત્તર પશ્ચિમે રે.સ.નં.૩૮૭ આવરી લઈ પૂર્વે રે.સ.નં.૩૮૬ ની હદે હદે ઉત્તર તરફ રેલવે ક્રોસ કરી, રે.સ.નં.૫૧૫ સુધી, ત્યાંથી ઉત્તર તરફ આગળ વધી રેલવે લાઈન તથા ભાદર નદી ઓળંગી રે.સ.નં. ૫૭૦, ૫૭૮, ૫૮૧ રાજધાની હોટલથી ઉત્તરે રે.સ.નં. ૫૮૭,૬૫૨,૬૫૩ ની પશ્ચિમ હદે હદે ઉત્તરમાં આગળ વધી ને રે.સ.નં.૬૫૪ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ધંધુકા નગરપાલિકા, જિલ્લો અમદાવાદ

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૩	૧૧	૦	૦	૪૧૬	૧ થી ૯૯	કુંભારવાડા, લવિંગીયા ફળી,
	૧૨	૪	૦	૩૪	૧ થી ૮	ભીડીબજાર,
	૧૬	૦	૦	૨૨૭	૧ થી ૪૬	શાકમાર્કેટ, કડીયાફળી, હજામવાડા
	૧૮	૦	૦	૪૩૮	૧ થી ૭૫	વણકરવાસ, કસ્બા, શાકમાર્કેટ સામેનો વિસ્તાર, કોળીવાસ, મીરાવાડી
	૧૯	૮	૦	૪૩૦	૧ થી ૧૦૬	મોટા સુથારવાડા, નાનો સુથારવાડા
	૨૦	૩૪	૦	૪૬૪	૧ થી ૯૫	પોલીસ સ્ટેશન, ગણપતી મંદિર, પોલીસ કવાર્ટર્સ, તાલુકા શાળા, મોટા ઘોઘારીવાડા
	૨૨	૦	૦	૪૦૮	૧ થી ૧૦૨	મીયાના પરા
	૨૩	૦	૦	૮૩૮	૧ થી ૧૪૪	મીયાના પરા, ખાનજીવાડા, નાની ઝોક
	૨૫	૩૭૨	૦	૫૦૬	૧ થી ૯૭	ઝોક, ખાટકીવાડા, દલિતવાસ
	૬૩	૪૦૩	૦	૪૬૭	૧ થી ૭૯	દલિતવાસ, શંકર સોસાયટી
કુલ	૧૦	૮૨૧	૦	૪૨૨૮		

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

ધંધુકા નગરપાલિકાના વોર્ડ નં. ૩ ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં. ૭૮૯ થી શરૂ કરી સ.નં. ૭૯૦ તથા રાયકાના સીમાડે પૂર્વ તરફ આગળ વધતાં રે.સ.નં.૮૬૪ થી ૮૭૩ સુધી, ત્યાંથી આગળ વધતાં અગ્નિ ખૂણા તરફ સ.નં. ૮૯૧ થી ખડોળના સીમાડે આગળ વધતાં સ.નં.૯૧૦ સુધી, ત્યાંથી પૂર્વે ૯૭૪/પી થી દક્ષિણ તરફ ૯૭૪ થી દક્ષિણ પૂર્વ તરફ રેવન્યુ સર્વે ૯૭૮ થી હદ ને પશ્ચિમ ઉત્તર તરફ રેવન્યુ સર્વે નં ૯૯૩ થી દક્ષિણ પૂર્વ તરફ રેવન્યુ સર્વે નં ૯૯૪, ૯૯૬ થી દક્ષિણ તરફ ૯૯૯ ની હદ ને સ્પર્શી પૂર્વ તરફ જતા રે.સે ૧૦૦૦ થી દક્ષિણ તરફ ૧૦૨૨/પી પશ્ચિમ તરફ જતાં રે.સ.નં. ૯૯૯ થી રે.સ.નં. ૯૮૬ થી પશ્ચિમ તરફ જતાં ૯૮૫ ની હદ ને સ્પર્શી સ.નં.૯૬૫,૯૫૭ થી પશ્ચિમ તરફ જતાં રે.સ.નં.

૯૫૬ ની હદ ને સ્પર્શી સ.નં. ૯૪૫ થી દક્ષિણ તરફ નદી ઓળંગી રે.સ.નં. ૯૪૪ થી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ. નં. ૧૦૫૭ થી ૧૦૮૨ સુધી, ત્યાંથી ભાદર નદી ઓળગી ઉત્તર પશ્ચિમ તરફ રે.સ.નં.૧૩૪૬,૧૩૬૧,૧૩૬૨ થી દક્ષિણ તરફ ૧૩૬૩ ની દક્ષિણ તરફ નાનીઝોક, મીયાંનાપરા થઈ પશ્ચિમ તરફ આગળ વધતાં ખાટકીવાડા થઈ દક્ષિણ તરફ મોટો સુથારવાડ, નાનાસુથાર વાડાથી દક્ષિણ તરફ જતાં ઘોઘારી વાડાથી ઉત્તર પશ્ચિમ તરફ કડીયાફળીથી પશ્ચિમથી દક્ષિણમાં આગળ વધી કુંભારવાડા થઈ ઉત્તર પૂર્વ તરફ આગળ વધી દલિતવાસથી આગળ વધી વણકરવાસથી ઉત્તર તરફ આગળ વધી ભાદરનદી ઓળંગી રે.સ.નં. ૮૧૯ થી ઉત્તર પૂર્વ તરફ જતા રે.સ.નં.૮૧૧,૮૧૦,૮૦૯,૮૦૮,૮૦૭ થી ઉત્તર પૂર્વ તરફ જતા ૮૦૬ ની હદને સ્પર્શી રે.સે.નં.૭૬૫,૭૬૪,૭૬૩,૭૬૨,૭૫૭ થી ઉત્તર તરફ ૭૫૬ થી ઉત્તર પૂર્વ તરફ આગળ વધતાં ઉત્તરમાં વાયવ્ય ખૂણે ૭૫૪ થી ૭૮૯ ના ખૂણે મળી જાય છે. આ ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ધંધુકા નગરપાલિકા, જિલ્લો અમદાવાદ

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૪	૨૧	૦	૦	૧૦૦	૧ થી ૨૨	વણકરવાસ, ખાનજીવાડા
	૨૪	૩૨૩	૦	૩૭૨	૧ થી ૭૬	વણકરવાસ, દલિતવાસ
	૨૬	૨૯	૦	૫૦૭	૧ થી ૮૬	ખાટકીવાડા, શંકર સોસાયટી, દેવીપૂજકવાસ
	૨૭	૩૭	૦	૬૪૧	૧ થી ૧૨૫	વણકરવાસ, ધુમડાફળી
	૨૮	૦	૦	૫૮૧	૧ થી ૯૪,	રોજકા રોડ, નાનો ઘોઘારીવાડો, ઝોક ફળી
	૨૯	૦	૦	૪૧૬	૧ થી ૮૫	તલાટવાડા, ફજલેઅલી મસ્જિદ
	૩૦	૦	૦	૨૨૭	૧ થી ૫૧	કચેરી રોડ, મુખીફળી, ચોપડાફળી,મોદનવાડા
	૩૧	૦	૦	૩૨૧	૧ થી ૬૨	બુખારી રોડ, મળવતવાડા
	૩૯	૦	૦	૪૮૯	૧ થી ૧૦૩	ચોખ્ખા મોદનવાડા, પાયકવાડા, કુરેશીવાડા, દેસાઈવાડા
	૫૯	૦	૦	૪૯૩	૧ થી ૮૮	સાત ઓરડા, ભરવાડવાડા, જશુબેન શામજીભાઈનું ઘર, દેવીપૂજકવાસ
	૬૦	૦	૦	૨૨૮	૧ થી ૪૮	દેસાઈવાડા, મળવતવાડા, યાસ્મીન સોસાયટી
કુલ	૧૧	૩૮૯	૦	૪૩૭૫		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

ધંધુકા નગરપાલિકાના વોર્ડ નં. ૪ ના વાયવ્ય ખૂણાથી ઉત્તર દિશાથી પૂર્વ તરફ આગળ વધી રે.સ.નં.૧૩૬૩ થી આગળ વધતાં ઉત્તર તરફ આગળ વધી રે.સ.નં.૧૩૭૧,૧૩૭૨, ૧૩૭૨/પી થી પૂર્વ તરફ ૧૩૭૩ થી ઉત્તર પૂર્વ તરફ ૧૩૪૦,૧૩૪૨ થી દક્ષિણ તરફ ૧૩૩૯ થી પૂર્વ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૩૩૮ થી નદી ઓળંગીને આગળ વધતાં રે.સ.નં. ૧૧૧૮ થી ઉત્તર પૂર્વમાં આગળ વધી રે.સ.નં.૧૦૩૩ થી ઉત્તર તરફ આગળ વધતાં રે.સ.નં.૧૦૨૯ થી પૂર્વ તરફ આગળ વધતાં રે.સ.ન.૧૦૧૪,૧૦૦૨ થી ઉત્તર થઈ દક્ષિણ દિશા આગળ વધી પૂર્વમાં આગળ વધતાં રે.સ.નં.૧૧૮૩ ની પૂર્વ દિશા દક્ષિણમાં આગળ વધતાં રે.સ.નં.૧૧૮૬ દક્ષિણ પૂર્વ તરફ આગળ વધી રે.સ.નં.૧૧૮૯ થી પૂર્વ તરફ જતાં ૧૧૯૦,૧૬૦૧ ની ઉત્તર

દિશાએ પૂર્વમાં આગળ વધી રે.સ.નં.૧૬૧૦ થી દક્ષિણ દિશા તરફ આગળ વધી રે.સ.નં.૧૬૨૪,૧૬૨૫ થી દક્ષિણ પૂર્વ તરફ ૧૬૨૬ થી આગળ વધી રે.સ.નં.૧૬૪૮ થી દક્ષિણ પૂર્વ તરફ જતા રે.સ.નં.૧૬૫૯ ની પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૬૫૮ ની દક્ષિણ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૬૬૧ થી પશ્ચિમ તરફ રોજકાના સીમાડેથી આગળ વધતાં રે.સ.નં.૧૭૦૩ ની દક્ષિણ તરફ રે.સ.નં.૧૭૦૪ ની પશ્ચિમ તરફે આગળ વધતાં રે.સ.નં.૧૭૧૦,૧૭૨૮ ની દક્ષિણ તરફ થઈ પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૭૩૧,૧૭૩૨ ની ઉત્તર પશ્ચિમે આગળ વધતાં રે.સ.નં.૧૭૪૩,૧૭૪૪,૧૭૪૫ થી ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૭૬૯,૧૭૭૦ ની દક્ષિણ પશ્ચિમ તરફ જતાં રે.સ.નં.૧૮૦૨ થી કોઠડીયા સીમાડે આગળ વધતાં પશ્ચિમમાં આગળ વધી રે.સ.નં.૧૮૦૧,૧૮૦૩,૧૮૩૧ ની પશ્ચિમ બાજુ આગળ વધી રે.સ.નં.૧૮૩૫,૧૮૩૭ થી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૮૬૦ થી દક્ષિણ દિશા તરફ આગળ વધતાં રે.સ.નં.૧૮૭૬,૧૮૭૭ થી ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં. ૧૮૭૯,૧૮૮૦ થી ૧૮૮૩ થી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૯૦૫થી ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૯૦૯ ની પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૯૨૩ ની ઉત્તર તરફ આગળ વધતાં રે.સ.નં.૧૯૨૫ થી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૯૨૬,૧૯૨૯,૧૯૩૦ ની પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૯૪૬ થી દક્ષિણ તરફ ૧૯૭૨,૧૯૭૩ થી ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં ૧૯૭૧, ૧૯૬૯, ૧૯૬૭, ઉત્તર તરફ આગળ વધતાં રે.સ.નં. ૧૯૬૫, ૧૯૬૧, ૧૯૫૯ ની પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૯૮૮ ની પશ્ચિમ તરફ યાસ્બીન સોસાયટીથી દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૪/પી, ૫/પી, ૧૯૫/પી ની ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતાં ભરવાડવાસ, સાત ઓરડા ની પશ્ચિમ ઉત્તર તરફ આગળ વધતાં મળવતવાડાથી પશ્ચિમથી ઉત્તર તરફ આગળ વધતાં ફજલેઅલીની મસ્જિદથી પશ્ચિમ તરફ પાયકવાડ, દેસાઈવાડાથી ઉત્તર તરફ જુમ્મા મસ્જિદની ઉત્તર થઈ પશ્ચિમ તરફ થઈ ઉત્તર તરફ આગળ વધી પૂર્વ તરફ થઈ દક્ષિણ પૂર્વ તરફ આગળ વધતાં મોબાઈલ ટાવર થઈ ઉત્તર તરફ મોદનવાડા મસ્જિદ થઈ પૂર્વથી ઉત્તર તરફ આગળ વધતાં વણકરવાસથી ઉત્તર તરફ આગળ વધતાં ખાંટકીવાડાથી ઉત્તર પૂર્વ તરફ આગળ વધતાં રે.સનં.૧૩૬૫ ની દક્ષિણ તરફ આગળ વધતાં વણકરવાસની ઉત્તર પશ્ચિમ તરફ થઈ રે.સ.નં.૧૩૬૩ ના ખૂણે મળી જાય છે. તેમા આવતા અંદરના ભાગમાં ઉપર દર્શાવેલ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ધંધુકા નગરપાલિકા, જિલ્લો અમદાવાદ

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૫	૧૦	૦	૦	૧૭૬	૧ થી ૪૬	ભાવસાર ફળી
	૧૫	૦	૦	૪૪૭	૧ થી ૧૦૪	કોઠા બજાર, ચબુતરા બજાર
	૧૭	૧૨	૦	૫૮	૧ થી ૧૫	નાના સુથારવાડા, નગરપાલિકા ઓફિસ, પોલીસ કવાર્ટર્સ, ખાંડાચોરાનો પાછળનો ભાગ
	૩૪	૦	૦	૪૫૬	૧ થી ૧૦૭	વચલી ફળી
	૩૫	૦	૧	૨૦૭	૧ થી ૫૬	વખારફળી, જાગનાથ દરવાજા
	૩૬	૦	૦	૫૬૬	૧ થી ૧૩૪,	પીપળા ફળી, ગાંધી ફળી, પાયક વાડા
	૩૭	૦	૦	૪૬૮	૧ થી ૯૯	દેકાવાડા, કુંભારવાડ, મંદિર ફળી, લીબડી ફળી
	૩૮	૦	૦	૩૫૨	૧ થી ૮૪	દેકાવાડા, સાંકડીશેરી, વચલીફળી, લીબડીફળી
	૪૦	૦	૦	૩૯૯	૧ થી ૭૮	તલાટવાડા, દેસાઈવાડા
	૪૫	૦	૦	૬૩૯	૧ થી ૧૧૯	સ્વામિનારાયણ મંદિર, ચીસ્તીફળી, સોનીનીવાડી, મોદીફળી
	૬૧	૦	૦	૮૫૩	૧ થી ૧૩૪	શાકમાર્કેટ, લાતી, અડવાળાનાકા રોડ
કુલ	૧૧	૧૨	૧	૪૬૨૧		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :–

ધંધુકા નગરપાલિકાના વોર્ડ નં. ૫ ના વાયવ્ય ખૂણે કાળી ખડકી ઉત્તર પૂર્વ તરફ આગળ વધીને જૈન દેરાસર થઈ ઉત્તર તરફ દેકાવાડાથી આગળ વધી શાક માર્કેટથી પૂર્વ દિશા તરફ આગળ વધી ભાવસારફળીથી દક્ષિણ તરફ લવિંગીયા ફળીથી પૂર્વ દિશા તરફ દક્ષિણમાં આગળ વધી જૈન દેરાસરથી ઉત્તર તરફ પૂર્વ તરફ આગળ વધી કોઠાબજારથી દક્ષિણતરફ આગળ વધતાં નગરપાલિકા ઓફિસથી ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતાં સંપથી આગળ વધી બારડોલી લાઈબ્રેરીથી પશ્ચિમ દક્ષિણ તરફથી આગળ વધી દક્ષિણ તરફ આગળ વધતાં વચલીફળી, વખારફળી થી પૂર્વ તરફ આગળ વધતાં કુરેશી મસ્જિદ થઈ દક્ષિણ તરફ દેસાઈવાડા થઈ પૂર્વ તરફ આગળ વધી દક્ષિણ તરફ આગળ વધી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૯૯ ની ઉત્તર પશ્ચિમ તરફે આગળ વધતાં ગાંધી ફળીની ઉત્તર તરફ પીપળાફળી, જાગનાથ દરવાજા થઈ પશ્ચિમ તરફ આગળ વધતાં સ્વામિનારાયણ મંદિર થઈ ઉત્તર તરફ આગળ વધતાં સોનીની વાડીથી પૂર્વ તરફ આગળ વધતાં મોટી ફળી થઈ કાળી ખડકીને મળી જાય છે. આમ ઉપર દર્શાવેલ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ધંધુકા નગરપાલિકા, જિલ્લો અમદાવાદ

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૬	૪૩	૦	૦	૭૪	૧ થી ૧૬	જાગનાથ દરવાજા
	૫૦	૦	૩	૯૫૪	૧ થી ૧૮૪	મહાત્માનગર, મેઘરાજ સોસાયટી, જૈન સોસાયટી, વૈષ્ણવ સોસાયટી
	૫૨	૨૮	૮	૮૬૮	૧ થી ૧૫૭	દરબાર સોસાયટી, નીલકંઠ સોસાયટી, એકતા સોસાયટી
	૫૩	૨૫	૧૨	૧૦૯૯	૧ થી ૧૮૧	વિશ્વજયોત, શાખાજીન, યોગીકૃપા
	૫૪	૪૨૭	૪૪	૮૭૫	૧ થી ૧૮૦	કૈલાસનગર, આઝાદનગર
	૬૫	૪૦	૧૮	૯૦૮	૧ થી ૧૯૪	ઘરડાઘર, આર.એમ.એસ. હોસ્પિટલ, સ્વસ્તિક સોસાયટી, જૈન નગર, સુંદરવન, નંદનગર
કુલ	૬	૫૨૦	૮૫	૪૭૭૮		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૧ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

વિજાપુર નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૨	૩૬૬૧	૨૧૦૦	૫૭.૩૬
૨	૧	૩૬૩૪	૧૯૫૦	૫૩.૬૬
૩	૩	૩૯૩૮	૨૦૦૦	૫૦.૭૯
૪	૬	૩૪૫૭	૧૬૭૫	૪૮.૪૫
૫	૪	૩૬૫૩	૧૬૮૫	૪૬.૧૩
૬	૫	૩૩૭૧	૧૧૦૦	૩૨.૬૩
૭	૭	૩૮૪૪	૧૧૫૦	૨૯.૯૨
	કુલ	૨૫૫૫૮	૧૧૬૬૦	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૨,૧ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૨ અને ૩ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૧ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	પછાત વર્ગ
૨	૧	પછાત વર્ગ સ્ત્રી
૩	૩	પછાત વર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને વિજાપુર નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

રાજય ચૂંટણી આયોગ વિજાપુર નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૧

વિજાપુર નગરપાલિકા, જિલ્લો : મહેસાણા

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોકની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૪	–	–	૪૫૩	૧/૪/૧ થી ૧/૪/૯૭ - ૧ થી ૧૦૦	શેયડી, ભાટવાડો (લક્ષ્મીનારાયણ મંદિરથી પૂર્વ બાજુ પેશ્વાવાસ તથા ઉત્તર તરફ ખાકચોક જતાં ગૌશાળાથી પૂર્વ તરફ જતાં ઠાકોરવાસ હુમડનો માઢ, કાળીમાતાના મંદિર પાસેના ઠાકોરવાસ સુધી)
	૭	–	–	૫૨૭	૧/૪/૯૭/બી/૬ થી ૧/૪/૧૨૫ -	ખાકચોક મંદિર, અંબાજી મંદિરથી મુડીવાળું, ઉમિયાનગર, ગોપાળ નગર, નાથાભાઈ પટેલની વાડી, તપોધનના ઘર, રબારીના મકાનો, ખાકચોક મંદિર સામે
	૮	–	–	૬૮૭	૧/૪/૧૨૬ થી ૧/૪/૧૩૯, ૧/૫/૧ થી ૧/૫/૨૮, ૧/૫/૭૫/એ થી ૧/૫/૧૩૨/એ/૨	ગુલાબબાનું ડેલું, બગીચા આગળ, રબારીવાસ, આગળ દેવીપૂજકવાસ, રાવળવાસ, મામલતદાર કવાર્ટર્સ તથા બગીચાના દરવાજા સુધી પૂર્વ બાજુની દુકાનો સહીતનો વિસ્તાર
	૧૦	૯	૧૧	૫૪૦	૧/૫/૧૩૨/એ /૩ થી ૧/૫/૧૩૩ - ૧ થી ૪૮	બગીચા પાસેના છાપરાં, ખેતીવાડી ફાર્મ, પોલીસ લાઈન, રતન તળાવ, અંબાજી માતાનું મંદિર, આસપાસના મકાન સહીત
	૧૧	–	૩૦૫	૮૪૯	૧/૫/૩૩/એ/૫૨ થી ૧/૬/૩૪ - ૧ થી ૧૫૦	આનંદાશ્રમ સોસાયટી, શિશુ મંદિર, હરેકૃષ્ણ સોસાયટી, પાંચપીર પાસે, દેવીપૂજકવાસ, સેનમાવાસ, રાવળવાસ, કબ્રસ્તાનવાળો વિસ્તાર, ગાયત્રી મંદિર સુધી
	૧૪	–	૩	૫૭૮	૧/૬/૩૬/૨૭/એ થી ૧/૬/૩૬/૩૬/એ ૧/૯/૧/એ થી ૧/૯/૮૨/સી/૧૫૪	રામબાગ મંદિર, દુકાનો, અંબિકા સોસાયટી, શાર્દૂલ ટાઉનશીપ સુધીની વચ્ચેનો તમામ વિસ્તાર
કુલ		૯	૩૧૯	૩૬૩૪		

હદનું વર્ણન - વોર્ડ–૧

વિજાપુર નગરપાલિકાના સૂચિત વોર્ડ-૧ના વાયવ્ય ખૂણે આવેલ સ.નં.૧૫૩૫થી શરૂ કરી ઇશાન ખૂણે આવેલ સ.નં.૧૫૩૪/૧,૧૫૫૧/૧ આવરી લઇ રે.સ.નં.૧૬૦૩ સુધી ત્યાંથી ઇશાન ખૂણે આવેલ ૧૫૮૬ સુધી, ત્યાંથી પૂર્વ તરફ મહાદેવપુરા જતા કાચો રસ્તો ક્રોસ કરી પૂર્વમાં આવેલ સ.નં.૧૫૮૪ સુધી, ત્યાંથી દક્ષિણે રે.સ.નં.૧૫૭૭ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે સ.નં.૧૫૭૦ સુધી, ત્યાંથી કરી દક્ષિણે સ.નં.૧૫૬૮ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ શ્રી મહાકાળી માતાજીના મંદિર થઇ નૈઋત્ય ખૂણે શેયડી ભાટવાડો, ઉંડીશેરી સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણે રબારીવાસ થઇ નૈઋત્ય ખૂણે મામલતદાર ક્વાર્ટર સુધી, ત્યાંથી દક્ષિણે પે એન્ડ યુઝ શૌચાલય સુધી અને ત્યાંથી વાયવ્ય ખૂણે નગરપાલિકા કચેરી, ગોપાલક સહકારી મંડળી, ગાયત્રી મંદિર, દર્શના હોસ્પિટલ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં.૧૫૪૪/૧, ૧૫૩૬ અંબિકા સોસાયટી, શાર્દૂલ સોસાયટી આવરી લઇ ઉત્તરે સ.નં. ૧૫૩૫ સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વિજાપુર નગરપાલિકા, જિલ્લો : મહેસાણા

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોકની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૨	–	–	૪૬૯	૧/૨/૫૧ થી ૧/૨/૧૩૫ - ૧ થી ૧૨૫	અચાભાનો માઢ, ટેબાવાળો વાસ, અચાભા કૂવા પાસે (રામપીર મંદિર) ઠાકોરવાસ, મહેશ્વર જતાં રોડની બંને બાજુના ઠાકોરવાસ સતીની ડેરી સુધી
	૫	–	–	૫૨૯	૧/૪/૯૭/૭ થી ૧/૪/૯૭/બી/૫	અચાભા કૂવા પાસેનો વિસ્તાર,દેવીપૂજકવાસથી ઠાકોરવાસ, દવાડીયાવાસ ના.મ. પટેલની વાડી પાછળ દેવીપૂજકવાસ, સામેનો ઠાકોરવાસ, ઉમિયાનગરથી મહેશ્વર જતા રસ્તા પરનો ઠાકોરવાસ

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોકની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
	૬	–	–	૭૦૫	૧/૨/૩૬ થી ૧/૨/૧૪૪ - ૧ થી ૧૩૦	ઈન્દિરાનગર, મણીભદ્રવીર પાસે ઠાકોરવાસ, દેવીપૂજકવાસ, ચામુંડા માતાના મંદિર, સાંઈબાબાનું મંદિર, ઈન્દીરાનગર પ્રાથમિક શાળા પાસેના મકાનો
	૪૬	–	૩૧૯	૫૦૮	૪/૯/૧ થી ૪/૯/૭૯	ભીલવાસ, વિમલ સ્મશાન પાસે, બજાણીયાવાસ, ભાઠીયા વિસ્તાર, આઈ.ટી.આઈ. સુધી
	૪૭	૧	–	૭૧૮	૩/૮/૮૯/૯૦ થી ૩/૮૫/૧૫૦	હનુમાનપુરા, ઠાકોરવાસ, વિંધ્યવાસીની માતાનું મંદિર પાછળ તથા આસપાસના મકાનો સહીત
	૪૮	૪૫૨	૧	૭૩૨	૪/૯/૭૦ થી ૪/૯/૧૧૦/૨૯	વાલ્મિકીવાસ,(રામદેવપીર મંદિરની દક્ષિણ બાજુ) હનુમાનજી મંદિર તથા મંદિરની પૂર્વ બાજુ ઠાકોર / દેવીપૂજકના મકાનો તળાવ સહીત)
કુલ		૪૫૩	૩૨૦	૩૬૧૧		

હદનું વર્ણન - વોર્ડ–૨

વિજાપુર નગરપાલિકાના સૂચિત વોર્ડ-૨ના વાયવ્ય ખૂણે આવેલ સ.નં.૧૭૦૫થી શરૂ કરી પૂર્વ તરફ જતાં સ.નં.૧૭૦૪ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં.૧૭૦૦ સુધી, ત્યાંથી પૂર્વ તરફ મહેશ્વરપુરા ગામ તરફ જતાં રોડ ક્રોસ કરી સ.નં.૧૭૩૩ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં. ૧૭૩૪ સુધી, ત્યાંથી ઇશાન ખૂણે સ.નં.૧૭૩૫ સુધી, ત્યાંથી દક્ષિણે કાચો રસ્તો ક્રોસ કરી સ.નં. સ.નં.૧૮૨૧ સુધી, ત્યાંથી દેવપુરાનો રસ્તો ક્રોસ કરી દક્ષિણે સ.નં. ૧૮૫૭ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણે આઇ.ટી.આઇ. પાસે રોડ ક્રોસ કરી સ.નં.૧૮૬૧ સુધી, ત્યાંથી ઉત્તરે આઇ.ટી.આઇ. સુધી, ત્યાંથી પશ્ચિમે સ.નં. ૨૧૮૨/૩ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં.૨૧૫૫ સુધી, ત્યાંથી પશ્ચિમે સંપ સુધી, ત્યાંથી દક્ષિણે બજાણીયાવાસ સુધી અને ત્યાંથી શરૂ કરી વાયવ્ય ખૂણે આંગણવાડી, વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ સુધી, ત્યાંથી ઉત્તરે ભીલવાસ આવરી લઇ સ.નં.૨૧૬૯ સુધી, ત્યાંથી પશ્ચિમે હનુમાનજીના મંદિરથી મકરાણી દરવાજા સુધી, ત્યાંથી ઉત્તરે ટીંબાવાળાવાસ, દવાડીયાવાસ આવરી લઇ ઠાકોરના મકાન સુધી ત્યાંથી ઇશાન ખૂણે સ.નં.૧૭૨૭ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં. ૧૭૦૫ સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વિજાપુર નગરપાલિકા, જિલ્લો : મહેસાણા

સૂચિત નવીન વોર્ડ નંબર	સેસન્સ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોક ની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧	–	–	૪૭૧	૧/૧/૧ થી ૧/૧/૧૨ ૧/૨ ૧/૨/૧ થી ૧/૨/૫૦	ભોઈવાસ,પીપળાવાળો વાસ, તપોધનની ખડકી, તપોધન વાસ, હાથીવનાનો માઢ
	૩	–	–	૪૫૮	૧/૩/૧ થી ૧/૩/૧૩૯	ભાદાણીવાસ, અનંતરાયનું ડેલુ, દેવાણીવાસની ખડકી, લક્ષ્મીનારાયણ મંદિરથી પૂર્વમાં મોટો માઢ, કુંભારોના ઘર, બ્રહ્મભટ્ટની વાડીથી ભાદાણીવાસ
	૯	૩	–	૩૩૫	૧/૫/૨૯ થી ૧/૫/૭૫, ૧/૬/૬૪ થી ૧/૭/૪૦	દેવાણીવાસ, કૂવાવાળો વાસ, શામળાવતનો માઢ, જૈન દેરાસર, આર.બી.પટેલ સ્કૂલ, મહીલા લાયબ્રેરી, બ્રાહ્મણની વાડી, ટેબાવાળો રાજપૂતવાસ તથા વચ્ચેનો તમામ વિસ્તાર
	૧૩	–	–	૩૫૪	૧/૭/૪૧ થી ૧/૭/૧૩૯ ૧/૮/૧ થી ૧/૮/૮૫	વહેરાવાસણ પૂર્વ ભાગ, બરોડા બેંક પાછળનો વિસ્તાર, તથા બરોડા બેંકથી વેરાવાસણ નાકા સુધી રોડની ઉતર તરફની દુકાનો, કુલી પીપળી, મેજી. કોર્ટ, મામલતદાર કચેરી, સીટી સર્વે ઓફીસ, સબ રજીસ્ટ્રાર ઓફીસ, પોલીસ કવાર્ટર્સ સહિતનો વિસ્તાર
	૧૭	–	–	૪૪૦	૨/૧/૧ થી ૨/૧/૧૪૭ ૨/૨/૧ થી ૨/૨/૪૪	વહેરાવાસણ (પશ્ચિમ), નાગરવાડો તથા દક્ષિણ બાજુ ટાવરથી ખત્રીકૂવા તરફ જતાં રોડ ઉપરની વેરાવાસણ નાકાથી ચામુંડા લોજ સુધીની દુકાનો સહિત

સૂચિત નવીન વોર્ડ નંબર	સેસન્સ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોક ની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૮	–	–	૪૯૫	૨/૨/૪૫ થી ૨/૨/૧૪૮ ૨/૩/૧ થી ૨/૩/૧૪૪ ૨/૪/૧ થી ૨/૪/૭૨ ૨/૫/૧ થી ૨/૫/૭૫/૭૬	દરજીની ખડકી, બેચરભાઈની ખડકી, તંબોળીનો ખાંચો, નગરપાલિકા કચેરી, નથ્થુદેસાઈનો માઢ, પટવાવાસથી નાના સૈયદવાડાના નાકા સુધી જમણી તરફનો વિસ્તાર તથા સેતાવાડો, મોટો મલેકવાડો, હુસેનબાપુ પઠાણનો ખાંચો, પ્રધાનની ખડકી તથા વચ્ચેની દુકાનો સહિતનો વિસ્તાર
	૨૭	–	–	૪૯૬	૩/૨/૧ થી ૩/૨/૧૩૬ ૩/૩/૧ થી ૩/૩/૧૧૧	નગીના મસ્જિદથી જ્ઞાન મંદિરનો ખાંચો બાજુ જતાં ડાબી તરફ રોડની સાઈડનો તમામ વિસ્તાર, કાજીવાડો, મોટો તુવરવાડો, શેખવાડો, કોયાવાડ, બંગલા વિસ્તાર
	૨૯	–	–	૨૯૮	૩/૬/૧ થી ૩/૬/૧૪૮ ૩/૭/૨૪/૨૫ થી ૩/૭/૯૨/૯૩/૯૪	ચબૂતરા પાસે મન્સુરી ફાજલભાઈની દુકાનથી રામધૂન સદન, સાગર કોમ્પલેક્ષથી કાશીપુરા નાકા સુધી જતાં રોડની જમણી (પૂર્વ) તરફનો ભાગ, સામ–સામે માઢ, ચોથીયાનો કોટ, માળીની ખડકી
	૩૦	–	–	૫૯૧	૩/૭/૧ થી ૩/૭/૨૩ ૩/૭/૯૫ થી ૩/૭/૧૪૪ ૩/૮/૧૪ થી ૩/૮/૧૫૦	કાશીપુરા, મકરાણી દરવાજા પાસે, ઠાકોરવાસ
કુલ		૩	–	૩૯૩૮		

હદનું વર્ણન - વોર્ડ–૩

વિજાપુર નગરપાલિકાના સુચિત વોર્ડ-૩ના વાયવ્ય ખૂણે આવેલ આર.બી.પટેલ હાઇસ્કુલથી શરૂ કરી ઇશાન ખૂણે રાજપૂતવાસ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે લક્ષ્મીનારાયણ મંદિર સુધી, ત્યાંથી પૂર્વ તરફ મોટોમાઢ, પે એન્ડ યુઝ શૌચાલય સુધી, ત્યાંથી દક્ષિણે બ્રહ્મભટ્ટ સમાજની વાડીથી હાથીવનાનો માઢ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે ભોઇવાસ સુધી, ત્યાંથી રોડ ક્રોસ કરી મલંગબાબાની દરગાહ સુધી, ત્યાંથી પૂર્વ તરફ સઘીમાતાના મંદિર સ.નં.૨૧૭૦ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણે ઠાકોરવાસ થઇ કાશીપુરા સુધી, ત્યાંથી પશ્ચિમે સામસામી માઢ, માળીની ખડકી, જૈન દેરાસર સુધી, ત્યાંથી દક્ષિણે રામધૂનની ખડકી, નગીના મસ્જિદ, કાજીવાડો થઇ કોયાવાડ સુધી, ત્યાંથી પશ્ચિમે બંગલા વિસ્તાર સુધી, ત્યાંથી ઉત્તરે શેખવાડા, જૈન દેરાસર સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણે રોડ ક્રોસ કરી પ્રધાનની ખડકી, હુસેન-પઠાણનો ખાંચો, મોટા મલેકવાડા સુધી, ત્યાંથી ઉત્તરે નાગરવાડા, વહેરાવાસણ સુધી, ત્યાંથી પૂર્વે વેરાવાસ સુધી, ત્યાંથી ઉત્તરે પંડ્યાવાસ, બ્રાહ્મણ સમાજની વાડીથી આર.બી.પટેલ હાઇસ્કૂલ સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વિજાપુર નગરપાલિકા, જિલ્લો : મહેસાણા

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોકની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૨	–	–	૨૮૬	૧/૬/૩૭/૧૫ થી ૧/૬/૬૩, ૧/૮/૮૬ થી ૧/૮/૧૪૮/૧૪૯	પોસ્ટ ઓફિસ, એમ.એમ.શાહ દવાખાનું, કન્યાશાળા, ફ્લોર ફેકટરી, પેરેડમની પાસેના છાપરાં, શીતળામાતાનું મંદિર, મેઘા પટેલનો માઢ, નાયીની ખડકી, કે.કે.શર્મા હાઈસ્કૂલ
	૧૫	–	–	૫૨૭	૧/૯/૮૨ થી ૧/૯/૧૦૮/બી/૧ ૧/૯/૧૦૮ થી ૧/૯/૧૦૮/૭૨/૭૩	વાદીવાસ, ધનલક્ષ્મિ સોસાયટી

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોકની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૬	–	૫	૪૭૨	૧/૯/૧૦૯/૧ થી ૧/૯/૧૧૧/૧૭	બ્રહ્માણી સોસાયટી તથા તેની આગળની દુકાનો, શિવપાર્ક સોસાયટી તથા તેની આગળની દુકાનો, ઈન્ટરસીટી તથા તેની આગળની દુકાનો સુધીનો તમામ વિસ્તાર
	૧૯	–	૩	૩૫૫	૨/૫/૭૭ થી ૨/૫/૧૩૦/એ ૨/૬/૧ થી ૨/૬/૬૩/૧/૧ ૨/૬/૧૧૩/એ/૧ થી ૨/૬/૧૪૫ ૨/૭/૧ થી ૨/૭/૩૦	સથવારાવાસ, કુંભારવાસ(જુનો)૧ તથા ૨, મેજીસ્ટ્રેટ બંગલો તથા પાછળની દુકાનો, કુમારશાળા, ખત્રકૂવાથી ટાવર તરફ જતાં વહેરાવાસ સુધી ડાબી બાજુનો તમામ વિસ્તાર, તથા રાજ રેડીમેડથી ખત્રીકૂવા થઈ હૈદરી ચોક તરફ જતાં જમણી બાજુ હૈદરી ચોકના નાકા સુધી (ડાહયાભાઈના દવાખાના પાસે મહાવિર કલોથ સ્ટોર સુધી) નો વિસ્તાર
	૨૦	–	–	૧૪૯	૨/૬/૬૩/૧ થી ૨/૬/૯૬/૨ ૨/૬/૯૮/૧ થી ૨/૬/૯૮/૩૦ ૨/૬/૯૮/બી /૧ થી ૨/૬/૯૮/ બી /૫૨	નવો પ્રજાપતિવાસ, સુપરમાર્કેટ, ખેતીવાડી ઉ.બ.સ., નવુ – જૂનું માર્કેટ યાર્ડ, સ્ટેટ બેંક આગળ–પાછળની દુકાનો સહિત, કુકરવાડા નાગરીક બેંક, વંદના સિનેમા તથા પાછળની દુકાનો સહિતનો વિસ્તાર
	૨૩	૨૭	–	૨૯૨	૨/૬/૯૭/એ/૨ થી ૨/૬/૯૭/ બી /૨૧ ૨/૬/૯૮/એ થી ૨/૬/૯૮/ એ/૧૫/૧ ૨/૬/૯૯/એ/૧ થી ૨/૬/૧૦૦/ ડી /૧૮, ૨/૬/૧૦૧ થી ૨/૬/૧૧૩/૧/૧ ૨/૯/૬૧ થી ૨/૯/૯૫	તાલુકા પંચાયત કચેરી તથા તેની આગળની દુકાનો, પશુ દવાખાનું, સરકારી દવાખાનું, તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટર્સ, સરદાર પ્લાઝા, બ્રહ્માણીમાતાનું મંદિર, વૈશાલી સોસાયટી, રાવળવાસ, તાલુકા પંચાયત શોપિંગ સેન્ટર (તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટર્સથી પૂર્વ તથા ઉત્તર તરફનું) સી.કે. બારોટનું દવાખાનું, તમામ દુકાનો
	૨૪	૮	–	૮૭૬	૨/૮/૮૪ થી ૨/૮/૧૩૮ ૨/૯/૧ થી ૨/૯/૪૭ ૨/૯/૯૬ થી ૨/૯/૧૦૬/૬ ૪/૨/૩૬/૧/બી થી ૪/૨/૮૨/૧૦	સમરતખાંનો માઢ તેમજ રસ્તાની ડાબી બાજુ મન્સુરી મંજીલની પાછળનો ભાગ, દક્ષિણ બાજુનો વિસ્તાર, હુસેની ચોકથી પુજા હોસ્પિટલ જતાં આંબલીના ઝાડથી ખાંચામાં થઈ જૂના સેનમાવાસ, પઠાણવાડો, ઉંડી શેરી, મોટો ચકલો, મોમનવાડા મસ્જિદ, સરકારી કવાર્ટર્સ સામે ખરીદ વેચાણ સંઘ, જી.એસ.પી. સ્કૂલ, મહિલા હાઈસ્કૂલ, ગર્લ્સ હાઈસ્કૂલ પાસે સીધીના છાપરાં, કબ્રસ્તાન, પુરવઠા ગોડાઉન, પાણી પુરવઠા ગોડાઉન ઓફિસ સામે, રેલવેથી સ્ટેશન વચ્ચેના છાપરાં (મકાનો) રેલવે કવાર્ટર્સ, હરીજન સમાજની વાડી, ઠક્કર બાપા આશ્રમ (શાક માર્કેટથી રેલવે સ્ટેશનની ઉત્તર તરફનો વિસ્તાર)
	૩૩	૧	–	૬૯૬	૨/૯/૧૦૮/૧૦૯ થી ૨/૯/૧૦૮/૪ ૪/૨/૧૮/૧ થી ૪/૨/૩૦/એફ /૧૫૦	મહેસાણા ડીસ્ટ્રીકટ બેંક થઈ રાહી લસ્સી થી શાકમાર્કેટ સુધીનો (જમણી બાજુ)તથા આઈ.આર.સી.કોલોની અને ગરીબ નવાઝ સોસાયટી ટેલીફોન ઓફિસ
કુલ		૩૬	૮	૩૬૫૩		

હદ વર્ણન - વોર્ડ–૪

વિજાપુર નગરપાલિકાના સૂચિત વોર્ડ-૪ના વાયવ્ય ખૂણે આવેલ સ.નં.૫૪૨/૨ પૈકીથી શરૂ કરી અગ્નિ ખૂણે વાદીવાસ, શિવપાર્ક સોસાયટી, બ્રહ્માણી સોસાયટી, શ્રીરામ ઇન્ટરસીટી, ડૉ.મુકુંદ નાયકના દવાખાના સુધી, ત્યાંથી ઉત્તરે પોસ્ટ ઓફિસ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે નાયી સમાજની વાડી, શીતળા માતાના મંદિર સુધી, ત્યાંથી દક્ષિણે બી.આર.સી. ભવન સુધી, ત્યાંથી પશ્ચિમે જજના બંગલા સુધી, ત્યાંથી દક્ષિણે જૂનો કુંભારવાસ, ડો.ડાહ્યાભાઇના દવાખાના સુધી, ત્યાંથી પશ્ચિમે તાલુકા પંચાયતની દુકાનો સુધી, ત્યાંથી દક્ષિણે તાલુકા પંચાયત કચેરી, જરમાબીબીની દરગાહ સુધી, ત્યાંથી પૂર્વે જૂનો પઠાણવાડા સુધી, ત્યાંથી દક્ષિણે સમરતખાંના માઢ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણે મન્સુરી મંજીલ, પે એન્ડ યુઝ શૌચાલય સુધી, ત્યાંથી દક્ષિણે રાહી લસ્સી સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ઠક્કરબાપા આશ્રમ, સ્ટેશન જકાત નાકા (રેલ્વે સ્ટેશન) જતા રોડ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં.૨૭૩, ૨૭૪, પી.ડબલ્યુ.ડી., ૨૯૭બી, ૩૦૧/૧, ૨૯૫, ૨૯૪/૧ આવરી લઇ ૫૪૨/૨ પૈકી સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વિજાપુર નગરપાલિકા, જિલ્લો : મહેસાણા

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ. જાતિની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોક ની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૨૧	–	–	૭૪૫	૨/૪/૭૩ થી ૨/૪/૧૩૬ ૨/૭/૩૧ થી ૨/૭/૧૩૧	ચણીયાનો માઢ / નવઘરી, નાનો મલેકવાડો, સૈયદ સ્ટુડીયો થઈ હુસેની ચોક જતાં જમણી બાજુના ભાગ સુધી (સાંથ બજારનો પશ્ચિમ ભાગ) સાંથ બજાર પૂર્વ બાજુ જાજનવાડો, કાળુભાઈ બાબુભાઈ, ઈકબાલભાઈ સૈયદ, ચંદુલાલ, જાહીદભાઈની ખડકી થઈ નાના સૈયદવાડા સુધી
	૨૨	૧	–	૬૩૯	૨/૭/૧૩૨ થી ૨/૭/૧૪૫ ૨/૮/૧ થી ૨/૮/૮૩ ૨/૯/૪૮ થી ૨/૯/૬૧/૬	હુસેની ચોક, છાપરીયા, આંજણાવાસ, ચિરાગ એસ.ટી.ડી.થી પૂજા હોસ્પિટલ સહીતની તાલુકા પંચાયત સુધીની તમામ દુકાનો (શોપીંગ સેન્ટર)
	૨૫	–	–	૫૫૦	૨/૯/૧૨૬ થી ૨/૯/૧૩૯/૪ ૨/૯/૨૭/૧ થી ૨/૯/૪૧/૧૦ ૨/૧૦/૧ થી ૨/૧૦/૧૧૩	મોમનવાડા તથા આગળની દુકાનો, પાસેનું શોપીંગ સેન્ટર તથા પ્રતાપ સર્કલ (વહોરાજીની દુકાનો / શોપીંગ સેન્ટર) (એ જે પંચાલની દુકાનો વાળુ)
	૨૬	–	–	૭૦૫	૩/૧/૧ થી ૩/૧/૧૩૯	પટેલવાડો, સોનીવાડો, નાનો તુવરવાડો, સૈયદવાડો
	૩૨	–	–	૩૩૮	૪/૧/૭૬ થી ૪/૧/૧૩૬/એ ૨/૯/૧૨૨/એ/૧૦૧ થી ૨/૯/૧૨૨/ડી /૪૧	રાઠોડવાસ, સતાસીયાનો માઢ, જૂની સ્ટેટ બેંક પાસેનો વિસ્તાર (જૂની હિંદ હાર્ડવેર દુકાન સામે) એ.જે. પંચાલ સામેનો તથા પ્રતાપ સર્કલનો તમામ વિસ્તાર
	૪૧	–	–	૩૯૪	૪/૪/૧૫૦/બી /૧ થી ૪/૪/૧૫૦/ડી /૫ ૪/૫/૧૦૧ થી ૪/૫/૧૪૯	પ્રિયંકા શોપીંગ સેન્ટર, વલ્લીવાળો વાસ, જૂનો રાવળવાસ, કસાઈવાડો
કુલ		૧	–	૩૩૭૧		

હદનું વર્ણન - વોર્ડ–૫

વિજાપુર નગરપાલિકાના સૂચિત વોર્ડ-૫ના વાયવ્ય ખૂણે આવેલ બ્લોક-૨૨ જીવનદીપ હોસ્પિટલથી શરૂ કરી ઇશાન ખૂણે નવઘરી, ચણીયાનો માઢ, સાંથ બજાર સુધી, ત્યાંથી ઇશાન ખૂણે જાજનવાડા રોડ ક્રોસ કરી કાલુભાઇની ખડકી સુધી, ત્યાંથી દક્ષિણે સૈયદવાડો, નાનો

તુવરવાડો, સાંઢકૂવા, રાઠોડવાસ, કસાઇવાડો, રબારીવાસ, સ.નં.૧૮૫ સુધી, ત્યાંથી સ.નં.૧૮૪, ૧૮૩, ૧૮૨ આવરી લઇ સ.નં. ૧૮૬ સુધી, ત્યાંથી પશ્ચિમે પ્રિયંકા સીટી મોલ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં. ૧૮૭ સુધી, ત્યાંથી ઉત્તરે રાવળવાસ, ઝવેરી ચોક, પ્રતાપ સર્કલ, વ્હોરાજીના કોમ્પ્લેક્ષ સુધી, ત્યાંથી ઇશાન ખૂણે મોમનવાડાના સુધી, ત્યાંથી ઇશાન ખૂણે સોનીવાડા સુધી, ત્યાંથી ઉત્તરે પટેલવાડા રોડ ક્રોસ કરી સૈયદ સ્ટુડીયો સુધી, ત્યાંથી પશ્ચિમે ઠુસેની ચોક, છાપરીયા સુધી, ત્યાંથી જીવનદીપ હોસ્પિટલ (જૂની પૂજા હોસ્પિટલ) સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વિજાપુર નગરપાલિકા, જિલ્લો : મહેસાણા

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસબ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોકની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૮	–	–	૭૨૮	૩/૪/૧૨૮ થી ૩/૪/૧૪૫ ૩/૫/૧ થી ૩/૫/૧૪૩	મંડાઈ બજાર, રીદ્રોલનો માઢ, જૂના કોટ, ત્રણ વહોરવાડ તથા તેની વચ્ચેની દુકાનો
	૩૧	–	–	૫૬૩	૩/૯/૧ થી ૩/૯/૧૩૯	નવાપુરા (સથવારા વાસ)
	૪૨	–	–	૪૨૯	૪/૬/૧ થી ૪/૬/૧૩૩૪/૭/૧ થી ૪/૭/૧૩૭	જૂનો રબારીવાસ, અભુજીના ખેતર સુધી, વૈદ્યનો માઢ, તાજગરા ની ખડકી,દોશીવાડા ચોકથી ચીસ્તીવાડા તથા જૂના રબારીવાસ સુધીની રોડની બંને બાજુનો વિસ્તાર
	૪૩	–	–	૫૮૮	૪/૭/૧ થી ૪/૭/૧૩૭	દોશીવાડો (તમામ), શ્રીમાળીવાસ તથા ઉતર બંને મહોલ્લા (દોશીવાડાથી શ્રીમાળીવાસ તરફ જતાં) વચ્ચેની જમણી તરફની તમામ દુકાનો,
	૪૪	–	–	૫૦૨	૩/૩/૧૧૨ થી ૩/૩/૧૩૫ ૪/૮/૧ થી ૪/૮/૮૯	સુથારવાસ, તથા રોડની દુકાનો, ઓડવાસ, પાંજરાપોળ, મહાકાળી માતાનું મંદિર/પ્રાથ. શાળા નં.૨, બાલ્યોમાઢ
	૪૫	૧૧	–	૬૪૭	૪/૮/૧૪૦ થી ૪/૮/૧૪૦/૩ ૪/૮/૧૩૭/એ/૧ થી ૪/૮/૧૩૭/એ/૨૬ ૪/૮/૧૩૭/બી/૧ થી ૪/૮/૧૩૭/બી/૨૬	ધી ફોરવર્ડ હાઈસ્કૂલ, કૃષ્ણનગર સોસાયટી, પાછળના મકાનો, ઈશ્વરકૃપા સોસાયટી
કુલ		૧૧	–	૩૬૩૮		

હદનું વર્ણન - વોર્ડ–૬

વિજાપુર નગરપાલિકાના સુચિત વોર્ડ-૬ના વાયવ્ય ખૂણે આવેલ મોટી વહોરવાડથી અગ્નિ ખૂણે આવેલ મહાકાળી માતાના મંદિર સુધી, ત્યાંથી પૂર્વે પાણીની ટાંકી સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં. ૨૧૭૩, વિશ્વકર્મા સોસાયટી સુધી, ત્યાંથી ઇશાન ખૂણે સ.નં.૨૧૭૨, નવાપુરા સુધી, ત્યાંથી રોડ ક્રોસ કરી સ.નં.૨૧૭૬, ધી ફોરવર્ડ હાઇસ્કૂલ, આંગણવાડી સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં.૨૧૭૬/૧, ભીલવાસ આંગણવાડી સુધી, ત્યાંથી હિંમતનગર હાઇવે ક્રોસ કરી, અગ્નિ ખૂણે ઇશ્વરકૃપા, આંગણવાડી કોડ નં.-૪ સુધી, ત્યાંથી ઇશ્વરકૃપા સોસાયટી (સ.નં.૫), સ.નં. ૫, ૬, ૭ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.૧૧ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં.૧૦/૨ સુધી, ત્યાંથી પશ્ચિમ બાજુ સ.નં. ૧૦/૧ સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણે સ.નં.૧૮૦ સુધી, ત્યાંથી પશ્ચિમે સ.નં.૧૭૮ આવરી લઇ સ.નં.૧૭૭ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં. ૧૮૧, ખોડીયાર માતાજીના મંદિર, શ્રીરામજી મંદિર સુધી, ત્યાંથી પશ્ચિમે શ્રીમાળીવાસ, દોશીવાડા, જૂના રબારીવાસ સુધી, ત્યાંથી ઇશાન ખૂણે વૈદ્યનો માઢ, તાજગરાની ખડકી સુધી, ત્યાંથી ઉત્તરે દોશીવાડા ચોક, અશરફી ચોક, મંડાઇ બજાર, રીદ્રોલનો માઢ, નાની વહોરવાડ, વચલી વહોરવાડ આવરી લઇ મોટી વહોરવાડ સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વિજાપુર નગરપાલિકા, જિલ્લો : મહેસાણા

સુચિત નવિન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોક ની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૩૪	–	–	૭૨૯	૪/૩/૧ થી ૪/૩/૩૧/એ/૧૩ ૪/૩/૫૫/જી /૧ થી ૪/૩/૫૫/એફ /૨૨	લાટી બજાર, ઈદગાહ, આશીયાના સોસાયટી,પાછળ છાપરાં, રેલવે કવાર્ટર્સ, એસ.ટી. સ્ટેશન પાસેનો વિસ્તાર, આરામગૃહ, ખેતીવાડી નાયબ નિયામકની કચેરી, ચક્કરથી રેલવે સ્ટેશન જતાં દક્ષિણ તરફનો વિસ્તાર દુકાનો સહિત, ઉમિયા સો મીલ તથા આગળની દુકાનો, સાંઈનાથ આર્કેડ, પાછળ છાપરાં સહિત
	૩૫	–	૪	૬૮૮	૪/૩/૩૨/એ/૧ થી ૪/૩/૩૨/એ/૯૦ ૪/૩/૧૩૭/સી /૧ થી ૪/૩/૧૩૭/સી /૩૦ ૪/૩/૧૩૭/ડી /૧ થી ૪/૩/૧૩૭/ડી /૩૦ ૪/૩/૧૩૭/જી /૧ થી ૪/૩/૧૩૭/જી /૩૦ ૪/૩/૧૪૪/એ/૧ થી ૪/૩/૧૪૪/સી /૯૬	સરદાર એસ્ટેટ તથા સામેના રોડ ટચ સીધીના/ દેવીપૂજકના છાપરાં, ઘનશ્યામ શોપીગ સેન્ટર, શ્રીરામ શોપીગ સેન્ટર, અયોધ્યા સોસાયટી, લાટી બજાર, ઝવેરી સ્કૂલ, સલાટવાસ, જૈન મંદિર દરવાજા સુધી, રોડની દક્ષિણ બાજુ લાટી બજાર સહિત
	૩૬	૧૯	૭	૪૨૯	૪/૩/૮૬/જી /૧ થી ૪/૩/૮૬/જી /૬૬ ૪/૩/૮૬/બી /૧ થી ૪/૩/૮૬/બી /૬૬ ૪/૩/૮૭ થી ૪/૩/૧૩૧/બી /૪ ૪/૩/૧૩૨/બી /૧ થી ૪/૩/૧૩૨/જી /૬૬ ૪/૩/૧૩૨/એ થી ૪/૩/૧૩૨/એ/૧૬ ૪/૩/૧૩૩/એ/૧ થી ૪/૩/૪૧૩૩/એ/૪૫ ૪/૩/૧૩૬/ડી /૧ થી ૪/૩/૧૩૬/ડી /૩૪	એસ્કા કોમ્પલેક્ષ, બુધ્ધિનગર, ભાગ્યોદય શોપીગ સેન્ટર, બુધ્ધિસાગર મંદિર તથા તેની આગળની દુકાનો, કે.બી. ઈન્ડસ્ટ્રીઝ, નવરંગ બંગલોઝ, સુધીની વચ્ચેનો તમામ વિસ્તાર
	૩૭	–	–	૩૯૪	૪/૩/૧૩૬/બી /૧ થી ૪/૩/૧૩૬/એ/૨૮ ૪/૩/૧૩૭/૧ થી ૪/૩/૧૩૭/૧૪ ૪/૩/૧૩૮/એસ /૧૧ થી ૪/૩/૧૩૮/એસ /૧૩	પ્રભુનગર સોસાયટી, સ્વપ્નભુમી સોસાયટી, મહાવીર મારબલ તથા તેની બાજુની દુકાનો, વિષ્ણુ સો મીલ, તથા મેવાડ સોસાયટી, સત્યમ સોસાયટી, અમીન પોલ્ટ્રી ફાર્મ, સોપારીવાલા એક્સપોર્ટ, આસ્થા આર્કેડ (કર્ણાવતી હોટલ)

INDEX

સુચિત નવિન વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબર	અનુ.જાતિ ની વસ્તી	અનુ. આદિજાતિ ની વસ્તી	બ્લોક ની કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
	૩૮	૫	–	૪૫૪	૪/૩/૧૩૭/ડી /૧ થી ૪/૩/૧૪૨	રાજ હોટલ તથા સર્વિસ સ્ટેશનથી નવીન પાંજરાપોળ / સૂરજ ડેરી સામેના મકાનો, મધુરમ કોમ્પ્લેક્ષ તથા વચ્ચેનો તમામ વિસ્તાર, આશીર્વાદ સોસાયટી, મફતલાલની રોલીંગ મીલથી વાયા હાઈવે પંચશીલ સોસાયટી એસ્કા બગીચા સુધીનો તમામ વિસ્તાર
	૩૯	૪૨૫	–	૬૧૮	૪/૩/૧૪૩/૧ થી ૪/૩/૧૪૩/૭/૩ ૪/૪/૧ થી ૪/૪/૧૪૪	પંડયાવાસ, પાછળ પરમારવાસ, દેવીપૂજકવાસ
	૪૦	૫૨૩	–	૫૩૨	૪/૪/૧૪૫ થી ૪/૪/૧૫૦/૨૧	પરમારવાસ, રોહિતવાસ, (ભાગ્યોદય સામે) ની દુકાનો તથા પાછળના નવીન પરમારવાસના મકાન (મોતીભાઈ તલાટીના મકાન આજુબાજુ)
કુલ		૯૭૨	૧૧	૩૪૫૭		

હદનું વર્ણન - વોર્ડ–૭

વિજાપુર નગરપાલિકાના સુચિત વોર્ડ-૭ના વાયવ્ય ખૂણે આવેલ એસ.ટી. ડેપોથી શરૂ કરી પૂર્વ તરફ સીવીલ કોર્ટ, ચક્કર સર્કલ, એસ્કા કોમ્પલેક્ષ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે બુધ્ધનગર, પે એન્ડ યુઝ શૌચાલય સુધી, ત્યાંથી પૂર્વે સ.નં.૧૭૬/૧, દેવીપૂજકવાસ, પરમારવાસ, સ.નં.૧૭૯ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં. ૧૭૬/૨, પંડ્યાવાસ સુધી, ત્યાંથી પૂર્વે સ.નં. ૧૭૨ સુધી, ત્યાંથી પૂર્વે રાઘે બંગલોઝ, સ.નં.૩૫ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં. ૧૨/એ સુધી, ત્યાંથી પૂર્વે સ.નં.૨૧૪૮, પાંજરાપોળ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં.૨૧૫૪ સુધી, ત્યાંથી પૂર્વે શ્રીનાથ પેટ્રોલ પંપ, સ.નં.૨૧૫૨ સુધી, ત્યાંથી ઉત્તરે સ.નં.૧૮૬૨ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણે સ.નં.૧૮૬૩ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણે સ.નં.૨૧૫૧, ૨૧૪૯ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં. ૨૧૪૭, તળાવ સુધી, ત્યાંથી પૂર્વે રૂદ્રાક્ષ આર્કેડ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણે શિવાલીક આર્કેડ, સંકલ્પ એપાર્ટમેન્ટ સુધી, ત્યાંથી પશ્ચિમે મધુરમ કોમ્પ્લેક્ષ, ગોકુલધામ કોમ્પ્લેક્ષ, આશીર્વાદ સોસાયટી, શુભલક્ષ્મી કોમ્પ્લેક્ષ, સ્ટારલાઇન, આસ્થા આર્કેડ, સરદાર એસ્ટેટ સુધી, ત્યાંથી દક્ષિણે સ.નં.૨૫૬ સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણે સ.નં.૨૫૮, અયોધ્યા સોસાયટી સુધી, ત્યાંથી ઇશાન ખૂણે સ.નં.૨૫૯, શ્રીરામ શોપીંગ સેન્ટર, ઘનશ્યામ શોપીંગ સેન્ટર, સ.નં.૨૧૯૮ સુધી, ત્યાંથી ઉત્તરે સીંધીના છાપરા, સ.નં.૨૬૩, લાટી બજાર, આશિયાના સોસાયટી, ઇદગાહ આવરી લઇ એસ.ટી. ડેપો સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી આયોગ

ગુજરાત રાજય ગાંધીનગર

વિજાપુર નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૫૫૫૮	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૬૫૧	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૦૧૬ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૨૮૬
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી કોઇ સ્ત્રી બેઠક ફળવાયેલ નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૧૮	
સામાન્ય બેઠકો	૧૦	

અ. નં.	વોર્ડ નંબર ૨	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૩૬૩૪	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૩૬૬૧	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૩૯૩૮	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૩૬૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૩૭૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૪૫૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૮૪૪	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
	કુલ	૨૫૫૫૮				

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 349 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨–૦૯–૨૦૧૭

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–ખેડબ્રહ્મા–યુનિટ–૨–૦૯૨૦૧૭

ખેડબ્રહ્મા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

INDEX

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૨૦૧–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **ખેડબ્રહ્મા** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **ખેડબ્રહ્મા** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ–૨૮** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૨૫૦૦૧** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૩૫૭૨** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી

ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૧	૩૫૬૮	૬૫૦	૧૮.૨૨
૨	૭	૩૩૫૭	૨૪૫	૭.૩૦
૩	૩	૩૮૫૩	૨૨૫	૫.૮૪
૪	૪	૩૩૭૩	૧૫૩	૪.૫૪
૫	૨	૩૭૪૭	૧૫૬	૪.૧૬
૬	૫	૩૩૭૧	૧૨૫	૩.૭૧
૭	૬	૩૭૩૨	૮૫	૨.૨૮
	કુલ	૨૫૦૦૧	૧૬૩૯	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ **નં.૧ અને ૭** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ **નં.૭** માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ **નં.૧ અને ૭** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	**અનુસૂચિત જાતિ**
૨	૭	**અનુસૂચિત જાતિ સ્ત્રી**

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૫** બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૫** બેઠકો પૈકી **૨** બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧	૩૫૬૮	૧૦૫૧	૨૯.૪૬
૨	૭	૩૩૫૭	૯૨૪	૨૭.૫૨
૩	૬	૩૭૩૨	૮૮૧	૨૩.૬૧
૪	૩	૩૮૫૩	૪૯૧	૧૨.૭૪
૫	૨	૩૭૪૭	૨૭૬	૭.૩૭
૬	૫	૩૩૭૧	૨૨૨	૬.૫૯
૭	૪	૩૩૭૩	૨૦૨	૫.૯૯
	કુલ	૨૫૦૦૧	૪૦૪૭	-

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ **નં.૧,૭,૬,૩ અને ૨** માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. પરંતુ વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોઇ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ફાળવવાની થતી બેકી સંખ્યાની બેઠક ખાસ ક્રમાંક – ૨ વોર્ડ નં.૭ સામે ચડતા– ઉતરતા ક્રમમાં ગોઠવતા, તેમજ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે બીજી બેઠક ખાસ ક્રમાંક–૪, વોર્ડ નં.૩ માં ફાળવવાની થાય છે, આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ **નં.૧ અને ૩** માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ **નંબર ૧,૭,૬,૩ અને ૨** માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨	૭	અનુસૂચિત આદિજાતિ
૩	૬	અનુસૂચિત આદિજાતિ
૪	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	૨	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૨	૩૭૪૭	૧૮૧૪	૪૮.૪૧
૨	૭	૩૩૫૭	૧૨૮૮	૩૮.૩૭
૩	૬	૩૭૩૨	૧૩૪૯	૩૬.૧૫
૪	૪	૩૩૭૩	૧૧૯૬	૩૫.૪૬
૫	૧	૩૫૬૮	૧૦૯૪	૩૦.૬૬
૬	૩	૩૮૫૩	૧૧૩૨	૨૯.૩૮
૭	૫	૩૩૭૧	૯૯૦	૨૯.૩૭
	કુલ	૨૫૦૦૧	૮૮૬૩	-

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ **નં.૨,૭ અને ૬** માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ **નં.૨ અને ૬** માં પછાતવર્ગની અને વોર્ડ **નં. ૭** માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ **નં.૭** માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ, તેમજ વોર્ડ નં.૭ માં ત્રીજી હરોળમાં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવેલ હોઇ ચડતા – ઉતરતા ક્રમમાં ગોઠવણી શકય ન હોઇ ખાસ ક્રમાંક–૨, વોર્ડ નં.૭ જતો કરી ખાસ ક્રમાંક–૩, વોર્ડ નં.૬ માં પછાત વર્ગ સ્ત્રી અને ખાસ ક્રમાંક–૪, વોર્ડ નં.૪ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે. આમ, વોર્ડ નં.૬ અને ૪ માં પછાત વર્ગ અને વોર્ડ નં.૨ માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. પરંતુ વોર્ડ નં.૬માં આદિજાતિ બેઠક ફાળવાઈ ગયેલ હોય વોર્ડ નં.૬ની ચોથી હરોળમાં પછાતવર્ગ ફાળવેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	**પછાત વર્ગ સ્ત્રી**
૩	૬	**પછાત વર્ગ**
૪	૪	**પછાત વર્ગ**

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ખેડબ્રહ્મા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **ખેડબ્રહ્મા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ – ૧						
ખેડબ્રહ્મા નગરપાલિકા, જિલ્લો – સાબરકાંઠા						
સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોકની વિગત				સેન્સસ બ્લોક નંબરના ઘરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૪૬	૩૧	૧૦	૨૭૮	૧ થી ૧૪૯	અચલેશ્વર મહાદેવ મંદિર વિસ્તાર, બ્રાહ્મણ ફળિયું, વડલી ફળી વિસ્તાર, નાના ઠાકરડા વાસ, કસ્બા વિસ્તાર
	૪૭	૩૮૭	૦	૭૨૩	૧ થી ૧૫૩	નાના ઠાકરડા વાસ, વાલ્મિકીવાસ, પરમાર વાસ, વણકર વાસ
	૪૮	૨૨૭	૫	૭૧૭	૧ થી ૧૭૦	વણકરવાસ, પંડયાવાસ, મોટા ઠાકરડા વાસ
	૫૦	૦	૨૮	૬૪	૧ થી ૧૬૦	જૂના બસ સ્ટેન્ડ વિસ્તાર, હોટલ સાંઈનાથ વિસ્તાર, સંમતિ માર્કેટ, રાઘુભાઈ કોમ્પ્લેક્ષ વિસ્તાર
	૫૩	૦	૧૬	૩૩૬	૧ થી ૧૭૧	એસ.ટી.ડેપો, થોરીના છાપરા, જી.ઈ.બી.કોલોની, માતાજી કંપો, માતાજી કંપા પ્રાથમિક શાળા
	૫૪	૫	૫	૯૫	૧ થી ૧૩૯	માતાજી મંદિર, જય હોસ્પિટલ વિસ્તાર, આનંદ કિલનીક વિસ્તાર
	૫૫	૦	૧૫	૨૯૩	૧ થી ૧૭૦	હોટલ સાંઈનાથ સામેનો વિસ્તાર, સરસ્વતી કોમ્પ્લેક્ષ, લાલસિંહ કંપા વિસ્તાર, મકાઈ સંશોધન ફાર્મ, ચૌહાણ ફળી વિસ્તાર
	૫૬/૧	૦	૬૧૧	૬૭૬	૧ થી ૯૫	તરાળ ફળી, કટેરયા ફળી, બુબડીયા ફળી
	૫૬/૨	૦	૩૬૧	૩૮૬	૧ થી ૬૬	તરાળ ફળી, ગમાર ફળી, ચીખલી પ્રાથમિક શાળા, બુબડીયા ફળી, એકલવ્ય મોડેલ સ્કુલ
	કુલ	૬૫૦	૧૦૫૧	૩૫૬૮		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૧ના વાયવ્ય ખૂણામાં આવેલ સ.નં.૫૧૧ થઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૫૦૯,૫૧૨ થઈ સ.નં.૫૨૦ થઈ ચૌહાણ ફળી થઈ પૂર્વ તરફ જતાં સ.નં.૫૩૦ થઈ ચીખલા ગામ તરફ જતા રસ્તાને ક્રોસ કરી પૂર્વ તરફ જતાં ચીખલા ગામના સીમાડાની હદે હદે પૂર્વે તરફ જતાં ચીખલી પ્રાથમિક શાળા થઈ સ.નં.૫૫૬ થઈ પૂર્વ તરફ જતાં ચીખલી ગામના સીમાડાની હદે હદે પૂર્વ તરફ જતાં સ.નં.૫૭૩ થઈ પૂર્વ તરફ જતાં વરતોલ ગામ તરફ જતાં રસ્તાને ક્રોસ કરી સ.નં.૫૮૩ થઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૫૮૫ થઈ શીતોલ ગામના રસ્તાને ક્રોસ કરી દક્ષિણે જતાં સ.નં.૫૯૧,૫૯૨ થઈ શીતોલ ગામની દક્ષિણની હદેહદે ઈશાન ખૂણા તરફ જતાં સ.નં.૭૩૫ થઈ સ.નં.૭૩૯ થઈ સ.નં.૭૪૪,૭૪૯,૭૮૬ આવરી લઈ પરોયા ગામ જવાના રસ્તાને ક્રોસ કરી સ.નં.૭૮૮ થઈ અગ્નિ ખૂણામાં આવેલ સ.નં.૭૮૯ થઈ પશ્ચિમ તરફ જતાં કોસંબી નદીના ઉત્તરના કિનારાની હદે હદે પશ્ચિમ તરફ જતાં સ.નં.૭૯૧,૭૯૩,૭૯૫ અને ૮૦૧ને આવરી લઈ ઉત્તર તરફ જતાં સ.નં.૮૦૩ થઈ પરોયા ગામ તરફ જવાના રસ્તાને ક્રોસ કરી પશ્ચિમ તરફ જતાં સ.નં.૭૧૭,૭૧૫ આવરી લઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૮૧૬ થઈ સ.નં.૮૨૩ થઈ દક્ષિણે આવેલ સ.નં.૮૨૪,૮૨૦

થઈ પશ્ચિમ તરફ જતાં સ.નં.૮૨૯ થઈ ઉત્તરે જતાં અમદાવાદ–અંબાજી સ્ટેટ હાઈવે ક્રોસ કરી રાઘુભાઈ કોમ્પ્લેક્ષ થઈ દક્ષિણે જતાં અંબિકા શોપીંગ સેન્ટર થઈ દક્ષિણ તરફ થઈ સ.નં.૬૨૬ થઈ પશ્ચિમ તરફ જતાં સ.નં.૬૨૬ થઈ સ.નં.૬૨૪ થઈ આંગણવાડી થઈ દક્ષિણ તરફ જતાં વાલ્મિકીવાસ થઈ પશ્ચિમ તરફ જતાં હરણાવ નદીના કિનારે કિનારે જતાં સ.નં.૩૬૨,૩૫૮,૩૫૪,૩૫૦ આવરી લઈ ઉત્તર તરફ જતાં સ.નં.૩૪૯ થઈ પશ્ચિમે હરણાવ નદીના કિનારાની હદે હદે જતાં સ.નં.૩૪૮ થઈ સ.નં.૩૪૬,૩૪૧ થઈ ઉત્તરે પાદરડી ગામના સીમાડાની હદે હદે જઈ પૂર્વ તરફ જતાં સ.નં.૩૪૫,૩૪૭,૩૮૨ થઈ ઉત્તરે જતાં સ.નં.૩૮૫,૪૦૩,૪૫૪ આવરી લઈ પશ્ચિમ તરફ જતાં સ.નં.૪૫૬,૪૫૭ થઈ જગમેર ગામના સીમાડાની હદે હદે ઉત્તર તરફ જઈ સ.નં.૪૬૬ પી થઈ ઉત્તરે જતાં અંબાજી સ્ટેટ હાઈવે ક્રોસ કરી સ.નં.૪૭૫,૪૯૩,૪૯૭ આવરી લઈ ઉત્તર તરફ જતાં રાધીવાડ ગામના સીમાડાની હદે હદે જતાં સ.નં.૫૦૩,૫૦૫,૫૦૭ થઈ સ.નં.૫૦૮,૫૧૦ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ખેડબ્રહ્મા નગરપાલિકા, જિલ્લો – સાબરકાંઠા						
સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોકની વિગત				સેન્સસ બ્લોક નંબરના ઘરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૩૯	૨	૩૮	૫૦૪	૧ થી ૧૫૩	રાજપૂત ફળી, વાણિયા ફળી, પટેલ ફળી
	૪૦	૪	૭	૫૧૮	૧ થી ૧૬૯	પટેલફળી, પટેલ સમાજવાડી, વાણિયા ફળી, નગરપાલિકા કચેરી, મસ્જિદ વિસ્તાર
	૪૧	૧૨	૨૩	૪૦૭	૧ થી ૧૩૬	હનુમાનજી મંદિર, દરબારી બંગલા વિસ્તાર, જૂનું પોલીસ સ્ટેશન, નાગણેશ્વરી માતાનું મંદિર વિસ્તાર, આરાધના સિનેમાની સામેનો વિસ્તાર
	૪૨	૭	૧૩	૩૭૦	૧ થી ૧૫૮	લુહાર ફળી, સુથાર ફળી, ચોવેનો માઢ, વાવ સામેનો વિસ્તાર, બાઈ આનંદી ફ્રી લાઈબ્રેરી પાછળનો વિસ્તાર, તાલુકા શાળા નં.૨ સામેનો વિસ્તાર
	૪૩	૫	૨૭	૪૭૬	૧ થી ૧૫૫	ચાવડા ફળી, ઠાકરડા ફળી, તાલુકા શાળા નં.૧ની પાછળનો વિસ્તાર, વાળંદ ફળી
	૪૪	૦	૨૨	૨૨૭	૧ થી ૧૫૩	બ્રહ્માજી ચોક, દૂધ ડેરી, રાધાકૃષ્ણ મંદિરની આજુબાજુનો વિસ્તાર, વાણિયા ફળી, જૈન પંચ મહાજન વિસ્તાર, બ્રાહ્મણ ફળિયું
	૪૫	૫૯	૨૧	૪૪૭	૧ થી ૧૫૧	તાલુકા શાળા નં.૨ ની પાછળનો વિસ્તાર, બ્રાહ્મણ ફળિયું, પરમાર ફળી
	૪૯	૫૮	૨૩	૫૧૧	૧ થી ૧૫૩	કાશીવાડો, પ્રજાપતિ ફળી, રાવળ ફળી
	૫૧	૯	૬૧	૧૫૦	૧ થી ૧૬૩	સ્મશાન ગૃહ, યાદવ કોમ્પલેક્ષ, આરાધના સિનેમા, સરસ્વતી કોમ્પલેક્ષ, જાનકી નગર
	૫૨	૦	૪૧	૧૩૭	૧ થી ૧૮૩	વીર બાવજી મંદિર, જી.જી.માર્કેટ
	કુલ	૧૫૬	૨૭૬	૩૭૪૭		

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૨ના વાયવ્ય ખૂણામાં આવેલ મોટા ઠાકરડા વાસ થઈ પૂર્વ તરફ જતાં રાવળ ફળી થઈ પૂર્વ તરફ જતાં અંબિકા શોપીંગ સેન્ટર થઈ ઉત્તર તરફ જતાં બસ સ્ટેન્ડ સર્કલ થઈ પૂર્વ તરફ જઈ દક્ષિણે જતાં એસ.એસ.ચેમ્બર્સ થઈ પૂર્વ તરફ જતાં સ.નં.૨૭ થઈ ઉત્તર તરફ જતાં સ.નં.૮૧૯,૮૨૨ આવરી લઈ પૂર્વ તરફ જઈ સ.નં.૮૧૮,૮૧૫ થઈ ઉત્તર તરફ જતાં સ.નં.૮૦૯,૮૦૮ આવરી લઈ પૂર્વ તરફ જતાં સ.નં.૮૦૭,૮૦૪ થઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૮૦૫,૮૧૧ થઈ કોસંબી નદીના કિનારે કિનારે પૂર્વ તરફ આગળ જતાં કોસંબી નદીને ક્રોસ કરી સ.નં.૪૬ થઈ જગન્નાથપુરા ગામના સીમાડાની પશ્ચિમની હદેહદે દક્ષિણ તરફ જતાં સ.નં.૪૮,૫૩ થઈ પશ્ચિમ તરફ જતાં હરણાવ નદીના કિનારે કિનારે સ.નં.૫૧,૪૩,૩૮,૩૭ આવરી લઈ કોસંબી નદીને પશ્ચિમમાં ક્રોસ કરી સ.નં.૧૬,૧૫,૧૨,૧૧ આવરી લઈ હરણાવ નદીના કિનારે કિનારે પશ્ચિમ તરફ જતાં સોમનાથ મહાદેવ મંદિર થઈ હનુમાનજી મંદિર થઈ પશ્ચિમ તરફ જતાં પટેલ ફળીનો વિસ્તાર આવરી લઈ આંગણવાડી થઈ ઉત્તર તરફ જઈ પૂર્વ તરફ જતાં રાજપૂત ફળી થઈ ઉત્તર તરફ જતાં ખાડીયા ફળીનો વિસ્તાર થઈ ઉત્તરે જતાં અચલેશ્વર મંદિર થઈ પરમાર ફળી થઈ ઉત્તર તરફ જતાં મોટા ઠાકરડા વાસ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ખેડબ્રહ્મા નગરપાલિકા, જિલ્લો – સાબરકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોકની વિગત				સેન્સસ બ્લોક નંબરના ઘરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧	૩૫	૧૨૬	૫૫૦	૧ થી ૧૩૧	કાશી વિશ્વનાથ મંદિરથી દક્ષિણ તરફનો વિસ્તાર, ગણેશ સોસાયટી
	૨	૧૫	૧૦૩	૫૭૦	૧ થી ૧૬૬	કે.ટી.હાઈસ્કૂલ, પુષ્પકુંજ સોસાયટી, નિકેતન વિદ્યાલય, જે.ડી.પટેલ હાઈસ્કૂલ, કબ્રસ્તાન, આંજણા સમાજવાડી વિસ્તાર, તલાવડી વિસ્તાર
	૩	૨૯	૧૧૫	૬૧૬	૧ થી ૧૬૭	બ્રહ્મા સોસાયટી, જય અંબે સોસાયટી, જલારામ સસોસાયટી, ડેકા ડુંગરી
	૪	૯૫	૭૩	૭૮૪	૧ થી ૧૪૯	હીરાગંગા સોસાયટી, સાંઈવીલા સોસાયટી, સાંઈનાથ સોસાયટી
	૫	૫૧	૬૯	૬૯૧	૧ થી ૧૫૩	ગાયત્રી સોસાયટી, દ્વારકેશ સોસાયટી
	૬	૦	૫	૬૪૨	૧ થી ૧૫૯	વિજય સિનેમાની આજુબાજુનો વિસ્તાર
	કુલ	૨૨૫	૪૯૧	૩૮૫૩		

વોર્ડ નં.૩ હદનું વર્ણન :–

વોર્ડ નં.૩ના વાયવ્ય ખૂણામાં આવેલ સ.નં.૩૩૯થી ઉત્તરમાં આવેલ હરણાવ નદીની દક્ષિણ કિનારાની હદે હદે પૂર્વ તરફ જતાં સ.નં.૩૩૨,૨૦૦ સ.નં.૧૯૮,૧૯૩ થઈ પૂર્વ તરફ જતાં કુમાર છાત્રાલય થઈ સ.નં.૧૮૮ થઈ દક્ષિણ તરફ જતાં કાશી વિશ્વનાથ મંદીર થઈ દક્ષિણે સ.નં.૧૮૫ થઈ સ.નં.૧૮૦ થઈ પશ્ચિમ તરફ કે.ટી.હાઈસ્કૂલ થઈ પશ્ચિમ તરફ જતાં વાસણા ગામના રોડને ક્રોસ કરી સ.નં.૧૮૨ થઈ દક્ષિણ તરફ જતાં વિજય સિનેમા વિસ્તાર થઈ પશ્ચિમ તરફ જતાં વાસણા રોડ ઉપર આવેલ ફોરેસ્ટ કચેરી થઈ દક્ષિણ તરફ આગળ જતાં પશ્ચિમે રેલવેલાઈન ક્રોસ કરી સ.નં.૨૦૭,૩૧૬ થઈ ડેકા ડુંગરી વિસ્તાર થઈ પશ્ચિમ તરફ જતાં સ.નં.૩૧૨,૩૧૧ થઈ પશ્ચિમમાં આવેલ વાસણા ગામના સીમાડાની હદે હદે ઉત્તર તરફ જતાં સ.નં.૩૨૨,૩૩૭ થઈ વાસણા ગામ તરફ જતાં રસ્તાને ક્રોસ કરી સ.નં.૩૩૮ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ખેડબ્રહ્મા નગરપાલિકા, જિલ્લો – સાબરકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોકની વિગત				સેન્સસ બ્લોક નંબરના ઘરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૯	૧૬	૪૧	૩૭૧	૧ થી ૧૪૬	હરજીપુરા, સીગ્નલ કંપા, સહકારી જીન વિસ્તાર
	૧૦	૦	૩	૨૦૬	૧ થી ૧૭૫	તલાટીનો ચોરા વિસ્તાર, સુભાષપોળ, જમીન વિકાસ બેંક વિસ્તાર, સરદાર શોપીંગ સેન્ટર તથા શાક માર્કેટ
	૧૧	૧૧	૧૪	૪૩૨	૧ થી ૧૬૭	એ.પી.એમ.સી. વિસ્તાર, માર્કેટયાર્ડ ગોડાઉન, પ્રવાસી આશ્રમ શાળા વિસ્તાર, ભકિતનગર વિસ્તાર
	૧૨	૮૨	૬૧	૬૫૧	૧ થી ૧૬૮	અર્બુદા માતાનુ મંદિર વિસ્તાર, પોલીસ સ્ટેશન, પોલીસ કવાર્ટર્સ, પ્રજાપતિ પ્રાથમિક શાળા આજુબાજુનો વિસ્તાર, ભાટ સોસાયટી
	૧૪	૪	૩	૬૧૮	૧ થી ૧૫૬	પ્રજાપતિ સોસાયટી, તપોધન સમાજવાડી પાછળનો વિસ્તાર
	૧૫	૦	૭	૩૭૭	૧ થી ૧૬૧	પ્રજાપતિ સોસાયટી, માર્કેટયાર્ડની સામેનો વિસ્તાર
	૧૭	૩૩	૭૦	૫૦૫	૧ થી ૧૬૬	નાયબ ખેતી નિયામકની કચેરી વિસ્તાર, લક્ષ્મી સોસાયટી, જયોતિ હાઈસ્કૂલ, ઈન્ડેન ગેસ ગોડાઉન વિસ્તાર, ઉમિયાનગર, શામજીનગર સોસાયટી
	૨૭	૭	૩	૨૧૩	૧ થી ૧૩૮	નવજીવન હોસ્પિટલ વિસ્તાર, ચંચળબા પ્રાથમિક શાળા વિસ્તાર, દેવીપૂજક વાસ
	કુલ	૧૫૩	૨૦૨	૩૩૭૩		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૪ના વાયવ્ય ખૂણામાં આવેલ સ.નં.૩૧૦ થઈ પૂર્વ તરફ જતાં સ.નં.૩૧૫ થઈ સ.નં.૩૦૫ થઈ હરજીપુરા વિસ્તારને આવરી લઈ પૂર્વ તરફ જતાં રેલવેલાઈનને ક્રોસ કરી રેલવે સ્ટેશન પાસે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ થઈ પૂર્વ તરફ જતાં સરદાર ચોક થઈ ઉત્તરે જતાં મુખી માર્કેટ થઈ પૂર્વ તરફના વિસ્તારની આવરી લઈ દેવીપૂજકવાસ થઈ પૂર્વ તરફ જઈ દક્ષિણે જતાં નવજીવન હોસ્પિટલ થઈ દક્ષિણમાં સરદાર પટેલ રોડને ક્રોસ કરી દક્ષિણે જતાં સસ્તા અનાજની દુકાન થઈ દક્ષિણ તરફ જતાં પ્રજાપતિ સોસાયટીના મકાનોને આવરી લઈ પૂર્વ તરફ જતાં ભાટ સોસાયટીના મકાનોને આવરી લઈ પૂર્વ તરફ જતાં પોલીસ કવાર્ટરના મકાનો થઈ દક્ષિણ તરફ ઈડર સ્ટેટ હાઈવે તરફ જતાં સ.નં.૨૨૪ થઈ પોલીસ સ્ટેશન થઈ સ.નં.૨૨૫ થઈ દક્ષિણ તરફ જતાં જયોતિ હાઈસ્કૂલ થઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૨૩૪,૨૪૧,૨૪૬ને આવરી લઈ પશ્ચિમ તરફ જતાં શ્યામજીનગર સોસાયટીના મકાનવાળા વિસ્તારને આવરી લઈ પશ્ચિમ થઈ સ.નં.૨૪૪ થઈ પશ્ચિમ થઈ દક્ષિણ તરફ જતાં રેલવેલાઈનની હદે હદે દક્ષિણે જતા સ.નં.૨૭૯,૨૭૨,૨૬૬,૨૫૮ને આવરી લઈ દક્ષિણે થઈ પશ્ચિમ તરફ ગાડુ ગામના સીમાડાની હદે હદે સ.નં.૨૬૦,૨૬૧ થઈ ઉત્તર તરફ જતાં સ.નં.૨૬૨,૨૭૫ થઈ વાસણા ગામના સીમાડાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં સ.નં.૨૮૩,૨૯૧, ૨૯૯,૩૦૯ સુધીનો આ વોર્ડમાં સમાવેશ તમામ વિસ્તાર.

INDEX

ખેડબ્રહ્મા નગરપાલિકા, જિલ્લો – સાબરકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોકની વિગત				સેન્સસ બ્લોક નંબરના ઘરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર સુધી	
૧	૨	૩	૫	૫	૬	૭
૫	૭	૦	૫	૪૧૭	૧ થી ૧૪૭	કે.ટી.હાઈસ્કૂલ પાછળનો વિસ્તાર, કચ્છી સમાજવાડી વિસ્તાર, તેરાપંથ ભવન વિસ્તાર
	૮	૩૪	૯૭	૪૧૧	૧ થી ૧૪૦	ચંદન તલાવડી વિસ્તાર, હિન્દુ ધર્મશાળા વિસ્તાર
	૧૩	૫	૧૦	૭૮૨	૧ થી ૧૪૩	ભાટ સોસાયટી, પ્રજાપતિ સોસાયટી
	૧૬	૧૩	૫	૬૪	૧ થી ૧૮૧	એચ.ડી.એફ.સી.બેન્ક વિસ્તાર, આર.એન્ડ બી.ઓફીસ, ટી.ડી.ઓ ઓફિસ, તાલુકા સેવા સદન વિસ્તાર
	૨૫	૧૩	૦	૫૬	૧ થી ૧૨૬	જૈન દેરાસર વિસ્તાર, ગંગા મેટરનિટી વિસ્તાર, બેન્ક ઓફ બરોડા વિસ્તાર, સંતોક બા ધર્મશાળા, વૃંદાવન કોમ્પ્લેક્ષ વિસ્તાર
	૨૬	૧૭	૨૬	૪૪૭	૧ થી ૭૫	કોર્ટ વિસ્તાર, જનતા બેન્કથી સ્ટેટ બેન્ક પાછળનો વિસ્તાર
	૨૮	૨૫	૯	૧૦૯	૧ થી ૭૦	સિવીલ હોસ્પિટલ વિસ્તાર, બેન્ક ઓફ ઈન્ડીયા વિસ્તાર
	૨૯	૦	૦	૫૭	૧ થી ૭૨	સાવકો બિલ્ડીગ વિસ્તાર
	૩૦	૨	૯	૩૪૦	૧ થી ૬૬	દવે હોસ્પિટલ પાછળનો વિસ્તાર, અપ્સરા લેડીઝ ટેલર્સની બાજુનો વિસ્તાર
	૩૧	૦	૨૪	૪૩૧	૧ થી ૫૩	દેવીનગર, દ્રુપદ હોસ્પિટલ પાછળનો વિસ્તાર, મયુર લેબોરેટરી પાછળનો વિસ્તાર, આનંદ કોમ્પ્લેક્ષ વિસ્તાર
	૩૨	૧૬	૩૭	૨૫૭	૧ થી ૧૮૦	દેવીનગર, તાલુકા લાઈબ્રેરી, લક્ષ્મી કોમ્પલેક્ષ, શિવાજી પાર્ક સામેનો વિસ્તાર, પશુ દવાખાના પાછળનો વિસ્તાર
	કુલ	૧૨૫	૨૨૨	૩૩૭૧		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૫ના વાયવ્ય ખૂણામાં આવેલ કચ્છી સમાજવાડીના પશ્ચિમ ખૂણાથી ઉત્તર તરફ જતાં વાસણા રોડ ઉપર આવેલ હનુમાનજી મંદિર થઈ પૂર્વ તરફ જતાં સ.નં.૧૮૦ થઈ પૂર્વ તરફ થઈ ઉત્તર તરફ સ્ટેશન રોડથી હરણાવ નદી તરફ જતા સ.નં.૧૭૩, સ.નં.૧૭૧ થઈ ઉત્તર તરફ જતાં હરણાવ નદીને ક્રોસ કરી પૂર્વ તરફ ગામતળ થઈ પૂર્વ તરફ થઈ દક્ષિણ તરફ સ્ટેટ હાઈવે પુલની હદે હદે દક્ષિણ તરફ જતાં સ.નં.૧૭૦ થઈ શિવાજી પાર્ક થઈ દક્ષિણ તરફ જતાં પે એન્ડ યુઝ ટોઈલેટ થઈ દક્ષિણ તરફ જતાં લક્ષ્મીપુરા ચોકડી થઈ દક્ષિણે ઈડર સ્ટેટ હાઈવે તરફ જતાં જૈન દેરાસર થઈ બ્રહ્માકુમારી સર્કલ થઈ દક્ષિણ તરફ જતાં નાગણેશ્વરી પેટ્રોલપંપ થઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૨૨૪ થઈ પશ્ચિમ તરફ

જતાં ભાટવાસ થઈ પશ્ચિમે જઈ ઉત્તર તરફ જતાં ભાટવાસનો વિસ્તાર આવરી લઈ ઉત્તર તરફ જતાં પ્રજાપતિવાસ વિસ્તાર થઈ ઉત્તરે જતાં તાલુકા પંચાયત ઓફિસ થઈ એચડીએફસી બેંક થઈ ઉત્તર તરફ જતાં સરદાર પટેલ રોડને ક્રોસ કરી એસ.બી.આઈ બેંક થઈ ઉત્તર તરફ જતાં કોમ્યુનિટી હોલ થઈ પશ્ચિમે થઈ સિવીલ હોસ્પિટલ વિસ્તારને આવરી લઈ ઉત્તર તરફ જઈ પશ્ચિમે જતાં સીવીલ રોડ ઉપર આવેલ તાલુકા પંચાયતની દુકાનો થઈ પશ્ચિમે થઈ શીતલ ચોક થઈ દક્ષિણ તરફ જતાં મહેતા માર્કેટમાં આવેલ બેંક ઓફ ઈન્ડિયા થઈ દક્ષિણ તરફ જઈ પશ્ચિમે જતાં સાવકો બિલ્ડીગ થઈ પશ્ચિમ તરફ જતાં રેલવે કવાર્ટર્સ થઈ ઉત્તર તરફ જતાં હિન્દુ ધર્મશાળા વિસ્તાર થઈ ઉત્તરે જતાં તેરાપંથ ભવન વિસ્તાર આવરી લઈ સ.નં.૧૮૧ થઈ ઉત્તરમાં આવેલ કચ્છી સમાજવાડી વિસ્તાર સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

ખેડબ્રહ્મા નગરપાલિકા, જિલ્લો – સાબરકાંઠા						
સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોકની વિગત				સેન્સસ બ્લોક નંબરના ઘરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૧૮	૪	૩૦૩	૬૫૪	૧ થી ૧૪૮	હોટેલ રઘુછાયા પેલેસ વિસ્તાર, ઉન્ડવા તુલસી બંગ્લો વિસ્તાર, આદર્શ નિવાસી આશ્રમશાળા વિસ્તાર, સુરતી કંપા વિસ્તાર
	૧૯	૧૬	૨૨	૪૯૮	૧ થી ૧૫૧	નવા મારવાડા વિસ્તાર, કૃષિ યુનિવર્સિટી વિસ્તાર
	૨૦	૧૨	૧૧	૬૩૭	૧ થી ૧૫૩	હોટલ રઘુછાયાની પાછળનો વિસ્તાર, ભેમરા કંપા, કન્યા વિદ્યાલયની આજુબાજુનો વિસ્તાર
	૨૧	૩	૨૦૬	૬૧૨	૧ થી ૧૦૬	મોતીનગર, પટેલ સોસાયટી
	૨૨	૦	૩	૨૫૫	૧ થી ૯૩	પટેલ સોસાયટી, એન.એમ.પેટ્રોલપંપ પાછળનો વિસ્તાર, અક્ષર કોમ્પલેક્ષની આજુબાજુનો વિસ્તાર
	૨૩	૧૧	૪૮	૨૮૦	૧ થી ૮૯	આવકાર સોસાયટી, આરાધના સોસાયટી, શીતકેન્દ્રની આજુબાજુનો વિસ્તાર
	૩૩	૩૯	૨૮૮	૭૯૬	૧ થી ૧૫૬	ઈન્દિરાનગર
	કુલ	૮૫	૮૮૧	૩૭૩૨		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૬ના વાયવ્ય ખૂણામાં આવેલ લક્ષ્મીપુરા ચોકડીથી પૂર્વ તરફ જતાં પ્રોજેકટ કચેરીના પશ્ચિમ ખૂણાથી દક્ષિણ તરફ જતાં ઈન્દિરાનગર વિસ્તાર થઈ દક્ષિણ તરફ જતાં પટેલ સોસાયટીના પૂર્વ તરફના વિસ્તાર થઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૮૩૫ થઈ સ.નં.૨૨૨ થઈ દક્ષિણે જતાં સ.નં.૧૫૮ થઈ દક્ષિણે જઈ પૂર્વ તરફ જતાં સુરતી કંપાના પૂર્વ વિસ્તારને આવરી લઈ દક્ષિણે આવેલ સ.નં.૧૧૪,૧૧૨,૧૦૯ થઈ દક્ષિણે જતાં ગોતા ગામ જવાના રસ્તાને ક્રોસ કરી સ.નં.૧૦૮ થઈ ગોતા ગામના સીમાડે સીમાડે પશ્ચિમ તરફ જતાં સ.નં.૧૨૧,૧૨૨,૧૨૫,૧૨૬ આવરી લઈ પશ્ચિમ તરફ જતાં આદર્શ નિવાસી આશ્રમશાળા થઈ પશ્ચિમ તરફ જતાં ઈડર સ્ટેટ હાઈવેને ક્રોસ કરી સ.નં.૨૫૬,૨૫૭ થી ઉત્તર તરફ જતાં સ.નં.૨૫૧ થઈ ઉત્તર તરફ જઈ પૂર્વ તરફ જતાં તુલસી બંગલ્લો થઈ સ.નં.૨૪૭ થઈ અંબાજી–ઈડર સ્ટેટ હાઈવે ક્રોસ કરી ઉત્તર તરફ જતાં કૃષિ યુનિવર્સિટી થઈ ઉત્તર તરફ આવેલ હોટલ રઘુછાયા થઈ સ.નં.૮૩૬ થઈ ઉત્તર તરફ જતાં વરદાન હોસ્પિટલ થઈ ઉત્તરે આવેલ એન.એમ.પેટ્રોલપંપ થઈ અંબિકા કોમ્પલેક્ષ થઈ ઉત્તર તરફ જતાં લક્ષ્મીપુરા ચોકડી સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

ખેડબ્રહ્મા નગરપાલિકા, જિલ્લો – સાબરકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોકની વિગત				સેન્સસ બ્લોક નંબરના ઘરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૨૪	૯	૧૯૫	૩૮૧	૧ થી ૪૬	૩૬ કવાર્ટર્સ વિસ્તાર, ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા વિસ્તાર, દરગાહ વિસ્તાર, ભૃગુઋષિ મંદિરની આજુબાજુનો વિસ્તાર
	૩૪	૦	૪૩	૫૮૩	૧ થી ૧૫૨	ચાંપલપુરમાં પ્રજાપતિ ફળી, દરજી ફળી, બ્રાહ્મણ ફળિયું
	૩૫	૫	૦	૫૨૬	૧ થી ૧૫૪	ચાંપલપુરમાં બ્રાહ્મણ ફળિયું, બજાણિયા તથા દેવીપૂજકવાસ
	૩૬	૨૦૨	૨૩	૭૫૨	૧ થી ૧૬૦	ચાંપલપુરમાં બ્રાહ્મણ ફળિયું, તુરી વાસ, પરમાર વાસ, ઠાકરડા વાસ, ટેલીફોન એક્ષચેન્જ વિસ્તાર, આઈ.ટી.આઈ.વિસ્તાર
	૩૭	૨૯	૪૨૮	૭૦૫	૧ થી ૧૫૦	પંચશીલ વસાહત વિસ્તાર, પંચશીલ પ્રાથમિક શાળા વિસ્તાર
	૩૮	૦	૨૩૫	૪૧૦	૧ થી ૧૦૧	પંચશીલ વસાહત વિસ્તાર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વિસ્તાર, ક્ષીરજામ્બા મંદિર વિસ્તાર, રબારી વાસ
	કુલ	૨૪૫	૯૨૪	૩૩૫૭		

વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :–

રાજય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯., ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.

૧૦મી ઓક્ટોબર, ૨૦૧૭.

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–માંગરોળ–યુનિટ–૮–૧૦૨૦૧૭

માંગરોળ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી ' અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૫૬–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **માંગરોળ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **માંગરોળ** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને

INDEX

કાઉન્સિલરોની **કુલ–૩૬** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૬૩૭૯૪** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૭૦૮૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ **નં.૩** સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૭	૬૭૮૨	૧૫૬૨	૨૩.૦૩
૨	૯	૬૮૭૬	૯૯૪	૧૪.૪૬
૩	૮	૭૧૮૯	૧૦૦૭	૧૪.૦૧
૪	૨	૭૩૨૦	૨૧૮	૨.૯૮
૫	૧	૭૦૪૯	૨૨	૦.૩૧
૬	૫	૬૭૪૫	૪	૦.૦૬
૭	૩	૭૯૧૭	૪	૦.૦૫
૮	૬	૭૧૬૪	૦	૦
૯	૪	૬૭૫૨	૦	૦
	કુલ	**૬૩૭૯૪**	**૩૮૧૧**	**--**

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ **નં.૭ અને** ૯ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ **નં.**૯ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ **નં.૭ અને** ૯ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૭	**અનુસુચિત જાતિ**
૨	૯	**અનુસૂચિત જાતિ સ્ત્રી**

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૧** બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૧** બેઠકો પૈકી અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે કોઇ બેઠક અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૨	૭૩૨૦	૬૬૪	૯.૦૭
૨	૧	૭૦૪૯	૩૯૬	૫.૬૨
૩	૩	૭૯૧૭	૪૩	૦.૫૪
૪	૮	૭૧૮૯	૬	૦.૦૮
૫	૯	૬૮૭૬	૫	૦.૦૭
૬	૭	૬૭૮૨	૧	૦.૦૧
૭	૬	૭૧૬૪	૦	૦
૮	૪	૬૭૫૨	૦	૦
૯	૫	૬૭૪૫	૦	૦
	કુલ	**૬૩૭૯૪**	**૧૧૧૫**	--

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ **નં.**૨ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં

સુધી ૬૨ બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે કોઇપણ બેઠક અનામત રાખવાનુ નિર્ધારિત થયેલ નથી.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ **નંબર ૨** માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	**અનુસૂચિત આદિજાતિ**

૧૭. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૨ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૪ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૪ બેઠકો પૈકી ૨ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

માંગરોળ નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૫	૬૭૪૫	૬૭૪૧	૯૯.૯૪
૨	૬	૭૧૬૪	૭૧૨૦	૯૯.૩૮
૩	૪	૬૭૫૨	૬૬૧૬	૯૭.૯૮
૪	૭	૬૭૮૨	૬૪૪૨	૯૪.૯૮
૫	૧	૭૦૪૯	૬૨૬૮	૮૮.૯૨
૬	૨	૭૩૨૦	૬૪૪૮	૮૮.૦૮
૭	૮	૭૧૮૯	૬૦૭૩	૮૪.૪૭
૮	૩	૭૯૧૭	૫૭૬૧	૭૨.૭૬
૯	૯	૬૮૭૬	૪૪૧૬	૬૪.૨૨
	કુલ	૬૩૭૯૪	૫૫૮૮૫	--

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ **નં.૫,૬,૪ અને ૭** માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ **નં.૫ અને ૪** માં પછાતવર્ગની અને વોર્ડ **નં. ૬ અને ૭** માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૫	પછાતવર્ગ
૨	૬	પછાતવર્ગ સ્ત્રી
૩	૪	પછાતવર્ગ
૪	૭	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **માંગરોળ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **માંગરોળ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર

અનુસૂચિ – ૧

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૧	૦	૦	૬૭૬	૧ થી ૧૦૮	ગદરમાં બારખાઈ રોડથી બુલાખી સોસાયટી, મકતુપુર ઝાંપા વરામની ફેકટરી પાછળ સુધીનો વિસ્તાર
	૨	૦	૦	૭૭૧	૧ થી ૧૦૪	બુલાખી સોસાયટીથી નાગદા વાડી વિસ્તાર, મસ્જિદે તૈયબા સુધી
	૩	૮	૦	૬૬૨	૧ થી ૯૨	નાગદા વિસ્તાર, મસ્જિદે તૈયબા પાસેથી જહાંગીરી, મદ્રેસા પાછળનો વિસ્તાર
	૪	૦	૦	૮૪૭	૧ થી ૧૧૮	જહાંગીરી મદ્રેસા પાછળથી ડાબા હાથે નાગદા વિસ્તાર, યુસુફ પટેલ હકીમના ઘર સુધી
	૫	૦	૦	૫૯૫	૧ થી ૧૦૭	નાગદા વિસ્તાર, ફકીરવાડા, કગરાણા મીલ પાસેથી હસન શાહ ફકીરના ઘર સુધી
	૬	૧૪	૦	૮૧૫	૧ થી ૧૦૨	નાગદા વિસ્તાર, ફકીરવાડાથી બહાર નીકળતા પોરબંદર રોડ, પારસી બાગના સામે વરામની કગરાણા મીલની સામેથી માત્રી બોર્ડીંગ સુધી
	૭	૦	૦	૫૩૦	૧ થી ૮૭	બોર્ડીંગ પાસેથી રાઠોડ સોલંકી સોસાયટી તથા સલાટ સોસાયટી
	૯	૦	૩૯૬	૫૮૭	૧ થી ૯૮	શકિત નગર
	૩૩	૦	૦	૪૨૩	૧ થી ૭૦	સાત સ્વરૂપની હવેલી, સામેથી ગાંધી ચોક, મેમણવાડા, આરીફ મેમણના ઘરેથી મકતુપુર દરવાજા તરફ જતાં બાબુજીના ડેલાથી લાલપુરા તરફ જતાં વણીદ ફળિયા સુધી

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
	૩૪	૦	૦	૫૬૪	૧ થી ૮૯	મચ્છીયારા વાડાના નાકેથી ફુલવાડી મસ્જિદ તરફ ડાબા હાથે મેમણવાડા, જમાતખાના સુધીનો વિસ્તાર
	૪૮	૦	૦	૫૭૯	૧ થી ૭૪	મકતુપુર ઝાંપા, અલ અમીન સોસાયટીથી ગદરમાં રોડ બારખાઈ સુધી
કુલ		૨૨	૩૯૬	૭૦૪૯	–	–

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૧ના અરબી સમુદ્ર કિનારે મકતુપુર ગામના દક્ષિણ સીમાડાની હદે રે.સ.નં.૧૬૫૪/૨/૧ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૧૦૮૨/૪/૮/૭ પોરબંદર રોડ ક્રોસ કરી પોરબંદર–વેરાવળ બાયપાસ તરફના રે.સ.નં.૧૦૮૧, ૧૦૬૩/૧, ૯૧૬/૧, ૯૦૮/૨, ૯૦૫/૧/૨, ૯૦૪/૧, ૮૨૪, ૮૨૯/૨, ૧૫૪૫, ૮૧૭ પોરબંદર બાયપાસની હદે હદે અમૃતબાગના ખૂણેથી દક્ષિણ તરફ જતાં પશુ દવાખાનાથી પશ્ચિમે શકિતનગર આવરી લઈ દક્ષિણે માત્રી મંદિર સુધી, ત્યાંથી પશ્ચિમે રાઠોડ સોલંકી સોસાયટી આવરી લઈ દક્ષિણે કુંભારવાડાની રાંગ પાસેથી ક્રોસ કરતાં ફુલવાડી, મેમણવાડી આવરી લઈ દક્ષિણે ગાંધીચોકથી શેઠફળી શાકમાર્કેટથી ગાંધીચોક થઈ પશ્ચિમે લાલપુરા, ઉત્તરદા વિસ્તાર મકતુપુર ઝાંપાથી પશ્ચિમે ગદર બાળખાઈ રોડ અલ–અમીર સોસાયટી આવરી લઈ બાસર રોડ તરફ રે.સ.નં.૧૬૫૪/૨/૪નાં નેઋત્ય ખૂણેથી ઉત્તરે અરબી સમુદ્રની હદે હદે આગળ જતાં મકતુપુર સીમાડાની હદ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૨	૮	૦	૯૦	૫૦૬	૧ થી ૧૦૪	સલાટ સોસાયટીથી માત્રી મંદિરનો વિસ્તાર,ત્યાંથી ઉત્તરે જતાં પશ્ચિમ તરફનો વિસ્તાર, તથા પશુ દવાખાના પાસેનો વિસ્તાર
	૧૦	૪	૪૯	૫૩૯	૧ થી ૧૨૦	શાંતિ બંગલા પાછળનો વિસ્તાર, માંડવી દરવાજા સુધી
	૧૧	૮	૧૨૩	૬૮૮	૧ થી ૧૫૯	સરકારી દવાખાનાથી ગુલાબચંદ માસ્ટર સોસાયટી થઈ માત્રી મંદિર પાસેનો વિસ્તાર
	૧૨	૭	૧૯	૩૬૩	૧ થી ૮૯	ટાવર ગ્રાઉન્ડ ઝહુર પઠાણના ડેલેથી સબ્બીર હાઉસ તરફથી ડાબે હાથે સરકારી દવાખાના સામેની ગલી પી.એસ.આઈ.કવાર્ટર્સ તરફ માંડવી ગેઈટથી ચાર રસ્તા,પોઈન્ટ તરફથી ડાબા હાથે કેશોદ રોડ સુધી
	૧૩	૧૦	૪૮	૪૮૨	૧ થી ૧૧૩	કેશોદ ચોકડી પોરબંદર તરફ ડાબા હાથે ગાયત્રી નગરથી લઈ ટાવર ગ્રાઉન્ડ બડા સાહેબના મકાન સુધી
	૧૪	૧	૪૨	૫૫૫	૧ થી ૧૧૪	બડા સાહેબના ઘરેથી ટાવર ગ્રાઉન્ડ જાનકી નગર તરફ ટાવર સામેની બન્ને બાજુ લઈ ડાબે હાથે ટાવરથી સિનેમા તરફ જતાં સર્વોદય ઓફિસની બાજુનો વિસ્તાર
	૧૫	૧૦	૨૦	૪૦૮	૧ થી ૮૩	સર્વોદયની બાજુમાં નથવાણીના મકાનથી જૂના મામલતદાર કવાર્ટર્સ લઈ પાછળની ગલીથી ડાબે હાથે ચંદ્રીકાબેનના મકાનથી સિરાજ રોડ તરફ મેરવાણાના મકાનથી સામે વિજય યાદવના મકાન લઈ ડાબા હાથે સિનેમા પાછળની ગલી લઈ જાડાના મકાનથી ટીબા સાહેબના મકાન સુધી

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૨	૧૬	૦	૯	૮૭૩	૧ થી ૧૫૪	હાજી સીદીક કબ્રસ્તાન થી ૬૬ કે.વી.સબ સ્ટેશન લઈ ફીશરીઝ કોલોની લઈ તળાવ સુધી
	૧૭	૧૫	૯	૮૪૩	૧ થી ૧૦૮	પોરબંદર બાયપાસ મિલ્લત નગરથી વસીલા કોલોની,જલારામ સોસાયટી,સંતોષી નગર કેશોદ રોડ, પેટ્રોલ પંપથી માંગરોળ મિલથી હાજી સીદીક વિસ્તાર સુધી
	૧૮	૧૫૩	૩૪	૫૫૮	૧ થી ૧૧૨	કેશોદ ચોકડીથી તિરૂપતી નગર લઈ કામનાથ ચોકડી સુધી
	૧૯	૦	૭૧	૪૨૦	૧ થી ૭૮	ગૌરવ કોમ્પ્લેક્ષથી સતીની ડેરી તરફ જતાં માંડવી દરવાજાની અંદર નાના રબારી વાડા દેવીપૂજક વિસ્તાર
	૨૦	૨	૧૧૭	૫૬૯	૧ થી ૧૩૭	ટાવર રોડ ભરતભાઈ વસાવડાના ઘર પાસેથી ધોબીવાડા નાકેથી ડાબે હાથે પટેલ ફળિયા લઈ નાના રબારી વાડા થઈ શિકોત્રી ફળિયા સુધી
	૨૨	૮	૩૩	૫૧૬	૧ થી ૧૧૩	લાલજી મંદિર સામેથી પ્રકાશ તન્નાના ઘર પાસેથી ડાબે હાથે નાગર બ્રાહ્મણવાડા, સીદોરીયા વાવ, મંગળાજ શેરી, વાઘેશ્વરી મંદિર સુધીનો વિસ્તાર
કુલ		૨૧૮	૬૬૪	૭૩૨૦	–	–

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૨ના મકતુપુરના પૂર્વ સીમાડે પોરબંદર રોડ બાયપાસ ખૂણેથી પૂર્વ તરફ જતાં રે.સ.નં.૧૫,૧૬/૧ થઇ દક્ષિણે સ.નં.૨૪/૧ થી પૂર્વે સ.નં.૨૪/૨ થી દક્ષિણે રે.સ.નં.૨૭ના ઈશાન ખૂણેથી રે.સ.નં.૨૯,૩૨/૨, ૩૮/૨, ૪૪, ૪૫ના અગ્નિ ખૂણે કામનાથ રોડથી ઈશાન પશ્ચિમે જતાં કામનાથ ચોકડી ક્રોસ કરી ઉત્તરદા વિસ્તાર આવરી લઈ રામદેમંદિરથી ઉત્તરે જતાં સેક્રેટરીએટ પોસથી પશ્ચિમે જતાં ટાવર રોડ ક્રોસ કરી ધોબીવાડા આવરી લઈ પાવરહાઉસના ગેઈટ પાસેથી ઉત્તરે જતાં સિંદુરીયા બાગ તરફ પોરબંદર રોડ ક્રોસ કરી પશ્ચિમે રાઠોડ સોલંકી સોસાયટી સલાટવાડા આવરી લઈ ઉત્તરે માત્રી મંદિરથી પૂર્વ તરફ જતાં વિશ્વકર્મા સોસાયટીથી ઉત્તરે ગુલાબચંદ માસ્તર સોસાયટીને આવરી લઇ સરકારી હોસ્પિટલ વિસ્તાર તથા પશુ દવાખાના સુધી, ત્યાંથી ઉત્તરે અમૃતબાગ, પોરબંદર બાયપાસ ક્રોસ કરી મકતુપુરના પૂર્વ સીમાડા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૩	૨૧	૦	૦	૫૫૬	૧ થી ૧૧૭	ધોબીવાડા, અજય ઓઈલથી ડાબા હાથે લાલજી મંદિર તરફ જીવનધારા લઈ પાવર હાઉસ સુધી, પાવર હાઉસ સામેથી ડાબે હાથે જ્યોતનાથ શેરીથી સિંદોરીયા બાગ સુધી
	૨૩	૦	૦	૬૧૫	૧ થી ૧૩૪	પીપળા શેરીથી રાવલ ફળિયા થઈ રાજુ જોશીના મકાનથી પુરબીયાવાડા ,વાંઝાવાડા ચબૂતરા પાસેથી ચામુંડા માતાના મંદિરથી રૂખડા સુધી

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
	૨૪	૦	૦	૫૩૮	૧ થી ૧૦૪	કુંભારવાડા (રૂખડા પાસે)ડાબા હાથે મોચીવાડા,ખત્રીવાડા, નિલકંઠ શેરી પુરબીયાવાડાના નાકેથી પાવર હાઉસ સુધી
	૨૫	૦	૦	૪૯૬	૧ થી ૯૮	સરાણીયા વાવ સામેથી મુઝફફરના ઘરથી હિંગળાજ મંદિર તરફ સલાટવાડા થઈ ઓસ્માણ સાટીના ઘર સુધી
	૨૬	૦	૦	૧૬૨	૧ થી ૩૪	ટાવર રોડ, ખેરના વંડાથી સિરાજ રોડ, તાલુકા શાળાની સામેનો વિસ્તાર
	૨૭	૪	૨૦	૫૩૮	૧ થી ૧૨૩	જયદીપ નગર , વિઠ્ઠલ વિલાસથી ડાબા હાથે જેલ સામેની ગલી, આંબેડકર પ્રતિમાથી પોલીસ કવાર્ટર્સ
	૨૮	૦	૫	૫૨૨	૧ થી ૯૨	જૂના બસ સ્ટેન્ડથી ભોયવાડા ,કાજીવાડા વિસ્તાર
	૨૯	૦	૦	૫૩૨	૧ થી ૧૧૯	કાજીવાડા, જૈન દેરાસર
	૩૦	૦	૪	૫૬૬	૧ થી ૧૦૬	દરબારગઢના નાકેથી સૈયદ વાડા, ધ્રૂવ ફળિયા સુધી
	૩૧	૦	૯	૪૭૬	૧ થી ૧૦૧	સૈયદ વાડાથી પાવર હાઉસ, સેવકલાલ છાંટબારના મકાન સુધીનો વિસ્તાર
	૩૨	૦	૦	૩૬૮	૧ થી ૭૮	ગાંધી ચોકથી વાણિયાવાડ તરફ ડાબા હાથે (રાજપરા)ના મકાનેથી ખેતલ ફળિયા ,રામ મંદિર, શેઠ ફળિયા
	૮૦	૦	૦	૬૫૧	૧ થી ૧૧૨	વાણિયા વાડ , ગુલઝાર ચોક, કબલ શેરી, તાલીયા શેરી,પટેલ શેરી, અફસરનો ડેલો, કન્ના શેરી
	૮૧	૦	૦	૭૨૩	૧ થી ૧૨૪	કન્ના શેરી પાસેથી નવાપરા, કોટનાગરવાડા વિસ્તાર, શેઠ ફળિયા
	૮૨	૦	૦	૬૨૩	૧ થી ૧૦૮	શેઠ ફળિયા, કાજુ ફળિયા, નવાપરા
	૮૫	૦	૫	૫૫૧	૧ થી ૧૧૫	સોની ફળિયા, બોરડી ફળિયા, વેરાઈ ફળિયા, નીચીબારી ,ગાયચોગાન, નાનજી ચકલા સુધી
કુલ		૪	૪૩	૭૯૧૭	–	–

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૩ના વાયવ્ય ખૂણેથી પોરબંદર રોડ પર આવેલા કુંભારવાડાના ખૂણેથી પૂર્વ તરફ જતાં સિંદુરીયાબાગથી દક્ષિણ તરફ જતાં જયોતિનાથ શેરીથી પૂર્વે ધોબીવાડા તરફ જતાં જીવનધારા, લાલજીમંદિર, જૂના બસ સ્ટેન્ડ તરફના વિસ્તારથી પૂર્વ તરફ જતાં ટાવર રોડ ક્રોસ કરી સેક્રેટરીએટ પાસેથી દક્ષિણ તરફ જતાં જેલ ઝાંપા પાસેથી પશ્ચિમે જેલ રોડ તરફથી લીમડાચોકથી દક્ષિણ તરફ વેરાઈ ફળિયા, કાજુ ફળિયાથી પશ્ચિમ તરફ જતાં નવાપરા, બુલાખીનો ડેલો, ગુલઝાર ચોક તરફ જતાં ત્યાંથી ઉત્તરદા વિસ્તાર આવરી લઈ શેઠ ફળિયું, મુબારક મસ્જિદનો વિસ્તાર, ગાંધીચોક થઈ ઉત્તરે દાણાપીઠ તથા સરાણીયાવાવ વિસ્તાર, સલાટવાડા, કુંભારવાડા, પોરબંદર રોડ પર આવેલ કુંભારવાડાના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૪	૩૫	૦	૦	૫૮૯	૧ થી ૯૩	લાલપુરા મસ્જિદ, મમદા ફળિયા, કચ્છી મેમણવાડા, ગોલાવાડ, લાલપુરા વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
	૩૬	૦	૦	૬૦૦	૧ થી ૯૮	રાઠોડ ફળિયા રોડ, નિઝામુદ્દીન ભાઈ વાળી ગલી, નાના તાઈવાડા તરફ હાસુ જમાદાર મસ્જિદ, કચ્છી મેમણવાડા બાલાપીર
	૩૭	૦	૦	૬૯૮	૧ થી ૧૧૪	બાલાપીરથી રાઠોડ ફળિયા રોડ, ચારા બજાર, કાદરીયાના ડેલેથી તાઈવાડા, જુમ્મા મસ્જિદની ઉત્તરે મોટા તાઈવાડા, રાઠોડ ફળિયા, મુસા ભાટાની સામેનો વિસ્તાર
	૩૮	૦	૦	૬૮૮	૧ થી ૭૫	રાઠોડ ફળિયા, સોલંકી ફળિયા, જુમ્મા મસ્જિદ પાછળ આરવાવ ત્રોફા માર્કેટ, ફટકી શેરી સુધી
	૩૯	૦	૦	૬૪૬	૧ થી ૧૦૨	ફટકી શેરી પાસેથી ઓઝલની નળ, ઝાંપાની વાવ, ગિરનારી ફળિયા, વાજા શેરી, વાણોત ફળિયા સુધી
	૪૦	૦	૦	૫૮૩	૧ થી ૮૯	વાણોત ફળિયા થી પટેલ શેરી, કાવાવાળાની ગલીથી વ્હોરાવાડ, ચીકલી ચોક, ગિરનારી ફળિયા, કાવાવાળાની દુકાન સુધી
	૪૧	૦	૦	૫૩૨	૧ થી ૯૪	ચા બજાર, વ્હોરાવાડ, ડેલી ફળિયા, ગુલઝાર ચોક
	૪૨	૦	૦	૫૭૨	૧ થી ૮૨	ભાટા ફળિયા, બુમડીયાના ડેલે થી ઝાગા ફળિયા, ચીકલી ચોક ,બીબી હાજરા મસ્જિદ, હકીમ શેરી
	૪૩	૦	૦	૬૩૫	૧ થી ૧૧૨	ભાટા ફળિયા, ખારીવાડ, મરકઝ મસ્જિદ, પીર મુસા ચોક
	૪૪	૦	૦	૬૬૪	૧ થી ૯૮	ખારીવાવ નાકાથી સિંધી ફળિયા, ચંપા ફળિયા
	૪૭	૦	૦	૫૪૫	૧ થી ૭૭	બંદર ઝાંપાથી સોલવાવ સુધી, ઝાંપાની વાવથી અલ અમીન સોસાયટી સુધી
કુલ		૦	૦	૬૭૫૨	–	–

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૪ના વાયવ્ય ખૂણે માંગરોળ બંદરથી પોરબંદર જતાં બાસર રોડથી પૂર્વે જતાં રે.સ.નં.૧૧૦૫/૧/૨/૩, ૧૧૧૦/૧, ૧૧૧૯, ૧૧૩૩/૨, ૧૧૨૮/૩, ૧૧૩૦/૩, મકતુપુર ઝાંપાની વાવનો વિસ્તાર આવરી લઈ રોડ ક્રોસ કરી પૂર્વ તરફ દક્ષિણદા મચ્છીમાર્કેટ, બેતુલમાલ કન્યાશાળા, ગોલાવાડ થઈ ગાંધીચોકથી દક્ષિણ તરફ જતાં શાકમાર્કેટ આવરી લઈ પશ્ચિમદા ગુલઝારચોક વિસ્તાર, મીનારા મસ્જિદથી પશ્ચિમે ચીકલી ચોકથી દક્ષિણે પીર મુસા ચોકથી બંદર ઝાંપા, સોલવાવ, ચંપાફળિયાનો ઉત્તરદા વિસ્તારથી પશ્ચિમે પોલો ગ્રાઉન્ડ બાગ ક્રોસ કરી મકતુપુર ઝાંપા તરફ જતો રોડ ક્રોસ કરી ત્રોફા માર્કેટ, રે.સ.નં.૧૧૮૪, ૧૧૮૭/૧ થી ૧૦ આવરી લઈ ૧૧૦૮/૧, ૧૨૦૮/૧ ના પશ્ચિમે ૧૧૯૭/૧ના નૈઋત્ય ખૂણેથી ઉત્તરે જતાં રે.સ.નં.૧૧૯૪/૪, ૧૧૬૩/૪, ૧૧૬૪/૩, ૧૧૦૬/૧ થી બાસર રોડ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૫	૪૯	૦	૦	૬૦૩	૧ થી ૧૧૭	પશ્ચિમે બઈડ વિસ્તાર, જહાંનીયા પીર સામેનો વિસ્તાર, કબ્રસ્તાન
	૫૦	૦	૦	૭૩૦	૧ થી ૧૨૧	પૂર્વ બઈડ વિસ્તાર
	૫૧	૦	૦	૬૨૮	૧ થી ૧૩૨	પરમેશ હાઈસ્કૂલ, હોળી ચકલા, બઈડ વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
	૫૨	૦	૦	૫૯૦	૧ થી ૧૩૮	હોળી ચકલા, દાડમદેવ મંદિર, અંધારા ફળિયા,ચોયટા ફળિયા ,દાવલશા ફળિયા, વેરાવળી ફળિયા, ખારવા સમાજની ઓફિસની પાછળનો વિસ્તાર
	૫૩	૦	૦	૬૭૯	૧ થી ૧૩૫	દાવલશા ફળિયાથી સોમનાથ ફળીયા, રામમંદિરની ઉત્તરનો વિસ્તાર
	૧૧૩ એ	૦	૦	૩૧૯	૧ થી ૭૩	ઘાંચી કબ્રસ્તાન પાસેથી લાડવા વાવ તરફ બઈડ પાછળનો વિસ્તાર
	૧૧૩ બી	૦	૦	૬૧૧	૧ થી ૧૨૮	નવાપરા વિસ્તાર
	૫૪	૦	૦	૫૯૭	૧ થી ૧૨૬	ચોયટા ફળિયા, અરજન બાવનના ઘર પાછળનો વિસ્તાર
	૫૫	૦	૦	૭૨૪	૧ થી ૧૩૦	ઈદગાહની દીવાલેથી રામમંદિર તરફ ઈદગાહના ગેટવાળો વિસ્તાર તથા એગ્રો પાછળનો વિસ્તાર
	૫૬	૦	૦	૬૩૪	૧ થી ૧૨૬	એગ્રો પાછળનો વિસ્તાર, ઈદગાહની પશ્ચિમ તરફનો વિસ્તાર
	૫૭	૪	૦	૬૩૦	૧ થી ૧૧૩	હોળી ચકલાથી નવાપરા, ઘોળાપીર પાસે
કુલ		૪	૦	૬૭૪૫	–	–

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૫ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ રે.સ.નં.૧૧૬૬/૧ થી ઉત્તરે આવેલ રે.સ.નં.૧૧૬૬/૨, ૧૦૯૨/૩ની પૂર્વે જતાં માંગરોળ બંદર પોરબંદર રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ જતાં બઈડ વિસ્તાર સુધી, ત્યાંથી પોર્ટ વિસ્તારને આવરી લઈ પશ્ચિમે અરબી સમુદ્રની હદે હદે ઉત્તર તરફ અરબી સમુદ્રના કાંઠા સુધી, ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૧૧૬૬/૧ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૬	૪૫	૦	૦	૭૩૪	૧ થી ૯૫	ચંપા ફળિયાથી કાટવીના વડલા પાસે, ફકીરવાવ, ડેરવાવ, મથ્થા સોસાયટી
	૪૬	૦	૦	૬૨૮	૧ થી ૮૧	ઘચુમલા, આરવાવ, કપાસીયાની નળ, બંદર રોડથી તકીયા સુધી
	૭૧	૦	૦	૬૦૬	૧ થી ૯૯	બીબી હાજરા મસ્જિદની સામેની શેરીથી બંદર ઝાંપા રોડ સુધી, અશ્વિની આઈસ ફેકટરી પાસે ઝાગાના ઘર સુધી
	૭૨	૦	૦	૫૯૦	૧ થી ૮૧	પીર મુસાથી બંદર દરવાજા, લુહારવાડા થી કાલવાત ફળિયા, બોબડા શેરી સુધી
	૭૪	૦	૦	૬૫૯	૧ થી ૯૩	ઘાંચી જમાતખાના, રબારીવાડાથી ડાબા હાથે બંદર ઝાંપા સુધી
	૭૫	૦	૦	૭૪૨	૧ થી ૧૧૧	રબારીવાડા, હાંસાશેરી, ઢોલી ફળિયા, સુમરા ફળિયા, ગૌરી ફળિયા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
	૭૬	૦	૦	૬૦૬	૧ થી ૯૮	ગૌરી ફળીયા, મીનારા મસ્જિદ, લુહારવાડા, બંદર ઝાંપા, પારેખના ઘર સુધીનો વિસ્તાર, કાનુગાવાડા, પીર હસન મસ્જિદ, રબારીવાડા
	૭૭	૦	૦	૫૨૪	૧ થી ૯૨	રબારીવાડા, નગીનાવાડી, કાનુગાવાડા
	૭૮	૦	૦	૫૮૪	૧ થી ૧૦૯	કાનુગાવાડાથી નગીનાવાડી, ડાબા હાથે નવાપરા રોડ તરફ જગાવાવ સુધી
	૭૯	૦	૦	૫૧૬	૧ થી ૭૪	જગાવાવથી ગુલઝાર ચોક, લાડુ શેરી, ઝાગા શેરી, ગુજરાતી ફળિયા, આયશા મસ્જિદ સામેનો વિસ્તાર, પાંજરાપોળ
	૮૩	૦	૦	૬૦૧	૧ થી ૯૭	કાનુગાવાડા, નુરૂભાભાની ગલી, અલ્વી ફળિયા, પીર હસન મસ્જિદ
	૮૪	૦	૦	૩૭૪	૧ થી ૫૦	પીર હસન મસ્જિદ સામેનો વિસ્તાર, ગૌરી ફળિયા, ખાટકીવાડા
કુલ		૦	૦	૭૧૬૪	–	–

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૬ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.૧૨૦૦/૩ની પૂર્વ તરફ રે.સ.નં.૧૧૯૯/૩, ૧૨૦૯/૨, ૧૨૧૭/૩, ૧૨૨૧/૨, ૧૨૩૫/૨ આવરી લઈ મકતુપુર ઝાંપા તરફ જતો રસ્તો ક્રોસ કરી પોલો ગ્રાઉન્ડબાગ, ચંપા ફળિયાનો દક્ષિણદા વિસ્તાર બંદર દરવાજાથી પશ્ચિમે મકતુપુર ઝાંપા તરફ જતાો રોડ ક્રોસ કરી દક્ષિણે આવેલ ડેરવાવ વિસ્તાર, બંદર રોડથી બંદર ઝાંપા સુધી, ત્યાંથી ઉત્તરે પીરમુસા ચોક તરફ પૂર્વદા વિસ્તાર સુધી, ત્યાંથી ચીકલી ચોકથી પૂર્વ મિનારા મસ્જિદની ઉત્તરે ગુલઝાર ચોકથી પૂર્વે મોડલ સ્કૂલ, નવાપરા સુધી, ત્યાંથી વણિકવાડીની પશ્ચિમે નગીનાવાડી તરફ જતાં બંદર ઝાંપા સુધી, ત્યાંથી પૂર્વે પાંજરાપોળ સુધી, ત્યાંથી દક્ષિણ તરફનો વિસ્તાર આવરી લઈ પશ્ચિમ તરફ જતાં પાંજરાપોળની હદે હદે બંદર રોડ ક્રોસ કરી પશ્ચિમે બંદર તરફ જતાં રે.સ.નં.૧૨૭૩/૧, ૧૨૭૫/૧ થી દક્ષિણે કાટવીના વડલાથી પશ્ચિમે જાનીયા પીરના નૈઋત્ય ખૂણેથી ઉત્તરે જતાં રે.સ.નં.૧૨૯૧, ૧૨૦૦/૩ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૭	૫૮	૬૧૨	૦	૬૧૨	૧ થી ૧૧૯	વણકરવાસ, ખાખલા શેરી, શીતળામાતાનું મંદિર
	૫૯	૬૧૮	૦	૬૧૯	૧ થી ૧૨૧	ખાખલા શેરી, ગોહેલ શેરી, કાથડ શેરીથી નવા પ્લોટ સુધી
	૬૦	૩૩૨	૦	૫૫૬	૧ થી ૧૦૯	વણકરવાસ , હાડીવાસ,નવી સાગર સોસાયટી, પ્રાર્થના મંદિર સામેથી પરેશ રત્નાભાઈ થાપણીયાના ઘર સુધી
	૬૧	૦	૧	૭૦૮	૧ થી ૧૨૭	નવી સાગર સોસાયટી થી શરૂ જૂની સાગર સોસાયટી સુધી
	૬૨	૦	૦	૭૨૪	૧ થી ૧૪૬	જૂની સાગર સોસાયટીથી મચ્છીમાર્કેટ
	૬૩	૦	૦	૭૦૯	૧ થી ૯૫	બિલ્લી બાગથી લાલબાગ સીમ શાળાની સામેનો વિસ્તાર
	૬૫	૦	૦	૭૧૦	૧ થી ૧૦૧	દારૂલ ઉલુમ મદ્રેસાથી ઉત્તર તરફ આવતા ઈબ્રાહીમ મસ્જિદ પાછળનો વિસ્તાર તથા માલાવાવ સુધી
	૬૬	૦	૦	૭૪૯	૧ થી ૯૫	માલાવાવ થી ડાબા હાથે જૈન મસાણ તરફ હરણવાડી સુધી
	૬૯	૦	૦	૬૪૨	૧ થી ૯૧	ઝોળવાવ પાસેથી મીઠીવાવ સુધી

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
	૭૦	૦	૦	૭૫૩	૧ થી ૯૮	શાપુર દરવાજા, દલિતવાસના નાકા પાસે આહમદ ભાભાના ઘરથી સિફારોડ, દરિયાખાણ, મીઠીવાવ, મક્કા મસ્જિદની સામેની શેરી, અશ્વિની આઈસ ફેકટરી પાસે ઝાગાના ઘર સુધી
કુલ		૧૫૬૨	૧	૬૭૮૨	–	–

વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૭ના વાયવ્ય ખૂણે આવેલ ધોળાવીરથી પૂર્વ તરફ જતાં રે.સ.નં.૧૧૯૮/૧થી ઉત્તરે જતાં રે.સ.નં.૧૧૯૫ થી પૂર્વ તરફ આવેલ રે.સ.નં.૧૩૦૬/૨ રે.સ.નં.૧૫૯૩ થી ઉત્તર તરફ જતાં શાપુર ઝાંપા રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ શાપુર ઝાંપા સુધી, ત્યાંથી બંદર રોડ ક્રોસ કરી રે.સ.નં.૧૩૧૦, ૧૩૧૫/૧નો ઉત્તર તરફના વિસ્તારની રે.સ.નં.૧૩૧૩/૨ થી પૂર્વે આવેલ દલિતવાસ તથા ચૂનાભઠ્ઠી વિસ્તાર, આંબેડકર ભવનથી પશ્ચિમે આવેલ રે.સ.નં.૧૫૮૮/૧, ૧૫૭૯થી ઉત્તરે આવેલ રે.સ.નં.૧૫૭૬/૭ થી પશ્ચિમે રે.સ.નં. ૧૫૭૫/૨ની દક્ષિણે રે.સ.નં. ૧૫૬૪/૨ આવરી લઈ રે.સ.નં. ૧૫૬૪/૨ ની હદેથી ઉત્તરે જતાં રે.સ.નં.૧૫૭૪ની પશ્ચિમે જતાં રે.સ.નં.૧૩૧૩/૪ની દક્ષિણે આવેલ રે.સ.નં.૧૩૩૧/૨ થી પશ્ચિમે રે.સ.નં.૧૩૩૨/૫, ૧૦૩૪, ૧૩૩૮/૨ સુધી, ત્યાંથી દક્ષિણે નવીસાગર સોસાયટી આવરી લઈ રે.સ.નં.૧૩૭૮ના બારા રોડ તરફ સોનીકા કોલ્ડ સ્ટોરેજ આવરી લઈ સ.નં.૧૪૭૫/૧થી પશ્ચિમ તરફ જતાં અરબી સમુદ્રની હદે હદે ઉત્તરે તરફ જતાં અરબી સમુદ્રના કાંઠા વિસ્તારને આવરી લઈ ધોળાપીર સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૮	૭૩	૭	૦	૬૭૮	૧ થી ૯૮	બંદર ઝાપા પાસેથી ડાબા હાથે શાપુર રોડ તરફ જતાં જૈન દેરાસર પાસેથી ડાબે હાથે નગીનાવાડી, ઘાંચી જમાતખાનાની પાછળના ભાગ સુધી
	૮૬	૦	૫	૪૬૯	૧ થી ૧૦૨	નાનજી ચકલા, કાજુ ફળિયા, સોની ફળિયા,ભોયવાડા, ઉદાણી માર્ગ, જેલ દરવાજા સુધી
	૮૭	૮૧	૦	૬૧૧	૧ થી ૧૨૧	સમાંતર સોસાયટીથી છાપરા સોસાયટી સુધી
	૮૮	૧૦૩	૦	૫૯૯	૧ થી ૧૨૨	કોળીવાડા, ભોયવાળા, આંબેડકર રોડ ડાબા હાથે અલાદ કોમ્પ્લેક્ષ, શાપુર દરવાજા તરફ આંબલી ફળિયા, સમાંતર સોસાયટી, નવા બસ સ્ટેશન, વાલ્મિકી વાસ સુધી
	૮૯	૪૬૭	૧	૪૭૪	૧ થી ૯૪	વાલ્મિકી વાસ
	૯૦	૦	૦	૬૪૨	૧ થી૧૧૦	ઈન્દિરા નગર
	૯૧	૦	૦	૭૨૯	૧ થી ૧૨૬	ઈન્દિરા નગર
	૯૨	૧૪	૦	૭૬૮	૧ થી ૧૩૩	ઈન્દિરા નગર ,ગુજરાતી નગર
	૯૩	૦	૦	૮૯૨	૧ થી ૧૪૫	ગુલીસ્તાન સોસાયટી ,નીલકમલ સોસાયટી
	૯૪	૨૬૩	૦	૫૮૨	૧ થી ૧૦૪	કામનાથ ચોકડી જેલ દરવાજા પાસે વાલ્મિકીવાસ સુધી
	૧૦૨	૭૨	૦	૭૪૫	૧ થી ૧૫૨	હાઉસીગ સોસાયટી ,વેરાવળ રોડ
કુલ		૧૦૦૭	૬	૭૧૮૯	–	–

વોર્ડ નં.૮ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૮ના વાયવ્ય ખૂણે આવેલ કાપડ બજારથી પૂર્વ તરફ લીમડા ચોક, જેલ દરવાજાથી પૂર્વે કામનાથ ચોકડી ક્રોસ કરી આગળ વધતાં રે.સ.નં.૫૨ થી દક્ષિણે રે.સ.નં.૫૩,૬૭, ૨૧૪/૨, ૨૧૪/૧, ૨૧૩ ના અગ્નિ ખૂણેથી પશ્ચિમે જતાં રે.સ.નં.૧૫૭૮ થી દક્ષિણે આવેલ વેરાવળ રોડથી ઉત્તર તરફ જતાં નવા બસ સ્ટેન્ડ સુધી, ત્યાંથી પશ્ચિમે શાપુર રોડ ક્રોસ કરી, શાપુર દરવાજા સુધી, ત્યાંથી બંદર ઝાંપા આવરી લઇ પૂર્વ તરફ જતાં રે.સ.નં. ૧૬૦૩/૧, ૧૬૦૨/૪ નો વિસ્તાર આવરી લઈ શ્રેયાંશ સ્કૂલથી શાપુર દરવાજા રોડ ક્રોસ કરી ઉત્તરે માધવ હોસ્પિટલનો વિસ્તાર આવરી લઇ કાપડ બજાર સુધીમાં સમાવેશ તમામ વિસ્તાર.

માંગરોળ નગરપાલિકા, જિલ્લો : જૂનાગઢ

વોર્ડ નંબર : ૯

સુચીત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતિ	અ.જ.જા. વસતિ	કુલ વસતિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૯	૬૪	૦	૦	૬૯૨	૧ થી ૮૨	લાલબાગ, ઈશા પારેખના ઘરથી કરૂડવાળી ગલી, દારૂલ ઉલુમ મદ્રેસા સુધી
	૬૭	૦	૦	૭૩૮	૧ થી ૯૬	હરણવાડીથી ડાબે હાથે મસ્જિદ અનવર તથા લાલબાગ સુધી
	૬૮	૦	૦	૫૭૨	૧ થી ૭૯	મસ્જિદે અનવરની સામે મીઠીવાવ તરફ આવતા ઝોળવાવ સુધી
	૯૫	૫૨૧	૦	૬૧૭	૧ થી ૧૧૦	વણકરવાસ, મોર્ડન સ્કૂલ પાસેનો વિસ્તાર
	૯૬	૧૬	૦	૭૧૯	૧ થી ૧૧૮	શાપુર ઝાંપાથી નુરનગર સુધી
	૯૭	૨૭૧	૦	૬૬૮	૧ થી ૧૩૧	નુરનગર, વણકરવાસ, ચૂનાભઠ્ઠી, લુહાર સોસાયટી સુધી
	૯૮	૧૩૭	૦	૭૧૦	૧ થી ૧૩૮	શાપુર રોડથી ગણેશ સોસાયટી, પ્લોટ વિસ્તાર, ચૂનાભઠ્ઠી
	૯૯	૩૯	૦	૯૨૪	૧ થી ૧૪૨	શાપુર રોડ, બસ સ્ટેશન વિંઝણવેલથી અપ્સરા મંદિર સુધી
	૧૦૦	૧૦	૫	૬૭૯	૧ થી ૧૩૦	શારદાગ્રામ રોડ, ઉદ્યોગનગર, પરબ વડલી, દેવીપૂજકવાસ
	૧૦૧	૦	૦	૫૫૭	૧ થી ૯૭	ચાચવા રોડ થી વેરાવળ રોડ તરફ જૂના જકાત નાકા સુધી
કુલ		૯૯૪	૫	૬૮૭૬	–	–

વોર્ડ નં.૯ ની હદનું વર્ણન :–

વોર્ડ નં.૯ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી ૧૩૩૯/૧ આવરી લઈ પૂર્વે જતાં રે.સ.નં.૧૪૦૭ની ઉત્તરદા સ.નં.૧૫૬૯ થી દક્ષિણે રે.સ.નં. ૧૫૬૬/૩, ૧૫૬૪/૧ થી ઉત્તરે રે.સ.નં.૧૫૭૬/૩ની દક્ષિણે રે.સ.નં.૧૫૭૭ના ઈશાન ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નં.૧૫૮૮/૨ થી શાપુર જતાં રોડની ઉત્તરે રે.સ.નં.૧૬૦૦થી પશ્ચિમ તરફ જતાં રે.સ.નં.૧૬૨૭, ૧૬૨૫ સુધી, ત્યાંથી ઉત્તરે રે.સ.નં.૧૬૨૬ સુધી, ત્યાંથી પૂર્વ તરફ જતાં, નુરનગરથી દક્ષિણે પેટ્રોલપંપ થી ઉત્તર પૂર્વ તરફ જતાં રે.સ.નં. ૨૧૨/૨, ૨૧૨/૧ના ઈશાન ખૂણેથી દક્ષિણ તરફ રે.સ.નં.૧૭૨, ૨૬૩/૨, ૨૭૩ના અગ્નિ ખૂણેથી પશ્ચિમ તરફ જતાં શાપુરના સીમાડાની હદે હદે આવેલ રે.સ.નં.૨૯૧/૧, ૧૫૩૩/૩, ૧૫૩૩/૧, ૧૫૧૩/૧, ૧૫૧૨/૫, ૧૪૭૭ની હદેથી ઉત્તરે જતાં રે.સ.નં.૧૪૯૦, ૧૩૮૧, ૧૩૫૬, ૧૩૪૯/૨, ૧૩૩૯/૧ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી આયોગ

ગુજરાત રાજય

ગાંધીનગર

માંગરોળ નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૬૩૭૯૪	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૭૦૮૮	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૭૭૯૭ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૬૩૭૯
બેઠકોની સંખ્યા	૩૬	
કુલ સ્ત્રી બેઠકો	૧૮	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૨ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૨૨	
સામાન્ય બેઠકો	૧૪	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૭૦૪૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૭૩૨૦	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૩	૩	૭૯૧૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૬૭૫૨	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૬૭૪૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૭૧૬૪	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૬૭૮૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૮	૮	૭૧૮૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૬૮૭૬	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૬૩૭૯૪				

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 394

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] TUESDAY, OCTOBER 10, 2017/ASVINA 18, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર. તા. ૯મી ઓક્ટોબર, ૨૦૧૭.

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–વલસાડ–યુનિટ–૩/૪–૧૦૨૦૧૭

વલસાડ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૯૭–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** તથા **કેવી–૨૪૯–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૫–૧૦–૨૦૧૭**થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **વલસાડ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **વલસાડ** નગરપાલિકાને **૧૧** વોર્ડોમાં વહેંચેલ છે અને

INDEX

કાઉન્સિલરોની **કુલ–૪૪** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ **૧૧૫૮૯૪** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને **૧૧** વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૧૦૫૩૬** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે વોર્ડ નં. ૨ સિવાય કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૧ બેઠક પૈકી અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧૧ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૩	૧૦૮૭૦	૫૭૩	૫.૨૭
૨	૧૧	૧૦૬૦૦	૫૦૯	૪.૮૦
૩	૯	૧૦૨૨૩	૪૧૯	૪.૧૦
૪	૪	૧૧૧૬૦	૪૩૫	૩.૯૦
૫	૧	૯૮૯૩	૩૧૮	૩.૨૧
૬	૭	૧૦૫૩૩	૩૨૦	૩.૦૪
૭	૧૦	૧૧૫૮૬	૩૩૬	૨.૯૦
૮	૫	૧૦૯૨૧	૨૯૯	૨.૭૪
૯	૮	૧૦૪૩૪	૨૧૦	૨.૦૧
૧૦	૨	૯૪૫૯	૧૨૩	૧.૩૦
૧૧	૬	૧૦૨૧૫	૬૪	૦.૬૩
	કુલ	૧૧૫૮૯૪	૩૬૦૬	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૩ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. પરંતુ અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૩ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૩	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૯ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૯ બેઠકો પૈકી ૪ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧૦	૧૧૫૮૬	૩૩૭૨	૨૯.૧૦
૨	૧૧	૧૦૬૦૦	૨૯૨૩	૨૭.૫૮
૩	૭	૧૦૫૩૩	૨૮૪૧	૨૬.૯૭
૪	૩	૧૦૮૭૦	૨૬૬૧	૨૪.૪૮
૫	૧	૯૮૯૩	૨૩૨૨	૨૩.૪૭
૬	૪	૧૧૧૬૦	૨૫૭૨	૨૩.૦૫
૭	૨	૯૪૫૯	૧૮૭૪	૧૯.૮૧
૮	૫	૧૦૯૨૧	૧૭૩૦	૧૫.૮૪
૯	૮	૧૦૪૩૪	૧૧૫૪	૧૧.૦૬
૧૦	૯	૧૦૨૨૩	૧૧૧૨	૧૦.૮૮
૧૧	૬	૧૦૨૧૫	૮૮૧	૮.૬૨
	કુલ	૧૧૫૮૯૪	૨૩૪૪૨	

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં.૧૦, ૧૧, ૭,૩,૧,૪,૨,૫ અને ૮ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૧૧,૩,૪ અને ૫ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૧૦,૭,૧,૨ અને ૮ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧૦	અનુસૂચિત આદિજાતિ
૨	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	૭	અનુસૂચિત આદિજાતિ
૪	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	૧	અનુસૂચિત આદિજાતિ
૬	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૭	૨	અનુસૂચિત આદિજાતિ
૮	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૯	૮	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૨ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૪ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૪ બેઠકો પૈકી ૨ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

વલસાડ નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧	૯૮૯૩	૪૧૭૭	૪૨.૨૨
૨	૨	૯૪૫૯	૩૫૮૧	૩૭.૮૬
૩	૫	૧૦૯૨૧	૩૯૬૬	૩૬.૩૨
૪	૬	૧૦૨૧૫	૨૯૯૧	૨૯.૨૮
૫	૭	૧૦૫૩૩	૨૩૨૯	૨૨.૧૧
૬	૮	૧૦૪૩૪	૧૭૫૯	૧૬.૮૬
૭	૧૧	૧૦૬૦૦	૧૪૮૬	૧૪.૦૨
૮	૪	૧૧૧૬૦	૧૨૭૧	૧૧.૩૯
૯	૯	૧૦૨૨૩	૯૭૯	૯.૫૮
૧૦	૩	૧૦૮૭૦	૯૭૬	૮.૯૮
૧૧	૧૦	૧૧૫૮૬	૮૩૨	૭.૧૮
	કુલ	૧૧૫૮૯૪	૨૪૩૪૭	--

INDEX

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧,૨,૫ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ અને ૫ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૨, ૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં. ૧ માં પ્રથમથી જ અનુસુચિત આદિજાતિની બેઠક ફાળવેલ હોવાથી વોર્ડ નં.૧ અને ૨ ચડ–ઉતર કરતાં વોર્ડ નં.૧માં પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં.૨માં પછાતવર્ગની બેઠક તથા વોર્ડ નં.૬ માં પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં.૫ માં પછાતવર્ગ એ મુજબ વોર્ડ નં.૧ અને ૬ માં પછાતવર્ગ સ્ત્રી તથા ૨ અને ૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવામાં આવે છે. આથી પછાત વર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ (૬) હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	પછાતવર્ગ સ્ત્રી
૨	૨	પછાતવર્ગ
૩	૫	પછાતવર્ગ
૪	૬	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **વલસાડ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **વલસાડ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર

અનુસૂચિ–૧

વલસાડ નગરપાલિકા, જિલ્લો વલસાડ

વોર્ડ નં.૧

ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત વોર્ડ નંબર	સેન્સસનો બ્લોક નંબર				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ		
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૩*	૦૦	૧૨૭	૬૪૪	૧ થી ૧૫૭	સેમાચાલની અંદરના ભાગથી શરૂ કરી તેની આજુ-બાજુના છાપરાલ કલ્લા બાપુની વાડીલ તલ્હા બેકરીલ દરગાહ તેની આજુ-બાજુના છાપરા ઘડૂચી તળાવલ શેરનશાહ બાવાની દરગાહલ મહાદેવ મંદિર કબ્રસ્તાનની સામે મુસ્લિમ કોમ્યુનીટી હોલલ કાંતિની ચાલલ મોટા તાઈવાડલ મસ્જિદલ મદરેસાલ બહાદુરભાઈના ઘર સુધી

સૂચિત વોર્ડ નંબર	સેન્સસનો બ્લોક નંબર				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ		
૧	૨	૩	૪	૫	૬	૭
	૫૧	૦૦૫	૦૦૦	૬૬૩	૧ થી ૧૫૬	રમેશ બેકરી, મોટા તાઈવાડ રોડ, ઉમર ફળિયા , સુઘડ ફળિયા
	૫૨	૦૦૧	૦૧૩	૬૩૮	૧ થી ૧૪૭	મોટા તાઈવાડ, મનીયારના ઘરવાળી લાઈન, પશ્ચિમ તરફ ગુલામભાઈ બંબાવાળા ના ઘર સુધી , ઓનેસ્ટ ગેરેજ વિસ્તાર
	૫૩	૦૦૦	૧૭૮	૭૬૨	૧ થી ૧૭૩	કન્યાતભાઈના ઘરવાળી લાઈન , કબ્રસ્તાનની પશ્ચિમ, કેરોસીન ડેપોની બાજુનો વિસ્તાર
	૫૪	૦૦૯	૫૨૩	૭૧૨	૧ થી ૧૩૬	ઓનેસ્ટ ગેરેજ પાછળ, જયોતિષભાઈ સોલંકીના ઘરવાળી લાઈન, ડોડીયા ટેકરા ,આંધીયાવાડ, જકાત નાકા , ઉજેશભાઈ પટેલના ઘર સુધી, કોળીવાડ
	૫૫	૦૧૧	૦૨૫	૭૫૮	૧ થી ૨૧૩	જકાત નાકા સામેનો વિસ્તાર શુકુમામાનો ઘરવાળો વિસ્તાર આંધીયાવાડ
	૫૬	૨૧૬	૦૯૬	૬૮૯	૧ થી ૧૫૯	આંધીયાવાડથી શરૂ કરી રોશન અલી દરગાહ શહીદ ચોક નવા હરિજનવાસ, મચ્છી માર્કેટ
	૫૭	૦૬૫	૦૦૦	૦૮૬	૧ થી ૧૭૭	હરિજનવાસ , વિનોદ બચુના ઘરથી કમલ કૃતિ એપાર્ટમેન્ટ
	૫૮	૦૦૦	૨૫૨	૬૨૪	૧ થી ૧૯૯	રોયલ બેકરીનો રહેણાંક વિસ્તાર, થી બરૂડીયાવાડ, ડીસ્પેન્સરી રોડ, માણેક ચાલ, સાગર એપાર્ટમેન્ટ, બરજોરજી પારડીવાલા, ઘાંચીવાડ, મસ્જિદ સુધીનો વિસ્તાર
	૫૯	૦૦૦	૨૩૧	૭૦૬	૧ થી ૧૫૦	શૈલેષ લાકડાવાળા, શહીદ ચોકથી શરૂ કરી, ખડકીભાગડા, ભડભૂંજાની ચાલ, આંધીયાવાડ ટેકરો નીચે ઉતરતા કીકુભાઈના ઘરવાળો વિસ્તાર, ધનુબેનના ઘર સુધીનો વિસ્તાર તેમજ આધીયાવાડના પાછળનો ભાગ, ઈશ્વરભાઈ મણીના ઘર સુધીનો વિસ્તાર
	૬૦	૦૦૦	૧૭૨	૫૨૭	૧ થી ૧૩૦	ખડકીભાગડા, કુંભારવાડ
	૬૧	૦૦૭	૦૧૯	૫૨૪	૧ થી ૧૯૩	શહીદ ચોક, નિકુંજ વિહાર – 'એ' એપાર્ટમેન્ટથી શરૂ કરી નાના પારસીવાડ, હરીસ બનારસી, પાણીપુરીવાળાનું ઘર, જયેશ એન.કુંકણાના ઘરવાળી લાઈન, પાણીના સ્ટેન્ડ પોસ્ટ સુધી પાછળના રસ્તા, ભીખુભાઈ ભરૂચાના ઘરવાળી લાઈન, પારસી ચીકનવાલી લાઈન જયંતિ પટેલના ઘરવાળી , નિકુંજ વિહાર – 'બી' એપાર્ટમેન્ટ, સાગર એપાર્ટમેન્ટ સુધી
	૬૨	૦૦૦	૧૫૧	૬૧૫	૧ થી ૧૪૬	રોશનઅલી દરગાહનો વિસ્તાર, નગીનભાઈ ઘરવાળો વિસ્તાર
	૬૩	૦૦૦	૧૨૩	૨૬૩	૧ થી ૦૮૮	નાના પારસીવાડ, અગીયારી વાળી લાઈન
	૬૪*	૦૦૪	૦૩૧	૪૫૦	૧ થી ૧૫૮	ખડકી ભાગડા, નવા ફળિયા, સપના પાર્ક, દેસાઈવાડ, શિવમ, જલધારા, ખડકીભાગડા.
	૬૫*	૦૦૦	૧૧૦	૪૦૮	૧ થી ૧૧૦	જૂના પબ્લીક જાજરૂથી શરૂ કરી બાબુભાઈ કેળાવાળાના ઘરથી મહાદેવ મંદીર થઈ દલુભાઈના ઘરવાળી લાઈન , બંકીમભાઈ દુકાનવાળા સુધી ડાબી બાજુ તળાવથી ટોકરીયાના ઘરવાળી લાઈન લઈ ઈદગાહ ગુલામ ખલીફાના ઘર સુધી
	૬૭*	૦૦૦	૨૦૬	૪૬૧	૧ થી ૧૨૭	શ્વેત શ્યામ એપાર્ટમેન્ટ, રોય હોસ્પિટલ પાછળ, લુહાર ટેકરા, સર્વોદય સોસાયટી.
	૬૮*	૦૦૦	૦૬૫	૩૬૩	૧ થી ૧૪૩	સાંઈ એપાર્ટમેન્ટ, ક્રિષ્ના રેસીડન્સી, સમૃદ્ધિ એપાર્ટમેન્ટ, સીતારામ એપાર્ટમેન્ટ, સીતારામ એપાર્ટમેન્ટ ગલીમાં લુહાર ટેકરા, રવિ કિરણ થી ડો.કે.સી.પટેલના હોસ્પિટલ સુધી.
	કુલ	૩૧૮	૨૩૨૨	૯૮૯૩		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

ઉત્તરે વાયવ્ય ખૂણે થી હનુમાન ભાગડાના સીમાડે સીમાડે સી.સ.નં–૪૦૮૭ ની હદે હદે ત્યાંથી સી.સ.નં–૧૩૫ ની હદે હદે ડીસ્પેન્સરી રોડ કાટમાલ વાળી લાઈન લઈ અલ્પેશ ડાંગના ઘર સુધી ત્યાંથી પશ્ચિમ પૂર્વ વળાંક લઈ ડીસ્પેન્સરી બરૂડીયાવાડ થી દક્ષિણ ઉત્તરે વળાંક લઈ ત્યાંથી પશ્ચિમ પૂર્વ વળાંક લઈ ત્યાંથી ઉત્તરે દક્ષિણ વળાંક લઈ સરકારી દવાખાના સીમાડે થી દક્ષિણ ઉત્તર વળાંક લઈ ત્યાંથી પશ્ચિમ પૂર્વ વળાંક લઈ ઘનભૂરા રોડ માણેકચાલ સુધી ત્યાંથી પૂર્વ પશ્ચિમ વળાંક લઈ માણેકચાલની હદે હદે માણેકચાલની હદે થી દક્ષિણ ઉત્તરે વળાંક લઈ સાગર એપાર્ટમેન્ટ ની હદે હદે થી પશ્ચિમ પૂર્વ વળાંક લઈ જમનાબાઈ હાઈસ્કૂલ સુધી ત્યાંથી ઉત્તર દક્ષિણે વળાંક લઈ ધવલગીરી એપાર્ટમેન્ટ સુધી ત્યાંથી પૂર્વ પશ્ચિમે વળાંક લઈ નાના પારસીવાડની હદે હદે થઈ ડૉ.રોય હોસ્પિટલની લાઇનની હદે હદે થી ડૉ.કે.સી.પટેલના દવાખાનાની ઉત્તર

INDEX

તરફ વળાંક લઈ સી.સ.નં–૩૫૭૦ ની હદે હદે ડોં.રોયની પાછળ પશ્ચિમ તરફ થઈ રાખોડીયા તળાવની હદે હદે દક્ષિણ તરફ થઈ ત્યાંથી પશ્ચિમ તરફ રાખોડીયા તળાવની હદે હદે થઈ દેરાફળિયા થઈ બાબુ કેળાંવાળા થઈ ભગવાન ટંડેલના ઘર થઈ કેરોસીન ડેપો થઈ ઘડોચી તળાવ સામે ઉત્તર તરફ ઘનભૂરા રોડ સુધીનો અંદરનો તમામ સમાવિષ્ટ વિસ્તાર. સી.સ.નં–૨૦૮૨ ત્યાંથી બુસ્ટર પંપ થી અગ્નિ ખૂણા થી પશ્ચિમ તરફ સી.સ.નં–૩૬૯૮ સુધીનો સી.સ.નં–૩૬૯૮ થી મોજે : હનુમાન ભાગડાના દક્ષિણ થી ઉત્તરના સીમાડે સીમાડે સી.સ.નં–૪૦૮૭ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વલસાડ નગરપાલિકા, જિલ્લો વલસાડ

વોર્ડ નં.૨

ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત વોર્ડ નંબર	સેન્સસનો બ્લોક નંબર				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૦૦	૦૪૪	૪૪૦	૧ થી ૧૮૨	ઔરંગા નદી કસ્ટમ ઓફિસ સામે થી ચાલુ કરી અમિત એપાર્ટમેન્ટ, શ્રીજી એપાર્ટમેન્ટ, બંદર રોડ, દેવી સદન થઈ હુશેનભાઈ કાટમાળ વાળાના ઘર સુધી
	૨	૦૭	૧૫૬	૬૪૦	૧ થી ૧૯૩	હુશેનભાઈ કાટમાળ વાળાના ઘરની સામે થી શરૂ કરી આઈસ ફેક્ટરી થી શ્રી ધનજી શાહના ઘર થી પાછળના ભાગે મોટીભાઈના ઘર સુધી ત્યાંથી છગનભાઈ પટેલના ઘર થી માસ્ટર રોડ થઈ ભીખુભાઈ મોદીના ઘર સુધી તથા કસ્ટમ હાઉસ થી સતી જકાતનાકા સામે સંપતભાઈ બાબરભાઈના ઘર સુધી
	૩	૦૫	૨૫૩	૬૦૨	૧ થી ૧૬૭	ધનસુખભાઈ પરમાર માસ્ટર રોડથી સતીમાતા મંદિર વિસ્તાર થઈ માસ્ટર રોડ પૂર્વ તરફ નવી ચાલ વિસ્તારથી રમણભાઈ દેવાભાઈના ઘરથી ધવલસાગર એપાર્ટમેન્ટ, વલસાડ-પારડી રોડ ઉત્તર તરફની લાઈનના ઘરો લઈ વલસાડ-પારડી ટેકરા ફળિયા સુધી
રે.સ.નં. ૧૫૪૯ ની હદે આગળ જતા રે.સ.નં.૧૫૬૨ ની દક્ષિણે આગળ જતા રે.સ.નં. ૧૫૭૬ ની હદે થઇ પૂર્વ તરફ રે.સ.નં. ૧૮૫૬ ની હદે આગળ જતા રે.સ.નં. ૧૮૯૧ની હદે થઇ દક્ષિણ તરફના ખૂણાથી ઉત્તર બાજુ રે.સ.નં. ૧૯૦૦/૩,૧૯૦૦/૨, ૧૯૦૨ની પશ્ચિમ દિશા તરફ આગળ વધતા રે.સ.નં.૧૯૧૪,૧૯૨૫ની દક્ષિણ દિશાની હદે હદે રે.સ.નં.૧૯૪૪ની પશ્ચિમ તરફ આગળ વધતા રે.સ.નં. ૧૯૨૭, ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૩ થી ૨૦૫૫ થી રસ્તો ઓળંગી સ.નં. ૨૧૦૦/૫ થી ૨૧૦૦/૧૨ ની હદે હદે ઉત્તરે આગળ વધતા રે.સ.નં. ૨૧૦૨/૩ ની હદે હદે પશ્ચિમ તરફ આગળ વધતા દક્ષિણ તરફ રે.સ.નં. ૨૧૦૩/૧ ની હદે હદે થઇ પશ્ચિમ તરફ સેવાલીયા રોડ તરફથી રે.સ.નં. ૨૫/૨ની હદે હદે રે.સ.નં. ૬૭૧ પૈકી ની હદે થઇ રે.સ.નં. ૨૧૩૧ની હદે થઇ રેલ્વેના પાટા થઇ રે.સ.નં. ૩૫, ૪૪, ૪૫, થી રસ્તો ઓળંગી સર્વે નં. ૪૭, ૫૦, ૧૪૫ થી૧૪૭, ૧૪૮, ૧૮૦, ૧૮૧/૧, તળાવની દક્ષિણ બાજૂની હદે હદે આગળ વધતા બૈડપ રોડ થઇ રે.સ.નં. ૧૮૪ની હદે હદે રે.સ.નં. ૧૮૭/૨,૧૮૮/૨ ઉત્તર તરફ આગળ વધતા રે.સ.નં. ૧૮૯/૨ની હદે થઇ અમદાવાદ રોડ થઇ રે.સ.નં.૧૮૯/૩, ૧૯૧/૨, ૨૭૧/૧, ૨૭૩, ૨૭૫, ૨૭૬, ૩૬૯/૧, ૩૭૨/૩, ૩૭૩/૧, ૩૭૪ ની પશ્ચિમ બાજુએ હદે હદે થઇ રે.સ.નં. ૩૭૭ સુધી અંદરનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

બાલાસિનોર નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૯૩૩૦	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૫૬૧૯	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૬૧૮૧ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૫૦૫૭
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૧૮	
સામાન્ય બેઠકો	૧૦	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૫૪૪૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૫૨૦૯	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૫૧૪૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૫૫૮૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૫૯૧૯	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૬૨૫૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૫૭૭૫	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
	કુલ	૩૯૩૩૦				

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 410 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, OCTOBER 13, 2017/ASVINA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર,તા. ૦૯–૧૦–૨૦૧૭

ક્રમાંકઃરાચઆ–ચટણ–સમક–નપા–લુણાવાડા–યુનિટ–૨–૨૦૧૭
લુણાવાડા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી અંગેનો આખરી આદેશ.

---

૧. રાજય ચૂંટણી આયોગના તા.૩૦–૮–૨૦૧૭ ના આદેશ ક્રમાંકઃ રાચઆ–ચટણ–સમક–નપા–લુણાવાડા–યુનિટ–૨–૨૦૧૭ થી **લુણાવાડા** નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ તેમજ સરકારી રાજયપત્રમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ નાગરિકને / જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ ૧૦ માં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને મોકલવાની હતી.

૨. **લુણાવાડા** નગરપાલિકાની ચૂંટણી માટેના **લુણાવાડા** શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચન ૪ કરવામાં આવ્યાં છે.

૩. આ ઉપરાંત રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે **તા.૨૯–૦૯–૨૦૧૭** ના રોજ નિયમાનુસાર જરૂરી પરામર્શ પણ રાજય ચૂંટણી આયોગે કરેલ છે.

૪. રાજય ચૂંટણી આયોગને મળેલ સૂચનનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શમાં થયેલ સૂચનોને પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળ થયેલ સુધારા નિયમો ૨૦૧૪ હેઠળ તથા

INDEX

રાજ્ય ચૂંટણી આયોગે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને **તા.૩૦–૮–૨૦૧૭** ના પ્રાથમિક આદેશમાં કોઈ સુધારા કરવા પાત્ર ન હોઈ તે આદેશ આખરી કરવાનું આયોગે ઠરાવ્યું છે.

૫. આથી રાજ્ય ચૂંટણી આયોગ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ : વ–ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ–૭, પેટા કલમ–(૨) ના ખંડ–૩ ના પેટા ખંડ–ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ **લુણાવાડા** નગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ ન.૧ માં અને અનામત બેઠકો સહિતની બેઠકોની ફાળવણી અનુસૂચિ નં.૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

અનુસૂચિ–૧

લુણાવાડા નગરપાલિકા, મહીસાગર જિલ્લો

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૨૯૮	૦	૬૮૭	૧ થી ૨૯૯	સરદારપટેલ નગર સોસાયટી, શિવશકિત સોસાયટી, પવનપાર્ક સોસાયટી, કુબેરનગર સોસાયટી, મકવાણા નિવાસ, વૃંદાવન સોસાયટી, કિષ્નાપાર્ક સોસાયટી, વ્હોરા કબ્રસ્તાન
	૨	૪	૫	૩૬૩	૧ થી ૧૬૮	જૈન સોસાયટી, સૈફી હોસ્પિટલ, અભિનંદન ટાવર, પ્રમુખ ટાવર, શરણમ ટાવર, કૈલાસ ટાવર
	૩	૦	૦	૨૨૨	૧ થી ૪૩૦	શાંતિનગર સોસાયટી, કડાણા કોલોની, બુરહાની કોમ્પલેક્ષ વિસ્તાર, હાઈવે ચોકડી, એસ.ટી.સ્ટેન્ડ, કેશવ કોમ્પલેક્ષ
	૪	૦	૨	૩૧૭	૧ થી ૧૬૯	સીટી સેન્ટર એપાર્ટમેન્ટ, કિશાન હાઈસ્કુલ, ઈન્દિરા મેદાન, ફતેબાગ પેલેસ સોસાયટી, જવાહર શોપીગ સેન્ટર વિસ્તાર
	૫	૧૭	૪૩	૭૩૯	૧ થી ૨૩૬	ફતેબાગ પેલેસ સોસાયટી, ખેતીવાડી કચેરી, મારૂતિનગર સોસાયટી, આદર્શ વિદ્યાલય, હનુમાનનગર સોસાયટી, કારવા ગામ, બ્રાઈટ સ્કુલ, રણજીત કલબ
	૧૧	૧	૪	૫૫૦	૧ થી ૧૪૩	મામલતદાર કચેરી વિસ્તાર, ઉપાધ્યાયની ફળી, સુથારફળી, ભટ્ટફળી, સોનીવાડ, ઝંમઝરમાતા મંદિર, નાના સુથારવાડા
	૧૨	૦	૦	૩૭૮	૧ થી ૯૨	પાંજરાપોળ, મોટા સુથારવાડા, ગઢ, પ્રજાપતિ વાસ
	૧૩	૮	૦	૪૩૯	૧ થી ૧૮૨	નાના સુથારવાડા, પ્રજાપતિવાસ, ગઢ, નઝમપુરા, જરાતીવાસ
	૧૪	૯૩	૦	૪૩૨	૧ થી ૧૫૬	જરાતીવાસ, તીરગરવાસ
	૧૫	૩૭૪	૦	૫૮૮	૧ થી ૧૩૦	તીરગરવાસ, જરાતીવાસ
	૨૫	૦	૦	૩૮૯	૧ થી ૧૪૯	બુરહાની સોસાયટી, દેવીપૂજકની વાડી, નગીનશેઠની વાડી, મોડાસા હાઈવે રોડ વિસ્તાર, મનહરબાગ વિસ્તાર વેરી નદી
		૭૯૫	૫૪	૫૧૦૪		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

સર્વે નં.૨૦૦ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં દલુખડીયાના સીમાડોથી દક્ષિણ હદે સર્વે નં.૨૦૧,૨૦૨, ૨૦૩, ૨૦૪ થી ૨૪૯/૧, ૨૫૮ ની ઉત્તર હદેહદે પૂર્વ તરફ જતાં મોજે મોટા સોનેલાના સીમાડાની દક્ષિણેની અને સર્વે નં.૨૬૧, ૨૬૨ની ઉત્તર–પૂર્વની હદેહદે મોજે મોટા સોનેલાના સીમાડાની દક્ષિણની હદે થઈ સર્વે નં.૨૭૨ ની પૂર્વ તરફ જતાં સોનેલાનો દક્ષિણ સીમાડાની દક્ષિણ હદે થઈ સર્વે નં.૨૮૪ ની ઉત્તર હદેહદે પૂર્વ તરફ સવારાના મુવાડીનો સીમાડા સુધી સર્વે નં.૨૮૫ સુધી જઈ દક્ષિણ તરફ જતાં સર્વે નં.૨૮૭, ૨૮૮, ૨૯૪ થી દક્ષિણ તરફ જતાં વેરી નદી/કોતર ઓળંગીને સ.નં.૩૦૨, ૩૦૭ થી ૩૦૬ સ.નં.ની પૂર્વે હદેહદે અને વોર્ડ નં.૨ માં આવેલ સર્વે નં. ૩૦૮/૨ ની દક્ષિણે બુરહાની કોલોની થઈ મોડાસા હાઈવે સુધી જતો રસ્તો ક્રોસ કરી વાડી મહોલ્લાની પાછળના ભાગેની દરગાહે થઈ તીરગરવાસની પૂર્વ હદેહદે થઈ જરાતીવાસ થઈ નાના સુથારવાડાની ઉત્તર હદે થઈ મોટા સુથારવાડા થઈ દારૂગલ્લા મહોલ્લાની પશ્ચિમ હદે થઈ પાંજરાપોળ થઈ સુથારવાડા જતો રસ્તો ક્રોસ કરી દક્ષિણ તરફવાળા સોનીવાડ, વૃંદાવન એજન્સીની દક્ષિણ હદેહદે થઈ મહાલક્ષ્મી વાસણ ભંડારની ઉત્તરની હદે થઈ દક્ષિણ તરફે વળીને વોર્ડ નં.૬ ની પશ્ચિમ હદેહદે થઈને તુલસી ગેસ્ટ હાઉસની પશ્ચિમ હદે થઈ દરકોલી દરવાજા થઈ ગોધરા–મોડાસા હાઈવે ક્રોસ કરી જવાહર બાગની દક્ષિણ હદે થઈને ફતેબાગ પેલેસ સોસાયટીની દક્ષિણ હદેહદે થઈને ખેતીવાડી ફાર્મની દક્ષિણ હદે થઈ ઉત્તરે આદર્શ સ્કુલની પૂર્વે વરઘરી જતાં રસ્તાની પૂર્વ હદેહદે મારૂતીનગર, હનુમાનનગર થઈ સર્વે નં.૧૮૬ ની પશ્ચિમે થઈ બ્રાઈટ સ્કુલ થઈને માળીયાના સીમાડાની પૂર્વની હદેહદે અમદાવાદ તરફ જતાં રસ્તા સુધી જતાં સર્વે નં.૨૦૦ ના દક્ષિણથી ઉત્તર દિશા તરફનો અંદરનો સમાવિષ્ટ વિસ્તાર.

લુણાવાડા નગરપાલિકા, મહીસાગર જિલ્લો

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૦	૦	૦	૩૮૭	૧ થી ૧૦૫	વાડી મહોલ્લા, દારૂગલ્લા મહોલ્લા
	૧૬	૦	૦	૭૧૬	૧ થી ૧૫૦	ગઢ, મુસ્લીમ કડીયાવાડ, દારૂગલ્લા મહોલ્લો
	૧૭	૦	૦	૩૩૮	૧ થી ૮૬	ઘાંચીવાડ, જવાહર રોડ, બકરાવાલા શેરી, પાયાવાલી શેરી, રાવળવાસ તરફ, ઈકાની ગલી, નગીનાની ગલી, જુમ્મા મસ્જિદ, હૂસેની ચોક
	૧૮	૦	૦	૪૪૯	૧ થી ૭૭	ઘાંચીવાડ, ખાટકીવાડ, જવાહર રોડ પશ્ચિમ વિસ્તાર, ચૌહાણના ટેકરા તરફ, રાવળવાસ તરફ
	૧૯	૦	૦	૫૮૬	૧ થી ૧૦૭	ખાટકીવાડ, ઘાંચીવાડ, જવાહર રોડ મધવાસ દરવાજા પશ્ચિમ ભાગ, પાલ્લાવાળાની ગલી, મુહંમદી મસ્જિદ
	૨૦	૦	૦	૫૧૭	૧ થી ૧૦૨	મોડાસાફળી, રાવળવાસ, રાવળવાસ ટેકરા, દેવલમાતા મંદિર વિસ્તાર
	૨૧	૦	૦	૩૮૩	૧ થી ૮૪	મદ્રેસા હાઈસ્કુલથી પૂર્વ વિસ્તાર, નાના ડબગરવાડ, મધવાસ દરવાજા રોડ
	૨૨	૦	૦	૬૯૨	૧ થી ૧૪૫	જૂના દલીતવાસ, ઉસ્માનીયાનગર સોસાયટી, વ્હોરા સોસાયટી, બકરાવાલા એપાર્ટમેન્ટ, મુસ્તુફા મસ્જિદ, મુબારકા એપાર્ટમેન્ટ, દાઉદી વ્હોરા કબ્રસ્તાન
	૨૩	૦	૦	૪૫૩	૧ થી ૮૫	પીપલોદવાલી ચાલી, વ્હોરા સોસાયટી, નવા ઘરો
	૨૪	૦	૦	૬૯૬	૧ થી ૧૨૮	બુરહાની સોસાયટી, રાવળોના મકાનો, દેવીપૂજકની વાડી, શાકા મેદાન, અલફાતેમી એપાર્ટમેન્ટ
	૪૩	૦	૦	૨૫૨	૧ થી ૮૩	દેવળમાતા ચોક, પાયાવાલી શેરી, વ્હોરવાડ, જુમાતખાનાવાળી શેરી
	૪૫	૦	૦	૨૫૧	૧ થી ૧૧૯	ગોળબજાર, નવા બજાર, બંબાખાના, માંડવી બજાર, ઘાંચીવાડ
		૦	૦	૫૭૨૦		

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

સ.નં.૨૮૬ ના વાયવ્ય ખૂણેથી શરૂ ઉત્તર–પૂર્વ હદ તરફ જઈ સ.નં.૨૯૦, ૨૯૧ ની હદેહદ સવેરાની મુવાડીના સીમાડાથી દક્ષિણ તરફ જઈ વેરી નદી વાંકળો ઓળંગીને સ.નં.૨૯૨, ૨૯૩,૩૧૩/૨, ૩૧૩/૧, ૩૧૨, ૩૦૯ ની પૂર્વ હદે થઈ ઉસ્માનીયાનગરની પૂર્વ હદે હદે દક્ષિણે મોડાસા હાઈવેથી ચારકોશીયા નાકા તરફ જતો રસ્તો ઓળંગી મધવાસ દરવાજાથી જવાહર રોડની પશ્ચિમ હદેહદે થઈ માંડવી બજારની ઉત્તર હદે થઈ નવા બજાર થઈ પશ્ચિમ તરફ જઈ પાયાવાલી શેરીની

દક્ષિણ હદે હદે થઈને ઉત્તર તરફ વળી દેવલમાતા મંદિર તરફ જતા રસ્તે થઈ વ્હોરા સમાજની મસ્જિદની ઉત્તરે થઈને હૂસેનીચોક થઈ પશ્ચિમ તરફ વળી અસ્તાના મસ્જિદ તરફ જતાં રસ્તે વળી દારૂગલ્લા મહોલ્લા થઈ મોટા સુથારવાડાની ઉત્તરની હદે થઈ જરાતીવાસ પૂર્વની હદે હદે જઈને ગઢ વિસ્તારની હદે હદે થઈ ઉત્તરે મુસ્લીમ કડીયાવાડની હદે થઈ વાડી મહોલ્લાની પશ્ચિમ હદે દરગાહ થઈને ચારકોશીયા નાકા તરફ જતો રસ્તો ઓળંગી સ.નં.૫ ની હદે થઈ બુરહાની કોલોનીની પૂર્વ હદે થઈ સ.નં.૩૦૬ ની પૂર્વ હદે હદે ઉત્તર તરફ આગળ જતાં સ.નં.૩૦૮/૨ ની પશ્ચિમ હદે હદે સ.નં.૩૧૦/૨, ૩૧૧/૨ ની પશ્ચિમ હદે સ.નં.૨૯૩ થી વાંકળો ઓળંગીને સ.નં. ૨૯૫, ૨૮૯, ૨૯૦,૨૮૬ ની પશ્ચિમ હદે થઈ વાયવ્ય ખૂણે તરફ જઈ સ.નં.૨૮૬ ની વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

લુણાવાડા નગરપાલિકા, મહીસાગર જિલ્લો

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૩૨	૦	૦	૭૨૩	૧ થી ૧૩૦	બલુજીના ટેકરા, કાજીવાડ, મધવાસ દરવાજા રોડ, જવાહર રોડ
	૩૩	૦	૦	૪૧૦	૧ થી ૮૪	કાજીવાડ ટેકરા, મોટા ડબગરવાસ, બલુજીના ટેકરા વિસ્તાર
	૩૪	૦	૦	૫૨૩	૧ થી ૯૧	મોટા ડબગરવાસ, મધવાસ દરવાજા મસ્જિદ, ગરોવાસ ટેકરા તરફ
	૩૫	૦	૦	૬૮૨	૧ થી ૯૯	ગરોવાસ, ગરોવાસ ચોક,બેડાફળી
	૩૬	૦	૦	૪૪૬	૧ થી ૧૫૫	ઘાંટી, બારોટવાડ, બેડાફળી, અરબ મહોલ્લા, ઘાંટી, પ્રજાપતિવાસ, સેવક ફળી, અરબ ફળી પૂર્વ, મદીના મસ્જિદ
	૩૭	૦	૦	૬૪૫	૧ થી ૧૧૯	મદીના મસ્જિદ, બેડાફળી, બારોટવાડ, ઘાંટી, કેવળ દેવચંદની ફળી, મીઠા ગણેશની ફળી
	૩૯	૦	૧૩	૩૮૦	૧ થી ૯૦	આંબેડકર ચોકથી મધવાસ દરવાજા રોડ, આરામપુરા, ગરોવાસ, તુરીવાસ
	૪૦	૮	૦	૫૨૯	૧ થી ૧૨૮	આરામપુરા, શામા ટોકીઝ વિસ્તાર, તુરીવાસ
	૪૯	૦	૦	૪૧૪	૧ થી ૮૫	જવાહર રોડથી ગોળ બજાર તરફ, ખારાકૂવા, ખારાકૂવા ચોક, નામદારવાડ
	૫૦	૦	૦	૫૯૬	૧ થી ૧૦૩	કસ્બા, ખારાકૂવા, નુરાની મસ્જિદ, બલુજીનો ટેકરો
	૫૧	૦	૦	૪૯૮	૧ થી ૮૧	જવાહર રોડથી મધવાસ દરવાજા, મીરાનો ટેકરો, બુલજીના ટેકરા તરફ
		૮	૧૩	૫૮૪૬		

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

મધવાસ દરવાજા ઓક્ટ્રોય નાકાના વાયવ્ય ખૂણેથી શરૂ કરી બ્રાન્ચશાળા નં.૫ ની ઉત્તર હદે હદે થઈ મધવાસ દરવાજાથી આરામપુરા જતાં રસ્તે થઈ શામા સિનેમાની ગોડાઉનની પૂર્વની હદેહદે થઈ આંબેડકર ચોકની પશ્ચિમ હદે થઈ ઘાંટી એકલિંગજી મંદિરની ઉત્તર રસ્તે ઘાંટીથી માંડવી બજાર તરફ જતાં રસ્તાએ મીઠા ગણેશ ફળીના રસ્તે થઈ ઉત્તરે બારોટવાડ, બેડાફળી થઈ કસ્બા ટેકરા થઈ કસ્બા ફળી થઈ ખારાકૂવા ચોક થઈ ગોળ બજાર, જવાહર રોડ થઈ ઉત્તર તરફ વળી જવાહર રોડની પૂર્વ હદે હદે થઈ મધવાસ દરવાજા ઓક્ટ્રોય નાકા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

લુણાવાડા નગરપાલિકા, મહીસાગર જિલ્લો

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૨૬	૦	૦	૬૯૧	૧ થી ૧૩૦	ભોઈવાડ, નળાથી ભોઈવાડ ચોક, વાંસીયા દરવાજા તરફ
	૨૭	૦	૦	૪૦૭	૧ થી ૧૫૬	ઘાંટી, નાની ગોલવાડ, પુનમચંદ શેઠની ફળી, સ્વયંભૂદેવ મહાદેવ, ભોઈવાડથી કડીયાવાડ તરફ, નાની ગોલવાડ

	૨૮	૨૭૮	૮	૬૭૭	૧ થી ૨૦૧	ઘાંટી, વાળંદફળી, રાવળ લોકોના મકાનો, રૂક્ષ્મણી ભુવન, પ્રણામી સોસાયટી, ઘાંટીથી કિશનસાગર તળાવ તરફનો ભાગ
	૨૯	૦	૬૧	૬૩૨	૧ થી ૧૫૮	ઠાકોરવાડા, ટેકરી, કંકા રોડ, કંકા વિસ્તાર, મદ્રેસા કંકા રોડ, બાપુજી ભગવાનની વાડી, ભરવાડવાસ, મહેલોલિયા, મહેલોલિયા વોટર વર્કસ
	૩૦	૩	૦	૭૭૧	૧ થી ૧૮૦	ઘાંચી કબ્રસ્તાન, નુરાની કોલોની, ઈદગાહ નજીક વાંસિયા તળાવ, લુહારીયાના મકાનો, મધવાસ દરવાજા
	૩૧	૦	૦	૭૬૭	૧ થી ૧૧૧	લુહારીયાના મકાનો, ચંપલની ફેકટરી, જયેન્દ્રભાઈની વાડી, વેલણવાડા, દારૂઉલુમ, કંકા વિસ્તાર
	૩૮	૦	૦	૩૩૭	૧ થી ૭૯	મીઠા ગણેશની ફળી, લલ્લુ ગાંધીની ફળી, ખારાકૂવા, કસ્બા ફળી
	૪૬	૦	૦	૨૬૩	૧ થી ૭૫	ભાયચંદ વકીલની શેરી, મીઠા ગણેશ મંદિર, ગોલવાડ, રાણાપંચની વાડી
	૪૭	૦	૦	૪૫૩	૧ થી ૭૯	ભાયચંદ વકીલની ફળી, મીઠા ગણેશ મંદિર, ગોલવાડ, રાણાપંચની વાડી
	૪૮	૦	૦	૨૦૫	૧ થી ૯૪	પીપળીબજારથી માંડવી બજાર રોડ, વાળંદ ફળી, ભાવસારવાડ, ગોળબજારથી જવાહર રોડ, ઘાંચીવાડ, ગોધરવાળાની ગલી
		૨૮૧	૬૯	૫૨૦૩		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

સર્વે નં.૩૪૯ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં મોજે કછોટીયાના મુવાડાના સીમાડાની દક્ષિણ હદે હદે અને સર્વે નં.૩૫૧, ૩૫૭, ૩૫૮, ૩૬૧ થી વાંકળો ઓળંગીને ૩૭૫ ની ઉત્તર હદે હદે સ.નં. ૩૭૬ ની હદે થઈ ઉત્તર હદે વળી સ.નં.૩૭૭, ૩૭૮, ૩૭૯, ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૬ ની પૂર્વ હદે થઈ ચાવડાના મુવાડાની પશ્ચિમ હદે હદે દક્ષિણે સર્વે નં. ૩૮૯ ની પૂર્વ હદે થઈ સર્વે નં.૩૯૦ની પૂર્વ હદે થઈ સંતરામપુર તરફ જતો રસ્તો ક્રોસ કરી સર્વે નં.૪૧૧, ૪૧૨, ૪૧૪, ૪૧૫ ની પૂર્વ હદે હદે ચાવડીયાના સીમાડાની દક્ષિણ હદે થઈ સર્વે નં.૪૧૮, ૪૨૦ ની દક્ષિણ–પૂર્વ હદે મોજે કરણબારીયાના મુવાડાની પશ્ચિમ હદે હદે સર્વે નં.૪૩૦ મહેલોલિયા વોટર વર્કસની પૂર્વ હદેથી દક્ષિણ તરફ જેસીંગપુરની ઉત્તર હદે સંતરામપુર–લુણાવાડા રોડને ક્રોસ કરીને સર્વે નં.૪૩૦ ડુંગર વિસ્તાર જઈને નળા વિસ્તારની પૂર્વની હદે હદે ભોઈવાડ, કડીયાવાડ તરફ જતાં ગોકુલનાથજી મંદિરની હદે થઈ ખારાકૂવાની ઉત્તર હદે હદે જૈન દેરાસરની ઉત્તર હદે હદે મીઠા ગણેશની ડેરી થઈ ગોલવાડથી પીપળીબજાર થઈ ગોળબજારથી જવાહર રોડ તરફ વળી ગોધરવાલાની ગલી થઈ વાળંદફળીની ઉત્તરની હદે હદે થઈ ગોલવાડની ઉત્તર હદે હદે થઈ ભાયચંદ વકીલની શેરીની ઉત્તર હદે થઈ કસ્બા ફળીની ઉત્તર હદે હદે જઈ બારોટવાડાની પશ્ચિમ હદે થઈ મીઠા ગણેશની ફળી તરફ થઈ ઘાંટીના રસ્તાની દક્ષિણ હદે હદે આંબેડકર ચોકની પશ્ચિમ હદે હદે થઈ મધવાસ દરવાજા તરફ જતા રસ્તાની પૂર્વ હદે હદે ઉતર તરફ જઈને પશ્ચિમે નુરાની કોલોનીની દક્ષિણ હદે થઈ ઉતર તરફ વળીને હાજી.જી.યુ.હાઈસ્કુલ થઈ સર્વે નં. ૩૧૬, ૩૧૫ તથા ૩૪૮ ઘાંચી લોકોના કબ્રસ્તાનની પશ્ચિમ હદે હદે જઈને સર્વે નં. ૩૪૯ના વાયવ્ય ખૂણા સુધોની આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

લુણાવાડા નગરપાલિકા, મહીસાગર જિલ્લો

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૪૧	૦	૦	૨૭૭	૧ થી ૧૦૭	સૈફીપુરા, વ્હોરા મસ્જિદ, હૂસેનીચોક વિસ્તાર, અસ્તાના બજારથી માંડવી રોડ
	૪૨	૦	૦	૨૯૮	૧ થી ૮૯	જમાતખાનુ, વ્હોરવાડ, કાછીયાવાડ
	૪૪	૦	૦	૫૬	૧ થી ૭૮	માંડવી બજાર, નવા બજાર, પાયાવાલી શેરી, મોચીવાલી શેરી
	૫૨	૦	૦	૨૭૩	૧ થી ૧૩૫	હાટાના કૂવાથી માંડવી, દરજીવાડ, મોચીવાડ, માંડવી બજારથી અસ્તાના મસ્જિદ તરફ, અસ્તાના મસ્જિદ
	૫૩	૦	૧૩	૪૦૦	૧ થી ૧૩૫	હાટાના કૂવા, કોઠંબાવાલા માર્કેટ, રાજકોટવાળાની

						ગલી, કોઠારીવાડ, દુલાભાઈનો માઢ, ચૌટાચોક, સાંઈ મંદિર, પીપલ્સ બેંક, સિધ્ધેશ્વર મહાદેવ
	૫૪	૦	૦	૨૯૨	૧ થી ૧૪૯	હાટાના કૂવા, સાંઈ મંદિર, ચૌટાચોક, અધ્યારૂની ફળી, રામવાડી, ભવાની ચોક
	૫૫	૦	૦	૨૦૫	૧ થી ૧૪૪	દેરાફળી, હાટાના કૂવા, માંડવી બજાર, જૈન દેરાસર
	૫૬	૦	૦	૨૯૭	૧ થી ૧૩૨	પીપળી બજાર, જાદવજીની ખડકી, જૈન દેરાસર, ગોકુલનાથજી મંદિર, ગોલવાડ, કડીયાવાડ, સ્વામિનારાયણ મંદિર, વિશ્વકર્મા મંદિર, નાગરવાડા
	૫૭	૦	૪૮	૬૦૨	૧ થી ૧૬૪	દુલાભાઈનો માઢ, ભાયાતના સાથ, નળા વિસ્તાર, નાગરવાડા ચોક, હાટકેશ્વર મહાદેવ,નાગરવાડા નિરાંત બિલ્ડીંગ
	૫૮	૦	૦	૩૪૬	૧ થી ૧૩૦	નાગરવાડા, કડીયાવાડ, કડીયાપંચની વાડી, સ્વામિનારાયણ મંદિર
	૫૯	૦	૦	૨૪૩	૧ થી ૫૨	ભોઈવાડા, કડીયાવાડ તરફ, પંચાલ ફળી
	૬૦	૦	૦	૩૪૧	૧ થી ૬૬	લીમડીમાતા મંદિર, નળા વિસ્તાર, હોળી ચકલા, રામદેવ મંદિર, નળા વિસ્તાર, બ્રાન્ચશાળા નં.૨
	૬૧	૧૬	૩	૨૬૯	૧ થી ૧૨૬	ફુવારાચોક, રાજમહેલ, એસ.કે.હાઈસ્કુલ બ્રાન્ચ, નગરપાલિકા દવાખાનું, સીધી કોલોની, ડુંગરાભીત તરફ, દુરદર્શન કેન્દ્ર, કાલિકા માતા મંદિર, શિવાજીનો કુવો
	૬૬	૦	૦	૨૨૨	૧ થી ૭૧	ફુવારાચોક, અર્બન બેંક, મહેતાવાડ, બેઠક મંદિર વિસ્તાર, રણમુકતેશ્વર મહાદેવ, પોલીસ સ્ટેશન
	૬૭	૦	૦	૨૬૦	૧ થી ૯૮	બેઠક મંદિરનો ખાંચો, રેડક્રોસ રોડ, મોતી હરીભાઈની ખડકી, પારેખવાડ, સોનીવાડ
	૭૦	૦	૦	૬૫૪	૧ થી ૧૩૬	સિંધી કોલોની, મારવાડીવાસ, ગાયત્રી હોલ, કર્મયોગ એપાર્ટમેન્ટ,રાધે એપાર્ટમેન્ટ, ડુંગરાભીત, કૈલાસ ટેકરી, ઝમઝરમાતા મંદિર, ટેંબા વિસ્તાર
		૧૬	૬૪	૫૦૩૫		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :–

હૂસેનીચોક વિસ્તારના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફના રસ્તે જઈ વ્હોરા જુમાતખાના થઈ વ્હોરા મસ્જિદ થઈને હૂસેનીચોકથી કાછીયાવાડ જતાં રસ્તાની દક્ષિણ તરફ વળી પશ્ચિમ હદે હદે થઈને પૂર્વ બાજુ નવા બજાર તરફ જતાં મોચીવાલી શેરીની હદે થઈ નવા બજાર થઈ માંડવી બજારથી જૈન દેરાસરની ઉત્તર હદેહદે ઈશાન ખૂણા સુધી જઈ પૂર્વ તરફ જતાં જાદવજીની ખડકી, ગોકુલનાથજી મંદિર, કડીયાવાડ, પંચાલ ફળીની પૂર્વની હદેહદે અને દક્ષિણ તરફ જતાં નળા વિસ્તારની પૂર્વ દક્ષિણની હદેહદે જઈ કાલિકા માતાના મંદિરની દક્ષિણ હદે ડુંગર વિસ્તાર (રાજેલા હિલ) ડુંગરાભીત, ટેંબા વિસ્તારની હદેહદે જઈ ટેંબા વિસ્તારના રસ્તાની ઉત્તર હદેહદે ઝમઝરમાતાના મંદિરની ઉત્તર હદે જઈ કૈલાસ ટેકરીની ઉત્તર હદેહદે જઈ એસ.કે.હાઈસ્કુલની પશ્ચિમ હદે થઈ શિવાજીના કૂવાની પશ્ચિમ હદે જઈ પંડયાફળીની પૂર્વની હદે જઈને નગરપાલિકા કચેરીની પૂર્વ હદે જઈને દરકોલી દરવાજાથી ફુવારાચોક તરફ જતાં રસ્તે થઈ મહેતાવાડ, સોનીવાડ, પારેખવાડા થઈને કોટવાડની ઉત્તર હદે અસ્તાના મસ્જિદના ઉત્તર–પશ્ચિમ ખૂણે થઈ પૂર્વ તરફ સૈફીપુરા રસ્તાની હદેહદે થઈ હૂસેનીચોક વિસ્તારના ખૂણાની અંદરનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

લુણાવાડા નગરપાલિકા, મહીસાગર જિલ્લો

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૬૨	૬	૦	૩૩૬	૧ થી ૧૪૮	તુલસી ગેસ્ટ હાઉસ, હાટડીયા બજાર, કામધેનુ એપાર્ટમેન્ટ, પોસ્ટ ઓફીસ, કૈલાસધામ એપાર્ટમેન્ટ, પીપલોદવાલા કોમ્પલેક્ષ, ગુરૂ મંદિર, રામ એપાર્ટમેન્ટ, સુપર માર્કેટ, કેપીટલ ગેસ્ટ હાઉસ
	૬૩	૪	૫	૪૯૩	૧ થી ૨૧૧	ઘેલીમાતા મંદિર, સોમનાથ મહાદેવ, સેવકફળી, સામતાજીનો ચોરો, ગણપતિ મંદિર, સોનીવાડથી પરા રોડ,ઉટવાડો, મેવાડાપંચની વાડી

	૬૪	૦	૦	૨૦૩	૧ થી ૭૦	મહેતાવાડ, બેઠક મંદિર વિસ્તાર, કોટડાવાડ, નગરપાલિકા સામેનો વિસ્તાર, સોનીવાડ
	૬૫	૦	૦	૧૬૨	૧ થી ૬૭	સોનીવાડ, કોટડાવાડ, કુભારવાડા, રામજીમંદિર, સોનીવાડથી નગરપાલિકા તરફ
	૬૮	૦	૨	૪૧૫	૧ થી ૧૩૫	હરગોવિંદ ઉપાધ્યાયની ફળી, લુહારકોડ, રાયફલ હાઉસ, ગોલવાડ, હાટડીયા બજાર, કન્યાશાળા, જોષીની ફળી
	૬૯	૯	૧૨	૪૨૦	૧ થી ૧૧૭	નગરપાલિકા, અક્ષત એપાર્ટમેન્ટ, પંડયાફળી, પંચેશ્વર મહાદેવ, ડુંગરાભીત, ઝમઝરમાતા સામે, લુહારકોઢ, મા એપાર્ટમેન્ટ, શ્લોકા એપાર્ટમેન્ટ
	૭૧	૪	૦	૪૨૫	૧ થી ૧૦૦	ટેંબા, નાના ડબગરવાડ, સુંદરહોલ, શહેરા દરવાજા, બળીયાદેવ મંદિર, રાણાવાસ, શહેરા દરવાજા ઢોરડબા
	૭૨	૧૪	૨૯	૭૧૯	૧ થી ૧૭૮	દરકોલી દરવાજાથી હાટડીયા, જાનીની ફળી, ગોલવાડ, રાયફલ ચોક, મુલ્થાનપુરા, લાયબ્રેરી, મઠફળી, વાળંદફળી, દરકોલી દરવાજા સામે, લીમ્બચમાતા મંદિર
	૭૩	૪	૫	૨૫૪	૧ થી ૩૫૪	એન.એસ.ટોકીઝ, દરકોલી દરવાજા, રોકડીયા માર્કેટ, પંચશીલ હાઈસ્કુલ, મોહન મહાસુખ બંગલો, લુણેશ્વર માર્કેટ, બોરીયાવાલા હોલ, સંસ્કૃત પાઠશાળા, હાઈવેથી ચોકડી લુણેશ્વર મંદિર
	૭૪	૩૮	૪૨	૭૨૬	૧ થી ૩૧૫	અંબાજી મંદિર, નગરપાલિકા હોલ, તાલુકા પંચાયત, ફોરેસ્ટ કચેરી, રેસ્ટ હાઉસ, સરકીટ હાઉસ, ખેતીવાડી ઉત્પન્ન સમિતિ, રેલ્વે સ્ટેશન, કૂવારાદેવ સ્મશાનગૃહ, ડબગરવાસ, વણઝારાવાસ
	૭૫/૧	૭	૦	૮૧૧	૧ થી ૧૭૧	શ્રી મનોહર નાથજીનો અખાડો, લીલાવતી હોસ્પિટલ, સમીર હોસ્પિટલ, સત્યનારાયણ મંદિર, ખોડીયાર માતા મંદિર, દેવીપૂજકવાડ, એસ.કે.હાઈસ્કુલ, ચામઠાવાસ, ભરવાડવાસ, નવા જરાતીવાસ
	૭૫/૨	૯	૨૭	૧૪૯	૧૭૨ થી ૨૧૨	આર એન્ડ બી. સ્ટેટની કચેરી, કોટેજ હોસ્પિટલ, કલેકટર કચેરી, ગોકળદાસ પેટ્રોલ પંપ, મધ્ય ગુજરાત વિજ કંપની, પાવર સ્ટેશન
		૯૫	૧૨૨	૫૧૧૩		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

મહાલક્ષ્મી વાસણ ભંડારની વાયવ્ય હદેહદે પૂર્વ તરફ મેવાડા પંચની વાડી થઈ સોનીવાડની હદેહદે કુંભારવાડાથી પૂર્વ તરફ જઈ કોટડાવાડની દક્ષિણે વળીને સોનીવાડ થઈ બેઠક મંદિર જવાના રસ્તાની દક્ષિણે મહેતાવાડ થઈ કુવારાચોકથી દરકોલી દરવાજા રસ્તા થઈ નગરપાલિકા કચેરીના પૂર્વની હદે થઈ પંડયાફળી શિવાજીના કૂવાની દક્ષિણ હદેહદે જઈને ડુંગરાભીતના રસ્તે થઈ ઝમઝરમાતા મંદિરની ઉત્તરની હદે થઈ ટેંબા, નાના ડબગરવાડના ડુંગરની હદે જઈ શહેરા દરવાજા થઈ રાજેલા હિલની ઉત્તર તરફના ભાગે તાલુકા પંચાયત, ફોરેસ્ટ કચેરી, કોલેજની ઉત્તરની હદેહદે વોર્ડ નં.૫ માં આવેલ કાલિકામાતા મંદિર તેમજ સર્વે નં.૪૩૦ ની દક્ષિણની હદે પૂર્વ તરફ જતાં સંતરામપુર રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ વિશ્રામગૃહની પૂર્વની હદેહદે દક્ષિણ તરફ જતાં પાનમ નદી સુધી પાનમ સ્મશાન, મોજે ચરેલના સીમાડાની હદે થઈ પગીયાવાડના સીમાડાની હદેથી ઉત્તર તરફ વળી બાવાના ડુંગરની પશ્ચિમે જતા રસ્તે થઈને બ્રાન્ચશાળા નં.૧ મનોહરનાથજીના અખાડા થઈને લીલાવતી હોસ્પિટલની ઉત્તરે થઈ એસ.ટી.ડેપો થઈને લુણેશ્વર મહાદેવ મંદિર થઈને જવાહર બગીચાની દક્ષિણની હદેહદે જઈને લુણેશ્વર પોલીસ ચોકીની દક્ષિણે જઈને એન.એસ.ટોકીઝ થઈ દરકોલી દરવાજા, તુલસી ગેસ્ટ હાઉસની પશ્ચિમે થઈ મામલતદાર કચેરીના રસ્તે જઈ મહાલક્ષ્મી વાસણ ભંડારના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

લુણાવાડા નગરપાલિકા, મહીસાગર જિલ્લો

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૬	૦	૦	૬૩૭	૧ થી ૧૯૬	હનુમાન વેરી, નવા કારવા, ભોમાનંદ મંદિર, દેવીપૂજકવાડ, પાંડરોના ઘરો, વેરી પાસે, અંકુરપાર્ક સોસાયટી, મારૂતિનગર–૨, જયશ્રીનગર સોસાયટી, આનંદપાર્ક સોસાયટી

	૭	૦	૧૭	૫૯૫	૧ થી ૪૫	છપૈયાધામ સોસાયટી, ખોડીયારનગર, શ્રીજીપાર્ક સોસાયટી, અમુલ પાર્લરવાળી ગલી
	૮	૦	૦	૫૪૦	૧ થી૧૪૭	ગણેશ સોસાયટી, ગોકુલ સોસાયટી, અંકુરપાર્ક સોસાયટી, સાબુની ફેકટરી, બારોટવાડા
	૯	૧૨	૬૭	૫૬૮	૧ થી ૧૯૬	શકિતપાર્ક સોસાયટી, વાવના મુવાડા, રણછોડપાર્ક સોસાયટી, નારાયણનગર સોસાયટી, જુની એ.ટી.ડી.કોલેજ, હરસિદ્ધિ સોસાયટી
	૭૬/૧	૪૦૮	૨	૭૭૧	૧ થી ૧૬૪	એકતા શાંતિનગર, વણઝારાવાસ, દેવીપૂજકવાડ, પશુ દવાખાના વિસ્તાર, ગુંદીયું તળાવ
	૭૬/૨	૮૬	૦	૨૭૫	૧૬૫ થી ૨૨૨	એકતા શાંતિનગર
	૭૭	૧૮	૩૦	૩૮૩	૧ થી ૫૨	પોલીસલાઈન, મદારીવાસ, પશુ દવાખાના
	૭૮	૦	૨૬	૨૨૯	૧ થી ૧૦૮	વાવના મુવાડા,બારોટવાડા ચોક, ગાયત્રી સોસાયટી, મહર્ષિ અરવિંદ સોસાયટી, વૈભવ એપાર્ટમેન્ટ, કારગીલ એપાર્ટમેન્ટ
	૭૯	૬	૦	૪૧૧	૧ થી ૮૫	વાવના મુવાડા, બારોટવાડા ચોક વિસ્તાર, કલરવ હાઈસ્કુલ, વસંત સાગર તળાવ, વાવના મુવાડા
	૮૦	૦	૦	૫૨૪	૧ થી ૧૦૦	લુણેશ્વર માર્કેટ વિસ્તાર, શુભમ એપાર્ટમેન્ટ, સાત્વિક એપાર્ટમેન્ટ, લુણેશ્વર એપાર્ટમેન્ટ, લુહારીયાના મકાનો, રણછોડજી મંદિર, કબીર મંદિર, બારોટવાડા ચોક
		૫૩૦	**૧૪૨**	**૪૯૩૩**		

વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :–

સર્વે નં.૬ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વમાં સર્વે નં.૭, ૮, ૯ ઉત્તરે માળીયાના સીમાડા થઈ સર્વે નં.૧૨ થઈ વરઘરીથી લુણાવાડા આવતાં રસ્તાની પશ્ચિમ હદે થઈ બ્રાઈટ સ્કૂલની પશ્ચિમ હદે થઈ નવા કારવા ગામની સર્વે નં.૧૭૯ ની પૂર્વ હદે થઈ દરકોલી તળાવ, ટેલીફોન એક્ષચેન્જ, આનંદપાર્ક સોસાયટી, છપૈયાધામ સોસાયટી થઈ શકિતપાર્ક સોસાયટી, ગણેશ સોસાયટી, બારોટવાડાથી હાઈવે ચોકડી જતાં રસ્તા થઈ મોતીઘોડા રોડ જતાં લુણેશ્વર મંદિરની દક્ષિણ હદે થઈ એસ.ટી. ડેપોની પશ્ચિમ હદે થઈ લીલાવતી હોસ્પિટલની ઉત્તરની હદે થઈને પ્રગતિ મંદિરની ઉત્તર હદે જઈ વસંતસાગર તળાવ થઈ વાવના મુવાડાની દક્ષિણે થઈ પશુ દવાખાનાની પૂર્વ હદે થઈ મોટી ચરેલ રસ્તે થઈ દક્ષિણ તરફ જતાં મોટી ચરેલના સીમાડે તથા સર્વે નં.૧૧૨, ૧૧૩ પગીયાવાડના સીમાડે થઈ એકતા શાંતિનગરની દક્ષિણે થઈ સોનેરી તળાવ સર્વે નં.૧૧૫, ૧૧૬ જુથી (ગુંદીયા) તળાવ થઈ ધોળીના સીમાડાની પૂર્વ તરફે સર્વે નં.૧૧૭, ૧૧૯,૧૨૧, ૧૨૨,૧૩૩, ૧૩૬ દરકોલી તળાવ ધોળીના સીમાડાની પૂર્વ હદે સર્વે નં.૧૪૦ અગ્નિ ખૂણા સુધી જઈ પશ્ચિમ તરફ જતાં સર્વે નં.૧૪૭, ૧૪૮, ૧૫૦, ૧૫૧ ની દક્ષિણની અને મોજે ધોળીના ઉત્તર હદેહદે પશ્ચિમ તરફ મોજે વાંટાના સીમાડા સુધી જઈ મોજે વાંટાના સીમાડાની ઉત્તરની હદે થઈ સર્વે નં.૧૫૨,૧૫૮, ૧૫૯,૧૬૦, ૧૬૨ ની દક્ષિણ હદે થઈ પશ્ચિમે મોજે તણછીયાના સમાડે થઈ મોજે કોલીયાની મુવાડીનો સીમાડે થઈ સ.નં.૬ સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

લુણાવાડા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૬૯૫૪	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૫૨૭૯	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: **૫૮૦૭** સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : **૪૭૫૧**
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી – સ્ત્રી બેઠક ફાળવેલ નથી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	–
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.

કુલ અનામત બેઠકો				૧૭		
સામાન્ય બેઠકો				૧૧		
અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૫૧૦૪	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૫૭૨૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૫૮૪૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૫૨૦૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૫૦૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૫૧૧૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૯૩૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૩૬૯૫૪				

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 411

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, OCTOBER 13, 2017/ASVINA 21, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર,તા. ૦૯–૧૦–૨૦૧૭

ક્રમાંકઃરાચઆ–ચટણ–સમક–નપા–સંતરામપુર–યુનિટ–૨–૨૦૧૭

સંતરામપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી અંગેનો આખરી આદેશ.

---

૧. રાજય ચૂંટણી આયોગના તા.૧૨–૯–૨૦૧૭ ના આદેશ ક્રમાંકઃ રાચઆ–ચટણ–સમક–નપા–સંતરામપુર–યુનિટ–૨–૨૦૧૭ થી **સંતરામપુર** નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ તેમજ સરકારી રાજયપત્રમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ નાગરિકને / જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ ૧૦ માં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને મોકલવાની હતી.

૨. **સંતરામપુર** નગરપાલિકાની ચૂંટણી માટેના **સંતરામપુર** શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચન **૧** કરવામાં આવ્યું છે.

૩. આ ઉપરાંત રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે **તા.૨૯–૦૯–૨૦૧૭** ના રોજ નિયમાનુસાર જરૂરી પરામર્શ પણ રાજય ચૂંટણી આયોગે કરેલ છે.

૪. રાજય ચૂંટણી આયોગને મળેલ સૂચનનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શમાં થયેલ સૂચનોને પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળ થયેલ સુધારા નિયમો ૨૦૧૪ હેઠળ તથા રાજય ચૂંટણી આયોગે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને **તા.૧૨–૯–૨૦૧૭** ના પ્રાથમિક આદેશમાં કોઈ સુધારા કરવા પાત્ર ન હોઈ તે આદેશ આખરી કરવાનું આયોગે ઠરાવ્યું છે.

૫. આથી રાજ્ય ચૂંટણી આયોગ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ : વ–ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ–૭, પેટા કલમ–(૨) ના ખંડ–૩ ના પેટા ખંડ–ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ **સંતરામપુર** નગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ ન.૧ માં અને અનામત બેઠકો સહિતની બેઠકોની ફાળવણી અનુસૂચિ નં.૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

અનુસૂચિ–૧
સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૨૧૧	૧૩	૬૧૭	૧ થી ૧૩૮	બારીકોટારોડ દલિતવાસ, દલિતવાસ બહાર, માર્કેટયાર્ડ પીઠાની બાજુમાં, બાદમંદિર પાછળ, બારીકોટા રોડ
	૮	૦૦	૫૧૪	૫૧૬	૬૬૨ થી ૭૪૬/૧	ચીબોટા નદી પાસે, હડમત ફળિયા
	૧૮૭	૩૩	૨૧૮	૪૨૦	૪૮૭ થી ૫૯૨	સંત, સંત ઢાળ પાસે, લુણાવાડા રોડ, પોલીસ લાઈન
	૧૮૮	૪૮	૩૩૪	૬૪૪	૫૯૮ થી ૭૦૬	સંત દલિતવાસ, ભૈરવમંદિર સામે, લુણાવાડા રોડ, પુરાતન ઓફિસ પાસે
	૧૮૯	૪૫	૩૧૯	૬૦૯	૭૦૭ થી ૮૧૯	પુરાતન ઓફિસ સામે, સંત ટેકરી, જૂનાતલાવ
	૧૯૦	૪૮	૩૩૨	૬૩૪	૮૨૦ થી ૯૧૧	જૂનાતલાવ, ભીંડા તલાવડી
		૩૮૫	૧૭૩૦	૩૪૪૦		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૧ માં આવેલ રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણા અને ઘાંટાવાડા અને કુરેટા ગામના સીમાડા જ્યાં મળે છે ત્યાંથી શરૂ કરી પૂર્વ તરફ જતાં રે.સ.નં.૫૮ની ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણે રે.સ.નં.૩૬ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી પૂર્વે બારીકોટાના સીમાડાની પશ્ચિમથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૫ ના પૂર્વ તથા બારીકોટા સીમાડાના પશ્ચિમ તરફના સીમાડાએ દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭૦ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૮

INDEX

તથા ૧૦૨ના ઉત્તરના તથા બારીકોટાના સીમાડાની દક્ષિણ તરફની હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૨૫ની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં ચીબોટા નદી પાર કરી રે.સ.નં.૩૫૨ની ઉત્તર દિશાની હદે પૂર્વ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૩૫૨ની પૂર્વ હદે દક્ષિણ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૪ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૧ના નૈઋત્ય તથા રે.સ.નં.૩૧૪ના અગ્નિ ખૂણાથી આગળ જતાં નદી પાર કરી રે.સ.નં.૩૨૩ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં નદીના કિનારે કિનારે આગળ જતાં રે.સ.નં.૨૯ના પૂર્વ તરફની હદેથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૫૦ના દક્ષિણ હદે તથા ચીબોટા નદીના કિનારે–કિનારે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં. ૫૫ તથા ૩૨ના પૂર્વની હદે ચીબોટા નદીનાં પશ્ચિમના કિનારે–કિનારે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૪૮ના અગ્નિ ખૂણાથી દક્ષિણ બાજૂની હદે આગળ પશ્ચિમ તરફ ટીબરવાના સીમાડાની ઉત્તર તરફની હદે આગળ જતાં રે.સ.નં.૬૬ની નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ ટીબરવાના સીમાડાની પશ્ચિમ તરફની હદે આગળ વધતાં ડુંગરાની હદે હદે ટીબરવાના સીમાડાની વાયવ્ય તરફના ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં લુણાવાડા રોડને ઓળંગી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૬૦ના વાયવ્ય ખૂણા જયાં ડાહયાપુરની ઉત્તરની હદ તથા ઘાંટાવાડા ગામની દક્ષિણ હદના સીમાડા મળે છે ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૬૧ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૨	૦૦	૧૭	૪૨૯	૧૩૯ થી ૨૩૫	બારીકોટારોડ, અંબાજી મંદિર પાછળ, અંબાજી મંદિર પાસે, ભાટીયા ટેકરી, અંબાજીમંદિર સામે
	૩	૦૧	૨૧	૨૮૪	૨૩૬ થી ૩૧૪/૧	સંચાફળી, ટાવરરોડ, સેવાફરાસખાનાવાળી લાઈન
	૪	૦૦	૫૭	૩૨૦	૩૧૫ થી ૩૯૭	અંબાજી મંદિર રોડ, યુનીયન ફળી, મહાદેવ ફળી
	૫	૦૯	૪૪	૨૪૮	૩૯૮ થી ૪૬૬/૧	મહાદેવફળી, ઢાલાબજાર, બ્રાહમણવાડા, બાવાકૂવાફળી, રામજીમંદિર
	૬	૦૦	૦૦	૩૫૬	૪૬૭ થી ૫૬૮/૧	મેઈનરોડ, ટાવરરોડ, બાવાકૂવાફળી, દરજીગલી
	૭	૦૦	૦૫	૧૯૬	૫૬૯ થી ૬૬૧/બ	ઢાલાબજાર, મુખ્યબજાર, ટાવરરોડ, માર્કેટયાર્ડ વિસ્તાર
	૯	૦૦	૦૦	૩૪૫	૧ થી ૮૨	ઢાલાબજાર, ડબગરવાસ, રાણાવાસ
	૧૦	૦૦	૩૮	૩૮૧	૮૩ થી ૧૮૧/૧	રાણાવાસ, મુખ્યબજાર નીચવાસ–ઉપરવાસ
	૧૧	૦૦	૦૦	૩૮૫	૧ થી ૨ ૩ થી ૪/૨ ૧૮૨ થી ૩૭૨/૧ ૩૫૧ થી ૩૭૨/૧	નવાબજાર, અંબિકાલોજ પાછળ, અંબિકાલોજ પાછળ સામેની લાઈન
	૧૩	૦૦	૦૬	૧૪૨	૩૭૩ થી ૪૩૩/૧	નવાબજાર, મુખ્યબજાર, મહાદેવવાળો ખાંચો, પ્લોટબજાર
	૧૫	૦૦	૦૦	૨૦૬	૫૦૪ થી ૫૯૪	પ્લોટબજાર, મહાદેવફળી, મુખ્યબજાર, મીલવાળી લાઈન, સુકીનદીવાળી લાઈન
		૧૦	૧૮૮	૩૨૯૨		

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૨ માં આવેલ રિલાયન્સ પેટ્રોલપંપના વાયવ્ય ખૂણાથી શરુ કરી ઉત્તર તરફ ચીબોટા નદીના પશ્ચિમ તરફના કિનારે–કિનારે આગળ જતાં રે.સ.નં.૨૫ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૪ ની વચ્ચેથી પશ્ચિમ દિશાની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૪૦ની પશ્ચિમ હદે રે.સ.નં.૧૪૮ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ચીબોટા નદીના પશ્ચિમ કિનારે કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૮૮ની ઉત્તર તરફની હદે તથા ચીબોટા નદીના પશ્ચિમ કિનારેથી આગળ પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં. ૨૭૯ના વાયવ્ય ખૂણાથી પૂર્વ દિશામાં આગળ જતાં જૂના સ્મશાનના ઈશાન ખૂણાથી વડીયાના સીમાડાની પશ્ચિમની હદે દક્ષિણ તરફ આગળ જતાં સુકી નદીના પશ્ચિમ કિનારે–કિનારે આગળ દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૧૭૫ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ સુકીનદીના કિનારે–કિનારે આગળ જતાં રે.સ.નં.૧૮૮ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ કિનારે–કિનારે આગળ જતાં રે.સ.નં.૧૮૫ના નૈઋત્ય ખૂણેથી સુકીનદીના કિનારે–કિનારે દક્ષિણ તરફ આગળ જતાં સુકીનદીના પશ્ચિમ તરફના છેડાથી આગળ જતાં ગામતળ પ્લોટના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ સુકી નદીના કિનારે કિનારે આગળ જતાં અંબિકા લોજની પાછળ પશ્ચિમ દિશામાં આવેલ સબ્બીરભાઈના મકાન થઈ નવા બજારમાં પશ્ચિમ દિશામાં આવેલ સલામભાઈ પટેલના મકાનથી ઉત્તર તરફ આગળ જતાં ભેરૂભાઈની હોટલથી મુખ્ય બજાર રસ્તો ઓળંગી નરેન્દ્રભાઈ ગડીયાના મકાનથી દક્ષિણ દિશામાં દિનદયાલ શોપીંગ સેન્ટર થઈ જૈન મંદિર થઈ પોલીસ સ્ટેશન થઈ ટાવર પાર કરી મામલતદાર ઓફિસ થઈ જજ સાહેબના મકાનથી આગળ જતાં રીલાયન્સ પેટ્રોલ પંપની દક્ષિણ હદે આગળ પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૫ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૨	૦૦	૩૪	૭૪૪	૨૩૫ થી ૩૫૦/સી	શિકારી પીઠું, બરફ ફેકટરી પાછળ, બરફ ફેકટરીવાળી લાઈન, શિકારીકૂવાવાળી લાઈન, શિકારી ઘંટીવાળી લાઈન, શિકારીપીઠું ગોડાઉન પાછળ
	૧૪	૦૦	૨૨	૪૨૩	૪૩૪ થી ૫૦૩/૧	માળીવાડ, માળીવાડ વાડી પાસે
	૧૬	૦૦	૩૩૯	૪૯૬	૫૯૫ થી ૬૮૭/૨ ૮૧૦ થી ૮૨૬	સુકીનદી પ્રતાપપુરા, ઝાલોદરોડ (જ.બા.), પ્રતાપપુરા પરબ પાછળ, શિતળા માતા મંદિરરોડ, ખુંટડીયા
	૧૭	૪૩	૪૫૯	૬૫૯	૬૮૮ થી ૮૦૯	પ્રતાપપુરા નવી વસાહત, સાંગાવાડા રોડ, પ્રતાપપુરા
	૩૦	૦૮	૩૦૮	૬૪૭	૧૬૧ થી ૨૪૪	ગોધરાભાગોળ ઓકટ્રોયનાકા સામેની લાઈન, ઢોરમાર્કેટ સામે, સત્યપ્રકાશ સોસાયટી
	૩૧	૧૬	૨૦૨	૬૦૭	૨૪૫ થી ૩૪૩	એલ.આઈ.સી.સામેની સોસાયટી, અમરદીપ સોસાયટી, મોહંમદી સોસાયટી
		૬૭	૧૩૬૪	૩૫૭૬		

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૩મા આવેલ રે.સ.નં.૩૫૦ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફની હદેથી શરુ કરી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૧૯૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૦ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ માલણપુરના સીમાડાની પશ્ચિમ હદે આગળ જતાં રે.સ.નં.૨૦૭ના પૂર્વના ખૂણાથી પશ્ચિમ તરફ ગરાડીયા રસ્તાને ઓળંગી પશ્ચિમની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૧૩ની પૂર્વ તથા ગરાડીયાના સીમાડાની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૧ના અગ્નિ ખૂણાથી ઝાલોદ રોડ ઓળંગી રે.સ.નં.૨૨૧ની પૂર્વની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૫ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૬ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ સુકીનદીના પૂર્વ કિનારે આગળ જતાં સુકી નદી ઓળંગી રે.સ.નં.૩૬૫ ના દક્ષિણ તરફના સીમાડે નરસીગપુરની ઉત્તર દિશાના સીમાડે–સીમાડે દક્ષિણ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૩ના પૂર્વ સીમાડેથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭૧ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશામાં આગળ રે.સ.નં.૫૮, ૫૩, ૨૫, ૨૪ તથા ૨૩ ના પશ્ચિમની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૫૭ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૬૦ની પૂર્વની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૭૫ના વાયવ્ય ખૂણાથી સુકીનદી પુલ ઓળંગી સુકીનદીના પૂર્વ કિનારેથી અને હનુમાનજી મંદિરના પશ્ચિમ બાજુએથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૦ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૫ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૯૩ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ થઈ સુકી નદીના પશ્ચિમ કિનારે–કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૫૦ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જાવ સ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૮	૦૦	૦૦	૧૮૬	૫ થી ૬૮	મુખ્યબજાર, મોટાબજાર, ગોધરા ભાગોળરોડ જૂની મસ્જિદ સામે
	૧૯	૦૦	૦૦	૪૨૯	૬૯ થી ૧૪૦/૫	ગોધરાભાગોળ રોડ
	૨૦	૧૫૮	૧૭	૩૬૦	૧૪૧ થી ૨૧૬	લુણાવાડારોડ ઉત્તર તરફ, દલિતવાસ, લુણાવાડારોડ
	૨૧	૦૦	૦૦	૧૧૫	૨૧૭ થી ૨૬૯/૧	લુણાવાડારોડ, બસ સ્ટેશન સામે, બસ સ્ટેશન રોડ, ગોધરાભાગોળ
	૨૨	૦૦	૦૦	૩૨૯	૨૭૦ થી ૩૧૫/૩	ગોધરાભાગોળ
	૨૩	૦૦	૦૦	૨૮૧	૩૧૬ થી ૩૯૨	ગોધરાભાગોળ, મોટાબજાર, મુખ્યબજાર, મદ્રેસારોડ, પટેલ ફળિયા
	૨૪	૦૦	૦૫	૬૩૨	૩૯૩ થી ૪૮૮	સુથાર ફળિયા પ્રભાત સ્ટોર સામે– જૈનમંદિર સામે, પટેલફળી ઉત્તર–દક્ષિણ, મચ્છીબજાર દક્ષિણ
	૨૫	૬૩	૧૯	૪૬૫	૪૮૯ થી ૫૯૮/૧	મદ્રેસારોડ પૂર્વ, ડો.જાવેદના દવાખાના પાછળ, મસ્જિદ રોડ દક્ષિણ, નવીફળી મરઘાકેન્દ્ર રોડ, સંતોષીમાતા મંદિર પાછળ વણકરવાસ
	૨૬	૩૧૬	૦૦	૩૯૭	૫૯૯ થી ૬૯૫	વણકરવાસ, મદની સોમીલ પાછળ, ટાંકીફળી, પ્રણામી મંદિરફળી
	૨૭	૦૬	૦૦	૫૬૪	૬૯૬ થી ૮૦૩	વાડી વિસ્તાર, વાડી વિસ્તાર ઉત્તર, ગોકુલેશ ઓઈલ ડેપોનો ખાંચો
		૫૪૩	૪૧	૩૭૫૮		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૪ માં આવેલ ઝવેરીલાલ મુલચંદ ભાવસારના વાયવ્ય ખૂણાથી શરુ કરી પૂર્વ તરફ આગળ જતાં મંગલમ હોટલ, અર્બન બેન્ક, સ્વામિનારાયણ મંદિર, સુથાર ફળિયા ઓળંગી આગળ જતાં સુંદરલાલ પાનોલાના મકાનના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ ટવીકલ ઈલેકટ્રીકલ્સ થઈ હસમુખલાલ ગાંધીના ઘર થઈ ફુટવેરની દુકાન થઈ જૂની અંબિકાલોજ થઈ બેંક ઓફ બરોડા થઈ રે.સ.નં.૨૧ની પૂર્વ તરફની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૬૨, ૨૬૧ ની પૂર્વ હદે

રે.સ.નં.૨૬૦ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં રે.સ.નં.૬ તથા ૭ની દક્ષિણ હદે આગળ જતાં રે.સ.નં.૭ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૪ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩ના નૈઋત્ય ખૂણાણી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ તથા રે.સ.નં.૨૪ના પશ્ચિમ તરફની હદે ઉત્તર તરફ આગળ જતાં ઝવેરીલાલ મુલચંદ ભાવસારના મકાનના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૭	૦૦	૦૪	૬૪૦	૧ થી ૯૩	ટાવરરોડ, અરબવાડા, પઠાણફળી, હુસેનીચોક, આમલીફળી
	૩૮	૦૦	૩૪	૮૮૬	૯૪ થી ૨૦૮	અરબવાડા ખાંચામા, મદ્રેસારોડ, આમલીફળી, માવજીનું ગલીયારૂ, મદ્રેસારોડ નવીફળી, નુરી મિસ્જદ પાછળ, મદારી ટેકરી
	૩૯	૦૧	૧૦૧	૪૮૬	૨૦૯ થી ૩૦૨/૨	હુસેનીચોક, મરઘાકેન્દ્ર રોડ, નુરી મસ્જિદ પાછળ, પઠાણફળી, ભોઈવાડા, લુણાવાડારોડ
	૪૦	૨૧	૬૭	૫૧૯	૩૦૩ થી ૩૭૬	ભોઈવાડા, ટાવરરોડ, આઝાદમેદાન
	૪૧	૦૪	૮૦	૨૭૧	૩૭૭ થી ૪૮૬	લુણાવાડા રોડ, આઝાદમેદાન, ગાયત્રીમંદિર, ટાવરરોડ, દવાખાના પાસે
	૪૨	૦૦	૫૧૭	૫૨૨	૯૧૨ થી ૯૩૫ ૯૮૯ થી ૧૦૬૬	મહુડી ફળિયા
	૪૪	૦૦	૫૦૦	૫૬૭	૯૩૬ થી ૯૮૮	મહુડી ફળિયા
		૨૬	૧૩૦૩	૩૮૯૧		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૫માં આવેલ રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણો અને ચીબોટા નદીનો પશ્ચિમ તરફના કિનારાથી શરૂ કરી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૧૪ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ચીબોટા નદીના પૂર્વ કિનારે–કિનારે આગળ જતાં કબ્રસ્તાનના ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં નગરપાલિકા કચેરીની ઉત્તરની દિશાએ પૂર્વ તરફ આગળ વધતાં ટાવરની દક્ષિણ દિશાની હદે તથા સ્ટેટ બેંકની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ વધતાં ભોઈવાડા રસ્તો ઓળંગી જૂની કન્યાશાળાની ઉત્તરની હદે થઈ વીર શહીદ ભગતસિંહ ચાર રસ્તાની દક્ષિણ દિશાએ નગરપાલિકાની દુકાનોના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં મરકસ મસ્જિદના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં નુરી ખાનકાહ ગલીના પૂર્વ તરફના મકાનોના પાછળના ભાગે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં. ૩૦૧ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૩૦૧ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૮/પીના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭/પીના નૈઋત્ય ખૂણાથી વાયવ્ય દિશા તરફ આગળ જતાં મહંમદ નાથુ મુલતાનીના મકાનથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૯૧ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૯૦ની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ વધતાં રે.સ.નં.૮૭ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૨૭૮ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૩૩૩ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૬૬ અને ટીભરવાના પૂર્વ સીમાડે ઉત્તર તરફ આગળ જતાં ટીભરવાના ઉત્તરના સીમાડે–સીમાડે પશ્ચિમ દિશામાં આગળ જતાં ચીબોટા નદીના પશ્ચિમ કિનારેથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૪ના નૈઋત્ય ખૂણાથી આગળ વધતાં રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણા અને ચીબોટા નદીના પશ્ચિમ કિનારા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

સંતરામપુર નગરપાલિકા, જિલ્લો મહીસાગર

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જાવ સ્તિ	અ.જ.જા. વસ્તિ	કુલ વસ્તિ	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૮	૦૦	૧૬	૧૮૬	૧ થી ૭૪	ગોધરાભાગોળ સરકારી ગોડાઉન પાસે, ઓકટ્રોયનાકાવાળી લાઈન, કોલેજરોડ
	૨૯	૩૭	૭૮	૩૩૯	૭૫ થી ૧૬૦/૫	સંતરોડરોડ એલ.આઈ.સી. સામેની લાઈન, સંતરોડરોડ સરકારી વસાહત સામેની લાઈન, સંતરોડરોડ એલ.આઈ.સી.વાળી લાઈન
	૩૨	૦૫	૨૮	૨૮૩	૩૪૪ થી ૪૨૮	શિક્ષણ ભવન કોલેજરોડ, સરકારી વસાહત, શિક્ષણ ભવન પાછળ, સહકારદીપ સોસાયટી, મંગલજ્યોત સોસાયટી
	૩૩	૯૫	૧૨૦	૫૪૭	૪૨૯ થી ૫૩૯	મંગલજ્યોત સોસાયટી, રત્નદીપ સોસાયટી, નવદીપ ક્રે.સોસાયટી સામે ખાંચામા, ગુરૂકૃપા સોસાયટી, ટોકીઝ પાછળ
	૩૪	૦૦	૧૯૦	૭૫૧	૫૪૦ થી ૬૨૬/બી	ટોકીઝવાળી લાઈન, ટોકીઝ સામે, એસ.ટી.પાછળ દક્ષિણે, કાદરી મસ્જિદ સામે
	૩૫	૦૦	૬૪	૬૫૯	૬૨૭ થી ૬૭૨ ૭૮૮ થી ૭૯૬	બસ સ્ટેશન સામે કોટ આગળ, કાદરી મસ્જિદ આગળ, ડેમ વસાહત ટોકીઝ વિસ્તાર
	૩૬	૦૦	૧૦	૩૨૯	૬૭૩ થી ૭૮૭	એસ.ટી.ડેપો કોટ આગળ પશ્ચિમે, બસ સ્ટેશનરોડ દક્ષિણે, લુણાવાડારોડ દક્ષિણે
	૪૩	૦૦	૭૧૯	૭૨૧	૧૦૬૭ થી ૧૧૪૧	નવાઘરા નાળ (પૂ), નવાઘરા નાળ (પ), સંતરોડરોડ (પૂ.)
		૧૩૭	૧૨૨૫	૩૮૧૫		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નં.૬માં આવેલ રે.સ.નં.૩૩૪ના વાયવ્ય ખૂણાથી શરુ કરી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૧૬ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ૨.સ.નં.૮૮ના વાયવ્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૯૦ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ રે.સ.નં.૮૯ની ઉત્તર તરફની હદે–હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૮ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં સંતરોડરોડ રસ્તાને ઓળંગી સંતરોડરોડની પૂર્વ તરફ હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૭૧ની પૂર્વની હદે થી રે.સ.નં.૩૪૧ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૧ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૨ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭૪ના અગ્નિ ખૂણાથી દક્ષિણ

તરફ આગળ જતાં નરસીગપુરના પશ્ચિમના સીમાડે–સીમાડે આગળ જતાં રે.સ.નં.૭૬ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭૭ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૪૦ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૭ની ઉત્તરની હદે તથા રે.સ.નં.૩૩૦ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૦,૩૩૬ તથા ૩૩૫ની પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૩૪ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

સંતરામપુર નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૧૭૭૨	
કુલ વોર્ડની સંખ્યા	૬	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૬૨૯	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૩૯૯૧ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૨૬૭
બેઠકોની સંખ્યા	૨૪	
કુલ સ્ત્રી બેઠકો	૧૨	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	–
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૬	તે પૈકી ૩ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે.
કુલ અનામત બેઠકો	૧૭	
સામાન્ય બેઠકો	૭	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૩૪૪૦	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૩૨૯૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૩	૩	૩૫૭૬	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૭૫૮	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ
૫	૫	૩૮૯૧	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૬	૬	૩૮૧૫	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૨૧૭૭૨				

મહેશ જોશી,
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 412 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, OCTOBER 18, 2017 /ASVINA 26, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭–૧૦–૨૦૧૭

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–સુરેન્દ્રનગર–દૂધરેજ–યુનિટ–૬–૧૦૨૦૧૭

સુરેન્દ્રનગર–દૂધરેજ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૨૦૪–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭ તથા કેવી–૨૮૧–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૬–૧૦–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **સુરેન્દ્રનગર–દૂધરેજ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **સુરેન્દ્રનગર–દૂધરેજ** નગરપાલિકાને **૧૧** વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ–૪૪** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૧૭૭૮૫૧** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને **૧૧** વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૧૬૧૬૮** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે **વોર્ડ નં.૪ અને ૯** સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે

વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા **૧૧** સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૯	૧૪૦૭૯	૨૯૨૦	૨૦.૭૪
૨	૬	૧૫૯૩૬	૨૩૨૪	૧૪.૫૮
૩	૧૧	૧૭૪૧૭	૨૪૨૦	૧૩.૮૯
૪	૧	૧૭૫૩૫	૧૪૧૩	૮.૦૫
૫	૪	૧૪૩૬૭	૭૪૬	૫.૧૯
૬	૮	૧૭૭૪૫	૪૧૭	૨.૩૪
૭	૭	૧૫૬૨૬	૩૦૪	૧.૯૪
૮	૩	૧૬૮૭૫	૧૦૬	૦.૬૨
૯	૨	૧૭૬૯૩	૮૫	૦.૪૮
૧૦	૧૦	૧૫૬૮૪	૫૭	૦.૩૬
૧૧	૫	૧૪૮૯૪	૪૨	૦.૨૮
	કુલ	૧૭૭૮૫૧	૧૦૮૩૪	--

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ **નં.૯,૬ અને ૧૧** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ **નં.૬** માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ **નં.૯ અને ૧૧** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૯	અનુસૂચિત જાતિ
૨	૬	અનુસૂચિત જાતિ સ્ત્રી
વોર્ડ નંબર–૨ ના વાયવ્ય ખૂણે આવેલ રેવન્યુ સર્વે નં. ૨૪ માં ઓખા તરફ જતાં રેલવે લાઈનથી શરૂ કરી વરવાડા ગામની હદે હદે રેવન્યુ સર્વે નં. ૮૮, ૧૨૦, ૧૨૪ થી ટોબર ગામના સીમાડાની હદે હદે રેવન્યુ સર્વે નં.૧૫૬,૧૫૯(૨), ૧૭૫, ૧૭૬(૪), ૨૩૯, ૨૪૦ થી નાગેશ્વર રોડની હદે હદે રેવન્યુ સર્વે નં. ૭૧૫ થઇ રાણેશ્વર મંદિર થઇ નાગેશ્વર રોડ નૈઋત્યમાં આગળ જતાં એડવેન્ટ સિનેમાથી પોલીસ સ્ટેશનના દક્ષિણવાળા વિસ્તારમાં આગળ જતાં ઇસ્કોન ગેટથી ઉત્તરવાળા વિસ્તારની હદે હદે આગળ જતાં ગજુભા કેરના મકાન સુધી. ત્યાંથી ઉત્તર તરફ ખારા તળાવ રોડ ઉપર પૂર્વ હદે હદે આગળ જતાં સર્વે નં.૭૦૫ થી પશ્ચિમ તરફ જતાં રેવન્યુ સર્વે નં.૬૬૧ થી સ્ટેટ હાઇવે ઉપર આગળ જતાં રુક્ષ્મણી મંદિર થઇ દરિયાની ખાડીની નૈઋત્યે આવેલ રોડ ઉપર આગળ જતાં પીરની દરગાહ થઇ ઓખા તરફ જતાં રેલવે લાઇન સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

દ્વારકા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૩૬	૦	૦	૨૯૫	૧ થી ૫૨	સોનગરા શેરી ઉત્તર, સ્ટેશન રોડ, સનાતન હોસ્પિટલ, ઘનશ્યામ નગર
૩	૩૭	૪	૦	૭૨૦	૧ થી ૧૭૩	ઘનશ્યામ નગર, કામદાર સોસાયટી, રેલવે સ્ટેશન રોડ
૩	૩૮	૫૬	૫	૩૯૩	૧ થી ૧૬૦	રેલવે કોલોની , રેલવેનો તમામ વિસ્તાર
૩	૩૯	૧૨	૦	૪૩૩	૧ થી ૯૬	રેલવે કોલોની પાછળ, નાગેશ્વર રોડ, સ્ટેશન પાછળનો વાઘરી વાસ, લાડવા પરા તથા સીમ વિસ્તાર
૩	૫૫	૨૦૭	૨	૭૦૫	૧ થી ૧૩૮	રેલવે સ્ટેશન પાસે મારવાડી ધર્મશાળા, અંબુજા સોસાયટી, વિજય ઓઈલ મીલ પાસે, તલાટી લાઈન
૩	૫૬	૪૯	૦	૧૨૦૫	૧ થી ૨૬૫	રણમુકતેશ્વર રોડ, બિરલા પ્લોટ પૂર્વ, વિજય ઓઈલ મીલ
૩	૫૭	૦	૦	૬૬૨	૧ થી ૧૪૪	બિરલા પ્લોટ પશ્ચિમ
૩	૫૮	૨	૧૮	૭૦૨	૧ થી ૧૨૮	બિરલા પ્લોટ, તોતાદ્રી મઠ, એડવેન્ટ સીનેમા, રાણેશ્વર રોડ દક્ષિણ
કુલ		૩૩૦	૨૫	૫૧૧૫		

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :

વોર્ડ નં.૩ના વાયવ્ય ખૂણે સર્વે નં.૭૧૬માં આવેલ ઓખા તરફ જતાં રેલવે લાઈનના ફાટકથી શરૂ કરી નાગેશ્વર રોડની હદે હદે રેવન્યુ સર્વે નં.૨૪૧થી ૩૪૨, ૩૪૬ થી ઘ્રાસણવેલ ગામના સીમાડાની હદે હદે રેવન્યુ સર્વે નં. ૩૯૧(૧) થઇ ૪૦૭, ૭૪૬ થી કોરાડા ગામના સીમાડાની હદે હદે રેવન્યુ સર્વે નંબર ૭૩૪, ૪૬૫(૨), ૪૬૬,૪૬૭ થી બરડીયા ગામના સીમાડાની હદે હદે રેવન્યુ સર્વે નં. ૫૦૪ થી વાયવ્ય તરફ રેલવે ટ્રેકથી જતાં રેવન્યુ સર્વે નં.૬૮૨થઇ સોનગરા શેરીથી પશ્ચિમ તરફ સનાતન દવાખાના, પોલીસ સ્ટેશન, એડવેન્ટ સિનેમા વિસ્તાર થઇ નાગેશ્વર રોડ ઉપર આગળ જતાં રેવન્યુ સર્વે નં.૭૧૬માં આવેલ ઓખા તરફ જતાં રેલવે લાઈનના ફાટક સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર

દ્વારકા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩૨	૮૪	૧૬૫	૯૭૦	૧ થી ૨૯૧	આવળ પરૂ

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩૩	૦	૩	૫૮૫	૧ થી ૧૯૩	ચરકલા રોડ, મુરલીધર ટાઉન શીપ, સતવારા જ્ઞાતિની જગ્યા, દ્વારકાધીશ કોલોની
૪	૩૪	૪	૦	૮૬૫	૧ થી ૧૬૧	દ્વારકાધીશ કોલોની, વાઘરી વાસ, જલારામ નગર
૪	૩૫	૦	૩૫	૯૫૪	૧ થી ૧૮૨	રામપરૂ, સોનગરા શેરી દક્ષિણ
૪	૪૮	૯૭	૦	૭૨૧	૧ થી ૧૧૭	સિંધવા શેરી પૂર્વ, રેતવા પરૂ, મફત પ્લોટ
૪	૫૦	૦	૦	૭૨૪	૧ થી ૧૦૩	રેતવા પરૂ, રબારી જ્ઞાતિની જગ્યા, ધિંગેશ્વર પરૂ, વલ્લભદાસ મુળજીની વાડી
૪	૫૧	૨૭	૦	૬૨૧	૧ થી ૯૮	ધિંગેશ્વર પરૂ, સ્ટેશન રોડ, વંદના ગેસ્ટ હાઉસ, શીવ રેજન્સી
કુલ		૨૧૨	૨૦૩	૫૪૪૦		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :

વોર્ડ નં.૪ના વાયવ્ય ખૂણે આવેલ ધીગેશ્વર મંદિર સામે, રેલવે સ્ટેશન રોડની દક્ષિણે આવેલ વંદના ગેસ્ટ હાઉસથી સ્ટેશન રોડ ઉપર પૂર્વે જતા સનાતન સેવામંડળ સુધી ત્યાંથી દક્ષિણે સ્ટેટ હાઈવે ઉપર જતા સોનગરાશેરી તરફ જતાં રસ્તા સુધી ત્યાંથી પૂર્વે સોનગરા શેરીમાં જતા સોનગરા શેરીની દક્ષિણ હદે હદે થઈ રેવન્યુ સર્વે નં. ૩૭, ૩૫, ૬૮૩, ૬૮૨ થઈ રેલવે પાટા સુધી ત્યાંથી રેલવે પાટે પાટે અગ્નિ દિશામાં જતા બરડીયા હદ સુધી ત્યાંથી પશ્ચિમે જામનગર તરફ જતા સ્ટેટ હાઈવે સુધી. સ્ટેટ હાઈવે થી ઉત્તરે આવતા ઘી દ્વારકા હોટેલ સુધી ત્યાંથી આનંદ ચોક તરફ જતા રસ્તે થઈ સિંધવા શેરીમાં દેવાભાઈ ડાભીના ઘર સુધી ત્યાંથી સિંધવા શેરીની પૂર્વ બાજુની હદે હદે જતા કાનદાસ કાપડીના મકાન સુધી ત્યાંથી જગદીશ કાપડીના મકાનની દક્ષિણ હદે હદે જતા ધિંગેશ્વર પરામાં શામજી વસરામ પરમારના ઘર પાસેથી રવજી કલ્યાણ નકુમનું મકાન થઈ રબારી જ્ઞાતિની જગ્યા સુધી અને ત્યાંથી ઉત્તરે જતા રેલવે સ્ટેશન રોડ ઉપર ધિંગેશ્વર મંદિર સામે આવેલ વંદના ગેસ્ટ હાઉસ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

દ્વારકા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૨૭	૦	૦	૬૨૫	૧ થી ૨૦૭	રિલાયન્સ રોડ, પ્રજાપતિ ધર્મશાળા, ગોમતી ઢાળીયો, શ્રી રામ બજાર દક્ષિણ, કુંભાર શેરી ૧, કુંભાર શેરી ૨, મુળુ માણેક રોડ દક્ષિણ, વાઘેર ચોરો
૫	૨૮	૦	૦	૪૩૧	૧ થી ૮૫	જૂની ગૌશાળા સામે, મફત પ્લોટ વિસ્તાર, ચારણ વાસ

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૨૯	૦	૦	૫૧૬	૧ થી ૯૬	શ્યામ વાડી સામે, કાનદાસ બાપુ માર્ગ, કાનદાસ બાપુ આશ્રમ પાસેનો મફત પ્લોટ વિસ્તાર
૫	૪૦	૪	૦	૬૦૦	૧ થી ૯૯	કાનદાસ બાપુ આશ્રમ સામે, કિશાન પરુ, જુની ગૌશાળા, આનંદ ચોક
૫	૪૧	૦	૦	૪૪૯	૧ થી ૮૪	જીવા સુથારની શેરી, મુળુ માણેક રોડ ઉત્તર, ભથાણ ચોક
૫	૪૪	૧૪	૦	૪૧૬	૧ થી ૮૩	લખમીર સાંગણ શેરી, કાનુડા પરૂ દક્ષિણ, જીવા સુથાર ની શેરી,
૫	૪૫	૦	૦	૫૦૩	૧ થી ૮૦	કાનુડા પરૂ દક્ષિણ
૫	૪૬	૦	૪	૬૧૮	૧ થી ૧૪૮	રબારી પાડો, રામચંદ્રાચાર્ય વાડી,
૫	૪૭	૦	૦	૪૭૧	૧ થી ૮૯	કકલાસ કુંડ , સ્ટેશન રોડ, ધિંગેશ્વર મંદિર સામે, રામચંદ્રાચાર્ય વાડી
૫	૪૯	૫	૦	૭૧૮	૧ થી ૧૦૦	સિંઘવા શેરી પશ્ચિમ, સતવારા પાડો, આનંદ ચોક
કુલ		૨૩	૪	૫૩૪૭		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :

વોર્ડ નં.૫ ના વાયવ્ય ખૂણે ઇસ્કોન ગેટથી શરૂ કરી રેલવે સ્ટેશન રોડ ઉપર પૂર્વ તરફ જતાં વંદના ગેસ્ટ હાઉસ સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં રબારી જ્ઞાતિની જગ્યા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં ડાહ્યાભાઇ પરમારના મકાન થઇ ઉત્તરે ઉકા લાલાનું મકાન થઇ જગદીશ કાપડીના મકાનની દક્ષિણ તરફ જતાં સિંઘવા શેરીમાં આગળ જતાં દેવાભાઇ ડાભીના ઘર સામે આવેલ વિજય પાન સેન્ટરથી પૂર્વ તરફ જતાં સ્ટેટ હાઇવે ઉપર ઘી દ્વારકા હોટલ સુધી ત્યાંથી અગ્નિ ખૂણે આગળ જતાં સ્ટેટ હાઇવે ઉપર આવેલ રિલાયન્સ પાર્કીગ સુધી ત્યાંથી પશ્ચિમે રિલાયન્સ રોડ ઉપર આગળ જતાં ગોમતીજી ઢાળીયા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં જનતા ફુટવેરની દુકાન સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં શ્રીરામ બજાર થઇ ભથાણ ચોકમાં આવેલ પટેલ ઇલેકટ્રીકની દુકાન સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં પ્રવીણભાઇ ભાયાણીના મકાન થઇ ડાભી નિવાસ થઇ પ્રાથમિક શાળા સુધી ત્યાંથી લખમીર સાંગણ શેરીની પૂર્વ હદે આગળ જતાં કકલાસ કુંડ થઇ શિવરાજસિંહ રોડ ઉપર આવેલ ઇસ્કોન ગેટ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

દ્વારકા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિદ્વારકા

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૧૧	૪૧	૧૧	૩૫૪	૧ થી ૬૮	ગોપાલવાટિકા, સંસ્કૃત એકેડેમી, ડી.એન.પી. સોસાયટી, સીવીલ હોસ્પિટલ, પોલીસ લાઈન, સરકીટ હાઉસ, તોરણ ગેસ્ટ હાઉસ, મામલતદાર કચેરી, લાઈટ હાઉસ

૬	૧૨	૨૦	૫૦	૩૩૨	૧ થી ૧૭૩	ભદ્રકાલી રોડ પશ્ચિમ, ટી.આર. ગેરેજ, મીરા ગાર્ડન, એરફોર્સ, એસ.ટી. ડેપો, શારદાપીઠ કોલેજ, મનહરસિંહ જાડેજા બંગલો
૬	AIR FORCE	૮	૦	૧૩૯		એરફોર્સ સિવીલીયન એરીયા
૬	૨૬	૦	૦	૨૬૫	૧ થી ૬૪	ભદ્રકાલી રોડ પશ્ચિમ, જવાહર રોડ ઉત્તર,સયાજી રોડ નવી હવેલી સામે, સરદાર પટેલ માર્ગ
૬	૩૦	૦	૦	૨૧૯	૧ થી ૫૮	શિવરાજસિંહ રોડ, ગાત્રાળ શેરી, જોધામાણેક રોડ પૂર્વ ,
૬	૩૧	૦	૦	૨૪૮	૧ થી ૧૦૪	શિવરાજસિંહ રોડ પશ્ચિમ, શરાણીયા શેરી, ભથાણ ચોક, શ્રી રામ બજાર ઉત્તર, જોધામાણેક રોડ પૂર્વ
૬	૪૨	૧૬૫	૦	૩૭૪	૧ થી ૭૨	ભથાણ ચોક, શિવરાજસિંહ રોડ પૂર્વ, હરિજન વાસ મફત પ્લોટ, મોહન ટોકીઝ પાછળનો વિસ્તાર
૬	૪૩	૨૭૫	૦	૬૪૮	૧ થી ૧૨૯	હરિજન વાસ, શિવરાજસિંહ રોડ પૂર્વ, અબોટી જ્ઞાતિની જગ્યા, લખમીર સાંગણ શેરી,જૂની નગર પાલિકા ઓફિસ
૬	૫૨	૦	૦	૪૫૪	૧ થી ૧૮૪	શિવરાજસિંહ રોડ, આદિત્ય રોડ ઉત્તર, ભદ્રકાલી રોડ પૂર્વ, રબારી ગેઈટ, રાવળા તળાવ, ઈસ્કોન ગેઈટ સુધી
૬	૫૩	૦	૦	૪૩૬	૧ થી ૧૫૦	શિવરાજસિંહ રોડ પશ્ચિમ, જવાહર રોડ ઉત્તર, નાથાકૂવા શેરી, આણંદજી માસ્તર શેરી, આદિત્ય રોડ,
૬	૫૪	૦	૦	૩૭૬	૧ થી ૧૧૩	આદિત્ય રોડ દક્ષિણ, નાથાકૂવા શેરી ઉત્તર, ત્રણબત્તી ચોક,
૬	૬૭	૩૦	૯	૬૫૯	૧ થી ૯૬	દ્વારકાધીશ બોર્ડીંગ, ખારા તળાવ રોડ પશ્ચિમ, હુસેની ચોક,
૬	૬૮	૧૮૦	૦	૩૪૬	૧ થી ૬૮	નરસંગ ટેકરી, ખરાતળાવ રોડ પશ્ચિમ, વાલ્મીકિ વાસ
૬	૬૯	૩૧૭	૭	૫૬૧	૧ થી ૧૩૮	નરસંગ ટેકરી, નરસંગજી મંદિર, સ્ટેટ હાઈવે,જૂનું ટેલીફોન એક્ષચેન્જ, વાલ્મીકિ વાસ
કુલ		૧૦૩૬	૭૭	૫૪૧૧		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :

વોર્ડ નં.૬ના વાયવ્ય ખૂણે આવેલ ડીએનપી સોસાયટીથી શરૂ કરી જેપીએમ રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ જતાં સંસ્કૃત એકેડમીથી ઉત્તરે શંકરાચાર્ય માર્ગ ઉપર રેવન્યુ સર્વે નં. ૭૭૨ થી સ્ટેટ હાઈવે દક્ષિણે જતાં નરસિંહભાઇ કાનાણીના બંગલાવાળા વિસ્તાર થઇ જેપીએમ રોડ ઉપર પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૭૦૪ થી દક્ષિણ તરફ ખારા તળાવ રોડની પશ્ચિમ હદે હદે આગળ જતાં જૂના ટેલિફોન એક્ષચેન્જ સુધી ત્યાંથી સ્ટેટ હાઇવે અગ્નિ તરફ આગળ જતાં ઇસ્કોન ગેટથી શિવરાજસિંહ રોડ ઉપર દક્ષિણે જતાં કકલાસ કુંડ સુધી ત્યાંથી પૂર્વે લખમીર સાંગણ શેરીની પશ્ચિમ હદે હદે જતાં પ્રાથમિક શાળા થઇ મોહન ટોકીઝથી ભથાણ ચોકથી શ્રીરામ બજાર સુધી ત્યાંથી જોધા માણેક રોડ ઉપર ઉત્તર તરફ જતાં જોધા માણેકના બાવલા સુધી ત્યાંથી જવાહર રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ જતાં હોમગાર્ડ ઓફિસ સુધી ત્યાંથી ઉત્તરે સયાજીરાવ રોડથી રિલાયન્સ ગેસ્ટ હાઉસ થઇ સીટી સર્વે કચેરી સુધી ત્યાંથી દક્ષિણે શંકરાચાર્ય માર્ગ ઉપર આગળ જતાં પ્રિતમ વ્યાયામ મંદિર સુધી ત્યાંથી પશ્ચિમે લાઇટ હાઉસ વિસ્તાર આવરી લઇ દરિયાકિનારે વાયવ્ય તરફ આગળ જતાં સનસેટ પોઇન્ટ સુધી ત્યાંથી પૂર્વ તરફ ભડકેશ્વર માર્ગ થઇ એનડીએચ ક્રિકેટ ગ્રાઉન્ડ થઇ જેપીએમ રોડ ઉપર આવેલ ડીએનપી સોસાયટી સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

દ્વારકા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૩	૧૩	૦	૫૬૮	૧ થી ૧૪૭	જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ, ગાયત્રી મંદિર, બાવા પાડો, સિધ્ધનાથ રોડ દક્ષિણ, શાક માર્કેટ, સ્વામિનારાયણ માર્ગ પશ્ચિમ, સંગમ નારાયણ મંદિર
૭	૧૪	૦	૦	૫૧૧	૧ થી ૧૦૧	રિલાયન્સ ગેસ્ટ હાઉસ, મનચલ્લા કૂવા શેરી, મહિલા બાગ શેરી, સયાજી રોડ પશ્ચિમ, સિધ્ધનાથ રોડ ઉત્તર, શંકરાચાર્ય ઉપનગર
૭	૧૫	૦	૪	૬૩૩	૧ થી ૧૦૩	વિરમેશ્વર નગર, લક્ષ્મીનારાયણ ચાલ, રામવાડી, વાઘેરીયા ચાલ, લોહાણા બોર્ડીંગ, શંકરાચાર્ય ઉપનગર
૭	૧૬	૦	૦	૩૪૮	૧ થી ૧૯૫	ગોમતી રોડ, વિઠલનાથજી મંદિર, ગોમતી મંદિર,મહાપ્રભુજીની બેઠક, બ્રહ્મકુંડ વિસ્તાર
૭	૧૭	૦	૦	૪૩૦	૧ થી ૧૧૩	સ્વામિનારાયણ માર્ગ પૂર્વ, મહાજન બજાર દક્ષિણ, જારી વારા ઉકરડા શેરી, દેવભુવન રોડ પશ્ચિમ, લોહાણા મહાજન વાડી શેરી
૭	૧૮	૦	૦	૩૧૩	૧ થી ૭૭	સુંદર પેલેસ, મહાજન વાડી શેરી, શારદામઠ, છપ્પન સીડી, દેવભુવન રોડ પૂર્વ
૭	૧૯	૦	૦	૪૫૯	૧ થી ૧૮૧	બલભદ્ર બજાર દક્ષિણ, વાસુદેવ શેરી, મંદિર ચોક, નિલકંઠ ચોક
૭	૨૦	૦	૦	૩૭૦	૧ થી ૧૨૧	જૂના પોલીસ સ્ટેશન સામેની શેરી, ધનેશ્વરી શેરી, ડો. ગોહેલ વાળી શેરી, ચંદ્રભાગા શેરી, જોધામાણેક રોડ પશ્ચિમ
૭	૨૧	૦	૦	૨૯૮	૧ થી ૧૨૩	મંદિર ચોક, નીલકંઠ ચોક, હોળી ચોક, ભીડભંજન શેરી દક્ષિણ, ચંદ્રભાગા શેરી પશ્ચિમ
૭	૨૨	૦	૦	૩૫૯	૧ થી ૮૭	બહુચરાજી શેરી, ચંદ્રભાગા શેરી પશ્ચિમ, ભીડભંજન શેરી ઉત્તર, હોળીચોક, હર્ષદા શેરી પૂર્વ, ખારવા શેરી દક્ષિણ
૭	૨૩	૦	૦	૫૯૨	૧ થી ૧૩૪	ખારવા શેરી દક્ષિણ, જવાહર રોડ દક્ષિણ, ચંદ્રભાગા શેરી પશ્ચિમ, બહુચરાજી શેરી, ખારવા શેરી ઉત્તર
૭	૨૪	૩	૦	૩૧૪	૧ થી ૧૬૬	ખારવા દરવાજા, હર્ષદા શેરી પશ્ચિમ, હોળી ચોક, ગોપાલજી શેરી, બલભદ્ર બજાર ઉત્તર, એમ.જી. રોડપૂર્વ, ત્રણબત્તી ચોક, જવાહર રોડ દક્ષિણ
૭	૨૫	૦	૦	૬૦૦	૧ થી ૧૬૨	ત્રણબત્તી ચોક, એમ.જી. રોડ પશ્ચિમ, લાલભુવન વાળી શેરી, મહાજન બજાર ઉત્તર, જૂની નાટક શાળા શેરી, સરસ્વતી શેરી, સયાજી રાવ રોડ પૂર્વ, જવાહર રોડ દક્ષિણ
કુલ		૧૬	૪	૫૭૯૫		

INDEX

વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :

વોર્ડ નં. ૭નાં વાયવ્ય ખૂણે આવેલ હોટેલ દેવાંગ થી પૂર્વે જતા રિલાયન્સ ગેસ્ટ હાઉસ થઈ હોમગાર્ડ ચોક સુધી ત્યાંથી પૂર્વે જવાહર રોડ ઉપર જતા જોધામાણેકના પુતળા સુધી ત્યાંથી જોધામાણેક રોડ ઉપર દક્ષિણે જતા પૂર્વ દરવાજો થઈ ગોમતી ઢાળીયો ઉતરી રિલાયન્સ રોડ સુધી ત્યાંથી રિલાયન્સ રોડે પૂર્વ તરફ જતા સ્ટેટ હાઈવે ઉપર રિલાયન્સ પાર્કિંગ થઈ સ્ટેટ હાઈવેની પશ્ચિમ હદે હદે અગ્નિ તરફ જતા બરડીયા હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દ્વારકા હદે હદે જતા સમુદ્ર કિનારા સુધી અને સમુદ્ર કિનારે કિનારે વાયવ્ય તરફ આવતા પંચકુઈ થઈ સંગમ નારાયણ મંદિર થઈ ગાયત્રી મંદિર થઈ સમુદ્ર કિનારે લાઈટ હાઉસ સામે આવેલ જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સુધી ત્યાંથી શંકરાચાર્ય માર્ગ ઉપર ઉત્તરે જતાં દેવાંગ હોટેલ સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

મહેશ જોશી,

સચિવ

રાજય ચૂંટણી આયોગ

ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
ગાંધીનગર

દ્વારકા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૮૮૭૩	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૫૫૫૩	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૬૧૦૮ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૪૯૯૮
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી – સ્ત્રી અનામત બેઠક નથી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી – સ્ત્રી અનામત બેઠક નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક અનામત છે.
કુલ અનામત બેઠકો	૧૭	
સામાન્ય બેઠકો	૧૧	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૬૦૬૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૫૭૦૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૫૧૧૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૫૪૪૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૫૩૪૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૫૪૧૧	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૫૭૯૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૩૮૮૭૩				

મહેશ જોશી,

સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

INDEX

Extra No. 454

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] WEDNESDAY, OCTOBER 25, 2017/KARTIKA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

SPECIAL INVESTMENT REGION – APEX AUTHORITY
GUJARAT INFRASTRUCTURE DEVELOPMENT BOARD

BLOCK NO. 18, 8TH FLOOR, UDYOG BHAVAN, SECTOR-11, GANDHINAGAR

NOTIFICATION

Date: 24-10-2017

THE GUJARAT SPECIAL INVESTMENT REGION ACT, 2009
&
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

No: SIRAA/19/2017/331 -- WHEREAS, Apex Authority - Gujarat Infrastructure Development Board (GIDB) has sanctioned Draft Town Planning Schemes No. 3, of Dholera Special Investment Regional Development Authority, by Gazette Notification No. SIRAA/06/2013/439, dated 24-10-2013, under section 6(2)(iv) and 17 (2) of The Gujarat Special Investment Region Act – 2009 (hereinafter referred to as "the said Act-2009") and Section 48(2) of The Gujarat Town Planning and Urban Development Act – 1976. (hereinafter referred to as "the said Act-1976")

NOW THEREFORE, for finalizing the said Draft Town Planning Schemes No. 3, the Apex Authority - Gujarat Infrastructure Development Board (GIDB), in exercise of the powers conferred by section 17(2) of the said Act-2009 and section 50(1)of the said Act-1976, hereby appoint TPO of TP2 DSIR Unit as 'Town Planning Officer' for the said Draft Scheme no.- 3.

By order,

ASHWANIKUMAR
Chief Executive Officer to the Apex Authority,
Gujarat Infrastructure Development Board.

SPECIAL INVESTMENT REGION – APEX AUTHORITY
GUJARAT INFRASTRUCTURE DEVELOPMENT BOARD
BLOCK NO. 18, 8TH FLOOR, UDYOG BHAVAN, SECTOR-11, GANDHINAGAR

NOTIFICATION

Date: 24-10-2017

THE GUJARAT SPECIAL INVESTMENT REGION ACT, 2009
&
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

No: SIRAA/20/2017/332 -- WHEREAS, Apex Authority - Gujarat Infrastructure Development Board (GIDB) has sanctioned Draft Town Planning Schemes No. 5 of Dholera Special Investment Regional Development Authority, by Gazette Notification No. SIRAA/08/2013/441, dated 24-10-2013, under section 6(2)(iv) and 17 (2) of The Gujarat Special Investment Region Act – 2009 (hereinafter referred to as "the said Act-2009") and Section 48(2) of The Gujarat Town Planning and Urban Development Act – 1976. (hereinafter referred to as "the said Act-1976")

NOW THEREFORE, for finalizing the said Draft Town Planning Schemes No. 5, the Apex Authority - Gujarat Infrastructure Development Board (GIDB), in exercise of the powers conferred by section 17(2) of the said Act-2009 and section 50(1) of the said Act-1976, hereby appoint TPO of TP1 DSIR Unit as 'Town Planning Officer' for the said Draft Scheme No. -5.

By order,

ASHWANIKUMAR
Chief Executive Officer to the Apex Authority,
Gujarat Infrastructure Development Board.

SPECIAL INVESTMENT REGION – APEX AUTHORITY
GUJARAT INFRASTRUCTURE DEVELOPMENT BOARD
BLOCK NO. 18, 8TH FLOOR, UDYOG BHAVAN, SECTOR-11, GANDHINAGAR

NOTIFICATION

Date: 24-10-2017

THE GUJARAT SPECIAL INVESTMENT REGION ACT, 2009
&
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

No: SIRAA/21/2017/333 -- WHEREAS, Apex Authority - Gujarat Infrastructure Development Board (GIDB) has sanctioned Draft Town Planning Schemes No. 6 of Dholera Special Investment Regional Development Authority, by Gazette Notification No. SIRAA/09/2013/442, dated 24-10-2013, under section 6(2)(iv) and 17 (2) of The Gujarat Special Investment Region Act – 2009 (hereinafter referred to as "the said Act-2009") and Section 48(2) of The Gujarat Town Planning and Urban Development Act – 1976. (hereinafter referred to as "the said Act-1976")

NOW THEREFORE, for finalizing the said Draft Town Planning Schemes No. 6 the Apex Authority - Gujarat Infrastructure Development Board (GIDB), in exercise of the powers conferred by section 17(2) of the said Act-2009 and section 50(1) of the said Act-1976, hereby appoint TPO of TP1 DSIR Unit as 'Town Planning Officer' for the said Draft Scheme No.- 6.

By order,

ASHWANIKUMAR
Chief Executive Officer to the Apex Authority,
Gujarat Infrastructure Development Board.

ખાસ મૂડીરોકાણ પ્રદેશ– એપેક્ષ ઓથોરીટી
ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ
બ્લોક નં: ૧૮, ૮મો માળ, ઉદ્યોગ ભવન, સેકટર–૧૧, ગાંધીનગર
અધિસૂચન
તા. ૨૪–૧૦–૨૦૧૭
ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯
તથા
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ક્રમાક: **એસઆઇઆરએએ/૧૯/૨૦૧૭/૩૩૧** -- એપેક્ષ ઓથોરીટી - ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક સત્તામંડળની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ ને ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૬(૨)(૪) અને કલમ ૧૭(૨) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ ૪૮(૨) (હવે પછી અનુક્રમે અધિનિયમ, ૨૦૦૯ અને અધિનિયમ, ૧૯૭૬ તરીકે ઉલ્લેખ કરાયેલ છે) હેઠળ અધિસુચન ક્રમાક: એસઆઇઆરએએ/૦૬/૨૦૧૩/૪૩૯ તા.૨૪–૧૦–૨૦૧૩થી મંજુર કરવામાં આવેલ છે.

જેથી, સદર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ ને આખરી કરવા માટે, એપેક્ષ ઓથોરીટી - ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડને અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૧૭(૨) અને અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૫૦(૧) હેઠળ મળેલ સત્તાથી નગર રચના અધિકારી, ટીપી સ્કીમ નં.૨ યુનિટને મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ માટે 'નગર રચના અધિકારી' તરીકે નિમણૂક કરવામાં આવે છે.

હુકમથી,

અશ્વિનીકુમાર
મુખ્ય કારોબારી અધિકારીશ્રી
એપેક્ષ ઓથોરીટી–ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ

ખાસ મૂડીરોકાણ પ્રદેશ– એપેક્ષ ઓથોરીટી
ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ
બ્લોક નં: ૧૮, ૮મો માળ, ઉદ્યોગ ભવન, સેકટર–૧૧, ગાંધીનગર
અધિસૂચન
તા. ૨૪–૧૦–૨૦૧૭
ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯
તથા
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ક્રમાક: **એસઆઇઆરએએ/૨૦/૨૦૧૭/૩૩૨** -- એપેક્ષ ઓથોરીટી - ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક સત્તામંડળની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫ ને ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૬(૨)(૪) અને કલમ ૧૭(૨) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૪૮(૨) (હવે પછી અનુક્રમે અધિનિયમ, ૨૦૦૯ અને અધિનિયમ, ૧૯૭૬ તરીકે ઉલ્લેખ કરાયેલ છે) હેઠળ અનુક્રમે અધિસુચન ક્રમાક: એસઆઇઆરએએ/૦૮/૨૦૧૩/૪૪૧, તા.૨૪–૧૦–૨૦૧૩થી મંજુર કરવામાં આવેલ છે.

જેથી, સદર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫ ને આખરી કરવા માટે, એપેક્ષ ઓથોરીટી - ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડને અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૧૭(૨) અને અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૫૦(૧) હેઠળ

મળેલ સત્તાથી નગર રચના અધિકારી, ટીપી સ્કીમ નં.૧ યુનિટને મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫ માટે 'નગર રચના અધિકારી' તરીકે નિમણૂક કરવામાં આવે છે.

હુકમથી,

અશ્વિનીકુમાર
મુખ્ય કારોબારી અધિકારીશ્રી
એપેક્ષ ઓથોરીટી–ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ

ખાસ મૂડીરોકાણ પ્રદેશ– એપેક્ષ ઓથોરીટી
ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ
બ્લોક નં: ૧૮, ૮મો માળ, ઉદ્યોગ ભવન, સેકટર–૧૧, ગાંધીનગર
અધિસૂચન
તા. ૨૪–૧૦–૨૦૧૭
ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯
તથા
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ક્રમાક: **એસઆઇઆરએએ/૨૧/૨૦૧૭/૩૩૩** – એપેક્ષ ઓથોરીટી - ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ઘોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક સત્તામંડળની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬ ને ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૬(૨)(૪) અને કલમ ૧૭(૨) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૪૮(૨) (હવે પછી અનુક્રમે અધિનિયમ, ૨૦૦૯ અને અધિનિયમ, ૧૯૭૬ તરીકે ઉલ્લેખ કરાયેલ છે) હેઠળ અનુક્રમે અધિસુચન ક્રમાક: એસઆઇઆરએએ/૦૯/૨૦૧૩/૪૪૨, તા.૨૪–૧૦–૨૦૧૩થી મંજુર કરવામાં આવેલ છે.

જેથી, સદર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬ ને આખરી કરવા માટે, એપેક્ષ ઓથોરીટી - ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ ને અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૧૭(૨) અને અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૫૦(૧) હેઠળ મળેલ સત્તાથી નગર રચના અધિકારી, ટીપી સ્કીમ નં.૧ યુનિટને મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬ માટે 'નગર રચના અધિકારી' તરીકે નિમણૂક કરવામાં આવે છે.

હુકમથી,

અશ્વિનીકુમાર
મુખ્ય કારોબારી અધિકારીશ્રી
એપેક્ષ ઓથોરીટી–ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 455

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, OCTOBER 27, 2017/KARTIKA 5, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

THE GUJARAT GOVERNMENT GAZETTE
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

THURSDAY , OCTOBER 26, 2017

PART IV–C

GUJARAT POLLUTION CONTROL BOARD
NOTIFICATION
SECTOR -10A, NEAR AIR FORCE STATION,
GANDHINAGAR.

The Gujarat Pollution Control Board in exercise of the powers conferred under clause (d) of Section (2) of the Air (Prevention and Control of Pollution)Act 1981, here by notifies the following fuels as the " APPROVED FUELS" in the state.

(1) List of " APPROVED FUELS"

1. Coal
2. Lignite
3. Furnace Oil/LDO/LSHS
4. Motor Gasoline
5. Diesel
6. Liquid Petroleum Gas (LPG)
7. Compressed Natural Gas(CNG)/LNG
8. Kerosene
9. Naphtha
10. Firewood
11. Bio-gas

12. Agro waste/bio fuel/briquettes
13. RDF, as per provisions of Solid Waste Management Rules-2016.
14. Petcoke
15. Charcoal

(2) Petcoke is hereby notified as "APPROVED FUELS "subject to the following conditions:-

a) The Sulphur content shall not be more than 7 % in any case/circumstance.

b) Petcoke shall be permitted in the following projects only:-

i. Cement manufacturing in kilns
ii. Thermal Power Plant/Captive Power Plant of capacity above 25 MW (with a condition to mix lime granules in required quantity with Petcoke)
iii. Glass manufacturing- up to 25 % of total fuel consumption
iv. Refractories manufacturing

(3) For utilization of the above approved fuels, adequate APCM shall be provided by the unit.

(4) CTE/CCA/EC, as the case may be, shall have to be obtained for utilization of these fuels.

(5) The use of Petcoke shall not be permitted in Eco-Sensitive Zone.

K.C.MISTRY,
MEMBER SECRETARY,
GUJARAT POLLUTION CONTROL BOARD
GANDHINAGAR

Government Central Press, Gandhinagar.

Extra No. 456

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ELECTION COMMISSION OF INDIA

Nirvachan sadan, Ashoka Road , New Delhi-110001

Dated :-25th October. 2017 ,
3 Kartika, 1939 (SAKA)

NOTIFICATION

No.429/GJ/2017(2) - In exercise of the powers conferred by the Sub-Section (1) of Section 13C of the Representation of the People Act, 1950 (43 of 1950), the Election Commission hereby directs, that the following amendments shall be made in its Notification No.429/GJ/20I7(2), dated 13th July. 2017, as amended from time to time, relating to the appointment of Assistant Electoral Registration Officers for the Assembly Constituencies in the State of Gujarat.

2. In column (2) of the Table appended to the said notification, against each of the Assembly Constituencies shown below, the following corresponding entries shall be substituted:

TABLE

No. & Name of Assembly Constituency	Assistant Electoral Registration Officer
(1)	(2)
105- Bhavnagar West	3. Additional Chitnis to Collector, Bhavnagar.
157- Mandvi(ST)	2. Mamlatdar, Songadh Taluka, Songadh, District Tapi.
161- Varachha Road	3. Commercial Tax Officer, Ghatak - 11, CTO-1, Sales Tax Bhavan, Surat , District Surat.
163-Limbayat	2. Mamlatdar, Encroachment, SUDA, SUDA Bhavan, Surat.
165- Majura	2 Inspector of Education Beet-2, District Education Officer, Jillaa Seva Sadan-2, Surat.

By Order

VARINDER KUMAR,
PRINCIPAL SECRKTARY.

Government Central Press, Gandhinagar

Extra No. 457

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

વંચાણમાં લીધુ :-

(૧) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા. ૨૮-૭-૯૯ના પત્ર નં. ૪૩૭/જીઈ-૯૯/પીએલએન-III/એમસીસી (આઈટમ નં. ૯૧, હુકમ નં. ૪૬૪/૯૬-એલ એન્ડ ઓ/પીએલએન-૧, તા. ૧૩-૩-૧૯૯૬) નીચે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગનો તા. ૬-૮-૧૯૯૯નો શેરા નં. ઈએલસી/૧૦૯૯/૪૨૪(૨)/છ.

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨ (૧)(બી)

જાહેરનામું

ક્રમાંકઃ ડીસી/વિ.સ.સા.ચૂ. ૨૦૧૭/વશી. ૬૪૦૬ થી ૬૪૩૧/૨૦૧૭.- ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ (૧) ૩૪-દહેગામ, (૨) ૩૫-ગાંધીનગર (દક્ષિણ), (૩) ૩૬-ગાંધીનગર (ઉત્તર), (૪) ૩૭-માણસા અને (૫) ૩૮-કલોલ વિધાનસભાના મતદાર વિભાગની વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ યોજાનાર છે. તે રીતે ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવાની તા. ૨૦-૧૧-૨૦૧૭, મતદાનની તા.૧૪-૧૨-૨૦૧૭, મત ગણતરીની તા. ૧૮-૧૨-૨૦૧૭ અને ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૧૭ મુજબ કાર્યક્રમ જાહેર થયેલ છે.

ગાંધીનગર જિલ્લામાં યોજાનાર વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આદર્શ આચાર સંહિતા સહ મુક્ત અને નિર્ભિક વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર (૧) ૩૪-દહેગામ, (૨) ૩૫-ગાંધીનગર (દક્ષિણ), (૩) ૩૬-ગાંધીનગર (ઉત્તર), (૪) ૩૭-માણસા અને (૫) ૩૮-કલોલ વિધાનસભાના મતદાર વિભાગના ચૂંટણીવાળા વિસ્તારમાં નોંધાયેલ પાકરક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના હેઠળના હથિયાર પરવાનેદારશ્રીએ સંબંધિત પોલીસ સ્ટેશન અથવા હથિયાર અને દારૂગોળો સુરક્ષિત અને અનામત રાખવા માટેના અધિકૃત આર્મ્સ ડીલર પાસે તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધીની મુદત માટે સુરક્ષિત જમા કરાવવા આમુખ-૧ અને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું એસ. એ. પટેલ આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર આથી આદેશ કરૂં છું.

INDEX

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ જે તે પોલીસ સ્ટેશનમાં અથવા હથિયાર અને દારૂગોળો સુરક્ષિત અને અનામત રાખવા માટેના અધિકૃત આર્મ્સ ડીલરનાઓએ સુરક્ષિત રીતે રાખવાના રહેશે અને જમા લીધેલ હથિયારોની પહોંચ પણ આપવાની રહેશે. તેમજ ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૧૭થી એક અઠવાડીયામાં જમા લીધેલ હથિયાર અને દારૂગોળો સંબંધિત કાર્યરત પરવાનેદારશ્રી ચૂંટણી દરમ્યાન કોઈ ગુનામાં સંડોવાયેલ ન હોય તો, હથિયાર પરત કરવાના રહેશે.

આ હુકમ નચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, મુખ્ય ધાર્મિક સ્થળો, રાઈફલ કલબ અને તેના અધિકૃત સભ્યો, ઔદ્યોગિક એકમો, જાહેર સાહસોના નામે મેળવેલ પરવાનાના રીટેઈનરો (ખાનગી સીક્યોરીટી સિવાય) હથિયાર ધારણ કરતા હોય તો, તે જમા કરાવવાના રહેશે નહી.

(૨) ફરજ પરના તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસ કર્મચારીશ્રીઓ (ખાનગી સિક્યોરીટી સિવાય) કે જેઓને પોતાની ફરજ અંગે હથિયાર રાખવા પડતા હોય તો તે હથિયાર જમા કરાવવાના રહેશે નહી.

(૩) અત્રેથી પરવાનગી મેળવેલ હોય તેવા હથિયાર પરવાનેદારો.

પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરનાઓએ આ હુકમ મુજબની અમલવારી કરાવવી તથા હથિયારો જમા લેવામાં આવે તથા પરત કરવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનવાઈઝ સંકલિત અહેવાલ અત્રેને રજૂ કરવાનો રહેશે.

આજરોજ તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તા. ૨૫-૧૦-૨૦૧૭.

એસ. એ. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 458

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા)ની

કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ હુકમ

ક્રમાંકઃ ડીસી/વિ.સ.સા.ચૂ. ૨૦૧૭/વશી. ૬૪૩૨ થી ૬૪૫૭/૨૦૧૭.- ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ (૧) ૩૪-દહેગામ, (૨) ૩૫-ગાંધીનગર (દક્ષિણ), (૩) ૩૬-ગાંધીનગર (ઉત્તર), (૪) ૩૭-માણસા અને (૫) ૩૮-કલોલ વિધાનસભાના મતદાર વિભાગની વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ યોજાનાર છે. તે રીતે ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવાની તા. ૨૦-૧૧-૨૦૧૭, મતદાનની તા.૧૪-૧૨-૨૦૧૭, મત ગણતરીની તા. ૧૮-૧૨-૨૦૧૭ અને ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૧૭ મુજબ કાર્યક્રમ જાહેર થયેલ છે.

આ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લામાં જાહેર સુલેહ-શાંતિને ખલેલ ન પહોંચે, કોઈ વ્યક્તિને અડચણ ન પહોંચે તથા જાહેર સલામતી ન જોખમાય તથા ચૂંટણી શાંતિપૂર્ણ તથા નિર્ભિક રીતે પૂર્ણ થાય તે હેતુથી હું એચ. એમ. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ ૦૦.૦૧ કલાકથી તા. ૦૮-૧૧-૨૦૧૭ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પરના સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવેલ હોય.

આ જાહેરનામા અન્વયે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે પોલીસ અભિપ્રાય મેળવી સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી ખાસ કિસ્સામાં મંજૂરી આપી શકશે.

હું આદેશ કરૂં છું કે, સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારોમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો પર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ તથા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તા.૨૫/૧૦/૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એચ. એમ. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

તા.૨૫મી ઓક્ટોબર, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 459

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

તા. ૨૫/૧૦/૨૦૧૭

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) આર (૩) અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંકઃ ડીસી/વિ.સ.સા.ચૂ. ૨૦૧૭/વશી. ૬૪૫૮ થી ૬૪૮૩/૨૦૧૭.- ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ (૧) ૩૪-દહેગામ, (૨) ૩૫-ગાંધીનગર (દક્ષિણ), (૩) ૩૬-ગાંધીનગર (ઉત્તર), (૪) ૩૭-માણસા અને (૫) ૩૮-કલોલ વિધાનસભાના મત વિભાગની વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજાનાર છે. તે રીતે ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવાની તા. ૨૦-૧૧-૨૦૧૭, મતદાનની તા.૧૪-૧૨-૨૦૧૭, મત ગણતરીની તા. ૧૮-૧૨-૨૦૧૭ અને ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૧૭ મુજબ કાર્યક્રમ જાહેર થયેલ છે.

ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂઈએ આપેલ આદેશ ક્રમાંક : ૫૦૯/૮૧/૯૪/જીએસઆઈ, તા.૧૩-૫-૯૪ તથા તા.૧૩-૧-૯૪ના હુકમ નં. જે.એસ. ૨ના પારા ૩.૩ અને ૩.૫ તથા ભારતના ચૂંટણી પંચની સૂચના નં. ૪૬૪/આઈએનએસટી/૨૦૦૭/પીએલેન-I તા.૭-૧-૦૭ના પારા-૧૮ તથા ૧૯માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીયપક્ષોના ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, અપક્ષ ઉમેદવારો, ચૂંટણી એજન્ટો, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉચા આવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

આથી હું **એચ. એમ. જાડેજા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂ છું. કે, ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તાર (શહેરી વિસ્તારો સહિત)માં નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

INDEX

(૧) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૬.૦૦ કલાક થી રાતના ૧૦.૦૦ કલાક સુધી જ થઈ શકશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હીકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર મુકી શકાશે નહી અને આવી પરવાનગી મેળવેલ વાહનો ધ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયત નમૂનામાં અરજી કરીને સબંધિત ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીસ ચૂંટણી અધિકારીશ્રી પાસેથી વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતા પહેલાં લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલ સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ આ હુકમની તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આજ રોજ તા.૨૫/૧૦/૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

એચ. એમ. જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

તા.૨૫મી ઓક્ટોબર, ૨૦૧૭.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 460

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] **MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 8, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,ગાંધીનગર

ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ (સને. ૧૯૫૧ ના મુંબઈ ૨૨ મા) ની કલમ – ૩૭ ની પેટા કલમ – ૧ હેઠળ હુકમ.

નં.ડીસી/વિ.સ.સા.ચૂં.૨૦૧૭/વશી. ૬૪૮૪ થી ૬૫૦૯/૨૦૧૭

ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ – ૨૦૧૭ યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ (૧) ૩૪–દહેગામ (૨) ૩૫–ગાંધીનગર(દક્ષિણ) (૩) ૩૬–ગાંધીનગર(ઉત્તર) (૪) ૩૭–માણસા અને (૫) ૩૮–કલોલ વિધાનસભાના મતદાર વિભાગની વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ–૨૦૧૭ યોજાનાર છે. તે રીતે ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવાની તા.૨૦.૧૧.૨૦૧૭, મતદાનની તા.૧૪.૧૨.૨૦૧૭, મત ગણતરીની તા.૧૮.૧૨.૨૦૧૭ અને ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તા.૨૦.૧૨.૨૦૧૭ મુજબ કાર્યક્રમ જાહેર થયેલ છે.

આ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લામાં જાહેર સુલેહ–શાંતિને ખલેલ ન પહોંચે, કોઈ વ્યકિતને અડચણ ન પહોંચે તથા જાહેર સલામતી ન જોખમાય તથા ચૂંટણી શાંતિપૂર્ણ થતા નિર્ભિક રીતે પૂર્ણ થાય તે હેતુથી હું એચ. એમ. જાડેજા$_{જી.એ.એસ.}$, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૫/૧૦/૨૦૧૭ ના રોજ ૦૦.૦૧ કલાકથી તા. ૦૮/૧૧/૨૦૧૭ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ જ ચીજો લઈ જવાની કે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

INDEX

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

અપવાદ:

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જેને ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર/કલોલ/દહેગામ/માણસાએ જેઓએ શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એબ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ–૧૩૫ ની પેટા કલમ–૩ તથા ભારતીય દંડ સંહિતા – ૧૮૬૦ ના પ્રકરણ – ૧૦ ની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

હું એવો આદેશ કરું છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનીક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધ કરવામાં આવે.

આજ તા.૨૫/૧૦/૨૦૧૭ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

તા.૨૦–૧૦–૨૦૧૭

એચ.એમ.જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 461 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 8, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટના કચેરી

ગાંધીનગર, તા:- ૨૫/૧૦/૨૦૧૭

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

નં ડીસી/વિ.સ.સા.ચૂં.૨૦૧૭/વશી.૬૫૧૦ થી ૬૫૬૫/૨૦૧૭ :- વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ યોજાનાર છે. લોક પ્રતિનિધિ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૩(૫) ના જોગવાઈ તથા ભારતના બંધારણના આર્ટીકલ-૨૪ અન્વયે મળેલ સત્તા મુજબ ભારતના ચૂંટણીપંચ, નવી દિલ્હીના તા.૨૩/૧૧/૨૦૧૭ના પત્ર ક્રમાંક ૪૩૭/૬/૨૦૦૭/પીએએન-૩ થી વાહનોના ઉપયોગ/દુરૂપયોગ ઉપર નિયંત્રણ બાબતે તેમજ ભ્રષ્ટ આચરણ (Corrupt Practices) અંગે જોગવાઈ કરી અને સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ચૂંટણી પ્રચાર માટે વાહનોના પ્રતિબંધ ફરમાવવાનું જણાય છે.

વાસ્તે હું એચ.એમ.જાડેજા જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લો, ગાંધીનગર ધ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણીપંચ પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ચૂંટણી અધિકારીશ્રી અથવા અન્ય સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી સિવાય ચૂંટણીના કામે વાહનોના ઉપયોગ કરી શકશે નહીં.

(૨) ચૂંટણીના પ્રચારના કામે વાહન અંગે ચૂંટણી અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી સિવાય વાહનનો ઉપયોગ કરી શકશે નહી તેમજ આ અંગે મેળવેલ અસલ પરમીટ સહેલાઈથી જોઈ શકાય તે રીતે વાહનના વિન્ડસ્ક્રીન ઉપર યોગ્ય માપમાં પરવાનગી મેળવનારે ચોંટાડવાની રહેશે.

(૩) મતદાનના દિવસે ઉમેદવાર કે તેના એજન્ટ કે કોઈપણ વ્યક્તિએ પોતાના કે ભાડેથી કે અન્ય રીતે મેળવેલ વાહનમાં મતદારોને મતદાન મથક સુધી લઈ શકશે નહી. અન્યથા આ પ્રક્રિયા ભ્રષ્ટ આચરણ (Corrupt Practices) ગણાશે.

(૪) મતદાનના દિવસે ઉમેદવાર કે તેના એજન્ટ કે પક્ષના કાર્યકરો ધ્વારા નિયમ અનુસાર પરવાનગી મેળવેલ વાહનમાં ડ્રાઈવર સહિત વધુમાં વધુ પાંચ વ્યક્તિઓથી વધુ વહન કરી શકશે નહી.

(૫) ' વાહનોનો અર્થ ' પરિવહન હેતુ માટે ઉપયોગ લઈ શકાય તેવા યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતા કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

આ હુકમનો સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ ઉપર જણાવ્યા મુજબ લોતપ્રતિનિધિત્વ ૧૯૫૧ ની કલમ-૧૨૩(૫) ની જોગવાઈઓનું ઉમેદવાર તેના એજન્ટ કે કાર્યકર/કાર્યકરોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉક્ત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ની પ્રક્રિયા પુરી થા. ત્યાં સુધી એટલે કે તા.૨૦/૧૨/૨૦૧૭ સુધી અમલમાં રહેશે. સજાને પાત્ર થશે.

(૫) આ હુકમનો સમગ્ર ગાંધીનગર જિલ્લાના શહેર તથા ગ્રામ્ય વિસ્તારને લાગુ પડશે.

આજ રોજ તા.૨૫/૧૦/૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

એચ. એમ. જાડેજા,

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 462

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] **MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 8, 1939**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

ગાંધીનગર, ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૭

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ હેઠળ હુકમ

નં.ડીસી/વિ.સ.સા.ચૂં.૨૦૧૭/વશી. ૬૫૬૬ થી ૬૬૨૧/૨૦૧૭

વિધાનસભા સામાન્ય ચૂંટણી – ૨૦૧૭ તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ યોજાનાર છે. ભારતના ચૂંટણી પંચના તા.૦૭/૧૦/૨૦૦૮ના પત્ર ક્રમાંકઃ ૦૩/૦૭/૨૦૦૮ જેએસ–૨ થી થઈ આવેલ સુચનાનુસાર કોઈપણ સરકારી કે જાહેર મિલકતો વિકૃત થતી અટકાવવા સુચનાઓ આપેલ છે. જેથી શાંતિમય, નિર્ભિક અને નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે નીચેની બાબતો પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું એચ. એમ. જાડેજા જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લો, ગાંધીનગર દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ થી મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું:

(૧) કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિતઓ કોઈપણ સરકારી (સિવિલ મકાન સહિત) ની દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકાશે નહીં. કોઈપણ રોડ, રસ્તા પર પણ આવા કોઈ લખાણો કરી શકશે નહી અથવા પોસ્ટર/કાગળો ચોંટાડવા કે કોઈપણ રીતે બગાડી શકાશે નહીં અથવા જાહેરાતના પૂંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી/નિદર્શન કરી શકાશે નહીં.

(૨) આ હેતુ માટે સરકારી મકાન – જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેનું પ્રાંગણ જેમાં કચેરીનું મકાન આવેલ હોય તે તેમજ અગત્યની સુચનાઓ અર્ને રસ્તાઓની દિશા સુચવાતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ, રેલવે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, ટેલિફોન તથા ઈલેકટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક

સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલકતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલકતો, રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી. બસ સ્ટોપ કે વાહનોનો સમાવેશ થશે.

(૩) આ ફરમાન હુકમની તારીખથી વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૭ ની પ્રક્રીયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા.૨૦/૧૨/૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

(૪) આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમ સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

આજ રોજ તા.૨૫/૧૦/૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

એચ.એમ.જાડેજા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 463

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, OCTOBER 30, 2017/KARTIKA 08, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ

હુકમઃ

ક્રમાંકઃ–નં.ડીસી/વિ.સ.સા.ચૂં.૨૦૧૭/વશી.૬૬૨૨ થી ૬૬૭૭/૨૦૧૭ વિધાનસભા સામાન્ય ચૂંટણી –૨૦૧૭ તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ યોજાનાર છે. ભારતના ચૂંટણી આયોગના તા.૦૭/૧૦/૨૦૦૮ના પત્ર નં. ૦૩/૦૭/૨૦૦૮ જેએસ–૨ થી ખાનગી મિલકતોને ચૂંટણી પ્રચારના સાહિત્યથી વિકૃત થતી અટકાવવા સંબંધે સૂચનાઓ બહાર પાડેલ છે. જે મુજબ ખાનગી મિલકત તેના માલિક કે કબજો ધરાવનારની સ્વૈચ્છિક લેખિત પરવાનગી વગર ઉપયોગમાં લેવા માટે તેમજ શાંતિમય, નિર્ભિક અને નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે નીચેની બાબતો પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું **એચ.એમ.જાડેજા** (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર જિલ્લો,ગાંધીનગર દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) કબજો ધરાવનારની લેખિત સ્વૈચ્છિક પરવાનગી મેળવી, અલ્પકાલીન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સાધનસામગ્રી જેવી કે, ધ્વજ, બેનર્સ વગેરે ખાનગી મકાનો કે મિલકતો પર મૂકવા માટે જે તે મકાન/મિલકતના માલિકની અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવેલી હોવી જોઈએ, અને તે પરવાનગી કોઈ દબાણ અથવા ધમકીથી અથવા બળજબરીથી લીધેલ હોવી જોઈએ નહીં. આવા બેનર્સ અથવા ધ્વજ બીજાઓ માટે ઉપદ્રવરૂપ ન બનવા જોઈએ. મતલબ કે રાહદારીઓ–વાહન ચાલકો વગેરે અકસ્માતનો ભોગ ન બને તેવી જગ્યાએ જ પ્રદર્શિત કરાવી શકાશે. આ સંબંધે લેખિતમાં મેળવેલી સ્વૈચ્છિક પરવાનગીની ફોટો કોપી આ સાથેના નિયત નમૂના(પરિશિષ્ટ–૨)માં ત્રણ દિવસની અંદર સંબંધકર્તા ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને રજૂ કરવાની રહેશે. આવી બાબતમાં પત્રકમાં આ હેતુ માટે કરેલ અથવા કરવાના થતાં ખર્ચ સાથે જેની પાસેથી પરવાનગી મેળવી હોય તે મિલકતના માલિકનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે દર્શાવવું. આવા લખાણ/નિદર્શનમાં

કંઈપણ ઉશ્કેરણીજનક અથવા કોમો વચ્ચે ઉશ્કેરણી થાય તેવું કંઈપણ હોય તો માન્ય રાખવામાં આવશે નહીં અને આવા વાંધાજનક લખાણ/નિદર્શન સંબંધકર્તા ઉમેદવારના ખર્ચે દૂર કરવાની કાર્યવાહીને પાત્ર થશે.

(૨) દિવાલ પર લખાણ કરી શકાશે નહીં, પોસ્ટર ચોંટાડી શકાશે નહી અને આના જેવા જ અન્ય કાયમી/હંગામી નુકશાન જે સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવું કરી શકાશે નહીં.

(૩) આ ફરમાન હુકમની તારીખથી તા.૨૦/૧૨/૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

(૪) આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમ સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

આજ રોજ તા.૨૫/૧૦/૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

તા.૨૫–૧૦–૨૦૧૭

એચ.એમ.જાડેજા,

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,

ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 464

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, NOVEMBER 3, 2017/KARTIKA 12, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

